# ‘કિડની–પ્રત્યારોપણ’
## – સોનેરી સપનાનું આકાશ

**કૃષ્ણદેવ આર્ય**

**પ્રકાશક :**
**અનિતા પી. પટેલ**
‘ચંપાવિલા’
૩/શિવાંગીની પાર્ક,
સિવિલ હોસ્પિટલ રોડ,
નડિયાદ, જિ. ખેડા,

અર્પણ

**જેમની સાથે સ્નેહના તાંતણે બંધાયેલો છું**
**એ બધાંને....**

સ્વ. શ્રી નટુભાઈ મણીભાઈ પટેલ (કુંજરાવ/કાસોર)
ગં.સ્વ. મધુબેન નટુભાઈ પટેલ (કુંજરાવ/કાસોર)

શ્રી ડાહ્યાભાઈ ઈચ્છાભાઈ પટેલ (વીણા/નડીયાદ)
સ્વ. ચંપાબેન ડાહ્યાભાઈ પટેલ (વીણા/નડીયાદ)

શ્રી વિષ્ણુભાઈ મગનભાઈ પટેલ (મહીસા/અમેરિકા)
અ.સૌ. જશોદાબેન વિષ્ણુભાઈ પટેલ (મહીસા/અમેરિકા)

શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (સોડપુર/અમેરિકા)
અ.સૌ. સુશીલાબેન સુરેશભાઈ પટેલ(સોડપુર/અમેરિકા)

**નવલકથા વિશે :**

આ નવલકથા સંપૂર્ણ કાલ્પનિક છે. પાત્ર, પ્રસંગો, ઘટના કે સ્થળ - કોઇ જીવંત યા મૃત્યુ પામેલાઓ સાથે સીધો સંબંધ ધરાવતાં નથી, છતાંય કેઇને કયાંક સામ્ય દેખાય તો બંધબેસતી પાઘડી પહેરી લેવાની જરૂર નથી.


**સર્જક સંપર્ક સૂત્ર**

**કૃષ્ણદેવ આર્ય**

૧૦૨, શુભ એપાર્ટમેન્ટ,

બગીચા પાસે, મહાદેવ ચાર રસ્તા,

**વલ્લભ વિદ્યાનગર.**



**આ કૃતિ જેમ જેમ રચાતી ગઇ તેમ તેમ અલ્પા પંડિત પ્રથમ શ્રોતા બની સાંભળતી ગઇ અને સમજપૂર્વક આલેખતી ગઇ તે બદલ તેનો વિશેષ આભાર.**

## કૃષ્ણદેવ આર્ય ( Prof. K.B. Patel )
### ની નવલકથાઓ

(૧) બિંદુ એક ઝાકળનું
(૨) વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ
(૩) 'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ
(૪) હૈયાનો ઉજાસ

**પ્રેસમાંઃ**

(૫) ભીની ભીની મહેંક
(૬) ટહૂકો વસંતનો
(૭) આંસુનાં ઝરણાં (અલ્પા પંડિત સાથે સહલેખન)
(૮) એક ક્ષણ સાનિધ્યની (અલ્પા પંડિત સાથે સહલેખન)

**હવે પછી :**

(૯) લતિકા પરણી ગઈ
(૧૦) પાનેતર
(૧૧) તેર વર્ષ પછીની સવાર
(૧૨) મને એક નામ
(૧૩) એક સવાર - 'કિડની-પ્રત્યારોપણ' પછીની
(૧૪) 'સૂની' તારી લાગી નજર (કનુ પરમાર 'સાહિલ' સાથે સહલેખન)
(૧૫) અજાણ્યો એક ચહેરો (અલ્પા પંડિત સાથે સહલેખન)
(૧૬) મોગરાની મહેંક

**વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસના અનુસંધાનમાં**
**આગળ વધતી નવલકથા**

# 'કિડની-પ્રત્યારોપણ'
# - સોનેરી સપનાનું આકાશ

**કૃષ્ણદેવ આર્ય**
**(Prof. K.B. Patel)**

## મારી વાત

૧૯૯૯માં શરીરનું એક મહત્વનું અંગ - બંને કિડની -સંકોચાવા લાગ્યું છે તેવું ડૉક્ટરી તપાસમાં મને ખબર પડી. આ જાણતાં જ માનસિક રીતે હું ભાંગી પડેલો. પણ બે-ચાર દિવસમાં જ 'દીકરા જે સમયે જે થ ાય છે તે ભગવાન આપણા ભલા માટે કરે છે. તેનો વસવસો જીવનમાં ક્યારેય ન કરવો.' એ વાક્ય મારા માટે મારા સ્વર્ગસ્થ પિતાશ્રીનું અંતિમ વાક્ય હતું. તે યાદ આવતાં જ મેં ભય છોડી દીધો. જો નિયતિ દ્વારા જ આમ થયું હોય તો નિયતિ સામે લડવાનો શો અર્થ ? અને મેં કાયમ ડાયાલિસીસ પર રહેવું એવું મનોમન નક્કી કરી દીધું. આમ માંદગી પછીના જીવનનો પહેલો અધ્યાય શરૂ થયો. બધું જ સ્વીકારીને હું મારું વાસ્તવિક જીવન જીવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આ જ સમય દરમ્યાન કોલેજની અધ્યાપક તરીકેની નોકરી પણ સ્વેચ્છાએ છોડી ફરજમાંથી મૂક્ત બની ગયો. હવે બસ નિવૃત્તિ જ હતી ! જીવનનું એક જ મહત્વનું કાર્ય હતું - નિયમિત યુરોલોજીકલ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે જવું. પણ પરિસ્થિતિ થોડી વિકટ બની. મારી પાસે બીજું કોઇ કામ નહોતું. નિવૃત્તિ કઠવા લાગી અને છેવટે જુની સાહિત્યિક પ્રવૃત્તિઓ કરવી એવું નક્કી કર્યું. આજ દિવસોમાં માનસિક શાંતિ માટે સામરખા છોડી વિદ્યાનગર સ્થાયી થયો.

વર્ષો સુધી જુદા જુદા સમયે જે કંઇ લખેલું - નોટબુક કે કાગળોમાં - પસ્તીની માફક ઘરના ગમે તે કબાટમાં પડી રહેલું, પણ તે બધુ સચવાયેલું હતું. અને પછી તો એ બધુ ક્રમશઃ વ્યવસ્થિત થઇ પુસ્તક આકારે પ્રગટ થવા માંડ્યું. હવે સતત લખાતું રહ્યું.

આજ સમયમાં બે એક નવલકથા લખાઇ અને ત્યાર પછી કિડનીના દર્દીઓ વિશે મેં લખવાનું વિચાર્યું, પરંતુ નવલકથાના રૂપમાં. કિડની વિશે નવલકથા તો લખાઇ, પણ એમાં કિડની વિષયક માહિતી હોય તો નવલકથા વાંચનારને કિડની વિષયક માહિતી પણ મળે. તેથી કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ કરાવવા આવતાં દર્દીઓ, દર્દથી પીડાતા અને માનસિક વ્યથાઓ ભોગવતા મેં જોયાં અને એમના વિશે, ડાયાલિસીસ પ્રક્રિયા વિશે અને ડાયાલિસીસ સાથે જોડાયેલાઓની પણ વાત બહુ સહજ રીતે 'વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ'માં મેં નિરૂપવાનો પ્રયત્ન કર્યો.

નવલકથા લખાતી ગઇ અને વચ્ચે એક પ્રસંગ બન્યો : 'ડીસકનેક્ટના સમય પહેલાં પાંચેક મિનીટ - કે જેમાં ટેકનિશીયન હર્ષદભાઇ, મને લેવા આવેલાં મારા બેન બનેવીએ જે જોયું એને કારણે એ ગભરાઇ ગયેલાં. દવાખાનાથી ઘેર જતાં મારું શરીર ભીંજાઇ ગયેલું. ઘેર પહોંચતાં જ કપડાંમાંથી આવતી દુર્ગંધને કારણે ખબર પડી કે 'સંડાસ' થઇ ગયેલું અને પછી બેન-બનેવી દ્વારા થયેલી વાતના અનુસંધાનમાં એવું જાણ્યું કે બે-પાંચ ક્ષણ મારું શરીર અચેતન થઇ ગયેલું.'

આ વાત લખાતી નવલકથામાં મારે લખવી હતી તેથી મેં નવલકથાનાં લખાયેલાં સો જેટલાં પૃષ્ઠો ફાડી નાખ્યા અને ફરીથી નવલકથા લખવાની શરૂઆત કરી. ને આમ 'વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ' નવલકથામાં મેં મૃત્યુદેવી સાથે સંવાદ કર્યો, અને પછી તો નવલકથા લખાતી ગઇ. કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ પ્રક્રિયામાંથી પસાર થતાં પહેલાં ત્રણ, પછી બે અને પછી એક ડાયાલિસીસ થાય તેમ તેમ દર્દી સાજો થતો જાય એવું રામભાઇ પટેલની માફક હું પણ માનતો હતો. પણ એ મારી માન્યતા ઠગારી હતી. કેમકે, જેમની કિડની નિષ્ફળ ગઇ છે તે દર્દીઓએ કાયમ માટે બે પ્રક્રિયામાંથી પસાર થવું પડે. (૧) કાયમી ડાયાલિસીસ (૨) કિડની પ્રત્યારોપણ

કિડનીના દર્દથી પારાવાર મુશ્કેલીઓ પામતાં, માનસિક વ્યથા અનુભવતાં અને આર્થિક રીતે ખુવાર થઇ જતાં દર્દીઓને આલેખવાનો મેં પ્રયત્ન કર્યો. શરીરના મહત્વના અંગ કિડની વિશે મારી પાસે બહુ જ ઓછી માહિતી હતી, કહો કે એ જ્ઞાનનો અભાવ હતો અને પછી તો કિડની નિષ્ફળ જવાથી, કિડની વિશે જ્યાંને ત્યાંથી જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો ત્યારે કિડનીના મહત્વનાં કાર્યોની મને જાણ થઇ. કિડની નિષ્ફળ જવાથી શારીરિક શક્તિનો નાશ પામે છે, મનના ઉમંગો પણ ખતમ કરી નાંખે છે અને તેથી જ રહેંસી નાખીને ખતમ કરી દે એવી આ બિમારીથી છૂટકારો મેળવવાનો એક માત્ર ઉપાય હતો - 'કિડની પ્રત્યારોપણ'.

ક્યારેક વાતવાતમાં સહજ રીતે કિડનીના પુરૂષ દર્દીઓ સાથે અવારનવાર ચર્ચાઓ થતી. એ ચર્ચાનો એક જ સાર હતો, 'માણસ માત્ર સુખની પાછળ દોડતો હોય છે, પછી ભલેને તે સાજો હોય કે માંદો. ઓછું કે વધુ સુખ

મેળવવાની પાછળ એ દોડતો રહે છે.' અને એથી જ મેં મારી નવલકથા 'વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ'માં દર્દીની તરસ અને તડપને આલેખવાનો પ્રયત્ન કર્યો. મને લાગ્યું કે આ નવલકથામાં હું એ બધુ પૂર્ણતઃ પાત્રો દ્વારા રજૂ નહી કરી શકું અને એથી જ એ નવલકથાના અનુસંધાનમાં 'કિડની - પ્રત્યારોપણ' -સોનેરી સપનાનું આકાશ 'નવલકથા લખવાનો પ્રયત્ન કર્યો. શક્ય હશે તો હવે એ નવલકથાના અનુસંધાનમાં 'એક સવાર-'કિડની પ્રત્યારોપણની' પછીની' લખીશ.

'વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ' અને 'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ' નવલકથામાં રજૂ થયેલી કેટલીક વાત કેટલાંકને નહિ ગમે ! મને પણ ક્યાં ગમી હતી ? છતાંય કિડનીના દર્દીઓની માનસિક વ્યથાને નિરૂપવાનો પ્રયત્ન કર્યો અને એ વ્યથામાંથી ઉઘડતી ભૂખને પણ મેં નિરૂપી છે. એટલે કદાચ આ નિરૂપવામાં હું સાચો હોઉં કે કેમ ? એનો જવાબ મારી પાસે નથી.

એ ઉઘડતી ભૂખને મગન 'ગંજેરી'ના પાત્ર દ્વારા આલેખવાનો પ્રયત્ન કર્યો અને એની સાથોસાથ બીજા પાત્રો - રીટા, સરોજ, મમતા, પાર્વતી અને જાગૃતિ આલેખાતાં રહ્યાં. હું માનું છું કે મનુષ્ય માત્રનાં બે રૂપ હોય છે - આંતર અને બાહ્ય. દરેકનું બાહ્યરૂપ આપણે જોઇ શકીએ છીએ પણ આંતરિક રૂપને ક્યારેક જ જોઇ શકીએ છીએ. મગન 'ગંજેરી' ક્યાં નથી ? આપણી નજીક છે, બહુ જ નજીક. આપણે પણ તેને ઓળખીએ છીએ. મનુષ્ય માત્રના હૃદયના કોઇ ખૂણામાં સુષુપ્ત પડેલો 'મગન' હોય છે જ ! એટલે મગનને શોધવાની જરૂર ન પડે. મારી આ વાત ઘણા બધા સમજી શકશે. આનાથી મારે કંઇ વધારે કહેવું નથી.

આ નવલકથા તા. ૧૫ ઓગષ્ટ, ૨૦૦૫ ના રોજ પ્રગટ થશે, તેજ દિવસ વડિલ મિત્ર કનુ સુણાવકરનો જન્મદિવસ છે, તેનો મને આનંદ છે.

ચિ. આનંદ સુણાવકરના સૂચન 'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ'ના જેકેટ ઉપરના ચિત્રમાં હૃદયને સ્થાને કિડનીનું ચિત્ર મૂકાય તો કેવું?' કનુભાઇએ મને વાત કરી. નવલકથાનું જેકેટ એ સૂચનનું પરિણામ છે.

પ્રકરણ ૪૨, 'પ્રો. ડાભીની વ્યથા' આલેખતી વખતે મેં માનસિક વ્યથા અનુભવી હતી. જો કે આ સિવાય પણ કેટલાંક પાત્રોનાં આલેખન વખતે પણ જાણે કે માનસિક સંતુલન ગુમાવતો હોઉં તેવું પણ મેં અનુભવેલું - હું પણ તેમાંનો એક હતોને !

વડીલ મિત્ર કનુભાઇ સુણાવકર, પ્રા. સી.વી. મહેતા, કનુ પરમાર 'સાહિલ', અલ્પા પંડિત અને નિકિશા પટેલનો વિશેષ હું આભાર માનું છું.

દવા-પાણી આપતી વખતે મને પજવતા એ કેયુર અને હેમીલ થોડા મોટા થયા છે. એ હવે ક્યારેક જ મને દવા-પાણી આપે છે, પણ માનસી દવા આપતી રહે છે. વચ્ચે થોડો સમય હેવાંશીએ પણ દવા આપી હતી અને હવે કૃતિ જ્યારે આવે ત્યારે 'દાદા, દવા આપું ?' એમ કહી મૂકેલા દવાના ડબ્બા પાસે પહોંચી જાય છે. એ બધાને હું કેવી રીતે ભૂલી શકું ?

આ નવલકથા લખતી વખતે મને ઘણાં બધાની હુંફ પ્રાપ્ત થઇ છે એ બધાનો નામોલ્લેખ કરતો નથી. પણ એ મનું ઋણ સ્વીકારું છું.

ઠે. મોટી ખડકી
મુ. સામરખા,જી. આણંદ

**-કૃષ્ણદેવ આર્ય**
( Prof. K.B. Patel )
તા. ૧૨-૭-૨૦૦૫

## છે મૃત્યુની ખબર, તો પણ બધ્ધ રાગે..

'વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ' કથાના અનુસંધાને આગળ વધતી નવલકથા 'કિડની-પ્રત્યારોપણ - સોનેરી સપનાનું આકાશ' પ્રો. કૃષ્ણદેવની નવલકથાના બે વાચન કર્યા પછી તરત જ મને, કોણ જાણે કેમ, કવિ કાન્તની 'કલ્પના અને કસ્તુરીમૃગ'ની નીચેની પંક્તિઓ સ્મરણે ચડે છે : શબરપતિના બીનના નાદે વશ થયેલા મૃગનું ચિત્ર આપતાં કાન્ત કહે છે :

અશ્રુ પડે નયનથી, બહુ ખિન્ન લાગે<br>
છે મૃત્યુની ખબર તોપણ બધ્ધ રાગે

'સોનેરી સપનાનું આકાશ' નો નાયક, કહો કે, કથક, પ્રો. સુખદેવ અને એની આજુબાજુ, ડાયાલિસીસ માટે આવતાં-જતાં અનેક સ્ત્રી-પુરૂષ પાત્રોને **'મૃત્યુની ખબર'** તો છે, છતાં પણ જિજિવિષાના રાગથી કેવા બધ્ધ છે - તેની આ ક્થા આગળ વધે છે, અથવા આગળ વધતી નથી, પણ કિડનીની આજુબાજુ ચકરાયા કરે છે !

'વેઈટ...' નવલકથા ઉપરના જેકેટને જોઈને, મારો પુત્રમિત્ર ચિ. આનંદ સુણાવકર કહે : 'કૃષ્ણકાકાની આ 'સોનેરી સપનાનું આકાશ'ના જેકેટ ઉપરના ચિત્રમાં હૃદયને સ્થાને કિડનીનું ચિત્ર મૂકાય તો કેવું ? સાચે જ કૃષ્ણદેવ હૃદયને સ્થાને કિડનીની કથા/વ્યથા આલેખવા તાકે છે. ચિ. આનંદનું સૂચન મેં કૃષ્ણદેવને કર્યું. તો એ કહે : એકદમ સાચી સચોટ વાત છે આનંદ સાચો છે.

'વેઈટ...'ની પ્રસ્તાવના 'મારી વાત'માં લેખક નોંધે છે કે 'કિડનીના દર્દથી પિડાતા અને અસહ્ય વેદના અનુભવતા - માનસિક વ્યથા અનુભવતા દર્દીઓ મેં જોયા છે. અરે !... બાજુની પથારીમાં ડાયાલિસીસ કરાવતા દર્દીની સાથે વાત કરતા હોઈએ અને થોડીવાર પછી દર્દીનું જીવન સંકેલાતું પણ જોયું છે. મૃત્યુની પીડા અનુભવી છે. આ નવલકથામાં કિડનીના દર્દની આસપાસ રમતાં પાત્રોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.' (પૃ.૧) 'સોનેરી સપનાનું આકાશ'માં આ જ વાત આગળ વધે અને તેમાં ઉમેરાય છે : કિડની પ્રત્યારોપણની વાત. પ્રત્યારોપણની વિધિ અને સ્થિતિ અને દર્દીની પરિસ્થિતિ, માણસની નહીં દર્દની પીડા વેઠતાં અને માનવ સમુદાયની કથા ચક્રાકારે વળી - ફરીને ત્યાં જ, કિડની ઉપર આવી- આવીને અટકે છે. ઘાયલ શ્વાનની જેમ, દર્દીનું મન વળી-વળીને જોરદાર જિજીવિષા અને અંદર દબાયેલા કામ-કામના-રાગબધ્ધતાના કેન્દ્રમાં ભારે દબાણ સર્જે છે. આ બાબત ખરે જ વેધક અને હૃદયવિદારક બને છે. આ કૃતિમાં ઘટના ઓછી પણ મનોઘટના ઝાઝી છે.

દર્દીને એક તરફ મૃત્યુનો મગર પકડે છે, તો બીજી તરફ કામનો મગર જડબું ફાડીને પકડવા ધસે છે. આમાં -ને- આમાં દર્દી બેહાલ બનીને, લાચાર જીવન જીવે છે. પ્રો. સુખદેવના જીવનમાંથી મંગળવાર, ગુરૂવાર અને શુક્રવાર બાદ થઈ ગયા છે. **હવે તો** તેના - સુખદેવના જીવનમાં માત્ર સોમવાર, બુધવાર અને શનિવારનું જ મહત્વ રહ્યું છે. ત્રણ દિવસ ડાયાલિસીસના છે. બાકીના દિવસોમાં મૃત્યુની કલ્પનામાં, છતાં કામના Sex ની ગડમથલમાં વીતે છે. પૃ.૧૮ ઉપર આલેખન છે. :

'તે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશ કરે છે. ત્રીસેક વર્ષની ઉંમરે પહોંચેલી અને સાગના સોટા જેવી, દેખાવડી, આકર્ષક એવી એક યુવતી ડાયાલિસીસ વિભાગની બહાર નીકળતી હોય છે. એકનું અંદર જવું અને બીજાનું બહાર જવું. ત્યાં બંનેનો ભેટો દરવાજાની મધ્યમાં થઈ જાય છે.' (પૃ.૧૮)

જીવન અને મરણનો ભેટો આ જગતના - હોસ્પિટલ-ના દરવાજાની મધ્યમાં થયાનું સૂચન કેવું સૂચક અને સચોટ બન્યું છે.

બહાર નીકળનાર યુવતી તે પાર્વતી છે. અંદર જતો માણસ સુખદેવ. બે-ચાર પગલાં ભરી બંને અટકે છે. '... મને ના ઓળખી ? હું પાર્વતી. આજે જ મુંબઈથી આવી છું. ખાસ તમને જ મળવા જ.'

'- અને પ્રો. સુખદેવ છેલ્લાં પગથિયા પરથી જમીન પર પછડાય છે. અને પછડાટની કળ તેને વળતી નથી. એણે પણ એક સપનું જોયું હતું. એનું સપનું આકાશ સુધી ફેલાય તેમ થોડીક ક્ષણો પૂરતું તો તેમાં રાજી રહ્યો હતો...' (પૃ.૨૨)

સ્વપ્ન તો થોડીક ક્ષણો પૂરતું જ હોય. સુખદેવજી ! વચ્ચે વચ્ચે, મગન-પાર્વતી, પાર્વતીના પ્રેમનો એકરાર, રણકારમાં વેરાઇ જતી ક્ષણો, વ્યોમેશની વાત, 'કિડની પ્રત્યારોપણ' પર મગનનો લેખ, મમતાનો પત્ર, જાગૃતિ પર વહેમ, કિડની દાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, સરોજકથા, ચંપકભાઇ; આ બધું નિરૂપણ ઉતાવળિયા વાચકને કંટાળો આવે તેવું થાય, પણ જીવવા મથતા દર્દીને થોડી ક્ષણો જીવાડી જાય તેવું થયું છે. કિડની પ્રત્યારોપણ પછી લેવામાં આવતી દવાઓ અને આડઅસરો - વિશે લેખકે સાચી-સારી માહિતી આપીને અનેક રોગીઓને ઉપકારક કામ કર્યું છે. (પૃ.૮૪ થી ૮૮)

'ડૉક્ટર સાહેબ, તમારી વાત સમજું છું. તોય ઊંડે ઊંડે મારામાં એક ભય તો વ્યાપી ગયો છે કે આ 'લોલીટેન' ક્યારેક મારો..'

ડૉક્ટર : 'એવું ના વિચારશો, થોડા દિવસ રાહ જુઓ. તમારો ભય દૂર થઇ જશે. અને પછી તમે, મને અને 'લોલીટેન'ને કાયમ યાદ કરતા થઇ જશો.' પ્રો. સુખદેવ જાગૃત થઇ જાય છે. જાગૃતિનું પાત્ર સૂચક છે. 'હું તમારી જાગૃતિ...' પ્રકરણ જોવા જેવું છે. સુખદેવની જાગૃતિ કોઇ નારી છે કે કોઇ કામના રૂપી ચીજ... ? ભાવકને લાગે. 'જાગૃતિની વિદાય' પ્રકરણ સૂચક બની રહે છે, મનસુખની કથા પણ.

'ન્યુઝ ચેનલ માટે ઇન્ટરવ્યુ'માં મોહિની ઝવેરીને પ્રો.સુખદેવ માહિતી આપે છે, 'જો તને ખ્યાલ હશે કે જીવને જીવતો રાખવા જેટલી હૃદયની જરૂર છે, જેટલી મગજની જરૂર છે, એના કરતાં પણ વધારે જરૂર કિડનીની છે.' (પૃ.૨૦૮) વધુ નોંધતો નથી. જિજ્ઞાસુએ મોહિની ઝવેરી સાથેનો ઇન્ટરવ્યુ પોતે વાંચી લેવા વિનંતી છે. ઉપયોગી અને ભયંકર તડકામાં છાંયડાનું કામ કરશે આ ઇન્ટરવ્યુ.

નવલકથાનું અંતિમ પ્રકરણ પંચાવનમું **'કિડની પ્રત્યારોપણની દિશામાં પ્રો. સુખદેવની દોટ'** કથાના સમાપનનું ચિત્ર આપે છે.

બુધવાર તા. ૨૩મી માર્ચે સુખદેવનું ૬૮૮નું ડાયાલિસીસ હતું. 'આજ દિવસ ૨૩મી માર્ચનો જો કે સાલ ૧૯૩૧ની હતી. તે દિવસ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી અપાઇ હતી..' શહીદ સુખદેવ અને આપણા આ પ્રો.સુખદેવ વચ્ચે અતિ સૂચક - સરસ-સચોટ અનુબંધ રચાયો છે. દેશ માટે શહીદ થવું અને જીવન સારું શહીદ થવું જુદાં નથી. ખૂબ મર્મસ્પર્શી બન્યું છે આ વર્ણન/સૂચન.

પ્રો. સુખદેવને ત્યાં આજે ઘણાં બધાં માણસો ભેગાં થાય છે. કેટલાંક પરિચિત, કેટલાંક અપરિચિત. પાર્વતી, મમતા, સરોજ અને રીટા : બધાં એક દિશાનાં પ્રવાસીઓ હતાં. મગનની તડપ અને તરસની કથાનાં પાત્રો. ભાવના અને પ્રથમેશભાઇ પણ છે. જાગૃતિ અને મનસુખ પણ ભૂજથી આવેલાં. કવિતાબેનનો એક નાનકડો નૃત્ય કાર્યક્રમ રાખ્યો છે... આ એક મિલન સમારંભ જ છે. (પૃ.૨૪૦-૨૪૧) ..... તે મોડી રાતે ધીરે ધીરે બધાં વિખેરાતાં જાય છે... છેલ્લી પાંચ વ્યક્તિઓ એકબીજાની સામે જોતી ત્યાં બેસી રહે છે. એ પાંચ હતાં : પાર્વતી, મમતા, રીટા, સરોજ અને પ્રો.સુખદેવ.

ચાર-ચાર સ્ત્રીસત્તાઓની વચમાં જીવન માટે ઝૂરતો-ઝઝૂમતો પ્રો.સુખદેવ કહે છે :

'ડાયાલિસીસ કરાવી કરાવીને હું થાકી ગયો છું અને કિડની પ્રત્યારોપણ કરાવવાની દિશામાં દોટ મૂકું છું.'

અને એકદમ મમતા દ્વારા ટેપ રેકોર્ડર ચાલુ થાય છે. સુખદેવનો અવાજ આવતો રહે છે.. 'તમને બધાંને આજે છેલ્લીવાર મળવા માટે બોલાવ્યાં છે. આજનો દિવસ મારે માટે છેલ્લો દિવસ હશે ..' ટેપ રેકોર્ડરમાં પોતાનો જ અવાજ, પોતાના બોલાયેલા શબ્દો સાંભળીને પ્રો.સુખદેવ ઊંડા વિચારમાં પડી જાય છે. બધાં જાય છે, સરોજ સિવાય. સરોજ છેલ્લે સુખદેવના કાનમાં કંઇક કહે છે અને ચાલી જાય છે. પ્રો.સુખદેવના કાનમાં સરોજના શબ્દો પડઘાતા રહે છે. 'કિડની પ્રત્યારોપણ' કરાવ્યા પછી સાજા થાવ ત્યારે હું તમારી તડપ છીપાવવા માટે આવી પહોંચીશ. તમે બોલાવો કે ન બોલાવો તોપણ.'

આમ આ કથા કાગળ ઉપર તો પૂરી થાય છે પણ આપણામાં કેટલાંય મહત્વપૂર્ણ, દર્દપૂર્ણ પ્રશ્નો જગાડી જાય છે. 'આ તે કેવી જિન્દગી ! દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી'

પ્રો.કૃષ્ણદેવ આર્યની આ બે ભાગમાં વહેંચાયેલી આ કથા ખરે જ, દર્દીની દર્દપૂર્ણ દાસ્તાન તો છે જ, ઉપરાંત અશક્ત દર્દી જણની અંદર પણ કામનાં કામણ કેવા કામ કરાવે છે તેની પણ સચ્ચાઇભરી હિંમતભરી

કથા અહીં લેખકે આલેખી છે. આ કથાઓ સામાન્ય વાચકો માટે નથી; સામાન્ય વાચકને અહીં વેગવાન કથાપ્રવાહ, જોરદાર પાત્રો, ચોટદાર સંવાદો બધું આસ્વાદવા નહીં મળે. પણ લેખકનું પ્રયોજન આ બધું ન હોઇને, જે હેતુ પ્રયોજન લેખકે તાક્યું છે. તે તો સિદ્ધ થયું છે. તે ખાસ પ્રકારના વિવેકી ભાવકો અનુભવી શકશે. જીવન પ્રત્યે આદરભાવ ધરાવનાર ભાવકમાં કરુણા-કરુણતાપૂર્ણ સંવેદનાઓ જગાડી જવામાં આ નવલકથા અવશ્ય સફળ સાર્થક બની રહેશે' એમ મને લાગે છે.

અને અંતે, કવિ ન્હાનાલાલ કથિત પંક્તિ 'હૃદયની આજ્ઞા એક ને ચરણનાં ચાલવાં જુદાં' આ જીવનનું - દર્દીલા જીવનનું - માર્મિક સત્ય આ કૃતિમાં આકૃતિ પામે છેઃ - અલબત્ત, ઝાંખી, કોઇનેય કદાચ ઝાંખી પાંખી પણ જણાય તો નવાઇ નહીં !

હા, નવાઇ નહીં. કેમકે......

એક હૃદયકી કાયરતા હૈ
દૂસરી છલના મનકી
ઇન દોનોં કે સંગ સહારે
જાતી હૈ ગતિ જીવનકી

- આ છબી, આ કૃતિમાંથી પ્રગટે છે.

૮, સુદર્શન સોસાયટી, **કનુ સુણાવકર**
**આણંદ** - ૩૮૮ ૦૦૧

તા.૨-૭-૨૦૦૫

## 'વેઇટ, ડાયેટ અને ડાયાલિસીસ' વિશે...

'છ-એક પ્રકરણો વાંચી તમારા વિશે વિચારતો થઇ ગયો. ખૂબ હિંમતપૂર્વક તમે જીવો છો. મૃત્યુને પણ પાછું વળવું પડે તેવું તમારું મનોબળ. તમારી નવલકથાના છ-એક પ્રકરણો વાંચ્યા છે, મને ખૂબ હલાવી ગયાં છે.

મૃત્યુની ગોદમાં બેસીને તમે જીવી રહ્યા છો; અને છતાંય મળનારને તેનો અણસાર શુધ્ધાં ન આવે ! હું અને મારા જમાઇ આવ્યા પણ અમને તમારા આવડા મોટા વિષાદનો ત્યારે ખ્યાલ નહિ આવેલો. તમારી નવલકથા વાંચી મને પ્રતિતિ થાય છે. તમને તમારા મનોબળને મન-હૃદયથી પ્રણામ કરું છું

જન્મ અને મૃત્યુ વચ્ચેનું અંતર આપણે જન્મીએ છે ત્યારથી જ ઘટવા લાગે છે. જન્મથી જ આપણે મૃત્યુની નજીક સરકતા જઇએ છે, કેટલાંક તીવ્ર ગતિથી તો કેટલાંક મંદ ગતિથી.'

એમ.આઇ. પટેલ
તા. ૩૧/૫/૦૫

'તમે ખૂબ સ્વસ્થ છો, તમને મળનારને એવો ક્યારેક અહેસાસ થાય નહિ કે તમે જીવન સામે કેવી મોટી લડાઇ આદરી છે. તમે તો સ્વસ્થ છોજ, સાથે સાથે મિસ્ટર શાહ જેવા કેટલાય ને સ્વસ્થ કરો છો. કિડનીના, તમારા સંપર્કમાં આવનાર સૌ દર્દીઓને તમારી નવલ વાંચવાનું કહેશો. એનાથી એ લોકો સ્વસ્થ બનશે, ભાંગી પડતા અટકશે.

મને તમારી નવલ સ્પર્શી છે.'

એમ.આઇ. પટેલ
તા. ૧/૬/૦૫

'ફરી પત્ર લખું ત્યારે મારા પત્રલેખનના રૂટીન મુજબ સંબોધન પછી નમસ્કાર આપોઆપ લખાઇ જાય છે; પરંતુ આજે ખૂબ સભાન રહીને નમસ્કાર લખ્યા છે. સભાન એટલા માટે કે ગમે તેવા મજબૂત મનોબળવાળા - સરદાર વલ્લભભાઇ પટેલ જેવા - નેય અંદરથી અને બહારથી ખતમ કરી દે એવા દર્દના ખોળામાં નહિ પણ દર્દને ખોળામાં લઇને બેઠેલા તમે મને એક જુદી જ અનુભૂતિ કરાવો છો અને એ સંદર્ભમાં નમસ્કાર લખું છું.

'મૃત્યુ દેવીની કૃપા' અને 'ભાવનાબેનની વેદના' એ બે પ્રકરણો મને ખૂબ ગમ્યાં છે. બબ્બે વખત વાંચી ગયો. જેમ જેમ વાંચન થતું જશે તેમ તેમ મને જે ગમશે કે હલાવી જશે તે વખતે જણાવીશ. તમે અદ્‌ભુત માણસ છો !'

એમ. આઇ. પટેલ
તા. ૨/૬/૦૫

## અનુક્રમ


૧. હું પાર્વતી..
૨. મગનનો પાર્વતી પ્રત્યેનો અનુરાગ
૩. પાર્વતીનું આવવાનું પ્રયોજન
૪. 'કિડની-પ્રત્યારોપણ' મગનનો લેખ
૫. પાર્વતીનો પ્રેમનો એકરાર
૬. જાગૃતિ સાથે ઓળખાણ
૭. રણકારમાં વેરાઈ જતી ક્ષણો
૮. માને કંઇ મરવા દેવાય ?
૯. વ્યોમેશને દાનમાં એક નહિ પણ ત્રણ કિડની મળવાની શક્યતા
૧૦. મગનનો પત્ર
૧૧. જાગૃતિ પર વહેમ
૧૨. કિડની દાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?
૧૩. સરોજ સુધરી ગઇ
૧૪. ચંપકભાઇ પકડાઇ ગયા
૧૫. દાન કરવાની ઇચ્છા
૧૬. છસો છવ્વીસમું ડાયાલિસીસ દેવાંશીના નામે
૧૭. સરોજ - સંબંધ સુધારવાની દિશામાં
૧૮. કિડની પ્રત્યારોપણ પછી લેવામાં આવતી દવાઓ અને તેની આડઅસરો
૧૯. ડૉક્ટરની સરોજને ચેતવણી
૨૦. નૌતમભાઇને સલાહ
૨૧. જાગૃતિની મથામણ
૨૨. 'ભટકતી'ની પાછળ નૌતમભાઇ
૨૩. જાગૃતિના ભાઇનું 'કિડની-પ્રત્યારોપણ'
૨૪. વાહ 'લોલીટિન' વાહ !
૨૫. જાગૃતિને ભાભીની શિખામણ
૨૬. 'કિડની-પ્રત્યારોપણ' -પછી શું ?

૨૭. ચમત્કાર
૨૮. આઈશાબેન ગયાં
૨૯. ચંપકભાઇ બચી ગયા
૩૦. મહેરુન્નિશા
૩૧. હું તમારી જાગૃતિ...
૩૨. સાલા નાલાયક..
૩૩. નારાયણદેવી પણ ગયાં
૩૪. ગરમ લોખંડ પર હથોડાનો ઘા
૩૫. પગના વરણની વ્યથા
૩૬. રમેશભાઇ આવ્યા
૩૭. શમા આવી
૩૮. નાસ્તાનો શોખીન મહેતા
૩૯. એન.આર.આઇ. દર્દી
૪૦. 'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ
૪૧. તૃપ્તિની ક્ષણો તરફ
૪૨. પ્રોફેસર ડાભીની વ્યથા
૪૩. ડાયાલિસીસ ન કરાવ્યું હોય તો..
૪૪. વંશ માટે પ્રત્યારોપણ
૪૫. જાગૃતિની વિદાય
૪૬. પાર્વતી - સરોજના પત્રો
૪૭. ન્યુઝ ચેનલ માટે ઈન્ટરવ્યુ
૪૮. ડૉ. મુનશીનો સુખદેવ પર...
૪૯. 'કિડની કેર' કે 'કાળો કેર' ?
૫૦. પ્રવાહી અને પૈસાનો સીધો સંબંધ
૫૧. 'નૃત્યના લય પર જીવનના તાલ'
૫૨. સરોજ આવી ગઇ
૫૩. તો શું મગનભાઇ ?
૫૪. તરસ અને તડપનો અંત પણ કેવો ?
૫૫. કિડની પ્રત્યારોપણની દિશામાં પ્રો. સુખદેવની દોટ

# એક

## હું પાર્વતી....

આમ ને આમ સમય પસાર થાય છે. પ્રોફેસર સુખદેવ પહેલાંની માફક જ ડાયાલિસીસ માટે આવે છે. અત્યાર સુધી તેનો દશમો નંબર હતો. ઉપરના ક્રમે જવાનું તેણે ક્યારેય નહીં વિચારેલું. પણ આ સમય દરમ્યાન પ્રોફેસર સુખદેવ નહોતો ઇચ્છતો છતાં તે આઠમા નંબરે આવી જાય છે. તેની ઉપરના નંબર ખસતા રહે છે...એનો મતબલ એ થયો કે આકસ્મિક ઇચ્છા ન હોવા છતાં કુદરત નંબરોનો ફેરફાર કરી દે છે.

એક દિવસે વ્યોમેશ શાહ તેને કહે છે, 'સાહેબ, તમને કદાચ ખબર નહીં હોય ! તમે દશમા નંબરેથી આઠમા નંબરે પહોંચી ગયા છો.' વ્યોમેશ આ કહેતાં રડી પડે છે. આ સાંભળતાં સુખદેવની આંખોમાંથી આંસુ નીકળી જાય છે. તે પણ ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. વ્યોમેશની વાતનો અર્થ એ થયો કે બહુ જ લાંબા સમયથી ડાયાલિસીસની પ્રક્રિયામાંથી પસાર થતા તેના બે કિડનીના દર્દીઓને હવે તે ક્યારેય નહીં જોઇ શકે! તે ઘણો દુઃખી થાય છે. પાછો તે જુએ છે તો અત્યાર સુધી તો ડાયાલિસીસમાં આવતા કેટલાક દર્દીઓમાંના કેટલાકના દિવસો બદલાયા હોવાથી જૂના દર્દીઓ ડાયાલિસીસ માટે ભાગ્યેજ ભેગા થતા.

આ સમય દરમ્યાન ડાયાલિસીસ વિભાગ જાણે કે બદલાઇ ગયો હોય તેમ તે અનુભવે છે. વ્યોમેશ અને ભાવનાબે ન જેવાં ઓળખીતાં દર્દીઓ ક્યારેક ભેગાં થઇ જતાં. મગન હતો ત્યારે ડાયાલિસીસ વિભાગ જીવંત લાગતો એવું હવે રહયું નથી.

હવે તો આઠમા ક્રમે આવી એ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ, જેમ જેમ દિવસો જાય તેમ તેમ તેનો ક્રમ બદલાતો રહેશે ! અને તે આવતો રહે છે. તેનું ડાયાલિસીસ થતું રહે છે. હવે તે મૌન બનીને ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશ કરે છે. ડાયાલિસીસની પ્રક્રિયા દરમ્યાન પણ તે મૌન જ હોય છે. તે એકલો જ પથારીમાં પડ્યો પડ્યો વિચારતો રહે છે. જાણે કે જીવનમાંથી રસ ઉડી ગયો હોય તેવું તે અનુભવે છે. હવે તો તે પોતાની ઇતર પ્રવૃત્તિમાંથી પણ ધીરે ધીરે મૂક્ત થતો જાય છે. અઠવાડિયાના ત્રણ દિવસ હવે તેને સાચવવાના છે. અત્યાર સુધી મંગળવાર અને શુક્રવાર તે સાચવતો. તેના જીવનમાંથી મંગળવાર અને શુક્રવાર બાદ થઇ ગયા. હવે તોતેના જીવનમાં સોમવાર, બુધવાર અને શનિવારનું જ મહત્વ રહ્યું. તે એકલો હોય ત્યારે વિચારતો કે ડાયાલિસીસનો દિવસ પૂરો થાય ત્યારે બે દિવસનું એનું આયુષ્ય જાણે કે લંબાઇ જતું હોય એવું તેને લાગતું.

અને એક દિવસે એના જીવનમાં ઓચિંતો જ ફેરફાર થતો એણે અનુભવ્યો...

જાણે કે તે વીસ વર્ષનો યુવાન હોય તેવો થનગનાટ તેણે અનુભવ્યો અને હવે તેને હજુ પણ લાંબુ જીવન જીવવાનું મળે તેવું તે વિચારવા લાગ્યો.

તે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશ કરે છે. ત્રીસેક વર્ષની ઉંમરે પહોંચેલી અને સાગના સોટા જેવી લાંબી, દેખાવડી, આકર્ષક એવી એક યુવતી ડાયાલિસીસ વિભાગની બહાર નીકળતી હોય છે. એકનું બહાર જવું અને બીજાનું અંદર જવું. ત્યાં બંનેનો ભેટો દરવાજાની મધ્યમાં થઇ જાય છે. બંને ઉતાવળમાં હતાં. એકબીજાને અથડાતા અથડાતા રહી જાય છે. પ્રોફેસર સુખદેવ વિચારમાં હતો. સાચી વાસ્તવિક પરિસ્થિતિ જોતાં તે ભોંઠો પડી જાય છે. 'માફ કરજો' એમ કહી એ આગળ વધે છે. પેલી યુવતી એક બાજુ ખસી જાય છે. બંને પોતપોતાની દિશામાં આગળ વધે છે. બે-ચાર પગલાં ભરી બંને અટકે છે. પાછાં વળે છે. સહજ રીતે એકબીજા તરફ જોવાઇ જાય છે. યુવતી ખડખડાટ હસી પડે છે. એના મોં પરનો આછો મલકાટ એના અંતરની વાત જાણે ના કહી રહ્યો હોય એવું સુખદેવ અનુભવે છે. અને એકા-એક એનો હાથ ઉંચો કરે છે અને કહે છે, ' હમણાં જ આવીને તમને મળું છું.' એમ કહેતીકને તે અદશ્ય થઇ જાય છે. સુખદેવ વિચારે છે આ યુવતીને તેણે કયારેક જોઇ હોય તેવુ લાગતું નથી તો તે કોણ હશે ? એની સ્મૃતિમાં ક્યાંય આ યુવતીનું ચિત્ર દેખાતું નથી. પાછો તે વિચારમાં પડે છે. સુંદર, આકર્ષક દેહની સાથે સર્જનહારે ઠાંસી ઠાંસીને રૂપ પણ આપ્યું છે. અને આવું રૂપ મળવાનું કહે ત્યારે તેના આખા શરીરના અણુએ અણુમાં રોમાંચ ઉભો થઇ જાય ને ? તે પાછો વળી તેને બોલાવવાનો પ્રયત્ન કરે છે. ત્યાં તો તે

ઘણી દૂર નીકળી ગયેલી. તે પાછો વળે છે. વજન કરવાના મશીનવાળી રૂમમાં પ્રવેશે છે. વજનકાંટા પર ઉભો રહે છે. વજનનો આંકડો જોઇ ચમકે છે. આંકડો સત્તાવન કિલો પાંચસો ગ્રામ બતાવતો હતો. એનો મતલબ એ કે એનું સાડા પાંચ કિલો નેગેટીવ વધ્યું. આટલું બધું ? હોય જ નહિ ? આમ કેમ બને ? એ વિચારતો રહ્યો. સવારે ઘરેથી વજન કરી નીકળ્યો ત્યારે તો બે કિલો જ વજન તેણે નોંધેલું. તો એકદમ સાડા પાંચ કિલો ક્યાંથી થઇ ગયું. રૂમની બહાર નીકળી પોતાની પથારી પાસે જાય છે. પોતાની સાથે લાવેલી થેલી પલંગ પર મૂકે છે. ફરીથી તે વજન કરવા માટે પાછો વળે છે. ઘેરથી તો તે રિક્ષામાં આવેલો. આ પોણા કલાકમાં એણે કશુ પીધું નથી તો વજન ક્યાંથી વધી જાય ? વજનકાંટા પાસે પહોંચે છે. ધીરેથી ખિસ્સામાંથી રૂમાલ કાઢે છે. મોં આગળ રૂમાલ લઇ જાય છે. રૂમાલમાં તે ફૂંક મારે છે. અને પછી રૂમાલથી તે પોતાનાં ચશ્મા સાફ કરે છે. વજનકાંટા પર ઉભો રહે છે. વજનનો આંકડો જુએ છે અને તે આશ્ચર્યમાં ડૂબી જાય છે. વજનકાંટો ચોપન કિલો વજન બતાવતું હતું. બે કિલો વજન વધ્યું કહેવાય.થોડીવાર પહેલાં તેણે જોયેલો સત્તાવન પાંચસોનો આંકડો શું ખોટો હશે ? હવે તેને યાદ આવે છે. આંકડો તો સાચો જ હશે ? ‘થોડી વાર પછી મળીશું’ એવું કહીને ગયેલું રૂપ એના ચશ્માના કાચ પર આવી બેસી ગયું હશે અને તેથી જ એને આંકડો દેખાયો નહીં હોય. આંખોમાં કદાચ ઝાંખપ આવી ગઇ હશે ! ચોપનને બદલે સત્તાવન પાંચસો કેમ દેખાયું હશે ? જો કે આ પ્રશ્ન તેને મૂંઝવતો રહે છે. આ છ વર્ષના સમય દરમ્યાન ક્યારેય તેનું સાડાપાંચ કિલો વજન વધ્યું નથી. પણ પેલી ન ઓળખાયેલી યુવતીના વિચારોમાં ને વિચારોમાં તેણે આંકડો તો ચોપનનો જ જોયો હશે પણ એના ચિત્તના કોઇ ખૂણે ધરબાયેલો સત્તાવન પાંચસો કિલો વજનનો આંકડો એના હોઠે આવી ગયેલો !

પાછો તે પોતાની પથારી પાસે જાય છે. થેલીમાંથી શાલ કાઢે છે. દવાનો ડબ્બો પણ કાઢે છે. રોજના કરતાં વધુ પલંગ ઊંચો કરે છે. અને પછી તે પલંગમાં બેસી જાય છે. ટેકનિશિયન આવતાં તે પથારીમાં લંબાવી દે છે. આજે તો ખાસ ડાયાલિસીસ વખતે ખાવા માટે તે ડબ્બો ભરીને વેફર્સ લઇ આવેલો. તે નાસ્તાનો ડબ્બો થેલીમાંથી કાઢવાનું ભૂલી ગયેલો. હવે એને યાદ આવે છે. તે નાસ્તો નહીં કરે. થોડીવારમાં જ કદાચ પેલી યુવતી આવશે. તેની પથારીની બાજુમાં - ખુરશીમાં - આવી બેસી જશે. અને પછી તે ઘણી બધી વાત કરશે. તે બેઠી હશે એટલે તેને જોતાં જ તેની ભૂખ ઉડી જશે. બસ વાતો જ કર્યા કરશે. એનું ‘નીડલીંગ’ થઇ જાય છે. રોજ તો કાયમ ‘નીડલીંગ’ પછી વાંચતો કાં તો ઉંઘતો. આજે આ બેમાંથી કશુંજ કરી શકે તેમ નથી. તેની આંખોની સમક્ષ એક અજાણ્યો ચહેરો રમ્યા કરે છે. એ તેની જ રાહ જુએ છે. પણ તે આવે ત્યારે ને ?

આજનું ચાર કલાકનું ડાયાલિસીસ તેને ચાર વર્ષ જેટલું લાંબુ લાગે છે. આ ઉંમરે પણ શરીરમાં અનુભવેલો થનગનાટ ફરી પાછો તેને પોતાની ઉંમરની અવસ્થા બતાવી દે છે. તે કોઇની રાહ જુએ છે. એ કોઇને કહી શકે તેમ નથી. આમ તો ડાયાલિસીસ વિભાગમાં બધાં તેને માનથી જુએ છે. એક સારા સર્જક તરીકે બધાં એને ઓળખે છે. પણ આજે પહેલી વાર સુખદેવનું માનસ પરિવર્તન થતું હોય એવું તે અનુભવે છે. આ દર્દની માનસિક પીડા અને અસહ્ય યાતનામાંથી તે પસાર થઇ ચૂક્યો છે. તેણે બધું જ સ્વીકારી લીધું છે. પણ આજે ? કોઇ અજાણી યુવતીના મિલનની ક્ષણો સુધી પહોંચવાની તે રાહ કેમ જોઇ રહ્યો છે? તેનો તો સ્વપ્ને પણ ખ્યાલ નથી. તેના શરીરના અણુએ અણુમાં કોઇ ફેરફાર થતો તે અનુભવે છે. બીજાને શિખામણ આપનારો આજે તે ‘મોહ-માયા’ માં લપેટાતો જતો હોય તેવી પરિસ્થિતિ અનુભવે છે. કિડની નિષ્ફળ જવાના આ છ વર્ષના સમય દરમ્યાન તેણે જેના વિશે કશુંય નથી વિચાર્યું તે ‘કામ-તૃપ્તિ’ ની ઝંખના તે પંપાળતો હોય તેવું લાગે છે. આટલા વર્ષોમાં પહેલીવાર તેનું શરીર કોઇ બીજા શરીરની ઝંખના કરતું હોય- એ દિશામાં દોડવાની પ્રક્રિયા જાણે કે હૃદયમાં પેદા થતી હોય- એવા ભાવ તેના ચહેરા પર આવી જાય છે. આજે વર્ષો પછી તેને મગન યાદ આવે છે. !

અને......મગનની યાદ આવતાં જ એ ચમકે છે. પોતાની જાતને ભાંડે છે. પોતે પાપમાં પડ્યો હોય એવું માને છે. કોઇ સ્ત્રી તરફ આટલા વર્ષોમાં પહેલી જ વાર નજર બગાડી હોય એવું તે માની લે છે. અને પછી બીજી ક્ષણે માણસ એક પછી એક પગથિયાં ચઢતો, મંઝિલના છેલ્લે પગથિયે પહોંચી ગયો હોય, મંઝિલ હાથવેંતમાં હોય, ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત થવાની તૈયારીમાં હોય અને એવા જ સમયે છેલ્લે પગથિયે પહોંચ્યા પછી પગ લપસી જાય અને પછી એક પછી એક પગથિયાં અથડાઇ ને તે વ્યક્તિ છેલ્લાં પગથિયાથી જમીન પર...

એવું જ પ્રોફેસર સુખદેવનું બન્યું ! જેની રાહ જોતો હતો તે યુવતી તેની પથારી પાસે આવી ને ખુરશીમાં બેસી ગઇ. અને ધીરેથી બોલે છે,

'પ્રોફેસર કાકા, મને ન ઓળખી ? હું પાર્વતી. આજે જ મુંબઇથી આવી છું. ખાસ તમને મળવા જ.'

પ્રોફેસર સુખદેવ છેલ્લા પગથિયા પરથી જમીન પર પછડાય છે. અને પછડાટની કળ તેને વળતી નથી. એણે પણ એક સપનું જોયું હતું. એનું સપનું આકાશ સુધી ફેલાય તેમ થોડીક ક્ષણો પૂરતું તો તેમાં રાજી રહ્યો હતો. પણ સપનાં ક્યારે કોના પૂરા થાય છે ? આકાશને આંબવાની વાત મનુષ્યના હાથમાં નથી. જોકે મનોમન સોનેરી સપનાના આકાશને માણસ માત્ર આંબવા મથી રહયો હોય છે.

આજે પહેલીવાર સોનેરી સપનાનું આકાશ બાંધવા માટે પ્રોફેસર સુખદેવના હૃદયમાં હલચલ મચી જાય છે. એ પણ જાણે કે હવે ધીરે ધીરે ક્યારેક મગનની માફક કદાચ કંટાતા રસ્તા પર પગલાં તો નહી માંડી બેસે ને ?

## બે

## મગનનો પાર્વતી પ્રત્યેનો અનુરાગ

પ્રોફેસર કાકા, મને ન ઓળખી ? હું પાર્વતી. આજે જ મુંબઇથી આવી છું. ખાસ તમને મળવા.'

પાર્વતીના આ શબ્દો પ્રોફેસર સુખદેવના માથામાં ઘણની માફક વાગતા રહ્યા. એ શું વિચારતો હતો ને શું થઇ ગયું. છેવટે એ વાસ્તવિક ભૂમિ પર આવી જાય છે. તે ધીરેથી બોલી ઉઠે છે :

'જો પાર્વતી, માફ કરજે. હું તને ઓળખી શકેલો નહીં. મારા મનમાં તો તારા માટે હું બીજું જ કંઇક ધારી બેઠેલો.'

'તો શું મગનની માફક તમે પણ પહેલી જ નજરે મારા પ્રેમમાં પડી ગયા હતા ને ?'

પ્રોફેસર સુખદેવ બોલવા માટે પ્રયત્ન કરે છે પણ બોલી શકતો નથી. તેના ડાયાલિસીસનો સમય પૂરો થવાથી તેનું ડીસકનેક્ટ કરવા માટે ટેકનિશિયન આવે છે. ટેકનિશિયન એનું કામ કરે જાય છે.

આ બાજુ ખુરશીમાં બેઠેલી પાર્વતી ઘડીભર ડાયાલિસીસ વિભાગ ભૂલી જાય છે અને.....

તે દિવસે ઉતાવળી હતી. ઝટપટ દાદરનાં પગથિયાં ચઢે છે. ઠેઠ ઉપલે પગથિયે પહોંચે છે ત્યારે ઉતાવળમાં ત્યાં ઊભેલી એક વ્યક્તિ સાથે તે અથડાઇ પડે છે. અને બીજી ક્ષણે પેલી વ્યક્તિની સામે જોતી જોતી ડાયાલિસીસ વિભાગમાં પેસી જાય છે. તેની પાછળથી, 'એક મિનિટ ઊભા રહેશો' એવો અવાજ એના કાને અથડાય છે. પણ તે પાછું વળીને જોતી નથી. તે ઉતાવળમાં હતી. તેના નાના ભાઇનું આજે પ્રથમ ડાયાલિસીસ હતું. પથારીમાં પોતાના નાનાભાઇને એકલો છોડીને કોઇ કામે તે બહાર ગયેલી. ધાર્યા કરતાં વધુ સમય થતાં તે ઉતાવળી બનેલી. પથારીમાં ભાઇ એકલો હતો ને !

ભાઇની પથારી પાસે પહોંચી તે ખુરશીમાં બેસી જાય છે. તે હાંફતી હતી. શ્વાસ માતો નહોતો. આમેય તે ઉતાવળી હતી. એમાંય અજાણ્યા પુરુષ સાથે અથડાઇ ત્યારે, જેને અથડાઇ હતી તે પુરુષે તેને અડપલું કરી લીધેલું. ધીરે હાંફતી બંધ થાય છે. બીજી ક્ષણે તે જુએ છે તો દૂરથી કોઇ હાથ લાંબો કરી તેને બોલાવી રહ્યું છે. તે ઊભી થાય છે. બોલાવનાર તરફ પગલાં માંડે છે. નજીક જતાં તેને ખ્યાલ આવે છે કે પગથિયાં ચઢતાં જેની સાથે તે અથડાઇ પડેલી તે જ પુરુષ તેને બોલાવી રહેલો. પેલા પુરુષની નજીક તે પહોંચે છે. જીંદગીમાં પ્રથમ વખત કોઇ અજાણ્યા પુરુષનો સાહસ કરતો અવાજ તે સાંભળે છે. 'મેં તમને જોયાં ઝડપથી પગથિયાં ચઢતાં. ઉપરના ભાગે હું ઊભો હતો. તમને હું જોતો જ રહ્યો. તમે મને બહુ ગમી ગયાં છો. પ્રથમ નજરે જ તમને જોતાં હું તમારા પ્રેમમાં પડી ગયો હતો. એક ક્ષણ તો તમારા પ્રત્યેનો મારો અનુરાગ મારા હૃદયમાં ઉથલપાથલ મચાવી દે છે. અને ત્યાં તો......તમે મને અથડાઇ પડ્યાં. અનાયાસેજ તમારા અંગોને મેં સ્પર્શી લીધા. કદાચ આ તમે નહીં માનો. તમારી ઇચ્છા હોય તો આવો થોડીવાર બહાર બેસીએ.' એમ કહી મગન અજાણી યુવતીનો હાથ પકડી લે છે અને પેલી યુવતીને પોતાની પાછળ ખેંચી લે છે. અને પછી....ડાયાલિસીસ વિભાગની બહાર બંને બાંકડા પર બેસે છે.

ઉપર છલ્લો એકબીજાનો પરિચય થાય છે. એ મુલાકાત બહુ ટૂંકી હોય છે. વોર્ડબોય મગનને બોલાવવા આવ્યો હતો, તેથી મગન ધીરે રહીને અંદર જતાં પહેલાં પોતાના નામ-સરનામાવાળું એક કાગળિયું તેને આપી દે છે.

તે દિવસે મગનનું ધ્યાન ડાયાલિસીસમાં નહોતું. થોડી થોડીવારે ચારેય બાજુ તે નજર ફેરવતો રહે છે. પેલી યુવતી વિશે તે વધુ જાણવા માંગે છે. પણ એ યુવતી વિશેની વાત તેને કોણ કહે ?

'પાર્વતી શું વિચારે છે ?' પ્રોફેસર સુખદેવનો અવાજ સાંભળતાં પાર્વતી ઝબકીને જાગે છે. તે મગનના જ વિચારો કરતી હતી. પણ તેને ખ્યાલ આવે છે કે તે પ્રોફેસર સુખદેવની પથારી પાસે બેઠેલી છે. સુખદેવનું ડીસકનેકટ થઇ ગયું છે. પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ પછીનું પોતાનું વજન નોંધાવી પાર્વતી સાથે ડાયાલિસીસ વિભાગની બહાર નીકળી જાય છે.

## ત્રણ

## પાર્વતીનું આવવાનું પ્રયોજન

ડાયાલિસીસ વિભાગની બહાર સુખદેવની પાછળ પાછળ પાર્વતી પણ નીકળે છે.

'પાર્વતી, અહીંથી સીધી જ મારે ત્યાં આવીશ ને ? ઘેર બેસીને વાતો કરીશું. ઘણે દિવસે તું મળી એટલે એમને એમ તને જવા ન દેવાય.'

'પ્રોફેસર કાકા, તમારે ત્યાં આવવાનું મને મન થાય ખરું, પણ હું જેમ બને તેમ જલદી મુંબઇ પાછી જવા માંગુ છું. જોકે જે કામ માટે આવી છું તે કામ માટે મારે તમારે ત્યાં આવવું જ પડશે. પણ તમારે ત્યાં બહુ રોકાઇશ નહીં. તમે જેટલી વહેલી મને છૂટી કરશો એટલો તમારો આભાર માનીશ. રાત્રે જ નીકળી જવું છે.'

વાતોમાં ને વાતોમાં એક પછી એક પગથિયાં બંને ઉતરતાં જાય છે. હોસ્પિટલના ચોકમાં આવી જાય છે. ચોકના એક ખૂણા તરફ પાર્વતી સુખદેવનો હાથ ખેંચી લઇ જાય છે. ત્યાં બાંકડા પર સુખદેવને બેસાડે છે અને એની બાજુમાં બેસી જાય છે. ધીરે રહીને પોતાની પર્સમાંથી લખાયેલાં કેટલાંક કાગળોનો થપ્પો તે બહાર કાઢે છે.

'પ્રોફેસર કાકા, આ કાગળોમાં એમણે લખેલો એક લેખ છે. તમે વાંચી જજો. યોગ્ય લાગે તો ગમે ત્યાં છપાવવા મોકલી દેજો. અને બીજું, એક ખુશખબર આપું - તેમનું પ્રત્યારોપણ પણ થઇ ગયું છે. તાત્કાલિક થોડા પૈસાની જરૂર પડશે. બેંકોમાં અને બીજે મૂકેલાં નાણાં હજુ બે-ચાર માસ પછી પાકશે. તેથી ખોટું વ્યાજ ખોવું ન પડે એટલે એમણે મને તમારી પાસે મોકલી છે. તાત્કાલિક પચીસ હજાર રૂપિયાની જરૂર પડશે. જેનો ડ્રાફ્ટ ત્રણ માસ પછી તમારે ત્યાં આવી જશે. આ બે કામ મ ાટે હું આવી છું. આજ હોસ્પિટલમાંથી તે ડાયાલિસીસ કરાવતા હતા ત્યારના થોડા રિપોર્ટસની જરૂર હતી તે મેં કઢાવી લીધા છે. હવે તમે કહો તે રીતે હું આગળ વધું.' એક શ્વાસે પાર્વતી ઘણું બધું બોલી જાય છે.

'જો પાર્વતી, લેખ હું વાંચી એને છપાવવાની વ્યવસ્થા કરીશ. અને બીજું પૈસા હું તને આપીશ. ક્યારે પાછા આપશો તેની મને ચિંતા નથી. તું કહે તો અહીં જ પૈસા આપું. મારે એક પાર્ટીને પૈસા આપવાના હતા, એટલે મારી પાસે અહીં હાજર સ્ટોકમાં તું કહું છું એટલી રકમ તો છે જ. '

'તો કાકા હું અહીંથી જ બારોબાર મુંબઇ ચાલી જઇશ. થોડી વહેલી પહોંચુ ને ?'

પ્રોફેસર સુખદેવ અને પાર્વતી ત્યાંથી સીધા કેન્ટીનમાં જાય છે. કેન્ટીનના ખૂણાના એક ટેબલ પાસે બંને બેસે છે. કેન્ટીનમાં દાખલ થઇએ એટલે કંઇક તો ખાવું પડે ને ? પણ ચા થી ચલાવી લે છે. ચા આવે ત્યાં સુધી કોઇ ન જાણે તેમ નોટોના બંડલ સુખદેવની થેલીમાંથી પાર્વતીના પર્સમાં ગોઠવાઇ જાય છે. સુખદેવથી છૂટી પડેલી પાર્વતી રિક્ષા કરી સીધી જ રાજગઢના રલ્વે સ્ટેશને પહોંચી જાય છે. અને જે એકસપ્રેસ ટ્રેન મળે તેમાં બેસી મુંબઇ જવા નીકળે છે.

એકસપ્રેસ ટ્રેનના ફર્સ્ટ કલાસના ડબ્બામાં ઝોકે ચઢેલી પાર્વતીને પાછું યાદ આવે છે...

# ચાર

## 'કિડની - પ્રત્યારોપણ' - મગનનો લેખ

પોતાને ઘરે પહોંચેલો સુખદેવ 'ફ્રેશ' થઇ બેસે છે. જમવાની તેને આજે ઉતાવળ નથી. તેથી પાર્વતી એ આપેલો મગનભાઇનો લેખ વાંચવાનું તેને મન થાય છે.

'કિડની પ્રત્યારોપણ' શીર્ષકથી લખેલો લેખ-મગનભાઇનો - તે એક જ બેઠકે વાંચી જાયછે.

'કિડની પ્રત્યારોપણ'

'કિડની પ્રત્યારોપણ' એક એવી શસ્ત્રક્રિયા છે કે જેમાં એક વ્યકિતની કિડની તેના શરીરમાંથી કાઢીને બીજી વ્યકિતના શરીરમાં મૂક વામાં આવે છે. એનો મતલબ એ થયો કે કિડની આપનાર સ્વસ્થ 'ડોનર' ની કિડની તેના શરીરમાંથી કાઢી લઇને, જે વ્યકિતની કિડની નિષ્ફળ થઇ છે એવી વ્યકિતના શરીરમાં મૂકવામાં આવે છે . એનું પરિણામ એ આવે કે પ્રત્યારોપણ કરેલી કિડની, દર્દીની નિષ્ફળ થઇ ગયેલી કિડીનીનાં તમામ કાર્યો ઉપાડી લઇ શકે અને દર્દી ફરીથી પોતાનું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકે.

**કિડની પ્રત્યારોપણ શા માટે જરૂરી બને છે ?**

મનુષ્યના શરીરમાં રહેલી કિડની મોટે ભાગે શરીરના લોહીમાંથી હાનિકારક દ્રવ્યને શુધ્ધ કરવાનું કામ કરે છે. પણ જ્યારે માણસના શરીરમાં રહેલી કિડની નિષ્ફળ નીવડે છે એટલે કે કાર્ય કરતી બંધ થઇ જાય છે ત્યારે તે લોહીમાંના હાનિકારક દ્રવ્યોને ગાળી લઇ લોહી શુધ્ધ કરવાનું કાર્ય કરી શકતી નથી. જેને કારણે આ ઉત્સર્ગ દ્રવ્યો (ઝેરી તત્વો)અને રસાયણો લોહીમાંજ રહી જાય છે. અને ધીરે ધીરે તેનું પ્રમાણ લોહીમાં વધતું જાય છે. ઉત્સર્ગ દ્રવ્યો (ઝેરી તત્વો) શરીર માટે બિન જરૂરી હોવાથી તેમનું વધુ પડતું પ્રમાણ ભયજનક બની રહે છે. અને જયારે તેમ થાય છે ત્યારે તબીબી ભાષામાં 'યુરેમિયા' તરીકે ઓળખાતી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

કિડનીના દર્દીની - કિડનીની આ પ્રકારની કાર્ય નિષ્ફળતા ઊલટાવી ન શકાય તેવી હોય છે. અને આ સંજોગોમાં સારવારના બે વિકલ્પો રહે છે.

**(૧) ડાયાલિસીસ પ્રક્રિયા :**

આ પ્રક્રિયામાં જેની કિડની નિષ્ફળ ગઇ છે તે દર્દીને ઓછા માં ઓછું ત્રણેક વખત યંત્ર પાસે જવું પડે છે. જેમાં કૃત્રિમ રીતે યંત્ર દ્વારા દર્દીના શરીરમાંનાં લોહીમાંથી ઝેરી તત્વોને દૂર કરવામાં આવે છે. અને બીજું મોટેભાગે જેની કિડની નિષ્ફળ ગઇ છે, તે દર્દીઓને યુરીન (પેશાબ) ક્રમશઃ બંધ થઇ જાય છે. જેથી તેણે લીધેલું પ્રવાહી શરીરનીબહાર નીકળી શકતું નથી. તે નિશ્ચિત પ્રવાહીને પણ આ પ્રક્રિયા દ્વારા બહાર કાઢી નાખવામાં આવે છે.

**(૨) કિડની 'પ્રત્યારોપણ'**

કોઇપણ દર્દી કે જેમની પોતાની બન્ને કિડની કાયમી ધોરણે કામ કરતી સંપૂર્ણ રીતે બંધ થઇ ગઇ હોય તેને પ્રત્યારોપણ શસ્ત્રક્રિયા માટેનો શકય ઉમેદવાર ગણી શકાય. દર્દીને આજીવન ડાયાલિસીસ કરાવવું કે પ્રત્યારોપણ શસ્ત્ર ક્રિયા એ બેમાંથી દર્દી માટે શું કરવું હિતાવહ છે એનો આધાર અનેક બાબતો પર રહેલો છે. પ્રત્યેક કિસ્સામાં પરિસ્થિતિ અને સંજોગો અલગ અલગ હોય છે. આ મહત્વની બાબતોમાં ઉંમર, કુટુંબમાંથી જ કિડની દાતાની પ્રાપ્યતા, શરીરમાં પ્રતિકારક દ્રવ્યોની માત્રા (જેને કારણે શસ્ત્રક્રિયા બાદ નવી કિડની પણ નિષ્ફળ જવાનું જોખમ વધી જાય છે. ) વગેરે બાબતોનો સમાવેશ થાય છે. સ્વાસ્થ્યની દ્રષ્ટિએ હૃદયરોગ, કેન્સર, ઇન્ફેકશન (ચેપ) વગેરેને લીધે પ્રત્યારોપણ કરવામાં જોખમ ઉભુ થઇ શકે છે.

**નિષ્ફળ થઇ ગયેલી કિડની અંગે :**

મોટે ભાગે કિડની પ્રત્યારોપણના સમય પહેલાં રોગગ્રસ્ત નિષ્ફળ કિડની દૂર કરવાની શસ્ત્રક્રિયા (નેફ્રેકર્ટામી) કરવાની જરૂર પડતી નથી. આ રોગગ્રસ્ત કિડનીને લીધે જો દર્દી માટે નુકશાનકર્તા સડો ઉદ્દ્ભવે તો જ શસ્ત્ર ક્રિયાની આવશ્યકતા ઊભી થાય છે. જેમ કે :

★ દર્દીની પોતાની કિડનીને લીધે રહેતું લોહીનું ઊંચુ દબાણ જે દવાઓથી પણ કાબુમાં ન લાવી

શકાય.

★ મોટી 'પોલિસીસ્ટીક' કિડની

**ઉંમર અને પ્રત્યારોપણ :**

કિડની પ્રત્યારોપણ કરાવતા દર્દીઓ - મોટે ભાગે દશથી સાહીઠવર્ષની વય જૂથના હોય છે. આમ છતાં વર્તમાન સમયે સાહીઠથી સિત્તેર  વર્ષની વય વચ્ચેના અને અન્ય દષ્ટિએ તંદુરસ્ત હોય તેવા દર્દીઓને પણ શસ્ત્રક્રિયા માટે શક્ય ઉમેદવાર ગણવામાં આવી રહયા છે.

**કાયમી ડાયાલિસીસ સામે પ્રત્યારોપણ કરાવવાના ફાયદા :**

( ૧ ) શસ્ત્રક્રિયા કરાવ્યા પછી કિડનીના દર્દીએ બાકીની જીંદગી દર અઠવાડિયે ત્રણ દિવસ યંત્ર ઉપર આધાર રાખવો પડતો નથી.

( ૨ ) સફળ શસ્ત્રક્રિયા પછી ખોરાક તેમજ પ્રવાહી લેવા અંગે ભાગ્યે જ કોઇ પ્રતિબંધ રહે છે.

( ૩ ) શસ્ત્રક્રિયા પછી શારીરિક સ્વસ્થતાની લાગણી બિમારીના પહેલા જેવી ફરીથી પ્રાપ્ત કરી શકાય છે. અને દર્દી પોતાને કામધંધે ફરીથી પાછો જોડાઇ શકે છે.

(૪) મોટેભાગે કિડની ફેલ્યોરના દર્દીઓમાં જોવા મળતો એનિમિયા ( લોહીમાં હિમોગ્લોબિનનું ઓછું પ્રમાણ) સફળ શસ્ત્રક્રિયા પછી નથી રહેતો. કારણ કે નવી કિડની પૂરતા પ્રમાણમાં રકત કણોનું ઉત્પાદન કરવાનું કાર્ય પૂરતા પ્રમાણમાં  ઉપાડી લે છે. જયારે ડાયાલિસીસના દર્દીઓએ એનિમિયા નિવારવા માટે જીવન પર્યન્ત 'ઇરીથ્રોપોટેટીન' ના ઇન્જેકશન્સ લેવા પડે છે. જે અત્યંત મોંઘા છે.

(૫) સફળ શસ્ત્રક્રિયા પછી સ્ત્રી દર્દી ગર્ભધારણ કરીને સ્વસ્થ બાળકને જન્મ આપે એવી પૂરી શકયતા છે. જયારે ડાયાલિસીસ પર રહેલી સ્ત્રી દર્દીમાં મોટે ભાગે માસિક ઋતુસ્ત્રાવ અટકી જતાં તેઓ ગર્ભ ધારણ કરવાને અશિકતમાન રહે છે.

( ૬ ) સફળ શસ્ત્રક્રિયા પછી જે પુરૂષોમાં બિમારી દરમ્યાન જાતીય સમસ્યાઓ ( જેમ કે શિસ્નોત્થાન જાળવી રાખવું વગેરે) જોવા મળે છે તે દૂર થઇ જાય છે.

આમ આજીવન ડાયાલિસીસ પર દર્દી રહે તો તેને અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે જવું પડે. સમયનો અને શકિતનો ભોગ આપવો પડે.  તેના રોજીંદા કાર્યો તે ન કરી શકે. માનસિક ત્રાસ પણ ભોગવે. એથી પ્રત્યારોપણ કાર્ય પછી જે કેટલાક ફાયદા દર્દીને થાય છે. તેથી દર્દીએ આજીવન ડાયાલિસીસ પર રહેવું એના કરતાં વહેલી તકે કિડની પ્રત્યારોપણ કરી જીવનનું શેષ આયુષ્ય પ્રેમથી ભોગવવું જોઇએ.'

સુંદર લેખ હતો. કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ પ્રક્રિયા અને છેવટે કિડની પ્રત્યારોપણ  સુધીની વિગતો તેમાં  હતી . જેની કિડની નિષ્ફળ નીવડી છે એવી વ્યકિતઓને આ લેખ દ્વારા ઘણી બધી સાચી હકીકતની માહિતી પ્રાપ્ત થાય એમ છે. પ્રોફેસર સુખદેવ કિડની પ્રત્યારોપણ વિશે જાણતો હતો. પણ મગનભાઇના લેખે તેની આંખ ઉઘાડી દીધી. પ્રત્યારોપણ પહેલાં અને પ્રત્યારોપણ પછીના સમયની દર્દીની વાસ્તવિકતાને મગનભાઇએ લેખમાં વણી લીધી છે. અત્યાર સુધી મગનભાઇના મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપતી વખતે પણ તેના જ્ઞાનનો મોટાભાગે વધારો થતો હોય તેવું તે માનતો. આજે તે કબૂલ કરે કે મગનભાઇનો લેખ જાણે કોઇ સિધ્ધ હસ્ત લેખકે લખ્યો હોય એવો લાગે છે. તે જરૂર આની ઝેરોક્ષ કોપી કરાવી કોઇ છાપામાં મોકલી આપશે. જો કે પ્રત્યારોપણ વિશેના સુખદેવના જ્ઞાનમાં આ લેખ વાંચ્યા પછી વધારો થયો હોય એવું તે અનુભવે છે.

# પાંચ

## પાર્વતીનો પ્રેમનો એકરાર

એકસપ્રેસ ટ્રેનના ફર્સ્ટ કલાસના ડબ્બામાં ઝોકે ચઢેલી પાર્વતીને પાછુ યાદ આવે છે...

તે દિવસે રાત્રે ઘેર ગઇ ત્યારે જાણે કે એ પોતે બદલાઇ ગઇ હોય એવું તે અનુભવે છે. અત્યાર સુધી ક્યારેય

તેણે ન અનુભવેલું હોય તેવું કંઇક અનુભવાતું જોયું. 'પ્રથમ નજરે તમને જોતાં જ હું તમારા પ્રેમમાં પડી ગયો છું' એ વાક્ય સતત એના ચિત્તમાં અથડાયા કરે છે. આજે તો તે રૂમમાં એકલી હતી. રોજતો એની નાની બ હેન એની સાથે સૂઇ રહેતી. તેની બહેન મોસાળ ગઇ હોવાથી તે આજે નથી. આજે કેમ મન બેચેની અનુભવતું હશે એ નકકી કરી શકતી નથી. શિયાળો હોવા છતાં, ઉનાળાની બપોરે ઘરની બહાર નીકળ્યા હોય, માથું ફાટી જાય તેવી ગરમી પડતી હોય, ઉકળાટ સહન ન થતો હોય, ક્યાંય ઠંડક દેખાતી ન હોય, તેવા વખતે ઠંડુ પાણી પીવાની ઇચ્છા થાય અને ઠંડુ પાણી મળે તો?

પાર્વતીની પણ એવી જ દશા હતી. અસહ્ય ગરમી અનુભવતી હોય તેમ ઉભી થાય છે. ફ્રીઝમાંથી ઠંડા પાણીની બોટલ કાઢે છે. ઘૂંટડે ઘૂંટડે પાણી પીતી રહે છે. તરસ છીપાતી નથી. વધુને વધુ પાણી પીવાનું મન થાય છે. આખી બોટલ પાણી તે પી જાય છે. વધુ પડતા ઠંડા પાણી ને કારણે ઠંડીનો અનુભવ કરતી હોય એવું તેને લાગે છે. બીજી ક્ષણે પથારીમાં પડી આખું શરીર કામળાથી ઓઢી દે છે. ગરમી નહોતી છતાં ગરમી લાગી. ઠંડુ પાણી પી થથરવા લાગી. ઓઢેલા કામળાને કારણે જરા શાંતિ અનુભવી. એકાદ કલાક તે આમને આમ પડી રહે છે. ત્યાં તો..

'બેટા પાર્વતી, સૂઇ ગઇ કે શું ? લાઇટ તો બંધ કર' એમ કહેતી એની બા એના રૂમમાં પ્રવેશ કરે છે. કામળો ઓઢેલી પાર્વતીની પાસે તે આવે છે. કોઇ દિવસ પાર્વતી ઓઢીને સૂતી નથી. એની બા એ નોંધ કરે છે. તો આજે કેમ ? કામળો ખસેડી પાર્વતી ના કપાળે તેની બા હાથ મૂકે છે.

'અરે બેટા, તારું શરીર તાવથી ધગે છે. આટલો બધો તાવ ચઢ્યો છે છતાં કોઇને કેમ કશું કહેતી નથી ? સદાય આવીને આવી જ રહેવાની.' એની બા પાછી વળે છે. રસોડામાં જઇ ગેસ સળગાવે છે. થોડીવારમાં કપમાં કંઇ લઇ આવે છે.

'લે બેટા, આ સૂંઠ વાળો ઉકાળો પી લે. થોડી જ વારમાં શરીરમાં ગરમી આવી જશે.'

મહાપરાણે જાણે કે મન ન હોવા છતાં પાર્વતી બેઠી થાય છે. એની માના હાથમાંથી પ્યાલો લે છે. અને ધીરેથી પ્યાલામાંનો ઉકાળો પીતી રહે છે.

'રાત્રે ફરી જરૂર પડે તો ઉઠાડજે. અત્યારે તું કહે તો ભીનાં પાણીનાં પોતાં મૂકી દઉં ?'

'ના બા, હવે તો તાવ કાયમ આવવાનો. બહુ લાંબા સમયે કદાચ ઉતરશે. તું તાવની ચિંતા ના કરીશ'

'તું શેની વાત કરે છે ?'

'કશાની નહિ. તું જઇને સૂઇ જા. મારી ચિંતા ના કરતી.'

એની મા ચાલી જાય છે. માના ગયા પછી પાર્વતી એકદમ પથારીમાંથી ઉભી થઇ જાય છે. એને કશુંક યાદ આવે છે. ધીરે રહીને પોતાની પર્સ શોધી કાઢે છે. પર્સમાંથી એક કાગળિયું બહાર કાઢે છે. કાગળમાં એક માણસનું નામ-સરનામું-ટેલિફોન નંબર લખેલો છે. તે ઘડિયાળમાં જુએ છે . મધ્યરાત્રિ પછીનો એક વાગ્યો છે. ધીરે રહીને તે નંબર ડાયલ કરે છે. થોડીવાર સુધી સામે રીંગ વાગતી રહી. કોઇ ફોન ઉઠાવતું નથી. ફરીથી પાછો તે નંબર ડાયલ કરે છે. પહેલી જ રીંગે સામેથી કોઇ ફોન ઉઠાવે છે.

'માફ કરજો. હું બહાર હતો. તમારે રાહ જોવી પડી. રાત્રિનો એક વાગ્યો છે. ઊંઘ તો વેરણ થઇ ગઇ છે. તમારા જ ફોનની રાહ જોતો હતો. મોડે મોડે પણ તમે ફોન કર્યો. તમારો ફોન એ બાબતની કબૂલાત કરે છે કે મારી માફક તમે પણ પ્રેમમાં પડી ગયા છો. કેમ ખરું ને ?'

'......'

'કેમ બોલતાં નથી ?'

'......'

'મારી પરીક્ષા કરો છો કે શું ? તમે બોલતા નથી તેથી હું શું નુ શું ય વિચારું છું. શા માટે તડપાવો છો ? મારું હૃદય શાંત થાય તેવી વાત તો મને કરો.'

'જુઓ મારે શું કહેવું એ શબ્દો જડતા નથી . હું તો કંઇ બીજું જ વિચારતી હતી. મેં તો ફોન કરવા ખાતર

જ કર્યો હતો. પણ રાત્રે એક વાગ્યા સુધી મારા ફોનની રાહ જોઇ તમે બેસી રહ્યા છો એટલે મારા પ્રત્યેની તમારી લાગણી હું સમજી શકું છું. પણ તમે કહો છો એવું મારા હૃદયમાં કંઇ બન્યુ નથી.'

'જુઠ્ઠું બોલવાનો પ્રયત્ન ના કરશો. તમે પણ મારી માફક મારા પ્રેમમાં પડી ગયા છો. અને એટલે જ રાત્રે એક વાગ્યે તમે ફોન કરવાનો પ્રયત્ન કર્યો.'

'તમારી વાત સાચી છે મગન, હું પણ તારી માફક તારા પ્રેમમાં પડી ગઇ છું. બોલ ક્યારે ભેગાં થઇશું ? એકબીજાને ઓળખવાં તો પડશે ને ? પણ એક પ્રશ્ન છે, તું કિડનીનો દર્દી છું. મેં તો હજુ સંસારમાં પગ પણ માંડ્યો નથી. કિડનીના દર્દીને પ્રેમ કરી હું શું મેળવી શકીશ ? એનો જવાબ તારી પાસે છે ?'

'જો પાર્વતી, મારી પાસે તને સુખ આપવા જેવું કશુંય નથી. પણ મારા હૃદયમાં તને સ્થાન આપીશ. જયાં સુધી આ દેહમાં જીવ હશે ત્યાં સુધી હું તને સાચવતો રહીશ. બીજી એક વાત કહું, હું તને વચન આપું છું કે હું તને જરૂર સાચવીશ. પરંતુ મારા જીવનમાં પ્રવેશે તે પહેલાં મારા ભૂતકાળની રજેરજ માહિતી તને આપીશ. હું તને છેતરવા માંગતો નથી. મારી વાત સાંભળ્યા પછી તને યોગ્ય લાગે તે નિર્ણય તું કરી લેજે.'

તે રાત્રિએ ઘણી બધી વાત ટેલિફોન ઉપર અરસપરસ તેઓ કરે છે. બીજે દિવસે સાંજના પાર્વતી મગનને ત્યાં આવે તેવું ગોઠવાય છે. અને બીજા દિવસની સાંજે મગનના ફાર્મ પર મગન, સરોજ, રીટા, મમતા અને પાર્વતી ભેગા થાય છે. પાર્વતીથી મગન કાંઇ છાનુ રાખવા માંગતો નથી.

અને છેવટે....

સરોજના દીકરાનું પ્રત્યારોપણ કરાવવું અને રીટાનું બીજે સ્થળે નોકરી કરવા જવું તેથી એ બંને મગનના જીવનમાંથી દૂર થઇ જાય અને મમતા અને પાર્વતી સાથે મગન રહે એવું ગોઠવાય છે.

બીજે દિવસ પાર્વતીના લોહીના ટેસ્ટ લેવાય છે. પાર્વતીની કિડની મગનને માફક આવે એમ હતી. પાર્વતી પોતે કિડની આપી મગનને અને પોતાની જાતને સુખી કરવા માંગતી હતી. જો કે મમતાના આગ્રહ ને કારણે 'અમે બંને બહેનો તરીકે રહીશું' એવું નકકી કરી મમતા અને પાર્વતી સાથે રહેવાનું વિચારે છે.

રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલ છોડી મુંબઇ જઇ પ્રત્યારોપણ કરાવવું એવું નકકી થતાં આ બધાં એકી સાથે પ્રોફેસર સુખદેવની ઓફિસે પહોંચી, પ્રોફેસર સુખદેવને સાચી પરિસ્થિતિની જાણ કરી સુખદેવથી દૂર થાય છે.

એકસપ્રેક્ષ ટ્રેન ગતિમાં છે. રેલ્વેના પાટા પર ડબ્બાના પૈડાં અથડાય છે. ખટ્ાક...ખટ્ાક.. અવાજો આવતા રહે છે.

અને એક આંચકા સાથે ટ્રેન થંભી જાય છે. એકદમ પાર્વતી જાગી જાય છે. અનુભવેલું ઘણું બધું ઓઝલ થતું જાય છે. અને તે વાસ્તવિકતામાં આવી જાય છે. બહાર જુએ છે તો ટ્રેન બોમ્બે સેન્ટ્રલ પર આવી ઊભી હોય છે.

## ૭

## જાગૃતિ સાથે ઓળખાણ

બુધવારનો દિવસ હતો. આનંદ નગરથી રિક્ષામાં પ્રોફેસર સુખદેવ રાજગઢ યુરોલોજીકલ હોસ્પિટલ પહોંચે છે. બુધવારે બપોરે ડાયાલિસીસ કરાવનાર દર્દીઓ ઓછા હોવાથી લગભગ બાર વાગ્યે એનું ડાયાલિસીસ શરૂ થઇ જતું. તે સાડા અગિયાર વાગ્યે હોસ્પિટલ પહોંચે છે. આમ તો તે અડધો કલાક વહેલો છે. હોસ્પિટલના મુખ્ય ગેટની બહાર તે ઉભો છે. એની નજર બહાર ઊભેલી ફળ-ફળાદિ વેચતી લારીઓ પર પડે છે. પીળા, ચકચકિત અને લાંબા કેળાં પર તેની નજર પડે છે. ડાયેટિશિયન બહેને કહેલું કે, 'કેળાં તમને માફક નહીં આવે. કેળાંથી પોટેશિયમ વધે. અને વધારે પડતાં પોટશિયમથી હૃદય ઉપર અસર થાય. એટલે કેળાં ખાવાનાં બંધ કરવાં.'

કિડનીના દર્દ પછી છ વર્ષના ડાયાલિસીસના સમય દરમ્યાન તેણે ફળફળાદિ ભાગ્યેજ ખાધાં છે.

કેળાને એ ભાગ્યેજ અડયો છે. આજે તે તેના મન પર કાબૂ રાખી શકતો નથી.તેનાં પગલાં હોસ્પિટલના મુખ્ય દરવાજા તરફને બદલે લારી તરફ મંડાય છે. આ છ વર્ષ દરમ્યાન ઘરમાં કે ઘરની બહાર તેણે કેળાં તો જોયા હતાં. પણ હાથમાં પકડેલાં નહિ. આજે પહેલી વાર માંદગી પછી કેળું કેવું હોય ! તે જોવાનો અને ખાવાનો અભરખો એને જાગે છે. અને પછી...

બીજી ક્ષણે ખિસ્સામાં હાથ જાય છે. થોડું પરચુરણ બહાર નીકળે છે. તેના હાથમાંનું પરચૂરણ લારીવાળાના હાથમાં ચાલ્યું જાય છે. અને તે ઘડીભર પ્રોફેસર મટી એક સામાન્ય વિદ્યાર્થી બની જાય છે. તેના હાથમાં રહેલાં મોટાં અને લાંબાં ત્રણ કેળાં ત્યાંજ રસ્તા પર ઊભો ઊભો તે પોતાના પેટમાં પધરાવી દે છે. કેળું ખાવાની તેની ઈચ્છા આમ છ વર્ષ પછી તે એકલો હોવાથી પૂરી કરે છે. વર્ષો સુધી રહેલી તેની ઈચ્છાની પરિપૂર્તિ થતી હોય તેવું તે અનુભવે છે. અને બીજી ક્ષણે તેનો હાથ પેટ પર ફરતો રહે છે. તૃપ્તિની અનોખી ક્ષણ માણતો હોય તેમ ત્યાંથી ખસતો નથી. પંદરેક મીનીટ ત્યાંનો ત્યાં જ ઉભો રહે છે. એકાએક તેની નજર કાંડા ઘડિયાળ તરફ જાય છે. સમય જોઈ ઝડપથી એના પગલાં ડાયાલિસીસ વિભાગ તરફ મંડાઈ જાય છે.

વજન કરવાની રૂમમાં પહોંચી જાતે જ વજન કરી જુદા જુદા બેડ પર ફાઈલ જોતો જયાં પોતાની ફાઈલ પડી છે તે બેડ પાસે આવી ઊભો રહે છે. હાથમાં રહેલી થેલીમાંથી શાલ કાઢે છે. બાંધવાના બે પટ્ટા ઓશિકા નીચે મૂકે છે. દવાના ડબ્બામાંથી થર્મોમીટર કાઢી ઉપરના ખિસ્સામાં મૂકે છે. આજે તો પ્લાસ્ટિકના ડબ્બામાં તે બટાકાની કાતરી સાથે પ્રોટીનના બિસ્કીટ પણ લાવેલો. તે ડબ્બો પણ બહાર કાઢે છે. કંઈક વિચારે છે. શું વિચારે છે તેનો તેનો ખ્યાલ નથી.

ઓચિંતો તે ચમકે છે. તેના ખભા પર પાછળથી કોઈએ હાથ મૂકેલો. તે પાછું વળીને જુએ છે.

‘ અરે તમે ?’ એમ કહે તો તે આશ્ચર્યમાં ડૂબી જાય છે. તે બીજું કોઈ નહિ ‘છગન’ હતો.

‘સાહેબ, મારા પતિ તમારો આભાર માનવા આવ્યા છે. ’ છગનની પત્ની બે હાથ જોડતાં કહે છે અને છગન બોલી ઉઠે છે, ‘સાહેબ તમારો બહુ આભાર. તમે મને જે કહેલું તેને કારણે તો હું બેઠો થઈ ગયો. હવે સુખેથી આ દર્દ સામે ઝઝૂમીશ. અને કદાચ તમારી સલાહ પ્રમાણે પ્રત્યારોપણ કરાવવાનું હું વિચારી રહ્યો છું. ડોનર તરીકે કદાચ આ મારી પત્ની જ હશે. ’ એમ કહી છગન પોતાની પત્નીના ખભા પર હાથ મૂકે છે. છગનના મોં પર પ્રકાશનો એક પુંજ આવી બેસી ગયો હોય એવું સુખદેવ જુએ છે. ધીર, ગંભીર અને માનસિક હતાશામાં કાયમ રહેતી તેની પત્નીના મોં પર પતિ માટેનો પ્રેમ તે જોઈ શકે છે.

અને બીજી ક્ષણે પથારી પાસે સુખદેવને એકલો મૂકી તે પતિ-પત્ની દૂર ચાલ્યા જતાં હોય તેવું સુખદેવ જુએ છે.

અને....એને યાદ આવે છે એક અઠવાડિયા પહેલાંનો બુધવાર અને બપોરના બારનો સમય..

પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશ કરે છે. આજે સવારથી જ તેના પેટમાં ગરબડ હતી. તેને લાગે છે કે આજે ડાયાલિસીસ વખતે પણ તે કદાચ બેચેની અનુભવશે. ગઈ રાત્રિએ લગભગ ત્રણેક વાગ્યે ઊંઘ ઉડી જવાથી તેણે પડખાં ફેરવેલાં. છેવટે તે રસોડામાં પેસી જાય છે.ડબ્બાઓ ફેંદે છે. એક ડબ્બામાં તેને તીખી સેવ દેખાય છે. અને તે ઠાંસી ઠાંસીને સેવ ખાય છે. ગઈ સાંજે જમ્યા પછી ‘દેહશુધ્ધિ’ની બે ટેબ્લેટ્સ પણ તેણે લીધેલી. સવારે ખુલાસીને પેટ તો સાફ થાય છે. પણ આંતરડામાં કંઈ રહી ગયું હોય તેવું તેને લાગે છે. મધ્યરાત્રિએ ખાધેલી સેવ જાણે કે તેના શરીરમાં દબાણ કરતી હોય તેવું લાગે છે. અને તેથી તે પેટ સાફ કરવા અંદર ના ભાગમાં પહોંચી જાય છે. એક હાશકારો તે અનુભવે છે. બેઝિનમાં હાથ ધોઈ જેવો તે બહાર નીકળે છે તો એક યુવાન સ્ત્રી ને નેગેટીવ વિભાગના દરવાજા પાસે ઊભેલી તે જુએ છે. સુખદેવ તેને જોઈ રહે છે. આ સ્ત્રીને જોતાં જ તેનાં હૃદયમાં ઊથલ પાથલ થાય છે. તેના પગલાં પોઝિટીવ વિભાગમાં જવાને બદલે નેગેટીવ વિભાગ તરફ વળે છે. હર્ષિત ભાઈ અંદર હતા. ‘આવોને સાહેબ, હમણાં તો તમારાં દર્શન થતાં નથી. અમારા પ્રત્યે પ્રેમભાવ તો ઓછો થયો નથી ને ?’

‘ના, હર્ષિત ભાઈ મારા ડાયાલિસીસ વખતે આપણે મળતા નથી એટલે કદાચ એવું માનતા હશો ! બાકી મારામાં કોઈ ફેર ના પડે’ એમ કહેતો સુખદેવ પેલી સ્ત્રી ઊભી છે ત્યાં ઊભો રહે છે અને હર્ષિત ભાઈ સાથે વાત કરે

છે.

હર્ષિત ભાઇ કામ હોવાથી વાત અધૂરી છોડી બીજા દર્દી પાસે પહોંચી જાય છે. સુખદેવ ધીરે રહીને પેલી સ્ત્રીને પૂછે છે, ‘તમારું કોણ બિમાર છે ?’

‘મારો ભાઇ. બહુ જ નાની ઉંમરનો છે. તેની બંને કિડની ફેલ થઇ ગઇ છે. તે ગભરાઇ ગયો છે. અમે ચાર બહેનો વચ્ચે એકનો એક ભાઇ છે. જુઓ પણે પેલી પથારીમાં છે એ મારો ભાઇ.’

‘અરે ! બહુ જ નાની ઉંમરના છે. નાની ઉંમરની વ્યકિતએ પ્રત્યારોપણ કરાવી લેવું જોઇએ. એમ હું માનું છું. તમારા ભાઇનું પ્રત્યારોપણ પણ કરાવી લેતા હોય તો ?’

‘પણ મારો ભાઇ માને તો ને ? તે તો માનસિક રીતે ભાંગી પડ્યો છે. મારી ભાભી પણ માનતી નથી. તમે બહારથી આવ્યા ત્યારે બહાર બેઠેલી મારી ભાભીને જોઇ હશે’

‘હા, બહાર બાંકડા પર એક જાડી અને રૂપાળી બાઇને મેં જોઇ હતી ખરી’

‘હા, એ જ મારી ભાભી’

‘તમારાં ભાભી બહુ રૂપાળાં છે. હજુ તો યુવાન છે’

‘તમને ખબર નહીં હોય પણ બહુ જ નાની ઉંમરે મારો ભાઇ પરણ્યો હતો. બે નાના બાળકો પણ છે. પણ મારી ભાભી માનતી નથી. તે પોતે કશું વિચારતી નથી. જો કે ભાઇને સમજાવી પ્રત્યારોપણ માટે તેમણે જ તૈયાર કરવા જોઇએ.’

‘ખરી વાત છે. પતિને મોટે ભાગે પત્ની જ સમજાવી શકે. સુખ અને દુઃખમાં પત્ની જ પતિને પડખે રહી શકે છે બીજું કોઇ નહીં. તમારા ભાઇની વાત પછી કરીએ. એક વાત તમને કહું ? ખોટું તો નહીં લાગે ને ?’

‘ના, જે કહેવું હોય તે કહો.’

‘તમારી ઉંમર કેટલી ?’

‘પિસ્તાલીસ વર્ષ’

‘બાપરે બાપ ! ના હોય? તમે તો ત્રીસ વર્ષનાં હો એવાં લાગો છો. ઉંમર કળાતી નથી. શરીર બહુ સાચવ્યું છે.’

‘તમારી વાત સાચી છે. શરીર તો સાચવવું પડે ને ? પણ હું બહુ નાની ઉંમરે પરણેલી. અમે પતિ-પત્ની છ માસ સુધી, લગ્ન જીવનના શરૂઆતના દિવસોમાં એકબીજાથી દૂર જ રહેલા. ‘એનો’ તો અમે વિચાર પણ નહીં કરેલો.’

‘અને આજે ? આ ઉંમરે ?’

‘કયારેક ‘એની’જરૂર પડે ખરી.’

‘હવે મહત્વની વાત. તમે તો સમજો છો આ ઉંમરે પણ તમારે જોઇએ છે ને ?’

‘હા કયારેક.....’

‘જો આ ઉંમરે તમને ‘એની’ ઝંખના થતી હોય અને તમે ‘એના’ વગર ન રહી શકતા હો તો તમારી ભાભી યુવાન છે. તેમનામાં રૂપ પણ છે. થોડી જાડી છે ખરી. તો એને તમારી માફક નહીં જોઇએ.?

‘તમારી વાત સાચી છે. દરેક સ્ત્રીની ઇચ્છા તો હોય જ. આપણે આડા પાટે ચઢી ગયા. એ ઇચ્છાને અહીં શું લાગે વળગે? તમે મને ખુલાસીને વાત કરો. તો હું કંઇક સમજી શકું. જો કે વાતનો મને ખ્યાલ આવે છે. છતાં પણ કેટલી બાબતોની સ્પષ્ટતા હોય તો ઘણું સારું.’

‘મને લાગે છે કે તમે જે રીતે વાત કરો છો તે રીતે હું શું કહેવા માંગુ છું તે તમે સ્પષ્ટ રીતે સમજી ગયાં છો. એનો ખુલાસો કરવાનો ન હોય. અરે ! તમારું નામ પૂછવાનું તો હું ભૂલી જ ગયો’

‘હું જાગૃતિ, જો કે ઘરમાં બધા જાગુ ના નામે ઓળખે છે.’

‘તો જાગૃતિબેન....’ એ આગળ બોલવા જાય છે કે તરત જ જાગૃતિ તેને રોકે છે. અને કહે છે.

‘મારા નામની પાછળ બેન લગાડવાની જરૂર નથી. આમેય કદાચ ઉંમરમાં તમે મારા કરતા મોટા હશો

એટલે જાગૃતિ કહેશો તો ચાલશે.'

સુખદેવ આ અજાણી સ્ત્રી આટલી બધી નિખાલસ રીતે વાત કરે એ કલ્પી પણ શકતો નથી.

'જાગૃતિ, તો વાત એમ છે કે તારે તારી ભાભીને તારા ભાઇને પ્રત્યારોપણ કરાવે એ દિશામાં સમજાવી જોઇએ. તારી ભાભી તો તારા કરતાં નાની છે. ભાઇ પણ નાનો છે. જો તારે ક્યારેક ક્યારેક 'એની' જરૂર પડે તો, તારી ભાભીને તો ઘણાં વર્ષો ખેંચવાના છે. એ 'એના' વગર રહી શકે ખરી ? તારે એમને સમજાવી લેવા જોઇએ.'

'તમે પરોક્ષ રીતે બહુ મહત્વની વાત કરી. એક ખાનગી વાત કહું. મારાથી નાની બહેન છે એને તો દરરોજ 'ખાવા' જોઇએ એવું એ કાયમ કહેતી રહે છે.'

'તમે બહેનો આ પ્રકારની ચર્ચા કરી શકો ? હું માની ન શકુ'

'જુઓ સરખી ઉંમરની સ્ત્રીઓ વચ્ચે ક્યારેક આ પ્રકારની ચર્ચાઓ થતી રહે છે. અને એમાં હું કંઇ ખોટું જોતી નથી. સરખે સરખાએ એકબીજાના 'ગમા-અણગમા'ની ચર્ચા તો કરવી જોઇએ.'

'જાગૃતિ, હવે તું મારી વાત સમજી ગઇ હોઇશ.. કે શા માટે તારા ભાઇનું પ્રત્યારોપણ કરવું જોઇએ.'

'હું બધું સમજી ગઇ છું. તમારો હું આ બાબતમાં આભાર માનું છું. મારા ભાઇ અને ભાભી ને હું સમજાવી દઇશ'

'ભલે. ચાલો હું જાઉ ? મારો સમય થયો'

'ફરી હું તમને મળીશ. તમારી સાથે વાત કરવામાં મને બહુ આનંદ થયો. હજુ તો તમારી સાથે બહુ વાત કરવાની છે.' એમ કહેતીકને જાગૃતિ એનાથી દૂર થઇ ગઇ.

સુખદેવ પથારી તરફ પગલાં માંડે છે. એક વિચાર તેને આવી જાય છે, 'આ શક્ય બને ખરું ? એક અજાણી સ્ત્રી ખુલ્લી રીતે એક અજાણ્યા પુરૂષ સમક્ષ પોતાના અંગત જીવનની વાતો કેવી રીતે કહી શકતી હશે ? સુખદેવને સરોજ, રીટા, મમતા અને મગન યાદ આવી જાય છે. તો શું આ સ્ત્રી પણ સરોજ જેવી હશે ?, તે કશું વિચારી શકતો નથી. કિડની નિષ્ફળ ગયા પછીના છેલ્લા છ વર્ષ દરમ્યાન વિકારની કોઇ ભાવના સુખદેવને પજવતી નથી. પણ આજે ? આવું કેમ બને છે ? તેના શરીરમાં એક નવી જ ભૂખ જાગૃત થતી હોય એવું એને લાગે છે. અનેક વિચારો આવી જાય છે. જાગૃતિને મળ્યા પછી ડાયાલિસીસ માટે પોતાની પથારીમાં જાય છે ત્યારે એ એક યુવાન પુરૂષની સંવેદનાઓ અનુભવતો હોય એ રીતે પથારીમાં આળોટે છે.

## સાત

## રણકારમાં વેરાઇ જતી ક્ષણો

એક દિવસે - લગભગ સોમવાર હતો. પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ ચાલે છે. અડધા એક કલાક પછી તેની બાજુની પથારીમાં એક પચીસેક વર્ષનો યુવાન દર્દી આવે છે. તેનું નિડલીંગ થાય છે. પોઝિટીવ વિભાગમાં આવેલા દર્દીને પહેલીવાર સુખદેવ જુએ છે. કદાચ તેનું પહેલું ડાયાલિસીસ હશે. અને સુખદેવ સાચો હતો. દર્દીનું ડી.એલ.સી. કરાવેલું હતું. એટલે નવો દર્દી હતો. યુવાનીના ઉંબરે માંડમાંડ પગ એણે મૂક્યો છે. દેખાવડો, સુંદર, સ્વસ્થ શરીરવાળો છે. એના મોં ઉપર ચમક દેખાય છે. આવા યુવાનને શા માટે નિયતિ કિડનીનો રોગ આપતી હશે ? એવું પ્રોફેસર સુખદેવ વિચારે છે. સુખદેવ તેને જોઇ જ રહે છે. સુખદેવને દર્દી વિશે જાણવાની ઇચ્છા છે. પણ તે તેમ કરતો નથી. બન્નેની પથારી વચ્ચે બે મશીન હોવાથી, વચ્ચેનું અંતર વધુ છે. વાત પણ કરી શકાય નહીં. એક બોલે તો બીજો સાંભળી ન શકે. સુખદેવ વિચારોને રેઢા મૂકી પુસ્તક વાંચવા લાગી જાય છે.

અડધો એક કલાક તે વાંચે છે. ને એકદમ કશાકનો રણકાર તેને સંભળાય છે. કંઇક ખખડતું તે સાંભળે છે. પુસ્તક બાજુમાં મૂકી આજુબાજુ તે જુએ છે. તેની નજરે જે દ્રશ્ય ચઢે છે તેનાથી તે આશ્ચર્યચકિત બની જાય છે. પેલા દર્દીની યુવાન પત્ની પોતાના પતિને પાણી પીવડાવે છે. તેના શરીરના હલનચલનને કારણે તેના હાથ ઉપર રહેલી સોનાની બંગડીઓ એકબીજા સાથે અથડાય છે. અને એમાંથી મધૂર રણકાર સંભળાય છે. પ્રોફેસર

સુખદેવ જોતો જ રહે છે. યુવાન ચહેરો, મોં પર લજ્જા, પતિની કિડની નિષ્ફળ જવી, તાજા જ લગ્ન થયેલા, લગ્નનો શણગાર હજુ શરીર પરથી ઊતર્યો નથી. આખા શરીર પર ઘરેણાં લદાયેલા છે. અને એ ઘરેણાં એકબીજા સાથે અથડાય છે. એક રણકાર અદૃશ્ય થતો રહે છે. અને રણકારમાં જાણે કે એ સ્ત્રીના આનંદ અને ઉલ્લાસની ક્ષણો વેરાઇ જતી હોય તેવા ભાવ એના મોં ઉપર તે જુએ છે.

અને બીજી ક્ષણે....

સુખદેવ પોતાની જાતે જ કહી ના રહ્યો હોય 'હે માવડી હું તારું દુઃખ સમજુ છું. લગ્ન પછીના સુખી દિવસો પણ તે જોયા નહી હોય એમ હું માની લઉં છું. મારી એક જ વિનંતી - ફરી આવે ત્યારે શરીર પરના આભૂષણો ઘેર ઊતારીને આવજે. અને પાછી સંભાળજે, આ દર્દમાં એક પછી એક શરીર પરનાં આભૂષણો આર્થિક મૂંઝવણને કારણે શાહુકારને ત્યાં ન પહોંચી જાય'

સુખદેવ તેને કહેવા માંગે છે પણ કહી શકતો નથી. એક યુવાન સ્ત્રીની પીડા કદાચ ન જોઇ શકતો હોય તે રીતે તેનાથી પોતાનું મોં ફેરવી લે છે. પગ પાસે પડેલી શાલથી પોતાનું શરીર ઢાંકી દે છે. એકાદ-બે આંસુ તેની આંખમાંથી નીકળી તેના ગાલ પર વહી જતા હોય તેવું તે અનુભવે છે.

## આઠ

## માને કંઇ મરવા દેવાય ?

એક દિવસે બુધવારે રાજગઢ હોસ્પિટલની નજીક રિક્ષા સ્ટેન્ડે, પ્રોફેસર સુખદેવ આનંદનગરથી આવી ઊભો હોય છે. ત્યાંજ એકાએક એક મોટર સાઇકલ તેની પાસે આવીને અટકે છે. સુખદેવ આંગતુકને જોયા કરે છે. પણ ઓળખી શકતો નથી.

'સાહેબ, બેસી જાવ. હું પણ હોસ્પિટલમાં જ જાઉં છું. તમને મારી ઓળખાણ નહીં પડી હોય ?'

'કદાચ બહુ વખતે મળ્યા હોઇએ એમ લાગે છે. જોકે અત્યારે ખ્યાલ આવતો નથી.'

'હું મહેશ બારોટનો બનેવી થાઉં.'

'હા, હવે ખ્યાલ આવે છે.' પ્રોફેસર સુખદેવ તેમની મોટર સાઇકલ ઉપર બેસી જાય છે. યુરોલોજીકલ હોસ્પિટલ જતાં વાત થાય છે કે, 'એમના બાની પણ બંને કિડની નિષ્ફળ નિવડી છે. પાટણમાં થોડો સમય ડાયાલિસીસ કરાવ્યું. વચ્ચે દશામાના વ્રતના દિવસો આવ્યા. તે દિવસોમાં એમની બાએ કશું જ ખાધુ નહીં. પરિસ્થિતિ એવી ગુંચાઇ કે 'ફીટ્સ્યુલા' બંધ થઇ ગઇ. પાટણમાં ડાયાલિસીસ કરાવે તો મેડિકલ બીલ 'રીએમ્બેઝ' ન થાય. જો રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં ડાયાલિસીસ કરાવે તો એમનો દીકરો સરકારી કર્મચારી હોવાથી એમના બીલો 'રીએમ્બેઝ' થાય. તેથી પાટણ છોડી અહીં આવ્યા, આનંદનગરથી રાજગઢ આવવું એ પણ સસ્તું પડે.'' આવી તો ઘણી બધી વાતો થઇ. વધુમાં તેઓ કહે છે,

'મારા સાળા ભાઇએ તમારી વાત કરેલી. તમારી પાસે હું આવવાનો જ હતો અને તમે ભેગા થઇ ગયા.'

હોસ્પિટલના દરવાજા પાસે પ્રોફેસર સુખદેવ ઉતરી જાય છે.

'ફરી મળીશું' એમ કહી બંને છુટા પડે છે.

અને એક દિવસે.....પ્રોફેસર સુખદેવને ખ્યાલ આવે છે કે બારોટના બનેવી નૌતમભાઇનાં બાને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. અહીં ડાયાલિસીસ પણ ચાલુ થઇ જાય છે. સુખદેવનું ડાયાલિસીસ ચાલતુ હતું ત્યાંજ નૌતમભાઇ આવે છે. તેની પથારી પાસે ખુરશીમાં બેસે છે. પ્રોફેસર સુખદેવ પાસેથી કિડની અંગેની જાણવા જેવી ઘણી બધી બાબતો તે જાણે છે. નૌતમભાઇ સરકારી કર્મચારી હતા. અઠવાડિયામાં ત્રણ વખત તેમને તેમનાં બાને લાવવાનાં હોવાથી તેમની નોકરીની રજાઓમાં અવરોધ ઊભા થવા માંડ્યા. બહુ જ ટૂંકો પગાર. બાની માંદગીનો ખર્ચ બહુ આવી ગયો. 'રીએમ્બેઝ' મેડિકલ બીલ થાય ત્યારે પૈસા મળે ને ? ત્યાં સુધી તો પૈસા રોકવા પડે ને ? કેવી રીતે પહોંચી વળે ?

નૌતમભાઇ કાયમ પૈસાના રોદણાં રડે. જોકે તેમની વાત સાચી હતી. પૈસો કેટલો ખર્ચ કરી શકે ? તેઓ વાતવાતમાં બોલેલા :

'બાને ઓછી મરવા દેવાય ? જો કે મોટી ઉંમરની છે. પણ એવું આપણે ન ઇચ્છીએ ને ? મા પાછળ પૈસાનો ખર્ચો તો કરવો પડે ને ?'

પછી કોઇ કામની યાદ આવતાં એ ચાલ્યા જાય છે.

અવારનવાર તે મળતા રહે છે. સુખદેવને જ્યારે મળે ત્યારે એમના મોં માંથી પહેલું વાક્ય એ જ નીકળે, 'ગમે તેમ તોય મા. માને ઓછી મરવા દેવાય ?'

જોકે તેમની વાત સાચી હતી. કોઇપણ સંતાનો પોતાની મા વિશે આવું ન વિચારે. જન્મદાતા માતાની કોઇપણ રીતે સેવા કરવી જ પડે !

એક વખત ચાલુ ડાયાલિસીસે પ્રોફેસરની પથારી આગળ તે ઊભા રહે છે. એકદમ કહે છે, 'સુખદેવભાઇ, હમણાં એક મિત્ર મળ્યો હતો. તે એમ કહેતો હતો કે, ક્યાં સુધી આ તમારી માતા પાછળ પૈસા ખર્ચશો ? તમારી બાને ધીરેથી એવું કહો કે બા તુ મરી જાય તો કેવું સારું ?'

'નૌતમભાઇ, તમને આવું કહેનારને આવું બોલવા બદલ બે લાફા મારી દેવા હતા ને ?'

નૌતમભાઇ કશું બોલતા નથી અને ચાલ્યા જાય છે.

પ્રોફેસર સુખદેવ કાયમ નૌતમભાઇના સ્વભાવ વિશે વિચારે છે કે આ માણસને કેવી રીતે સમજી શકવો. તે જયારે ને ત્યારે 'માને એમ મરવા દેવાય ?' એવું કેમ બોલતો હશે ? વાસ્તવમાં નૌતમભાઇ થાકી ગયા છે. માનો ડાયાલિસીસનો ખર્ચ, નોકરીમાં અવરોધ ઊભો થવો, આવતાં જતાંનું રિક્ષા ભાડું અને બપોરનું જમવાનું. આ બધા ખર્ચોને પહોંચી વળતા નથી. તેમની આ વાત તે કોઇને કહી શકે તેમ નથી. પણ પરોક્ષ રીતે 'માને એમ કંઇ મરવા દેવાય ?' એમ કહી તે જાણે અજાણે પોતાના અંતરની વાત હોઠ પર લાવી દે છે.

ટુંકો પગાર, માંદગીમાં બાની સાથે એકજણને રહેવું પડે તેથી નોકરીમાં પૂરો મહિનો ન ભરાય, રજાઓનો પગાર કપાઇ જાય, આર્થિક રીતે ઘસાતુ જવાય, પૈસાનો મેળ ન પડે, મેડિકલ બીલ 'રીએમ્બેઝ' થાય એ પણ સો ટકા નહીં, એટલે દર મહિને તૂટ પડે. આવું થાય એ પણ સામાન્ય માણસ ક્યાં સુધી સહન કરી શકે ? અને છતાંય માની મમતા એને કંઇ કરવા રોકે છે.

નૌતમભાઇ અઠવાડિયામાં ત્રણ વખત એમની બાને લઇ આવે છે. એમની બાનું ડાયાલિસીસ થતુ રહે છે. અને જયારે પ્રોફેસર સુખદેવ નૌતમભાઇ ને જુએ ત્યારે 'માને કંઇ મરવા દેવાય ?' એ નૌતમભાઇ દ્વારા ઉચ્ચારેલા શબ્દો એના કાન પર પડઘાતા જ રહે છે.

## નવ

## વ્યોમેશને દાનમાં એક નહીં પણ ત્રણ કિડની મળવાની શકયતા

એક શનિવારે પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ માટે થોડો વહેલો નીકળે છે. શનિવારે મોટે ભાગે જૂના દર્દીઓ ભેગા થતા. વ્યોમેશભાઇ અને ભાવનાબેનનું પણ શનિવારે એના સમયેજ ડાયાલિસીસ થતું. જો કે દર શનિવારે બપોરે બાર ને બદલે એક વાગ્યે દર્દીઓનું ડાયાલિસીસ શરૂ થતું. તે આજે એક કલાક વહેલો હતો. ડાયાલિસીસ વિભાગમાં દાખલ થતાં તે જુએ છે કે વ્યોમેશ ઊંઘતો હતો. સુખદેવ તેના મશીન તરફ જુએ છે. જોતાં જ તે ચમકે છે. કાયમ છ કિલો વજન લઇને આવતો વ્યોમેશ આજે કેમ બે કિલો વજન લઇને આવ્યો હશે ? એવો તે કયો ચમત્કાર થયો કે તેનું વજન બે જ કિલો વધુ હતું ?

પ્રોફેસર સુખદેવ વ્યોમેશની પથારી પાસેજ ઊભો રહે છે. કોઇકનો અણસાર આવતાં વ્યોમેશ જાગી જાયછે. સુખદેવને જોતાં - 'આવો સાહેબ, કેમ મજામાંને ?'

'હું તો મજામાં છું. પણ આજે તમારા મશીન તરફ જોતાં આશ્ચર્ય થયું. એવો કે કયો ચમત્કાર થયો કે આટલું વજન લઇને આવ્યા ?'

'સાહેબ, એ તો એવું છે ને.....તમે કેટલીક વાત અમારાથી ખાનગી રાખો છો ! એ રીતે કયા ચમત્કારને લીધે મારું વજન ઓછું થયું એ હું તમને નહીં કહું. જો કે મને પણ આશ્ચર્ય થાય છે કે વજન કેમ ઓછું થયું હશે ? મીઠા વાળી વસ્તુઓ તો બહુ ખાધી છે. આ ત્રણ દિવસમાં - બે ડાયાલિસીસ વચ્ચે - બે લિટર જેટલું પાણી તો મેં પીધું છે. મીઠાથી શરીરમાં પાણી છૂટે તો બીજું બધું પાણી ગયું કયાં ? ખેર ! એ બધી વાત જવા દો. તમારું કેમનું ચાલે છે ? હવે તો તમે અમારાથી ધીરે ધીરે કદાચ સંબંધો ઓછા કરી દીધા હોય એમ માનું છું. કેમ, બરોબરને ?

'ના, વ્યોમેશભાઇ એવું નથી. આ છેલ્લી તાવની માંદગી પછી બે ને બદલે ત્રણ દિવસ દવાખાનામાં આવતો હોવાથી આપણે એક જ દિવસ અઠવાડિયામાં મળીએ છીએ. તમને બધાંને મળવાનું તો બહુ મન થાય છે. પણ આપણા બધાના સમયમાં ફેરફાર થવાથી તે શકય ઓછુ બને છે. વ્યોમેશભાઇ, રોજના કરતાં આજે તમારો ચહેરો વધું પ્રફુલ્લિત લાગે છે. એમ કેમ ?

'સાહેબ, મારું તો એવું છે ને...'

'ના વ્યોમેશભાઇ, હું ન માનું, તમે આજ બહુ ખુશ છો. શું કિડની પ્રત્યારોપણ કરવાનું તો વિચાર્યુ નથી ને ?'

'તમે બહુ જ મહત્વની વાત કરી. કિડની પ્રત્યારોપણ કરવાનું તો હું વિચારું છું. પણ તમે સહકાર આપો તો મારું કામ થઇ શકે.'

'બોલો કેટલા પૈસાની જરૂર છે. તમે પ્રત્યારોપણ કરાવો તો ઓપરેશનનો બધોજ ખર્ચો હું આપીશ અને જયારે તમારી પાસે આવે બાકી ત્યારે પૈસા પાછા આપજો. ઉઘરાણી નહીં કરું'

'સાહેબ, પૈસાનો તો સવાલ નથી. મારો સોનીનો ધંધો ચાલે છે. રાત-દિવસ મહેનત કરીશુંને દાગીના બનાવતા રહીશું તો મજુરી તો વધતી જ રહેશે ને ? એટલે પૈસાનો પ્રશ્ન નથી. પણ, પ્રશ્ન બીજો છે.'

'હું સમજ્યો નહીં, તો પછી મુશ્કેલી શાની છે ?'

'જુઓ સાહેબ, કિડની પ્રત્યારોપણ તો કરાવું પણ કોઇ તો કિડની આપનાર ડોનર જોઇએ ને ?'

'વ્યોમેશભાઇ, પૈસા ખર્ચતાં તો કિડની ગમે તે આપવા તૈયાર થઇ જાય. પૈસા બધાંને ગમે છે. એટલે કિડની ડોનરનો પ્રશ્ન હલ થઇ જાય.'

'પણ, સાહેબ મારે કિડની વેચાતી લેવી નથી. કોઇ દાતા મફતમાં કિડની આપે તો જ મારે પ્રત્યારોપણ કરાવવું છે. બોલો તમારી કિડની મને આપશો ?'

વ્યોમેશનું વાકય સાંભળી પ્રોફેસર સુખદેવ ચમકે છે. વ્યોમેશ આમ કેમ બોલ્યો હશે એનો ખ્યાલ એને આવતો નથી. વ્યોમેશ એ પણ જાણે છે કે પ્રોફેસર સુખદેવની બંને કિડની સંકોચાઇ ગઇ છે. અને એથી જ એ પણ ડાયાલિસીસ માટે આવે છે. જે વ્યકિતની કિડની કામ કરતી ન હોય એ વ્યકિતની કિડની વ્યોમેશ શા માટે માંગતો હશે ? પ્રોફેસરને કોઇ ખ્યાલ આવતો નથી.

'વ્યોમેશભાઇ, આ દશ વર્ષની ડાયાલિસીસની પ્રક્રિયા પછી તમે કિડની પ્રત્યારોપણ કરાવવા માગતા હો તો હું મારી કિડની અવશ્ય તમને દાન કરીશ.'

આ વાત થાય છે ત્યારે વ્યોમેશની બાજુની પથારીમાં ડૉકટર કૃષ્ણકુમારનું 'ડિસકનેકટ' થતું હતું. ડૉકટર કૃષ્ણકુમાર અને તેમનું 'ડિસકનેકટ' કરતી સિસ્ટર વ્યોમેશ અને પ્રોફેસર સુખદેવ વચ્ચનો સંવાદ સાંભળે છે. જો કે ડાયાલિસીસ વિભાગના બીજા દર્દીઓ અને સિસ્ટરોનું પણ આ તરફ ધ્યાન હતું. પ્રોફેસર સુખદેવ બાજુની પથારી તરફ જોઇ ડૉકટર કૃષ્ણકુમારને કહે છે, 'ડૉક્ટર સાહેબ, આપણા માટે આનંદના સમાચાર છે. વ્યોમેશભાઇ કિડની પ્રત્યારોપણ કરાવવા માંગે છે. મારી એક ડિકની તો દાનમાં માગી લીધી અને હું આપીશ.' પ્રોફેસર આગળ બોલે તે પહેલાં એમને અટકાવી ડૉકટર બોલે છે, 'તમે તો વ્યોમેશભાઇને એક કિડની આપશો.

પણ જાવ, હું મારી બંને કિડની દાનમાં આપી દઇશ.' એમ કહી ડૉક્ટર હસે છે. પેલી સિસ્ટર ધીરે રહીને બોલે છે, 'પ્રોફેસર સાહેબ, લો, વ્યોમેશભાઇ માટે તો એક નહીં પણ ત્રણ કિડની દાનમાં મળશે. અને પછી એમનું પ્રત્યારોપણ થાય અને કદાચ એકાદ ડાયાલિસીસ કરાવવાનુ થાય તો, તમારી એક અને આ ડૉક્ટર સાહેબની બે કિડની જેના શરીરમાં મૂકી હશે તેની શી પરિસ્થિતિ થશે તેનો તમે વિચાર કર્યો ? અને પછી તો વ્યોમેશભાઇને તમારા બંનેની વચ્ચે ડાયાલિસીસ કરાવવું પડશે. કેમ મારી વાત સમજ્યાને ?' આખા ડાયાલિસીસ વિભાગમાં હાસ્યનું મોજું ફરી વળે છે. ડૉક્ટર કૃષ્ણકુમાર ઘેર જવાની ઉતાવળમાં હતા. પ્રોફેસર સુખદેવ પોતાની પથારીમાં ચાલ્યો જાય છે. અને પોતાની પથારીમાં ટુંટિયું વાળીને પડી રહેલો વ્યોમેશ ખડખડાટ હસી પડે છે અને બોલે છે :

'ના બાપા ના. મારે કિડની પ્રત્યારોપણ કરાવવું નથી.' અને જોરથી એટલું બધું હસે છે કે એ હાસ્યના પડઘા આખા ડાયાલિસીસ વિભાગમાં પડઘાતા રહે છે.

## દસ

## મગનનો પત્ર

એક બુધવારે ડાયાલિસીસ કરાવ્યા પછી સાંજના સુખદેવ પોતાને ઘેર પહોંચે છે ત્યારે તેની પત્ની તેને તે દિવસની ટપાલમાં આવેલું એક કવર આપે છે. આમ તો મોટેભાગે તેના પર આવતી ટપાલ ઘરની કોઇ વ્યકિત તોડતી નહીં. આજે કવર તોડેલું હતું. કવર કોઇએ તોડ્યું છે એ જાણતાં સુખદેવ અકળાય છે. ગુસ્સો કરી બોલે છે, 'મેં તમને બધાંને કહ્યું છે કે મહેરબાની કરી ક્યારેય મારી ટપાલ તોડવી નહીં. આજે આ ટપાલ કોણે તોડી ?'

'એ ટપાલ મેં તોડી છે.' ધીરેથી એની પત્નીનો અવાજ આવે છે.

'ટપાલ તોડવાનું કંઇ કારણ ?'

'મોકલનાર કોઇ છોકરીનું નામ વાંચી મેં તોડી. એમાં શું ખાટું મોળું થઇ ગયું. હમણા-હમણાં બૈરાંની બહુ ટપાલ તમાર પર આવે છે. વહેમ તો પડેને ?'

'જો તને ફરી કહી દઉં છું કે મહેરબાની કરી મારી ટપાલ તોડવી નહીં. ટપાલ વાંચ્યા પછી ટેબલના ખાનામાં જ ખુલ્લી મૂકુ છું. મારી ગેરહાજરીમાં વાંચવી હોય તો વાંચી લેવી. મેં વાંચવાની ક્યારે ના કહી છે ? પણ, મારા પર આવેલી ટપાલ ક્યારેય તોડવી નહીં ?'

'આ તો મુંબઇથી આવેલી ટપાલ અને એમાંય પાર્વતીનું નામ. મોકલનારનું આ નામ મેં પહેલીવાર જોયું એટલે તોડી.'

'પાર્વતીની ટપાલ છે ?' એમ કહી તેણે ઝડપથી કવરમાંથી કાગળ કાઢી વાંચવા માંડ્યો. તેને ખ્યાલ આવ્યો, પાર્વતી એટલે મગનભાઇ. મોકલનાર પાર્વતી હોય તો પત્ર તો મગનભાઇનો જ હોય ! પત્ર તો મગનભાઇનો હતો. પાર્વતી પાસે લખાવ્યો હતો. તે વાંચવા મંડી પડે છે.

'સુખદેવભાઇ,'

ઘણા વખતે તમને યાદ કરું છું. વચ્ચે પાર્વતી તમને મળવા આવી હતી. તેના દ્વારા તમે મોકલાવેલા રૂપિયા પચ્ચીસ હજાર મને મળી ગયા. ત્રણેક માસમાં મોકલવાનું કહેલું. પણ, છ માસ થઇ ગયા. માફ કરજો . જોકે આ પત્ર સાથે પચ્ચીસ હજારનો ડ્રાફ મોકલી આપું છું. તે મળે જણાવશો.

તમને હું બહું જ યાદ કરું છું. હું એટલે મારામાં બધાં જ આવી ગયાં. પાર્વતી અને મમતા પણ. પ્રત્યારોપણ પછીના આ દિવસોમાં મારે બહુ કાળજી રાખવી પડી. ડૉક્ટરોની સલાહ મુજબ દવાઓ અને સારવાર લેતો રહ્યો. હવે મને સારું થઇ ગયું છે. ધીરે ધીરે સ્વસ્થ થઇ રહ્યો છું. મારા બે અંગો- મમતા અને પાર્વતી - મારી બહુ કાળજી રાખે છે. તે બંનેના સહકાર વગર આ શક્ય ના બન્યું હોત. અને બીજું, હું ખાસ તમારો આભારી છું. રાજગઢની

યુરોલોજીકલ હોસ્પિટલમાં જેટલા દિવસ હું આવતો રહ્યો, એ દિવસોમાં તમે મને સતત માર્ગદર્શન આપ્યું છે. એક મોટાભાઇ નાનાભાઇની કાળજી રાખે એ રીતે તમે મારી કાળજી રાખી હતી.

કિડનીના દર્દીને પડતી પારાવાર અસહ્ય વેદના અને માનસિક યાતનામાંથી તમે મને ઉગારવાનો પ્રયત્ન કર્યો છે. તમારું એ ઋણ હું ક્યારેય ભૂલી નહીં શકું. મહાભારતના યુધ્ધમાં સામે પક્ષે પોતાના સ્વજનોને જોઇ યુધ્ધ ન કરવાની અને ગાંડીવ ધનુષ્ય હેઠું મૂકવાની વાત કરનાર અર્જુનને શ્રીકૃષ્ણ એ જ્ઞાન આપી લડવા માટે તૈયાર કર્યો હતો. તેમ તમો મારા કૃષ્ણ બની મારા જીવનમાં પ્રવેશ્યા. અર્જુનની માફક કિડ નીના દર્દની સામે લડવા માટે હું અસમર્થ હતો. માનસિક રીતે ભાંગી ગયો હતો. તમેજ મને બોધ આપી આ દર્દ સામે લડવા માટે તૈયાર કર્યો હતો. તમે જ મારા મિત્ર, વડીલ કે પછી ગમે તે હો, મારા જીવનમાં પ્રવેશી તમે બહાદુર બનાવ્યો હતો એક કેવી રીતે હું ભૂલી શકું ?

બીજી એક મહત્વની વાત. તમને ખ્યાલ નથી કે મારી પાસે કેટલો પૈસો છે. પાર્વતીને તમારી પાસે મોકલી ત્યારે પણ મારી પાસે રોકડા પૈસા હતા જ. પણ તમારો મારી પ્રત્યે કેવો સદ્‌ભાવ છે એ જાણવા માટે જ મેં પૈસા મંગાવ્યા હતા. તમારી જગ્યાએ બીજો કોઇ હોય તો પાર્વતીને ખાલી હાથે પાછી મોકલી હોત. પણ તમે એવું કર્યું નહોતુ. અને આ ડ્રાફ્ટ પણ જાણી જોઇએ મેં મોડો મોકલ્યો છે. સુખદેવભાઇ, હું વ્યાજ ખાનારો માણસ બધેથી વ્યાજની આશા ન રાખું. મારા પૈસાનો ડ્રાફ્ટ તમે જોશો તો તમે ચમકશો. જેટલો સમય તમારી રકમ મારી પાસે રહી એટલા સમયનું માસિક અઢી ટકા લેખે વ્યાજની રકમ મૂડીમાં ઉમેરી ડ્રાફ્ટ કઢાવ્યો છે. આ તો આડવાત થઇ. હવે મુખ્ય વાત...

હું, મમતા અને પાર્વતી સાથે સુખી છું. પાર્વતીનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. પાર્વતીએ એની કિડનીનું મને દાન કર્યું છે. કોઇપણ યુવાનીમાં પ્રવેશ કરતી યુવતી એક અજાણ્યા માણસને-જેના પ્રત્યે પછીથી સ્નેહ બંધાય - એને પોતાની કિડની આપવાનો વિચાર સુધ્ધાં ન કરે. પાર્વતીએ ત્યાગ કર્યો છે. કોઇ તો એક પ્રકારનો ત્યાગ કરે. પાર્વતીએ તો બે ત્યાગ કર્યા. કોઇપણ સ્ત્રી જે યુવાનીમાં પગલાં માંડતી હોય, કોઇને ચાહતી હોય અને એની ચાહના પણ કેવી ? એક પ્રૌઢ વ્યક્તિ તરફની અને પાછો જેની પ્રત્યે ચાહના છે તે વ્યક્તિની સાથે એકલી જ સંસારના સુખ ભોગવવાની ઇચ્છા હોય ત્યારે પણ બીજા કોઇને ભાગીદાર ન બનાવે. પણ આણે તો ભાગીદારને પણ સ્વીકારી લીધો. મમતાને તેણે સ્વીકારી. બંને સગી બહેનો હોય તે રીતે મારી સાથે વર્તે છે. જો કે હજુ સુધી તેમને સંસારિક સુખ હું આપી શક્યો નથી. હવે ધીરે ધીરે એ બાબતમાં મારું શરીર ટેવાતું જશે. સુખદેવભાઇ, અત્યાર સુધી તરસથી હું પીડાતો હતો. હવે જાણે કે હું તૃપ્ત થઇ ગયેલો મારી જાતને માનું છું. અત્યારે તરસથી પીડાતો નથી. જે તરસ માટે મેં ઘણો બધો પૈસો ખર્ચ્યો. ક્યોરક તો મૂર્ખ પણ બન્યો. પણ એ બધું હું વિચારતો નથી. હવે પાછલી અવસ્થામાં હું સુખેથી જીવવા માંગું છું.

એક મહત્વની વાતની ચોખવટ મારે તમારી સાથે કરવી જોઇએ. મુંબઇ વસવાટ કરનાર મુંબઇ છોડી હું રાજગઢમાં આવ્યો હતો. રાજગઢની હોસ્પિટલ ખ્યાતિ પ્રાપ્ત હોસ્પિટલ છે. ભારતમાં તેનું નામ છે. ત્યાં પ્રત્યારોપણ કરાવવાને બદલે મુંબઇ આવી કેમ પ્રત્યારોપણ કરાવ્યું. એ પ્રશ્ન કદાચ ક્યારેક તમે મને પૂછશો. યોગ્ય સમયે તમને એની વાત કરીશ.

આ સાથે હાલ હું જ્યાં રહું છું ત્યાંનું સરનામું મેં મોકલી આપ્યું છે. સમય કાઢી તમે મારે ત્યાં બે દિવસ માટે આવો એવું અમે ઇચ્છીએ છીએ. બે દિવસ એટલા માટે લખ્યા, બે ડાયાલિસીસ વચ્ચે બે જ દિવસ મળે ને ?

તમારી સાથે ઘણી બધી વાત કરવી છે. લગભગ દોઢેક વર્ષ જેટલો સમય થઇ ગયો. આ સમય દરમ્યાન અમે તમને રોજ યાદ કરતાં હતાં. બીજી એક ખાનગી વાત. સરોજબેનથી તમે મને ચેતવ્યો હતો. તમે એ બાઇને સમજી શક્યા હતા. પણ, હું સમજી શકેલો નહી. તે બાઇની લુચ્ચાઇનો મને અનુભવ થઇ ચૂક્યો છે. મેં એને છોડી. એના દીકરાના પ્રત્યારોપણ માટે ત્રણ લાખ રૂપિયા પણ આપેલા. એણે એના દીકરાનું પ્રત્યારોપણ ન કરાવ્યું. કોઇ નજાણે તેમ તેણે રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલ છોડી. આજે પણ એના દીકરાનું ડાયાલિસીસ

નવાપુરાની હોસ્પિટલમાં થાય છે. મારા પૈસા અને પૈસાના વ્યાજમાંથી તેના દીકરાનું ડાયાલિસીસ થતું રહે છે. જો કે એને પ્રેમથી મેં પૈસા આપેલા. પણ તમે તો મને ઓળખો છો ને ? ક્યારેક સરોજ મને મળશે ત્યારે એની આબરૂના તો એવા ધજાગરા કરીશ કે..

આ બધી જાત જવા દો. તમે રૂબરૂ આવશો ત્યારે ઘણું બધું કહેવાનું છે. સુખદુઃખની વાતો પણ કરવી છે. અમે તમારી રજા લઈએ છીએ. આવશો ને ? તમારી રાહ જોઈએ છીએ.

અને એક વાત..

સુખદેવભાઈ, તમે કેમ પ્રત્યારોપણ કરવાતા નથી ? બસ, આટલું જ. મેં તો એક વિચાર મૂક્યો. અમલ કરવો કે ન કરવો એ તમારા હાથમાં છે.'

અમો,
તમારાં જ..
મગન, મમતા, અને પાર્વતી

# અગિયાર

## જાગૃતિ પર વહેમ

મગનનો પત્ર વાંચી પ્રોફેસર સુખદેવ વિચારમાં પડી જાય છે. મગન પ્રત્યે તેને માન પણ ઉપજે છે. મમતા અને પાર્વતી સાથે સુખી છે એ જાણતાં તે સંતુષ્ટ પામે છે. રાત્રે નવેક વાગ્યે તે જમીને બેઠો બેઠો તેની તાજેતરમાં બહાર પડેલી નવલકથા 'હૈયાનો ઊજાશ' નાં પાના ફેરવતો હતો. ત્યાં જ ટેલિફોન રણકે છે. હાથ લંબાવી રિસીવર કાને ધરે છે. સામેથી

'કોણ બોલો છો ?' સુખદેવ ભાઈને આપશો ?

'બોલો. હું સુખદેવ બોલું છું.'

'હું જાગૃતિ. આજે જ બહારથી આવી છું. મારે તાત્કાલિક તમને મળવું છે. તમે મને મળી શકશો ? આનંદ નગરના નવા એસ.ટી.સ્ટેન્ડ પાસે પાંચ નંબરના પ્લેટફોર્મ પર તમારી રાહ જોતી હું ઊભી હોઈશ. લગભગ સાડા નવ-દશ વાગ્યાની બસમાં નવાપુરા જવું છે. સવારે પા છા આવીશું. એ રીતે આવો. તમારી રાહ જોઉ છું.'

સુખદેવ જવાબ આપે તે પહેલાં સામેથી ફોન કટ થઈ જાય છે. આજે જ તે ડાયાલિસીસ કરાવી આવ્યો છે. થોડો થાકેલો પણ છે. મગનભાઈના પત્રથી થોડો પ્રફુલ્લિત પણ છે. રાતનો સમય છે. સાડા નવ વાગ્યે જાગૃતિ બોલાવે છે. દશની બસમાં જવાની વાત કરે છે. આવતી કાલે સવારે નવ વાગ્યે તો તેણે પોતાના જ ઘરમાં 'ગાયત્રી-યજ્ઞ'નું આયોજન પણ કર્યુ છે. પોતાની તો હાજરી જોઈએ ને ?

છેવટે તે તૈયાર થાય છે. આમ તો ઘણા સમયથી તેનું બ્લડપેશર ઓછું થઈ જાય છે. ઘણા સમયથી ગાડી હાંકતો નથી. તેણે ડ્રાઈવર રાખી લીધેલો. એક બાજુ જાગૃતિને મળવા માટે તેનું હૃદય કુદાકુદ કરતું હતું. પણ બીજી તરફ જાતે ગાડી હાંકે તો બી.પી. ઘટી જાય ત્યારે - ક્યારેક મુશ્કેલીમાં મુકાઈ જાય. છતાંય સાહસ કરી જાતે ગાડી હાંકી નવા બસસ્ટેન્ડે તે પહોંચે છે. એસ.ટી. સ્ટેન્ડની બહાર એક બાજુ ગાડી પાર્ક કરી, પ્લેટફોર્મ નંબર પાંચ પર પહોંચે છે. જાગૃતિ તેની રાહ જોતી ઊભી હતી. સુખદેવને જોતાં જ પોતે જાહેરમાં છે એ ક્ષણભર ભૂલી જઈ જાગૃતિ સુખદેવને પોતાના ગાઢ આલિંગનમાં લઈ લે છે. ઘડીભરતો આજુબાજુના માણસોને પણ તે ભૂલી જાય છે. જાગૃતિના આ કૃત્યથી સુખદેવ થોડો ગભરાઈ જાય છે. તે માને છે કે જાહેરમાં આવું ન થાય ! જાગૃતિને પોતાનાથી દૂર કરે છે. અને એનો હાથ પકડી

બહાર પાર્ક કરેલી ગાડી સુધી તેને લઇ જાય છે.

'જો જાગૃતિ ફોન પર તારી બધી વાત મેં સાંભળી. પણ આજે હું તારી સાથે આવી શકું તેમ નથી. ચાલ ગાડીમાં બેસી જા. થોડેક દૂર જઇ ગાડીમાં બેઠા બેઠા જ વાત કરીશું.'

જાગૃતિ ખડખડાટ હસી પડે છે.

'કેમ હસે છે ?'

'હસુ નહીં તો શું કરું ? મેં કહ્યુ ને તમે સાચું માની લીધું? એમ તો કંઇ રાત્રે જવાય ? મારે પણ ઘેર જવાબ આપવો પડે ને? આ તો તમને બોલાવવા માટેનું બહાનું હતું. હમણાં દશ વાગ્યાની બસમાં મારા ઘરવાળા આવવાના છે. તેમને લેવા હું આવી છું. તમે આવ્યા હોત કે ન આવ્યા હોત બધું જ મારે મન સરખું હતું.'

'એમ કેમ બોલે છે ?'

'જુઓ, આ તો તમારી હું પરીક્ષા કરતી હતી. તમે આવ્યા એટલે મારા પ્રત્યે તમારો અનુરાગ છે. એ સમજી શકું છું. અને ન આવ્યા હોત તો તમારી પ્રતિક્ષા મારા અનુરાગથી મને ક્યારેક તો હું મેળવી શકી હોત.' જોકે આજે તમારી મેં બહુ આશા રાખી ન હતી. કેમકે આજે તમારું ડાયાલિસીસ હતું. એ હું જાણતી હતી. આજે તો તમે થાકેલા પણ હશો. જવા દો એ બધી વાતો. તમે આવ્યો છો તો, આજે ચોખવટ કરી લેવી છે.'

'શાની ચોખવટ ?'

'જુઓ એમ કાલા ન થાવ. મેં પેહલે દિવસે જ જયારે આપણે મળ્યા હતા ત્યારથી જ મેં જોયું છે કે તમારી આંખોમાં મારા માટે સાપોલિયા રમતાં હતાં. તમારી જોડે હું જે વાત કરતી હતી તે જાણી જોઇને કરતી હતી. તમારા મનને માપતી હતી. પણ તમારા મનને માપતાં-માપતાં ક્યારે તમારા પ્રત્યે ઢળી ગઇ એની મને ખબર ન પડી. છૂટા પડયા પછી તમારામાં જ મારું મન રમતું રહ્યુ છે. મારે એની જ ચોખવટ તમારી સાથે કરવી છે. શું તમે પણ ? મારી માફક...'

'જો જાગૃતિ હું ખોટુ નહીં બોલું. મને પણ તારા પ્રત્યે આકર્ષણ તો થયેલું જ અને તું જે રીતે મારી સાથે વાત કરતી હતી, તે રીતે ધીરે ધીરે મારા હૃદયના કોઇ ખુણામાં તારું સ્થાન તું નિશ્ચિત કરતી હતી. એવું હું અનુભવતો હતો. તને મેળવવામાં મને રસ છે. હવે રહી તારી વાત. આપણે બંને એકબીજાને સમજી શકીએ તો ક્યારેક આગળ વધી શકાય. જોકે હું એવું માનું છું કે આપણે બંને એક જ દિશા તરફ જવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.'

'તમારે મને ગાડી ની બહાર જ ઉભી રાખવી છે ? મને બહુ થાક લાગ્યો છે. ગાડીની અંદર બેસી વાત કરીએ.'

સુખદેવને ખ્યાલ આવે છે. તે ગાડીની બહાર ઊભો ઊભો જ તેની સાથે વાત કરે છે. બંને ગાડીમાં બેસે છે. ઘણીબધી વાતો કરે છે. જાગૃતિ કેટલીક બાબતનો ખુલાસો કરે છે. સુખદેવ જાગૃતિની વાતોમાં સંમત થાય છે. જાગૃતિ પોતાના કાંડા ઘડિયાળમાં જુએ છે. ઘડિયાળનો કાંટો દશ ને પાંચ બતાવે છે. તે એકદમ બારણું ખોલી બહાર નીકળી જાય છે.

'ફરીથી તમને ફોન કરીશ ! જરૂર પડ્યે ક્યાંક એકાંતમાં પણ મળીશું.' એમ કહેતી કહેતી પ્લેટફોર્મ નંબર પાંચ તરફ દોડે છે. ભૂજથી એક બસ આવી ગઇ છે. પેસેન્જરો ધીરે ધીરે બહાર નીકળે છે. ઊતરતા પેસેન્જરોમાં તે જેને લેવા આવી હતી તે દેખાતા નથી. જાગૃતિ નિરાશ થઇ જાય છે. હવે કોઇ પેસેન્જર ઊતરવાનું નથી. તે પાછી વળે છે. એના કાને એક મીઠો અવાજ સંભળાય છે.

'જાગૃતિ, હું ક્યારનોય અહીં ઊભો છું. આ બસમાં નહીં, આની પહેલાંની બસમાં આવી ગયો છું. તું ક્યાં હતી ? છેલ્લી દશેક મિનિટથી તારી રાહ જોઉ છું.'

પોતાના પતિને જોતાંજ જાગૃતિ એના તરફ પહોંચી જાય છે. તેમના હાથમાંથી પેટી પોતાના હાથમાં લઇ લે છે. અને ધીરે થી કહે છે, 'માફ કરજો, હું થોડી મોડી પડી. ચાલો ઘેર જઇએ.'

જાગૃતિનો પતિ મનસુખ પોતાની પત્નીને સાંભળી રહે છે. જાગૃતિને ખબર નથી કે મનસુખ દશેક મીનીટ પહેલાં આવી ગયો છે. જાગૃતિને એ પણ ખબર નથી કે મનસુખ એ પણ જાણી ગયો છે કે જાગૃતિ કોઇ અજાણ્યા પુરૂષની ગાડીમાંથી બહાર નીકળી સડસડાટ દોડતી પાંચ નંબરના પ્લેટફોર્મ પર આવી ગઇ. પણ

મનસુખ એ જાણતો નથી કે જાગૃતિ કોની સાથે હતી. ? મનસુખને એ વાતનું આશ્ચર્ય થાય છે કે, 'જાગૃતિ જીંદગીમાં આજે પહેલીવાર પોતાની સાથે જુઠ્ઠુ કેમ બોલી?' મનસુખને દાંમ્પત્ય જીવનના આ પચ્ચીસ વર્ષ પછી પહેલી વાર જાગૃતિ ઉપર વહેમ જાય છે. પણ મનસુખ બોલતો નથી. મનોમન તો તે નકકી કરી દે છે કે જાગૃતિ ઉપર ધ્યાન રાખવું પડશે.

એસ. ટી. સ્ટેન્ડની બહાર ગાડીમાં સુખદેવ બેઠેલો છે. ત્રાંસી નજરે મનસુખ ગાડીમાં બેઠેલા માણસને જોઇ લે છે. એવી જ ત્રાંસી નજરે જાગૃતિ જુએ છે. એ મનસુખના ધ્યાન બહાર જતું નથી. બીજી જ ક્ષણે પ્રોફેસર સુખદેવ એક ખાલી રિક્ષામાં જાગૃતિ અને એના પતિને જતાં જોઇ રહે છે. અને રાત્રિના સમયે કોલાહલ વગરના રસ્તા ઉપર સુખદેવની ગાડી જાણે કે ડચકાં ખાતી ખાતી ઘર તરફ જતી હોય એવું સુખદેવ અનુભવે છે.

## બાર

## કિડની દાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

જાગૃતિને મળે ઘણો સમય થયો. સુખદેવને જાગૃતિ સાથે ઘણી બધી વાત થઇ. જાગૃતિ ધીરે ધીરે જાણે કે સુખદેવના હૃદયના કોઇ ખૂણામાં આવીને બેસી ગઇ હોય એવું તે અનુભવે છે. હવે સુખદેવ ક્યારેક વહેલો પણ આવે છે. જાગૃતિના ભાઇનું ડાયાલિસીસ મોટેભાગે સવારના સમયે થતું. સુખદેવનું બપોરે. સુખદેવ વહેલો આવી બે - પાંચ મિનિટ જાગૃતિના ભાઇને મળી આવતો. જાગૃતિ પહેલી વાર મળી ત્યાર પછી ફરી ક્યારેય મળી નથી. સુખદેવ જ્યારે એના ભાઇની પથારી પાસે પહોંચતો ત્યારે કાયમ એના ભાભીને ત્યાં બેઠેલો જોતો. જાગૃતિ વિશે પૂછવાનું તેને મન થતું પણ તે પૂછી શકતો નહોતો. જાગૃતિ તરફ એનુ હૃદય ખેંચાણ કરતું હોય એવું અવારનવાર તે અનુભવતો. જાગૃતિ કયાં ગઇ હશે ? ક્યારે આવશે ? એ વિશે એના ભાભીને કદાચ પૂછે તો એના ભાભી વહેમાય એટલે પૂછતો નહોતો.

એક સોમવારે ઓચિંતો તેને ઘરે ફોન આવે છે. સામે છેડે જાગૃતિ હતી.

'હું જાગૃતિ બોલું છું. ડાયાલિસીસ માટે થોડા વહેલા આવશો ? મારે તમને મળવું છે. હું તમારી રાહ જોઇશ.' ફોન કટ થઇ ગયો.

તે ઘરેથી વહેલો નીકળે છે. હોસ્પિટલમાં પહોંચે છે. ત્યારે ડાયાલિસીસ વિભાગની બહાર બાંકડા પર જાગૃતિ એની રાહ જોઇને બેઠી હતી.

પ્રોફેસર સુખદેવને આવતો જોઇ તે બાંકડા પરથી ઉભી થઇ જાય છે.

'આવો. હું તમારી જ રાહ જોતી હતી. મારે ઘણી બધી વાતો તમારી સાથે કરવી છે. પણ એ આજે નહિં. આજે તો મારે તમારી પાસેથી થોડી સલાહ લેવી છે. ' એમ કહી પોતાની પાસે બાંકડા પર પ્રોફેસરને બેસાડે છે. ધીરે રહીને તે કહે છે, 'મારે તમારી પાસેથી 'કિડની દાન કેવી પ્રાપ્ત કરી શકાય' તે વિશેની માહિતી જોઇએ છે.'

'આ માહિતીની જરૂર કેમ પડી ?'

'જુઓ. મારા ભાઇનું કિડની પ્રત્યારોપણ કરાવવું છે. અને એથી કિડની દાનમાં કેવી રીતે લઇ શકાય એ બધી માહિતી મારે જાણવી છે. મારા ભાઇનું ગમે તે રીતે કિડની પ્રત્યારોપણ તો કરાવવું જ છે.'

'જો જાગૃતિ, કિડની ચાર પ્રકારે દાનમાં લઇ શકાય. હું તને વાત કરું અને મારી વાત કદાચ પૂરે પૂરી તું સમજી ન શકે, એટલા માટે હમણાં થોડા દિવસ પહેલાં એક દૈનિક પેપરના આરોગ્ય વિભાગમાં મારો એક લેખ 'કિડની દાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?'છપાયેલો છે. એની જ એક ઝેરોક્ષ કોપી તને આપું છું. જેથી તે લખાણ તું પોતે અને બીજા કોઇને વંચાવી યોગ્ય નિર્ણય લઇ શકે.' એમ કહી પ્રોફેસર સુખદેવ પોતાની થેલીમાંથી એક ફાઇલ કાઢી, ફાઇલમાંનો એક ઝેરોક્ષ કરેલો લેખ જાગૃતિને આપે છે. અને કહે છે,

'જાગૃતિ, આ લેખમાં તારા પ્રશ્નનું સમાધાન થઇ જશે.'

જાગૃતિ ત્યાંજ બેઠી બેઠી લેખ વાંચવા માંડે છે.

## કિડની દાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

મુત્રપિંડ (કિડની) ચાર અલગ અલગ સ્ત્રોતો દ્વારા પ્રાપ્ત કરી કરાય છે. જેમ કે :

**(૧) મૃતદાતા :**

કોઇપણ વ્યકિતનું અકસ્માત કે આઘાત જેવા કારણોને લીધે તબીબી દ્રષ્ટિએ દિમાગી મૃત્યુ નીપજ્યુ હોય (કિડનીને લગતા રોગોને લીધે નહીં) એના શરીરમાંથી મૃતક કિડની કાઢીને દર્દી માટે લઇ શકાય છે. જો કે મૃત્યુ પામેલો વ્યકિત દર્દીની સંબંધી ન હોવાથી આ પ્રકારે મેળવેલી કિડની પ્રતિજન્ય બંધારણમાં દર્દી સાથે મેળ ખાતી હોય એવી શકયતા ખૂબ ઓછી હોય છે. પરિણામે પ્રત્યારોપણની શકયતા ખૂબ ઓછી હોય છે. પરિણામે પ્રત્યારોપણની સફળતાની સંભાવના ઓછી હોય છે. આ ઉપરાંત એવું પણ બને કે કિડનીના દર્દીએ આ પ્રકારની યોગ્ય કિડની મળે ત્યાં સુધી અનિશ્ચિતતાઓ વચ્ચે રાહ જોવી પડે છે. જો કે આ પ્રમાણે મૃતક-અંગ પ્રાપ્ત કરવા માટેનો કાયદો ધારાસભામાં પસાર કરી દેવામાં આવ્યો છે. છતાં આપણા દેશમાં હાલમાં એ વ્યવહારુ રીતે શકય વિકલ્પો બહુ જ થોડા રાજ્યોમાં ઉપલબ્ધ છે.

**(૨) જીવંત સબંધિત દાતા :**

માતા-પિતા, ભાઇ-બહેન, પુત્ર-પુત્રી કે દાદા-દાદી જેવા સગાં દર્દીને કિડનીનું દાન કરી શકે. સામાન્ય રીતે મનુષ્ય માત્ર પોતાના શરીરમાં બે મૂત્રપિંડ ધરાવે છે અને તે પૈકી એક મૂત્રપિંડનું દાન કરી દીધા પછી પણ તે એક જ મૂત્રપિંડથી (કિડની આપનાર દાતા) કામ ચલાવી શકે છે. અને સ્વસ્થ, સલામત જીવન જીવી શકે છે. કિડની દાન કરવાથી, કિડની આપનારની શારીરિક શકિત, જીવન પધ્ધતિ કે આયુષ્યમાં કોઇપણ જાતનો ફરક પડતો નથી.

**(૩) લાગણી સંબંધિત દાતા :**

જયારે મૃતકઅંગ પ્રત્યારોપણ લભ્ય ન હોય અને જીવંત સંબંધી દાતાઓ અસમર્થ પૂરવાર થાય તે પરિસ્થિતિમાં ભાવનાત્મક સંબંધીઓ જેમ કે પતિ-પત્ની, પિતરાઇ, કાકા,મામા,ફોઇ,માસી કે સાસરિયા દાન કરી શકે.

**(૪) બિન સંબંધી દાતા :**

ઉપર પ્રમાણેના કોઇપણ દાતાનું કિડની દાન શકય ન હોય ત્યારે જેની સાથે કોઇ સંબંધ નથી તેવી વ્યકિતઓ પાસેથી સ્વૈચ્છિક દાન મેળવીને અંગ પ્રત્યારોપણ કરવા અંગે વિચારી શકાય. દર્દીએ એક વાત સમજી લેવી જરૂરી છે કે આ સંજોગોમાં (બિનસંબંધી વ્યકિતઓ પાસેથી મેળવેલી કિડની) પ્રત્યારોપણ કરેલું અંગ અસ્વીકૃત થવાની (રીજેકશનની) શકયતા વધી જાય છે. અને સાયકલોસ્પેરીન- એ, એ.ટી.જી. વગેરે જેવી મોંઘી દવાઓ નવી મેળવલી કિડનીના બહેતર નિભાવ માટે આવશ્યક બની જાય છે.

કિડની દાતાના લોહીનું ગૃપ યોગ્ય મેળ ખાતુ, ઉંમર ૧૮ થી ૬૦-૬૫ વર્ષની વચ્ચે અને શારીરિક સ્વાસ્થ્ય સારુ, રોગમુકત હોવું જરૂરી છે. કિડનીના જે દર્દીને કોઇપણ પ્રકારનો યોગ્ય કિડની દાતા મળી શકતો નથી, તે લોકોએ આજીવન ડાયાલિસીસની પ્રક્રિયા અપનાવવી પડે છે. ડાયાલિસીસની પ્રક્રિયા ઘણી જ ખર્ચાળ છે. કયારેક એવું પણ બને કે દર્દી જે શહેરમાં રહેતો હોય ત્યાં આ પ્રકારની સુવિધા કદાચ ઉપલબ્ધ પણ ન હોય. તેથી દર્દી એ આ પ્રકારની સુવિધા જયાં હોય ત્યાં જવું પડે છે. પરિણામે દર્દી આર્થિક અને માનસિક રીતે થાકી જતો હોય છે. બહેતર તો એ છે કે કિડનીના દર્દીએ આ બધા માનસિક ત્રાસમાંથી બચવું હોય તો તેના શરીરનું અંગ કિડની નિષ્ફળ નીવડી છે એવું જાણતાં જ શકય એટલું વહેલું 'કિડની પ્રત્યારોપણ' કરાવવાનું વિચારવું જોઇએ.

જાગૃતિ લેખ પૂરો કરે છે. એના મોં પર સંતોષ છે. એને જે જાણવું હતુ તે બધી જ માહિતી લેખમાં હતી. તે ધીરે ધીરે ઊભી થાય છે.

'તમારો આભાર. લેખ ઘણો સુંદર છે. મારે જે જોઇતી હતી તે માહિતી અંદરથી મને મળી રહેશે. પણ એક વાત કહું ? મારે ઓચિંતું જ દેશમાં ચાલ્યા જવું પડ્યું હતું. તમે મારી બહુ રાહ જોઇ હશે. તમે મને યાદ કરતા હશો. કદાચ તમારાથી પણ વધુ હું યાદ કરતી હતી. મારે તમારી સાથે બહુ વાત કરવી છે. મારે મારી વાત કરવી છે. તમારી પણ વાત જાણવી છે. એક ખાતરી આપું છું. ફરીથી હું તમને જરૂર મળીશ.' એમ કહી એ ત્યાંથી દૂર ચાલી

જાય છે.

# તેર

## સરોજ સુધરી ગઇ

સોમવારે રાત્રે સાડા આઠ વાગ્યે સ્ટાર પ્લસ પર ‘કસોટી જીંદગીકી’ ની શરૂઆત થઇ રહી હતી. ગયા અઠવાડિયાના ત્રણેક હપ્તા જોવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પ્રોફેસર સુખદેવ ચૂકી ગયો હતો. આજે તે ઘરમાં એકલો જ હતો. હમણાં જ ‘પુરોહિત’ની ખીચડી ખાઇને આવ્યો છે. આમ તો છેલ્લા કેટલાંય વર્ષોથી તે બહારનું જમતો નથી. ધાર્યા કરતાં તેનાથી વધુ ખવાઇ ગયું હતું. આમ તો કઢી જોઇને તે કઢી ઉપર તૂટી પડતો. ખીચડીને કઢી તેનું સ્વાદિષ્ટ ભોજન હતું. પણ આ માંદગીને કારણે-મીઠું ઓછું ખાવાનું હોવાથી - તે ભાગ્યે જ બહાર જમવા જતો. કયાં સુધી પોતાની જાતને સાચવે. મનને કેવી રીતે મારી શકે ? બહારનું ખાય તો મીઠાને કારણે શરીરમાં પાણી છૂટે, પરિણામે વજન વધે. અને વધારે પડતું વધેલું વજન ડાયાલિસીસમાં કાઢવું પડે તો પગ ખેંચાય. ક્યારેક અવાજ પણ બેસી જાય. આ બધું હોવા છતાં આજે તેણે બહુ ખાધું. જો કે એક દિવસના આંતરે તેનું ડાયાલિસીસ હોવાથી પાણી ઉપર થોડો કાબુ રાખશે તો કશી મુશ્કેલી નહીં પડે તેમ માની તેણે ખાધેલું. તૃપ્તિનો ઓડકાર ખાતો તે ઘેર આવેલો. અવરજવર વગરના રસ્તા પર એક ખૂણામાં ધીરે રહીને તેણે પેટ પર હાથ ફેરવી લીધેલો. જાણે કે ગાગર પર હાથ ના ફેરવ્યો હોય ! વધુ પડતું ખવાઇ જવાથી ચાલવામાં પણ મુશ્કેલી પડતી. ધીરે ધીરે ઘેર તો આવી જાય છે. શરીર પરના ભારેખમ વજન ધરાવતાં કપડાં ઉતારી નાખે છે. રસોડામાં પેસી જાય છે. લીંબુનું શરબત બનાવે છે. તેમાં સંચર નાખે છે અને પછી ગટગટાવી જાય છે. ટી. વી. સામે બેઠેલો માંડ હાશકારો અનુભવતો તે જયાં સીરિયલ જોવા માંડે છે ત્યાં ઘંટડી વાગે છે. દૃષ્ટિને ખલેલ કરતી ટેલિફોનની ઘંટડી વાગે છે. તે ટેલિફોન લેતો નથી. થોડીવારમાં ટેલિફોન બંધ થાય છે. ફરીથી ઘંટડી વાગે છે., પણ તે ઊભો થતો નથી. ફરી પાછો ટેલિફોન ચૂપ થઇ જાય છે. ત્રીજી વાર ટેલિફોન રણકે છે. છેવટે ના છૂટકે - ઉભુ થવાનું મન ન હોવા છતાં - તે ઉભો થાય છે. ટેલિફોનનું રિસીવર હાથમાં લે છે. સામેથી અવાજ આવે છે :

‘પ્રોફેસર કાકા, હું સરોજ. મારે તમને ખાસ મળવું છે. આવતી કાલે ડાયાલિસીસ કરાવવા આવવાના છો ? મારા દીકરાનું આવતી કાલથી રાજગઢ યુરોલોજીકલ હોસ્પિટલમાં ડાયાલિસીસ શરૂ થશે. મારે તમારી સાથે કેટલીક વાત કરવાની છે. તમે કહો તો હું અડધો કલાક વહેલી આવું. મારા દીકરાનું એક વાગ્યે ડાયાલિસીસ છે. તમારું તો કદાચ બાર વાગ્યે હશે. કેમ ખરું ને ?’

‘જો સરોજ, હવે હું તારામાં પડવા માંગતો નથી. તારો સ્વાર્થ હોય ત્યારે તું મારી પાસે આવે છે. પછી તું જુઠ્ઠું બોલે છે. તારી વાણી અને વર્તન બંનેની દિશા જુદી છે. મહેરબાની કરીને હવે હું તારી સાથે સંબંધ રાખવા માંગતો નથી.’

‘જુઓ કાકા, એમ તે કંઇ હોય ? હું તો તમારા કરતાં નાની છું. મારો સ્વભાવ તો ભૂલો કરવાનો છે. અને તમારા થકી હું બચવાની છું. હું ગમે તેવી હોઇશ છતાં તમારા પ્રત્યે મને આદર છે. તમે તો મારી મુશ્કેલીની સાંકળ છો. ભૂતકાળમાં પણ તમે મને બચાવી છે. તમે ના કહેશો તો ય કાલે વહેલી આવીને તમને મળીશ.’

‘જો. સરોજ, મારું કાલે ડાયાલિસીસ નથી. તને ખબર નહિ હોય, હવે તો હું અઠવાડિયામાં ત્રણ વખત જઉ છું. મંગળવારે મારું ડાયાલિસીસ હોતું નથી એટલે આપણે મળી શકીશું નહિ.’

‘તો કાકા અત્યાર આવી જઉં ?’

‘જો સરોજ, આજે હું એકલો છું. તું મારે ત્યાં આટલી મોડી રાત્રે આવે એ મારા માટે સારું ના કહેવાય. એવું હોય તો કાલે સવારે આવી જજે.’

‘કાકા, પણ અત્યારે આવું તો તમને શું વાધો ?’

‘સરોજ, મને વાંધો છે, ખાસ કરીને તારો. કોઇ જાણે તો મને બદનામ કરી નાખે. એટલે મહેરબાની

કરીને હવે તો કાલે પણ નહિ. બુધવારે બાર વાગ્યે હોસ્પિટલ આવી મને મળજે.' એમ કહી પ્રોફેસર સુખદેવ ટેલિફોન કટ કરી દે છે. કદાચ સરોજ રાત્રે આવે તો ? પેટ તો ભારેખમ છે. સુખદેવ સરોજને બરાબર ઓળખે છે. તેથી ધીરે રહીને ટી.વી. બંધ કરી કપડાં પહેરી બહાર નીકળી જાય છે. બે-ત્રણ કલાક ગમે ત્યાં પસાર કરશે તેમ તે માને છે. પાછો વિચારે છે કે હજુ 'વૈભવ' માં 'કભી ખુશી કભી ગમ' નો છેલ્લો શો હમણાં જ ચાલુ થયો હશે અને તે નજીકની વૈભવ ટોકિઝમાં પહોંચી જાય છે. સિનેમા જોયા પછી મોડી રાત્રે મહાપરાણે પોતાને ઘેર પહોંચે છે. અને જ્યાં બારણા પાસે પહોંચે છે ત્યાં જ ચમકે છે. બારણા પાસે જ નીચે સરોજ ટુંટિયું વાળીને ઉંઘતી હતી. તે તેને ઉઠાડતો નથી. અને ધીરેથી તેના પગલાં પાછાં પડે છે. હજુ તો તે બે-એક ડગલાં પાછા માંડે ત્યાં એના કાને અવાજ સંભળાય છે, 'પ્રોફેસર કાકા, આટલા બીકણ તો તમે હશો એવું મે વિચારેલું નહીં. પણ હું જાગતી છું.'

હવે પ્રોફેસર સુખદેવને પાછા વળ્યા સિવાય છૂટકો નથી. સરોજ બેઠી થાય છે. સુખદેવ મકાનનો મુખ્ય દરવાજો ખોલે છે. અંદર પ્રવેશી લાઇટ કરે છે. પાછળ-પાછળ સરોજ પણ પ્રવેશે છે. બેઠક રૂમમાં સોફા પર બેસી ધીરેથી પોતાના પર્સમાંથી એક કવર કાઢે છે.

'કાકા, મારાથી ગભરાઇને તમે ચાલ્યા ગયા. જો કે હું એવી જ છું કે મારો કોઇ વિશ્વાસ ન કરે. આજે હું તમને મુશ્કેલીમાં નહી મૂકું. પણ યાદ રાખજો એક દિવસ તમારી ઇચ્છા ન હોવા છતાં પણ હું તમારા જ ઘરમાં તમે એકલા હશો ત્યારે આવીને રહીશ. અને કદાચ તે દિવસે તમે મને બહાર કાઢી મૂકવાની હિંમત નહી રાખો. તમેજ મારો સ્વીકાર કરશો. પણ આજે... તમારી સમક્ષ થોડીક સુધરી ગયેલી સરોજ છે.'

'જો સરોજ, તું સુધરી ગઇ છે એ હું કેવી રીતે માની શકું?' 'દોરડી બળે પણ તેનો વળ તો ન જ છૂટે' એવી તું છું.'

'કાકા, આજે તો તમે મને આ બધું કહો છો પણ એક દિવસ એવો આવશે કે તમે મને સામે ચાલીને બોલાવશો અને ત્યારે પણ હું તમારી ઇચ્છાને માન આપીશ. એ વાત જવા દો. આ કવર લો. એ કવરમાં ચાર લાખ રૂપિયાની પાકતી રસીદો છે. ત્રણેક દિવસ પછી આ રકમ પાકશે. તમે કદાચ જાણતા નહિ હો કે મગનભાઇએ મને મારા દીકરાના પ્રત્યારોપણ માટે ત્રણ લાખ આપ્યા હતા. જો કે મેં લુચ્ચાઇ કરીને તે પૈસા મેળવ્યા હતા. પૈસા મેળવવા માટે હું શું-શું કરું છું એનો તો તમને ખ્યાલ છે જ. મેં મગનભાઇ પાસેથી પ્રત્યારોપણ કરવા માટે પૈસા લીધેલા. તે વખતે હું આર્થિક ભીંસમાં હતી. પણ મેં મગનભાઇને છેતર્યા હતા. મેં રાજગઢની હોસ્પિટલ છોડી નવાપુરાની હોસ્પિટલ પકડેલી. આજે મારી ફિક્સ મૂકેલી રકમ પાકે છે. તે પાકતી રસીદો તમને આપી મગનભાઇના દેવામાંથી મૂકત થવા માંગુ છું. મગનભાઇ તો વ્યાજખાઉ માણસ હતા એ તો તમે પણ જાણો છો. એમણે મને ઘણી મદદ કરી છે. અને મેં પણ એમની ઇચ્છા પ્રમાણેનું વળતર આપ્યું છે. મગનભાઇએ આપેલી રકમનું વ્યાજ તેમને જોઇતું હોય તો ઉપલા એક લાખ વ્યાજના ગણી લે. નહીં તો પછી મને એ રકમ પાછી આપે. આપે કે ન આપે બંને રીતે હું સંતોષ અનુભવીશ. કાકા આ પૈસાનો વહીવટ બે દિવસ પછી તમારે કરવાનો છે. યોગ્ય વ્યકિતને પહોંચાડી દેજો અને કાકા....તમારી મદદ બદલ..'

'સરોજ એ વાત ન કર...તું અત્યારે જ ચાલી જા. મને પછી મળજે.'

સરોજ ઊભી થાય છે. જતાં જતાં પાછી કહેતી જાય છે, 'કાકા, હું ફરી જરૂર આવીશ. તમે ના કહેશો તો પણ તમારી સાથે...' કહેતી અને હસતી સરોજ સુખદેવના મકાનની બહાર નીકળી જાય છે. અને જેવી સરોજ બહાર નીકળે છે કે એકદમ સુખદેવ દરવાજો બંધ કરી દે છે. ત્યાં જ સોફા પર બેસી જાય છે. સરોજે આપેલું કવર ખોલે છે. બે દિવસ પછીની રૂપિયા ચાર લાખની પાકતી રસીદો પર સુખદેવની આંગળીઓ ભીંસાતી હોય એવો અનુભવ તે કરે છે. અને પરસેવાને જાણે કે પાણીથી ધોતો હોય તેમ ધોઇ નાખે છે.

# ચૌદ

## ચંપકભાઇ પકડાઇ ગયા

ચંપકભાઇનું આજે ડાયાલિસીસ હતું. આમ તો અઠવાડિયામાં ત્રણ વખત તે ડાયાલિસીસ માટે આવે એવું ડૉક્ટરે તેમની સાથે નક્કી કરેલું. અને તે એમાં સંમત પણ થયેલા. આમ તો પૈસાદાર માણસ. પણ સ્વભાવનો મોજીલો. મન ફાવે તેવું કરે. મોટેભાગે ચંપકના ડાયાલિસીસના સમયેજ પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ રહેતું. બંને નજીક નજીકના સ્થળેથી આવતા હોવાથી તેમની વચ્ચે ઘરોબો સંબંધ બંધાઇ ગયેલો. સુખદેવને પણ ચંપકભાઇ સાથે ફાવતું. અઠવાડિયાના ત્રણ દિવસ નકકી થયા હોવા છતાં ચંપકભાઇ દર અઠ્વાડિયે એક દિવસની ગાપચી મારતા. ક્યારેક સુખદેવ ચંપકભાઇને કહેતા :

'અરે, ચંપકભાઇ તમેતો બહુ ગાપચી મારો છો. ડાયાલિસીસ છોડવું એ આપણા માટે હિતકારક નથી હોતું.'

સામેથી ચંપકભાઇ પૂછતા, 'સાહેબ, આજે કેટલું 'નેગેટીવ' લઇને આવ્યા છો ?'

'ત્રણ કીલો'

'હું કેટલું લઇને આવ્યો છું એ તમે જાણો છો ? મારું 'નેગેટીવ' જાણીને તમને આશ્ચર્ય થશે ? Zero પોઇન્ટ લઇને આવ્યો છું. મારી આ વાત તમે માનશો નહી.'

'હું કેવી રીતે માનું ? હું તો એમ માનું છું કે કિડનીના દર્દીનું 'યુરીન' સદંતર બંધ થઇ જાય છે. તો પછી ?'

'સાહેબ, તમારી એ માન્યતા ખોટી છે. તમને કદાચ ખ્યાલ નહીં હોય કે પાંચ ટકા કિડનીના દર્દીઓને, કિડની ફેઇલ હોવા છતાં છૂટથી પેશાબ થતો હોય છે. એ પાંચ ટકામાં મારો નંબર લાગે. મને પેશાબ છૂટથી થાય છે અને પેશાબ વધે એટલા માટે હું જુદી જુદી દવાઓ પણ ખાઉં છું. દવાઓના અખતરા મારા ચાલુ જ રહે છે.'

'માફ કરજો. ચંપકભાઇ, તમારી આ વાત હું જાણતો ન હતો. તમે કહો કે ના કહો પણ હવે દર અઠવાડિયે એક ડાયાલિસીસની ગાપચી મારવાનું તમારું રહસ્ય હું સમજી ગયો. પણ ચંપકભાઇ ભલે તમે Zero નેગેટીવ લઇને આવતા હો પણ મહેબાની કરીને આમ ગાપચી ના મારશો. ડાયાલિસીસની પ્રક્રિયા ફક્ત નકકી કરેલા વજન કરતાં વધુના વજનને ફક્ત બહાર કાઢવાની નથી. તમને પેશાબ તો છૂટથી થાય છે. પણ એ પેશાબ વાટે શરીરનો કચરો તો બહાર ફેંકવાનું કામ નહીં જ થતું હોય. કેમકે કિડનીનું કામ ગળણી જેવું છે. શરીરનો કચરો સાફ કરી શરીરનું વધારાનું પાણી પેશાબ વાટે બહાર કાઢવું અને શરીરના લોહીને શુધ્ધ કરવું. એટલે ચંપકભાઇ છૂટથી પેશાબ થતો હોય છતાં પણ લોહીના શુધ્ધીકરણ માટે નિયમિત ડાયાલિસીસ કરાવવું જોઇએ એમ હું માનું છું. આ તો મેં મારી માન્યતા તમારી સમક્ષ રજૂ કરી પછી જેવી તમારી મરજી.'

'તમારી વાત સાચી છે. તમે મને આજે સાચી સમજણ આપી. હવે હું ગાપચી નહીં મારું. નિયમિત આવીશ.' એમ કહી ચંપકભાઇ પડખું ફેરવી જાય છે.'

ચંપકભાઇને જ્યારે પણ ડૉકટર રિપોર્ટ કરાવવાનું કહેતા ત્યારે તે રિપોર્ટ કરાવવાનું ના કહેતા. ઘરેથી બધાં ના કહે છે એવું પણ ડૉક્ટરને સમજાવતા. જો કે ખાનગીમાં હોસ્પિટલની બહાર ગમે ત્યારે રિપોર્ટ તો કરાવતા હતા. પણ હોસ્પિટલમાં તો નહીં જ. ડૉકટર કહે ત્યારે ધીરે રહીને કહેતા, 'ડૉકટર સાહેબ, રિપોર્ટ તો કરાવવાનો છે. જરૂર કરાવીશ.' પણ જ્યારે ડૉકટર ફોર્મ ભરીને આપે ત્યારે પ્રેમથી ફોર્મ ડૉકટર પાસેથી લઇ લેતા.'પૈસા ભરીને ફોર્મ લેતો આવીશ.' એવું કહી ગડી વાળીને ફોર્મને પ્રેમથી ખિસ્સામાં મૂકી દેતા. તેમના ખિસ્સામાં મૂકાયેલું ફોર્મ ફરીથી ક્યારેય દેખાતું નહોતું. ડૉકટર પણ ભૂલી જતા. ફરીથી આવે ત્યારે ફોર્મ ભરતા, ચંપકભાઇ હાથમાં લેતા, ખિસ્સામાં મૂકતા. એમને એમ તે ડાયાલિસીસ વિભાગમાં આવતા રહેતા.

એક દિવસે...

ચંપકભાઇની બાજુની જ પથારીમાં સુખદેવ હતો. આમ તો મોટેભાગે ચંપકભાઇની સાથે એમનો ડ્રાઇવર આવતો. પણ આજે એ એકલા જ આવ્યા હતા.

સુખદેવને આશ્ચર્ય થયું. સુખદેવને ખબર પડે છે કે છેલ્લા બે-ત્રણ દિવસથી ચંપકભાઇના બાપુજીની તબિયત લથડતાં, તેમને પણ યુરોલોજીકલ હોસ્પિટલની સ્પેશિયલ રૂમમાં રાખ્યા છે. ઘરનાં બધાં તેમના

બાપુજીની સેવામાં છે. એટલામાં જ તેમની પથારી પાસે ડૉક્ટર આવી પહોંચે છે. તે જ વખતે ચંપકભાઇની બહેન જે ડૉક્ટર છે તે પણ ત્યાં આવી પહોંચે છે.

'ચંપકભાઇ, તમે હિમોગ્લોબીનનો રિપોર્ટ કરાવી લો તો સારું.' ડૉક્ટર કહે છે.

ચંપકભાઇ બોલતા નથી.

'કેમ ચંપક તે એચ. બી.નો રિપોર્ટ કરાવ્યો નથી ?' તેમનાં બેન પૂછી બેસે છે.

'એ તો કાયમ રિપોર્ટની વાત આવે ત્યારે એમ કહેતા હોય છે કે ઘરેથી બધાં ના કહે છે. મારુ માનવું છે કે એચ. બી. નો રીપોર્ટ નિયમિત કરાવવો જોઇએ.' એમ કહેતાં ફરજ પરના ડૉક્ટર ચંપકભાઇની ફાઇલમાં કંઇક નોંધ કરે છે અને બીજા દર્દી પાસે પહોંચી જાય છે.

'ચંપક, ઘરેથી કોણ રિપોર્ટ કરાવવાનું ના કહે છે. મારા ભાભી તો કદાચ આવું ના કહે.'

'એ તો મારી જાતે જ મેં કહેલું. મારે રિપોર્ટ કરાવવા નથી.'

'જો ચંપક, દર મહિને આ લોકો કહે તે પ્રમાણે રિપોર્ટ તો અહીં દવાખાનામાં જ કરાવવા જોઇએ. અને હવેથી દર મહિને નિયમિત રિપોર્ટ કરાવજે. હું નીચે પપ્પા પાસે જાઉં છું. ફરથી પાછી સાંજના આવીશ.' એમ કહી ચંપકની ડૉક્ટર બહેન બહાર નીકળી જાય છે. ચંપક પોતાની બહેનને તાકી રહે છે.બાજુની પથારીમાંનો પ્રોફેસર સુખદેવ આ બધું જુએ છે અને સાંભળે છે. આમ તો સુખદેવ ચંપકભાઇને પૂરેપૂરો ઓળખી ગયો છે. તે ધીરેથી કહે છે.

'ચંપકભાઇ, આજે તો પકડાઇ ગયાને ?'

'હા, ભાઇ હા, ખરેખર આજે હું પકડાઇ ગયો.'

'ચંપકભાઇ, આજે તમારાં બહેન આવ્યાં અને તમે પકડાઇ ગયા. પણ ચંપકભાઇ એક સારું કામ તમારી બહેને આજે કર્યું. આ ડૉટકરનો માથા ઉપરનો ઘણોખરો બોજ આજે ઓછો થઇ ગયો હશે.'

બંને એકી સાથે ખડખડાટ હસી પડે છે. બીજી ક્ષણે હસતા બંધ થઇ જાય છે. સામે દિક્ષીતા ગજ્જર ઊભી હતી. તેની સાથે કેન્ટીનનો માણસ હતો. અને કેન્ટીનના માણસના બંને હાથમાં પડિયામાં પત્તરવેલિયાં હતાં. તેના બંને હાથ લંબાય છે અને બીજી ક્ષણે એક-એક પડિયો ચંપકભાઇ અને સુખદેવના હાથમાં પહોંચી જાય છે. દિક્ષીતા હસે છે. અને કેન્ટીનના માણસ સાથે બીજા દર્દીઓની પથારી પાસે પહોંચી જાય છે. વાતોના વડા કરતા ચંપકભાઇ અને સુખદેવ પાસે બોલવાના શબ્દો નથી. કેમકે હાથ પડિયા તરફ અને પડિયામાંથી મોં તરફ જાય છે. પત્તરવેલીનાં ભજિયાં મોંમા હોય તો કેવી રીતે બોલી શકે ?

## પંદર

## દાન કરવાની ઇચ્છા

સરોજ રસીદ આપી ગઇ. તેના ત્રીજા દિવસે સુખદેવ મગનભાઇને મુંબઇ ફોન કરી સરોજની વાત કરે છે. બે-ચાર દિવસમાં પૈસા આવી જશે. તે મગનભાઇને પહોંચાડશે તેવું પણ ફોનમાં કહે છે. સામેથી -

'સુખદેવભાઇ, પૈસા તમારી પાસે જ રાખશો. થોડા દિવસમાં હું ત્યાં આવીશ. તમે તો જાણો છો, હું વ્યાજખાઉં માણસ છું. છતાંય મારામાં હૃદય જેવું તો કંઇક છે જ ! તે રકમ કદાચ હું યુરોલોજીકલ હોસ્પિટલને દાનમાં આપીશ અને એ રકમના વ્યાજમાંથી આર્થિક સ્થિતિએ ગરીબ એવા દર્દીઓને ડાયાલિસીસમાં રાહત મળે તેવી વ્યવસ્થા ગોઠવીશ. અને રહી સરોજની વાત. તેણે મને છેતર્યો છે. તેની સાથેનો હિસાબ કેવી રીતે પૂરો કરવો તે હું જાણું છું.'

'મગનભાઇ, હવે જ્યારે ઠરી ઠામ થયા છો ત્યારે સરોજને પજવશો નહીં. આ મારી સલાહ છે.'

'સુખદેવભાઇ, તમે એને ઓળખતા નથી. સાલી એ લુચ્ચી છે. મીઠું મીઠું બોલી મારી પાસેથી તેનું કામ

તેણે કરાવી લીધું અને આટલી મોટી રકમ પણ મેં એને આપી. એ રકમનો તેણે સદ્‌ઉપયોગ ન કર્યો. યુવાન ઉંમરે પહોંચેલા તેના દીકરાનું પ્રત્યારોપણ તેણે ન કરાવ્યું અને મારા આપેલા પૈસા એક સારા કામમાં વપરાતા રહી ગયા. ખેર, એ બધી વાત છોડો. હું થોડા સમયમાં આવીશ ત્યારે મારે તમારી સાથે બહુ વાત કરવી છે. મમતા અને પાર્વતી એ તમને યાદ આપી છે. સુખદેવભાઇ, તમે પણ મારી માફક પ્રત્યારોપણ કરાવી લેતા હો તો ? ફરીથી ફોન કરીશ.' અને બીજી ક્ષણે ફોન કટ થઇ જાય છે.

# સોળ

## છસો છવ્વીસમું ડાયાલિસીસ દેવાંશીના નામે

આજે-બુધવાર-તેનું ૬૨૬મું ડાયાલિસીસ હતું. આજે તે ડાયાલિસીસ માટે જતો નથી. આ છ વર્ષમાં તેણે ડાયાલિસીસનો ક્રમ છોડ્યો નથી. બીજા દર્દીઓ તો પંદરેક દિવસે એક દિવસની ગાપચી મારી લેતા, પણ તેને ગાપચી મારવાનું ગમતું નહીં.કિડનીના દર્દની શરૂઆતના દિવસોમાં તે અઠવાડિયામાં ત્રણ વખત આવતો. મંગળવાર, ગુરૂવાર અને શનિવારે. શરૂઆતના દિવસોમાં પહેલી વખત તેણે એક ગુરૂવારે ડાયાલિસીસ કરાવ્યું નહોતું. તે દિવસે તેની નાની દીકરીનું લગ્ન હતું. તેથી તેણે સ્વૈચ્છાએ એક ડાયાલિસીસ જતું કર્યું. ત્યાર પછી એક વર્ષ પછી તે અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ માટે આવતો. મંગળવારે અને શુક્રવારે. ફરીથી એક વખત એક મંગળવારે તે ડાયાલિસીસ માટે આવતો નથી. શુક્રવારે સવારે ડાયાલિસીસ કરાવ્યા પછી (મોટેભાગે ડાયાલિસીસનો સમય તેનો બપોરનો હતો. પણ દિવસે તેનો સમય તેણે બદલાવેલો.) તે આફ્રિકા જવા નીકળે છે. બીજા શુક્રવારે તે પાછો આવવાનો છે. તેથી મંગળવારનું ડાયાલિસીસ છોડે છે. આમ તે બે ડાયાલિસીસ અત્યાર સુધી છોડે છે. અને પાછું આ ત્રીજી વખત ડાયાલિસીસ કરાવવા માટે તેને ઉમળકો આવતો નથી . કેમકે તે દિવસે - બુધવારે વહેલી સવારે - તેની પૌત્રી ઈન્ડિયા આવવાની હતી. પૌત્રી આવે છે તેથી તેની સાથે આખો દિવસ રમતમાં પસાર કરશે તેમ તે મને છે. તેને યાદ આવે છે. તે ફોન કરતો ત્યારે સામેથી

'દાદા જય શ્રી કૃષ્ણ'

'જય શ્રી કૃષ્ણ' તે સામે જવાબ આપતો અને પાછું પૂછતો, 'તું શું કરે છે ?'

'દાદા, હું રમું છું અને સાથે ખાઉં છું.'

'બહેન શું કરે છે.'

'બહેન સૂઇ ગઇ છે.'

'તું શું ખાય છે?'

'હું ભાખરી ખાઉં છું. દાદા, હું ત્યાં આવવાની છું. તમારી સાથે બહુ રમીશ.'

ટેલિફોન લાઇનમાં ખામી હોવાથી ટેલિફોન કટ થઇ જાય છે.સુખદેવ સમક્ષ પોતાની અઢી વર્ષની પૌત્રી-ફોટામાં જોઇ હતી તેવી - દેખાયા કરે છે. અને તેથી જ તેણે આજે તે આવવાની હોવાથી તેની સાથે રમવા માટે એક ડાયાલિસીસ છોડવા વિચાર કર્યો છે. બે ડાયાલિસીસ વચ્ચે ત્રણ દિવસનો ગાળો પડવાનો છે તે તે જાણે છે. અને તે બીજું પણ જાણે છે કે આ છ વર્ષ પછી તેની પાણીની તરસ છીપાતી નહીં હોવાને કારણે આડેધડ પાણી પીધા કરે છે. ઘરથી બહાર ઓફિસે જાય છે, ત્યારે પણ પાણી ઓછું પીવાનું મળે અને તાપમાં પરસેવો વળે તેથી જ એ જાય છે. એવું બીજાઓને કહી મન મનાવે છે. પણ વાસ્તવમાં ઓફિસે પહોંચ્યા પછી થોડીજ વારમાં ચા વાળો છોકરો ચા લઇ આવે ત્યારે, તેની પાસે ઠંડા પાણીની બોટલ મંગાવી લે છે અને એકાદ પ્યાલો પાણી પી જાય છે.

આ ત્રણ દિવસના ગાળામાં તેનાથી પાણી પી જવાશે તેમ માને છે. હમણાંનું ત્રણ કિલો કરતાં વધુ વજન લઇને જાય છે ત્યારે ડાયાલિસીસ વખતે તેના પગની નસો ખેંચાય છે. આ એક ડાયાલિસીસ છોડશે ત્યારે તે મુશ્કેલીમાં મુકાવવાનો છે તેમ માનતો હોવા છતાં પૌત્રીના પ્રેમને કારણે ડાયાલિસીસ માં જવાનું બંધ રાખે છે.

તે સાંજે...

ઘરના બધાં સાથે બેઠો છે. ત્યારે ડાયાલિસીસ છોડવાની ચર્ચા થાય છે. ત્યારે ચર્ચાઓ થતી રહે છે અને તે ધીરે રહીને કહે છે :

'આજનું ડાયાલિસીસ મેં દેવાંશીને કારણે છોડ્યું છે. આ ડાયાલિસીસ છોડવાને કારણે મને કોઇ મુશ્કેલી થશે તો એની બધી જવાબદારી દેવાંશીની રહેશે.'

'એવું તે કંઇ હોય પપ્પા ? દેવાંશીએ કંઇ કહ્યું છે કે તમે ડાયાલિસીસ છોડો. તમે એનો વાંક કાઢો એ મારી દ્રષ્ટિએ યોગ્ય નથી ?' એના દીકરાની વહુ ધીરે રહીને કહે છે.

'જો બેટા, મેં આ ડાયાલિસીસ દેવાંશીને કારણે જ છોડ્યુ છે અને કંઇ થાય તો એ જવાબદારી એની જ રહે. કેમકે એના નિમિત્તે એ છોડ્યું છે. જેના નિમિત્તે જે છોડો એ વખતે જે પરિણામ આવે એનું નિમિત્ત એ વ્યકિત જ બને છે. એમ મારું માનવું છે. પણ સાચું કહું ? આજે દેવાંશીના પ્રેમને કારણે જ ડાયાલિસીસ છોડવાનું મન થયું હતું. તું તો જાણે છે હું કિડનીનો દર્દી છું. કિડનીના દર્દીનું ભવિષ્ય શું હોય એનાથી પણ તું માહિતગાર છે. હવે રહી ડાયાલિસીસ છોડવાની વાત- દેવાંશીના નામે - તને કદાચ ખબર નહીં હોય નાના છોકરાં પ્રત્યેની મમતા ઘણું બધું આપી જાય છે. નાના છોકરાં માટે કરેલો ત્યાગ માણસને કોઇ મુશ્કેલીમાં મુકતો નથી. અને આજે દેવાંશીના જન્મ પછી પહેલીવાર હું તેને જોઉં છું. આમ તો દીકરીના સંતાનોએ મને 'દાદા, દાદા' કહીને પ્રેમ તો આપ્યો છે. એમના પ્રત્યે મારું વાત્સલ્યનું ઝરણું સદાય વહેતુ રહ્યું છે. પણ એ ઝરણાંમાંથી ફંટાતુ પાછું એક નાનું ઝરણું સદાય અતૃપ્ત રહેલું. દીકરાના સંતાનો 'દાદા' કહીને બોલાવે એ ઝંખના મનુષ્યમાત્ર ને હોય છે. એવી જ મારી ઝંખના હતી - દેવાંશીને જોવાની, અને સાથે કાલી કાલી વાતો કરવાની અને તેની સાથે રમવાની. હવે તો તમે બધાં માનશો કે આ ડાયાલિસીસ મેં દેવાંશી માટે જ છોડ્યું છે. મારી વાત તમે બધાં સમજ્યાં ને?'

બધાં સુખદેવની વાત સમજે છે. અરસ-પરસ એકબીજાના મોં તરફ જોઇ રહે છે અને ત્યાં જ બહાર ગેલેરીમાં ઊભેલી દેવાંશી અંદર આવે છે. બધાં તેને જુએ છે અને ખડખડાટ હસી પડે છે.

અને બે દિવસ પછી....

શની વારે સુખદેવ ડાયાલિસીસ માટે જાય છે. આ ત્રણ દિવસમાં પાંચ કિલો તેનું વજન વધ્યું છે. ટેકનિશિયનને કહીને ચાર કલાકને બદલે ડાયાલિસીસનો પાંચ કલાકનો સમય તે કરાવે છે. નકકી આજે તેના પગની નસો ખેંચાશે તેવું તે માને છે. એક નસ પર બીજી નસ ચઢી જતાં પગ ખેંચાવા લાગે, અસહ્ય પીડા થાય અને સાથે કોઇ ના હોય તો ક્યારેક મુશ્કેલી પણ ઊભી થાય. એવું આજે બનશે જ તેવું તે માની લે છે. તેથી તે પગ લાંબા કરીને સૂઇ ન રહેતાં ઢીંચણથી પગ વાળી દે છે. જેથી નસો ખેંચાય તો પણ થોડી રાહત રહે. ચાર કિલો વજન નીકળતાં તેના પગની નસો ખેંચાવા લાગે છે. લોહીનુ દબાણ એકસો દશ પર આવી પહોંચે છે. તે મશીન બંધ કરાવે છે. થોડીવારમાં તેનું ડીસકનેકટ થાય છે. વજન કરાવે છે ત્યારે ખબર પડે છે કે એક કિલો જેટલું વજન શરીરમાં જ રહી ગયું છે. આતો દેવાંશીના નામનું છોડેલા પછી નું ડાયાલિસીસ હતું. તે કષ્ટ વેઠી લે છે. તે ઘેર પહોંચે છે.

'આજે આખો દિ વસ તે દાદાને શોધતી હતી' એના દીકરાની વહુ તેને કહે છે.

'દાદા, આ તમને શું થયું ?' દેવાંશી એની કાલી ભાષામાં પૂછે છે.

'એ તો બેટા' 'આય' થઇ છે. '

દેવાંશી એની મમ્મી સામે જુએ છે.

'જયારે તે પૂછતી ત્યારે હું કહેતી, 'દાદા આજે દવાખાનામાં ઇન્જેકશન મૂકાવવા ગયા છે.'

એની દીકરાની વહુ ધીરે રહીને બોલી. સુખદેવ આ સાંભળે છે. દેવાંશીને બોલવવાનો પ્રયત્ન કરે છે. ત્યાં દેવાંશી નહોતી. સુખદેવ તે કયાં ગઇ તે જોવા ઊભો થાય છે. અંદરના રૂમમાં તેજાય છે અને જુએ છે અને આશ્ચર્યમાં પડી જાય છે.

'હે ભગવાન ! મારા દાદા ને સાજા કરી દેજો.' એમ ભગવાનના મંદિરની આગળ હાથ જોડીને ઉભેલી દેવાંશી બોલે છે. સુખદેવની પાછળ પાછળ આવેલા બધાં આ દશ્ય જુએ છે. બધાં આશ્ચર્યમાં પડી જાય છે. સુખદેવ આ દશ્ય જોઇ શકતો નથી. પોતાની પૌત્રીમાં આ સમજ ક્યાંથી આવી ? એમ વિચારતો પાછો વળી જાય છે. એ એકદમ એ રૂમની બહાર નીકળી જાય છે. સીધો 'બેઝીન' પાસે પહોંચે છે. મોં ધોતી વખતે પાણીની સાથે

પોતાની આંખમાં આવેલાં આંસુ પણ તે ધોઇ નાખે છે. એનો તો ખ્યાલ કોઇને ક્યાંથી આવે ?

## સત્તર

## સરોજ - સંબંધ સુધારવાની દિશામાં

અને હવે...

સરોજના દીકરાનું પહેલાં થતું હતું તેમ રાજગઢની યુરલોજીકલ હૉસ્ટિપલમાં બે વખત ડાયાલિસીસ થતું રહે છે. સરોજ પ્રોફેસર સુખદેવ સાથે નજીકના સંબંધો બાંધવાનો પ્રયત્ન કરતી હોવા છતાં સુખદેવ એનાથી દૂર ભાગે છે. એની સાથે બોલતો પણ નથી. સરોજ બધું સમજે છે. જો કે એના પ્રયત્ન સુખદેવ સાથે સંબંધ બાંધવાનો થતો રહે છે. ક્યારેક સુખદેવને ના પીવી હોય છતાં અડધી ચા એની પથારી પાસે આવી જાય છે. અને ક્યારેક ખારીસીંગનું પડીકું પ્રોફેસર સુખદેવના ઓશિકા પાસે સરોજ મૂકી જાય છે. ખારીસીંગનું પડીકું જોતા સુખદેવને હંમેશા મગન તરફ પગલાં માંડતી અને પોતાની ઉપેક્ષા કરતી સરોજ દેખાય છે. જો કે આમને આમ સરોજના દીકરાનું ડાયાલિસીસ થતું જાય છે. સરોજ આવતી રહે છે. પણ હવે સરોજ આર્થિક સંકડામણમાં હોવા છતાં કોઇની પાસે પૈસા માંગતી નથી. છતાં પૈસાનો બબડાટ તો ચાલુ જ હોય છે.

જે વ્યકિતની આપણે ઉપેક્ષા કરતા હોઇએ કે જેનાથી દૂર ભાગવાનો પ્રયત્ન કરતા હોઇએ એજ વ્યકિત ગમે તે બહાને તમારી નજીક આવે, ભલેને તમે એની સાથે ન બોલતા હો છતાંય ધીરે ધીરે તમારા હૃદયના કોઇ ખૂણામાં એનું સ્થાન નિશ્ચિત કરતી હોય છે એની તો તમને ક્યારેય ખબર પડતી નથી. પ્રોફેસર સુખદેવનું પણ આવું જ છે.. એને ખ્યાલ નથી આવતો કે સરોજ એના હૃદયમાં ધીરે ધીરે પગ પેસારો કરી જાય છે. જો કે ક્યારેક એકલો હોય ત્યારે સરોજના શબ્દો એ મમળાવ્યા કરે છે.

‘એક દિવસ એવો આવશે કે તમે મને સામે ચાલીને બોલાવશો.’ તે રાતના સરોજના શબ્દો આજેય તેના કાનમાં પડઘાયા કરે છે.

## અઢાર

## કિડની પ્રત્યારોપણ પછી લેવામાં આવતી દવાઓ અને તેની આડ અસરો

ત્રણેક માસ સુધી ડાયાલિસીસ વિભાગમાં સતત આવતો હોવા છતાં પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ કરાવવા આવતા પ્રજાપતિને જોતો નથી. તે કોઇને પૂછી શકતો નથી. પોતાની રીતે તપાસ કરતો રહે છે. ઓચિંતો એક દિવસે એક ટેકનિશિયન સાથે વાત કરતા ખબર પડે છે કે પ્રજાપતિ નિયત કરેલા દિવસોમાં રાત્રે ડાયાલિસીસ કરાવવા આવે છે. હવે સુખદેવને ખ્યાલ આવે છે કે તેથી જ તેને કોઇ મળતાં નથી.

અને એક શનિવારે બપોરે સુખદેવ ડાયાલિસીસ વિભાગમાં આવે છે ત્યારે, તે જુએ છે કે પ્રજાપતિનું ડાયાલિસીસ ચાલતુ હતું. તેની પથારીની બાજુમાં જાગૃતિ બેઠી હતી. સુખદેવને જોતાં જાગૃતિ મીઠુ હસે છે. ખુરશીમાંથી ઉભી થાય છે, ત્યાં સુધીમાં તો સુખદેવ પોતાની પથારીમાં પહોંચી જાય છે. ઊભી થયેલ જાગૃતિ પાછી ખુરશીમાં બેસી જાય છે.

પ્રોફેસર સુખદેવનું નીડલીંગ થયા પછી જાગૃતિ પથારી પાસે આવીને ખુરશીમાં બેસે છે. ધીરેથી કહે છે, ‘‘આ ત્રણેક માસમાં મેં ઘણીવાર તમારે ત્યાં ફોન કર્યા. સામેથી કોઇ સ્ત્રીનો અવાજ સાંભળતાં હું ફોન મૂકી દેતી. આજે તો નકકી જ કર્યુ હતું કે રાત્રે હું તમારે ત્યાં આવત. ખાસ તો મારે તમારી પાસે કેટલીક જાણકારી લેવાની હતી.’’

‘‘શાની જાણકારી ?’’

‘કિડની પ્રત્યારોપણ પછી કેવી દવાઓ લેવી ? અને દવાઓની આડઅસર થાય છે કે કેમ એ પણ

જાણવું હતું.'

'જાગૃતિ, આ બધું તારે જાણવાની શી જરૂર ?'

'જુઓ , આવતા અઠવાડિયે મારા ભાઇનું પ્રત્યારોપણ છે. જુવાન જોધ નાની ઉંમરનો ભાઇ છે. એટલે એને પ્રત્યારોપણ પછી કોઇ મુશ્કેલી ના આવે એ તો જોવું રહ્યું ને ? મારી ભાભીમાં તો અકકલનો છાંટો નથી. ભાઇની દેખરેખ બીજું કોઇ રાખે તેમ નથી. એથી થોડો સમય મારે જ ભાઇની સાથે રહેવું પડશે. એટલે મારે બધું જાણી લેવું જોઇએ ?'

'તારી વાત સાચી છે. પ્રત્યારોપણ પછી દર્દીની સાથે જે રહે તે વ્યકિતએ આ બધું જાણવું જોઇએ. પણ જાગૃતિ, એક વાત કહુ ? હું કંઇ કિડનીના દર્દનો નિષ્ણાત નથી. તો પછી મને પૂછવાનો શો અર્થ ?'

'તમારી વાત સાચી છે, પણ એક વાત કહું, તમારી પર મને વિશ્વાસ છે. તમે આ દર્દ વિશે ઘણું વાંચો છો, લખો પણ છો. તમારા મિત્ર મગનના પણ લેખો મેં વાંચ્યા છે. તમે અમને સમજી શકો તેમ છો એટલે જ તમને વારંવાર પૂછીએ છીએ.'

'જો જાગૃતિ, આજની ટપાલમાં જ મગનનો એક લેખ મારી પર કોઇ છાપામાં પહોંચતો કરવાનો આવ્યો છે. મેં એ લેખની કેટલીક ઝેરોક્ષ કોપી પણ કઢાવી છે. એની એક કોપી તું લઇ જા. તને કામમાં આવશે.'

જાગૃતિ પાસે પોતાની થેલી મંગાવે છે. અંદર રહેલો લેખ જાગૃતિને લેવાનું કહે છે. જાગૃતિ લેખ લઇ ઊભી થાય છે. સુખદેવ થોડીક માનસિક શાંતિ માટે ઊંઘવાનો પ્રયત્ન કરે છે.પોતાના ભાઇની પથારી પાસે પહોંચેલી જાગૃતિ આરામથી બેસી લેખ વાંચે છે. લેખનું શીર્ષક હતું : **'કિડની પ્રત્યારોપણ પછી લેવામાં આવતી દવાઓ અને એની આડ અસરો.'**

જ્યાં સુધી કિડનીના દર્દીએ પ્રત્યારોપણ કરેલું અંગ કાર્યરત હોય ત્યાં સુધી - મોટા ભાગના દર્દીઓએ - પ્રતિકારતા ઘટાડનારી દવાઓ લેતા રહેવું જોઇએ. આ રિજેકશન થતું અટકાવવા માટે જરૂરી છે. એ ઉપરાંત હાઇ બ્લડપ્રેશર વગેરે માટે પણ દવાઓ લેવી પડે.

જે દર્દી ડૉક્ટરની સૂચના મુજબ દવા લેતો નથી, તે 'અસહકારી 'કહેવાય છે. પ્રત્યારોપણની નિષ્ફળતાનું મોટું કારણ દર્દીનો અસહકાર છે. નિયમિત રીતે જણાવેલી દવાઓ લેતા રહેવું અને નિયત સમયે ડૉક્ટરની સલાહ લેવું અનિવાર્ય છે. જો દર્દી આટલું ના કરે તો પોતાને જ નુકશાન કરે છે. ડૉક્ટરની સલાહ વિના દર્દીએ સૂચિત દવાઓનો એક પણ વારો ચૂકવો ન જોઇએ. ઓપરેશન પછીના પહેલા વર્ષમાં જ્યારે દવાઓનું પ્રમાણ સૌથી વધુ હોય ત્યારે તેની આડઅસરો પણ સામાન્ય રીતે જોવા મળે છે.'

(૧) **સાયકલોસ્પોરીન :**

આ એક પ્રતિકારકતા ઘટાડનારી શકિતશાળી દવા છે. જે રીજેકશન થતું અટકાવે છે. આ દવા મોંઘી હોવા છતાં, પ્રત્યારોપણને સફળ બનાવવામાં ખૂબ મહત્વની પૂરવાર થઇછે.

**આ દવાના અન્ય દવાઓ સામે ફાયદા :**

(૧) આ દવા ચોક્ક સ પણે પ્રતિકારતાનું કાર્ય કરતા અમુક કોષો પર જ કાર્યરત થાય છે. જે રીજેકશન માટે જવાબદાર હોય છે. જ્યારે અન્ય દવાઓ પ્રતિકારતાના સમગ્ર તંત્રને નબળુ બનાવી દે છે. જેથી ચેપ લાગવાની સંભાવના વધારે રહે છે.

(૨) એઝોથાયોપ્રીનની જેમ આ દવા અસ્થિમજ્જા (બોર્નમરો) માં રકતના વિવિધ ઘટકો બનવાની પ્રકિયાને અસર નથી કરતી. જો તેમ થાય તો લોહીમાં શ્વેતકણોની ઓછી માત્રાને લીધે ચેપ ઝડપથી લાગીને ફેલાવાનો ભય રહે છે.

સાયકલોસ્પોરીન ગોળી (કેપ્સુલ) સ્વરૂપે અથવા તો ઓલિવના તેલમાં મિશ્રિત પ્રવાહી તરીકે મળે છે. જેને દૂધ, સંતરાનો રસ અથવા ચોકલેટવાળા દૂધમાં મેળવીને લઇ શકાય. દવા ભેળવતા પહેલાં જ્યુસ અથવા દૂધ ગરમ કે ઠંડુ ના હોતાં સામાન્ય તાપમાન પર હોય તે ચકાસી લેવું જરૂરી છે. વળી પ્લાસ્ટિક કે અન્ય ગ્લાસ ન વાપરતા આ પ્રવાહી કાચના વાસણમાં જ લેવું આવશ્યક છે. દવા મેળવ્યા પછી જ્યુસ / દૂધ તરત જ વાર કર્યા વિના પી લેવું જરૂરી છે. ખૂબ ઠંડા કે ગરમ પ્રવાહીમાં આ દવા ન મેળવવી.

પ્રવાહી સાયક્લોરીન દવાની શીશી સાથે જ માપ માટે નળી (પિપેટ) આપવામાં આવે છે, તેના વડે

એકદમ બરાબર માપીને જ દવાનું ચોકકસ પ્રમાણ લેવું જોઇએ. દવાનું પ્રમાણ ઓપરેશન બાદ દર્દીના વજન, લોહીમાં આ દવાનું પ્રમાણ તેમજ કિડનીની કાર્યશકિત મુજબ નકકી કરવામાં આવે છે. જે સમયે - સમયે બદલાતું રહે છે. આ દવાને ઓરડાના જ તાપમાને (૮૬ ફેરનહીટથી નીચે) રાખવી જોઇએ. રેફ્રિજરેટરમાં નહીં. માપનળી (પિપેટ) કાગળના નેપકીન (ટિસ્યુ પેપર) થી સ્વચ્છ કરી શકાય.

**આડઅસરો :**

જયારે સાયકલોસ્પોરીન ઊંચા પ્રમાણમાં લેવાની હોય ત્યારે આડ અસરો વધુ પ્રમાણમાં જોવા મળે છે. જયારે દવાનું પ્રમાણ ઘટતાં તે સમી જાય છે. જો આડ અસરો જણાય તો દર્દી એ પોતાની મેળે દવા બંધ ન કરી દેતાં પોતાના ડૉકટરને તે વિશે જણાવવવું જોઇએ.

**સામન્ય આડઅસરો :**

(૧) કિડનીની બિનકાર્યશીલતા જેવા લક્ષણો જેમકે પેશાબની માત્રામાં ઘટાડો, પગના પંજા-હાથ ઉપર સોજા

(૨) હાથમાં હળવી ધ્રુજારી

(૩) શરીર પર વધુ પડતી રૂવાંટી

(૪) દાંતના પેઢામાં સોજો કે રકતસ્ત્રાવ

(૫) લો હીનું ઊંચુ દબાણ

(૨) **એઝોથાયોપ્રીન :**

આ પણ પ્રતિકારતા ઘટાનારી દવા છે. જે સંબંધિત દાતાના કિસ્સામાં દર્દીને આપી શકાય, જો દર્દીને સાયકલો સ્પોરિનનો ખર્ચ પરવડે તેમ ન હોય તો ઘણાં દર્દીઓમાં તે સાયકલોસ્પોરીનની સાથે જ લેવાની હોય છે. આ દવા પચાસ મી.ગ્રા. ની ગોળી સ્વરૂપે આવે છે. જે સૂચવેલા પ્રમાણ મુજબ આખી અથવા અડધિયા ટુકડા કરીને લેવી પડે છે. દર્દીએ આ પ્રમાણ બરાબર સમજીને દવા રોજ અચૂક લેવી જોઇએ. સિવાય કે ડૉકટરની કોઇ સૂચના મળી હોય.

**આડઅસરો :**

(૧) દર્દીના શરીરમાં અસ્થિમજ્જાની કાર્યશકિતમાં ઘટાડો અને શ્વેતકણોના પ્રમાણમાં ઘટાડો, જો તેમ થાય તો આ દવાનું પ્રમાણ હંગામી ધોરણે ઘટાડવું કે બંધ કરવુ પડે, શ્વેતકણોનું પ્રમાણ ઘટી જતાં ચેપ લાગવાનો ભય રહે છે. દર્દીને ગળામાં બળતરા, મોંમાં ચાંદા, કફ , તાવ જેવું જણાય તો તુરંત ડૉકટરને જાણ કરવી.

(૨) ચેપ લાગવાનું જોખમ

(૩) ઊલ્ટી અને ઉબકા

(૪) યકૃત (કલીવર) ને વિપરીત અસર

(૩) **પ્રીડની સોલોન :**

આ દવા શરીરના અન્ય અંતઃસ્ત્રાવ જેવી જ છે. તે અન્ય પ્રતિકારતા ઘટાડનારી દવાઓની જોડે જ રીજેકશન ઘટાડવા માટે આપવામાં આવે છે. જયાં સુધી પ્રત્યારોપણ કરેલી કિડની કાર્યરત હોય ત્યાં સુધી આ દવા સામાન્ય રીતે તે લેવી પડતી હોય છે. તે પાંચ, દશ અને વીસ મી.ગ્રાની ગોળી તરીકે મળે છે.

**આડ અસરો :**

આ દવાની આડ અસરોની તીવ્રતા પણ તેના પર આધારિત હોય છે. અને પ્રમાણ ઘટાડતાં તીવ્રતા પણ ઘટે છે. બધાં જ દર્દીને આડ અસરો થાય તેવું નથી. પણ તે વિશે દર્દીને જાણકારી હોવી જરૂરી છે.

(૧) પેટમાં બળતરાને લીધે ચાંદા અથવા રકતસ્ત્રાવ થઇ શકે છે. જે એન્ટાસીડસ અને રેનીટીડીન લેવાથી નિવારી શકાય.

(૨) વજનમાં વધારો ભૂખ વધવાને લીધે થાય છે. જે ગાલ, પેઢું તેમજ સમગ્ર શરીર પર જોઇ શકાય છે.

(૩) શરીરમાં પાણીનો ભરાવો થાય છે. આને લીધે ચહેરા, હાથ, એડીઓ પર સોજો આવે, વજન વધે અને રકતનું દબાણ પણ ઊંચુ જાય.

(૪) ચેપનો ભય રહે છે, પ્રતિકારતા ઘટવાને લીધે. આ ખતરો શરૂઆતમાં જયારે દવાનું પ્રમાણ ઊંચુ હોય ત્યારે વધારે પ્રમાણમાં રહે છે.
(૫) ડાયાબિટીસ થવાની શકયતા રહે છે. કેમકે આ દવા એક પ્રકારના સ્ટીરોઇડઝ (અંતઃસ્ત્રાવ) છે. અથવા શરૂઆતથી જ ડાયાબિટીસ હોય તો ઇન્સ્યુલીનનું પ્રમાણ વધારવું પડે.
(૬) ત્વચામાં ફેરફારો થાય છે. જેમ કે રુઝ આવતા ઘણી વાર લાગે. ચહેરા, છાતી કે પીઠ પર ફોલ્લી કે ઢેમણાં થાય. સહેલાઈથી ચામડી પર કાપા/ચીરા પડી જાય, રતાશ આવી જાય.
(૭) મોતિયો પાકી જવાની શકયતા રહેલી છે. પરંતુ તેમ થતાં થોડાં વર્ષો વીતી જાય છે.
(૮) હાડકામાં નરમાશ (ઓસ્ટિઓપોસેસીસ) આવી જતાં અસ્થિ ભંગ સહેલાઇથી થઇ જવાની શકયતા રહે છે.
(૯) માનસિક ફેરફારોમાં સામાન્ય રીતે દર્દી ઘડીમાં ઉદાસી તો ઘડીકમાં ખુશી યા સાધારણ લાગણી અનુભવતો જોવા મળે છે.

**(૪) માઈક્રોફેરોલેટ મોફેટી લ( સેલસેફટ)**

આ એક નવી પ્રતિકારતા ઘટાનારી દવા છે. એઝાથાયોપ્રીનનાં બદલામાં વાપરી શકાય છે. આ દવા એઝાથાયોપ્રીન કરતાં વધારે સારી છે. પણ તે ઘણી મોંઘી છે.

**આડ અસરો :**

(૧) ચેપની શકયતા વધારે છે.
(૨) ઝાડા-ઉલટી
(૩) લોહીના શ્વેતકણોમાં ઘટાડો

આ દવા ૨૫૦ મિ.ગ્રા અને ૫૦૦ મિ. ગ્રા. ગોળીના સ્વરૂપે મળે છે. સામાન્ય રીતે બેથી ત્રણ ગ્રામ દરરોજ.

જાગૃતિ પ્રોફેસર દ્વારા અપાયેલા લેખને સારી રીતે વાંચી જાય છે. પછી ધીરેથી કહે છે,

‘મગનભાઈનો લેખ ઘણો સુંદર છે. કોઇપણ દર્દીએ કિડની પ્રત્યારોપણ કર્યા પછી રીજેકશન થતું અટકાવવા માટે કેવી દવાઓ લેવી જોઇએ અને દવાઓની કેટલી આડઅસર થાય છે એ બધું જાણવા માટેની ઘણી બધી માહિતી અને માર્ગદર્શન આપનારો આ લેખ છે. તમે મને આ લેખ આપી આભારી કરી છે.’ જાગૃતિ આગળ બોલતી રહે છે. પછી એને ખ્યાલ આવે છે કે સામેથી સુખદેવનો પ્રતિકાર થતો નથી. તેની નજર સુખદેવ તરફ જતાં ચમકે છે. સુખદેવ ઘસઘસાટ ઊંઘતો હોય છે. તે સુખદેવને ઊઠાવવા માંગતી નથી. તે ધીરે રહી ઊભી થઇ પોતાના ભાઇની પથારી પાસે જઇ ખુરશીમાં બેસે છે. પણ તેની નજર તો સુખદેવ તરફ જ હોય છે. એને થાય છે કે, ‘ક્યારે તે જાગે અને એમનો આભાર માનું’ એ જ વખતે સિસ્ટર એના ભાઈની પથારી પાસે આવી ઈન્જેકશન લાવવાનું કાગળિયું આપી જાય છે. અને તે ઉભી થઈ ઈન્જેકશન લાવવા માટે બહાર નીકળી જાય છે.

# ઓગણીસ

## ડૉક્ટરની સરોજને ચેતવણી

હમણાં કેટલાક દિવસથી ડાયાલિસીસ વખતે સરોજબેનના દીકરાને ઘણી બધી મુશ્કેલી પડતી. બે-અઢી કિલો ‘નેગેટીવ ’ નીકળે ત્યારે તેનું બ્લડ પ્રેશર ઓછું થઇ જતું. પરિણામે ‘નેગેટીવ’ ઝીરો કરી દેવામાં આવતું. ડોક્ટરને બોલવવામાં આવતા. ડૉક્ટર આઘા પાછા હોય ત્યારે સરોજબેન બબડતા રહેતા. ગમે તેમ બોલતા. ડૉક્ટરો વિશે પણ ગમે તેવી વાત કરતાં અને કહેતાં, ‘આ ડૉક્ટર મોટા ભાગે ડાયાલિસીસ વિભાગની બહારજ ફરતો રહે છે, દર્દીઓની કાળજી રાખતો નથી.’ જો કે તેમની વાત સાચી હતી. ડૉક્ટરો સતત બહાર રહેતા પણ ટેક્નિશિયનો કોઇ દર્દીની મુશ્કેલી હોય ત્યારે બોલાવતા કે તરત જ હાજર થઇ જતા.

પણ સરોજબેનની વાત જુદી હતી. તેમના દીકરાનું ડાયાલિસીસ અઠવાડિયામાં બે વખત થતું મંગળવાર અને શુક્રવારે. હોસ્પિટલ જે દર્દી અઠવાડિયામાં બે વખત આવે તેનું ડાયાલિસીસ સતત પાંચ કલાક કરતી. અને જે ત્રણ વખત આવે તેનું ચાર કલાક થતું. સરોજબેનના દીકારનું પાંચ કલાક ડાયાલિસીસ થતું. આમેય એના દીકરાની ઉંમર ઓછી હતી. દીકરાને કાયમ ડાયાલિસીસ પર રાખવાની એમની ઈચ્છા હતી. દીકરાનું પ્રત્યારોપણ પણ કરાવવાની ઈચ્છા રાખતા નથી. બે ડાયાલિસીસની વચ્ચે તેમના દીકરાનું નગેટીવ કાયમ ચાર કિલો રહેતું. પાંચ કલાકનું ડાયાલિસીસ તેમનું હોવા છતાં ચાર કલાકમાં ચાર કિલો વત્તા પાંચસો ગ્રામ વધારાનું નેગેટીવ તે મૂકાવતા. અને પછી ચાર કલાક પૂરા થાય ત્યાર પછી ફરી થોડું વધારે નેગેટીવ ઉમેરી દેવડાવતા. સરોજબેનને મશીનની ઓળખ થઇ ગઇ છે. તેથી કદાચ તેમને વજન વધારવા માટે નર્સ કે ટેકનિશિયનની જરૂર પડતી નહોતી. આમ તો દર્દીના સગાંએ ક્યારેય મશીનોને ન અડવું જોઇએ, તેવું ટેકનિશિયનો કહેતા હોવા છતાં સરોજબેન કોઇ ન હોય ત્યારે પોતાની જાતેજ મશીનનમાં ફેરફાર કરી દેતાં. કટેલીક નર્સો અને ટેકનિશિયનને આ બાબતની જાણ હોવા છતાં સરોજબેનથી એવા અંજાઇ ગયા હતા કે તેમને રોકી શકતા ન હોતા. પણ આનું પરિણામ એ આવતું કે એમનો દીકરો મુશ્કેલીમાં મુકાઇ જતો અને ડૉક્ટરને બોલવવા પડતા.

આજે પાછું, તેમનો દીકરો મુશ્કેલીમાં મુકાઇ ગયો. બી. પી. ઘટી ગયું. ડૉક્ટરને બોલાવ્યા.

ડૉક્ટર આવી દર્દીને તપાસે છે. મશીનને પણ ચેક કરે છે. ફાઇલના વજનની પણ ચકાસણી કરે છે અને તે ચમકે છે. ફાઇલ જુદુ બોલતી હતી અને મશીન જુદુ બોલતું હતું.

‘જુઓ સરોજબેન, હું તમને ઘણા વખતથી કહું છું. તમે અને તમારો દીકરો મારું માનતા નથી. આજે ફાઇલ જોતા હું એ વાત પર આવી ગયો છું કે તમે જ તમારા દીકરાનુ ભવિષ્ય બગાડો છો. આજે મશીન સાથે ચેડાં થયાં છે. પણ કોણે કર્યા એમાં હું ઊંડો ઉતરતો નથી. આજે છેલ્લીવાર તમને ચેતવણી આપું છું. તમારા દીકરાને અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે લાવો. અઠવાડિયાના બે ડાયાલિસીસ કદાચ તેને માટે મુશ્કેલી ઉભી કરશે.’ ડૉક્ટર દર્દીને તપાસતા રહે છે. સરોજ આઘીપાછી થાય છે. થોડેક દૂર જઇ પાછી આવે છે અને બબડતી પણ રહે છે :

‘પૈસા હોવા જોઈએ ને ? પૈસા હોય તો અઠવાડિયામાં ત્રણને બદલે ચાર વખત ડાયાલિસીસ કરાવું. ઓછા કોઇ પૈસા આપવાનું છે ?’ પોતાના દીકરાની પથારી પાસે આવી ઊભી રહે છે.

જો કે સરોજની વાત સાચી હતી. દર્દીના સગાંસબંધીઓ પાસે દર્દી માટે ખર્ચવાનાં નાણાં તો હોવા જોઈએ ને ? પણ આ તો સંસારનો ક્રમ છે. દરેક જણે પોતાના દુઃખમાંથી મૂકત થવા માટે જે નાણાં ખર્ચવા જોઈએ તે જાતે જ ઉભા કરવા જોઈએ ને ? કોઇ થોડું આપી જવાનું છે ? પણ સરોજ સમજતી નથી. આવું તો તે રોજ બબડતી રહે છે. તે એકલી જ પૈસાની બૂમો પાડતી રહે છે. બીજાં દર્દીઓના સગાં સંબંધીઓ પોતાની આર્થિક બાબતની વાત - નાણાની ખેંચ - કોઇને ક્યારેય કહેતા નથી. પણ સરોજ જુદી માટીની હતી. આવું તો ઘણું બધું તે કરતી રહેતી. જો કે હવે તેના વિશે બધાં જાણી ગયાં છે.

દીકરાની પથારી પાસે આવેલી સરોજને ડૉક્ટર કહે છે, ‘જેવી તમારી મરજી. તમને મારી સલાહ છે કે થોડા દિવસ માટે - એકાદ મહિનો બે ને બદલે ત્રણ વખત આવો તો કાદચ તમારા દીકરાની બધી જ તકલીફો દૂર થઇ જશે. આ મારી માન્યતા છે. ડૉક્ટર એમ કહી બીજા દર્દીને તપાસવા પહોંચી જાય છે.’

‘બેટા, આ ડૉક્ટર કહે છે તેમ એકાદ મહિનો ત્રણ વખત આવીશું ? ’ સરોજ ધીરેથી કહે છે

‘હા મમ્મી, આવતી પહેલીથી ત્રણ વખતનું ગોઠવી દઇએ.’ એનો દીકરો એની મમ્મીની સામે જોઇને કહે છે. અને હસી પડે છે.

સામેની પથારીમાં પ્રોફેસર સુખદેવ હોય છે. આ બધું તે જુએ છે. ડૉક્ટર અને સરોજબેન વચ્ચેનો સંવાદ પણ તે સાંભળે છે. પણ એને ખબર નથી કે હજુ પણ તે સરોજબેનને પૂરો પૂરો ઓળખી શક્યો નથી. સરોજ અને તેના દીકરા માટે આવતી પહેલી તારીખ ક્યારે આવશે એને માટે તો કદાચ વર્ષોના વર્ષો નીકળી જાય !

## વીસ

## નૌતમભાઇને સલાહ

એક દિવસે નૌતમભાઇ એવું કહેતા હતા :‘મારી બા એમ પૂછતી હતી, બેટા આમાં (દવાખાનામાં) કેટલું ખર્ચ થાય છે.’ બા કાયમ આવા ખર્ચ વિશે પૂછ્યા કરતી. ‘મારાથી બાને સાચું કેવી રીતે ક્હેવાય ? બાને ક્યાં ખબર છે ! કે, ડાયાલિસીસ કરાવવા માટે અઠવાડિયામાં ત્રણ દિવસ આવવું પડે. ઘણો બધો ખર્ચો થાય. દવાખાનાનો ચાર્જ, રીક્ષાનો ચાર્જ, બપોરે જમવું પણ પડે એનો ખર્ચ થાય અને પાછું નોકરીમાં રજા પણ મુકવી પડે એનો પગાર પણ કપાઇ જાય. આ બધાંનો સરવાળો કરીએ તો સામાન્ય માણસ તો ક્યારેય આ ખર્ચને પહોંચી ન વળે. તો પછી ખર્ચની બાબતે બાના મનનું કઇ રીતે સમાધાન થઇ શકે ? ખર્ચ તો કરવું પડે ને ? બા ને એમ કંઇ મરવા દેવાય ?’

‘તમારી વાત સાચી છે. આ ખર્ચમાં કોઇ ના પહોંચી વળે.’

‘અરે ! છેલ્લે પાટણમાં બાની દવા ચાલતી હતી, દોઢેક લાખ રૂપિયાનો ખર્ચ થઇ ગયો. મારા નાના ભાઈએ આ ખર્ચ ઉપાડેલો. જ્યાંને ત્યાંથી લોનો  લઇને બા પાછળ તેણે નાણાં ખર્ચ્યાં. નાનો ભાઇ તો એમ પણ કહેતો હતો કે ગમે તે રસ્તે નાણાં મેળવી બાની દવા તો હું કરાવીશ જ. હવે મારો વારો છે. હવે બાનો ખર્ચ હું કરીશ. જો કે આ ખર્ચમાં પહોંચી વળાતું નથી.’ નૌતમભાઇ એમ કહેતા રહે છે. હું આ બધું સાંભળું છું. મારી દ્દષ્ટિએ નૌતમભાઇની વાત સાચી હતી. નૌતમભાઇ  આગળ બોલતા નથી. કદાચ, ‘નૌતમભાઇ એવું તો નહીં વિચારતા હોય ને  રીએમ્બેઝ થતાં બીલમાં એવું કશું ના ગોઠવી શકાય કે આવક- જાવક સરખી થઇ રહે ?’ તેમના મનમાં ચાલતા વિચારોને હું પકડી શકું છું. હું તેમને સલાહ પણ આપું છું. ‘નૌતમભાઇ ક્યારે પણ રીએમ્બેઝ થતાં બીલમાં આડુઅવળું કરવાનું વિચારશો નહીં. જો એમ કરશો તો ક્યારેક બધું જ પાછુ ભરવાનું થાય. પણ ખોટ તો ન જ કરાય ને ?’

જો કે મારી વાત તેમણે સાંભળી કે નહીં એનો મને ખ્યાલ નથી. પણ એ કંઇ વિચારતા રહે છે. વિચારોમાં ને વિચારોમાં કશું કહ્યા સિવાય દૂર ચાલ્યા જાય છે. તે ગમે તેમ વિચારતા હોય પણ વારંવાર એમના દ્વારા ઉચ્ચારાતા ‘માને તે કંઇ મરવા દેવાય ? એ શબ્દો એમની મા પ્રત્યેની મમતા દર્શાવી જાય છે.

# એકવીસ

## જાગૃતિની મથામણ

ખાલી રીક્ષામાં પોતાના પતિ મનસસુખની બાજુમાં જાગૃતિ ગોઠવાઇ ગઇ હતી. છતાં પણ તેનું ધ્યાન પતિ સાથે વાતો કરવામાં નહોતું. સડસડાટ જતી રીક્ષામાં, ખાડા ટેકરાવાળા રસ્તાને કારણે ઊછળતી રીક્ષાની સાથે, ઊછળતી જાગૃતિનું મન રીક્ષાની સાથે દોડતું નથી. પણ પાછળને પાછળ - સુખદેવની - દોડતું રહે છે. થોડી થોડી વારે પાછું વળીને તે જોતી રહે છે. પણ રીક્ષામાંથી ઓછી સુખદેવની ગાડી દેખાવાની હતી ? જાગૃતિને તો સુખદેવને ગાડી દેખાતી નથી. પણ, મનસુખને જાગૃતિના મનની ગતિવિધિનો ખ્યાલ આવી જ જાય છે. તે કશું બોલતો નથી. દાંમ્પત્ય જીવનના આટલા વર્ષોમાં પહેલી જ વાર કેમ પત્ની પર તેને વહેમ જાય છે ? તેનું તેને આશ્ચર્ય છે  જોકે જયારથી જાગૃતિના ભાઇને ડાયાલિસીસ પર રાખ્યો ત્યારથી અહીં તે વારંવાર આવતી રહે છે. ઘરે આવવાનું નામ પણ લેતી નથી. અને આજે મનસુખની નજરોએ જાગૃતિને કોઇ અન્ય પુરૂષ સાથે જોઇ હતી. છતાં પણ જાગૃતિ કેમ ખોટું બોલે છે? અને ચાલતી રીક્ષાએ મનસુખની સાથે વાત કરવાને બદલે વારંવાર પાછું કેમ જોતી રહે છે. અને જાગૃતિ ઉપરનો વહેમ મનસુખનો દ્દઢ થાય છે. મનોમન મનસુખ કંઇક નક્કી કી દે છે.

‘જાગૃતિ, કશું એસ. ટી. સ્ટેન્ડ આગળ રહી તો નથી ગયું ને તે વારંવાર ચાલુ રીક્ષાએ પાછળ જોયા કરે છે ? કે પછી કશુંક યાદ આવ્યું ?’

'ના, કશું જ ભૂલી જવાયું નથી. મને એમ કે...'

'શું કહેવા માંગે છે ?'

શબ્દો ગોઠવાય છે. વાક્ય બની જાય છે. સહસા જાગૃતિથી બોલાઇ જાય છે, 'આ સૂમસામ રસ્તા ઉપર અને એમાંય પાછો ખાડા ટેકરા વાળો. પાછળ કોઇ ગાડી આવતી લાગે છે. રાત્રિના સમયે કોઇ ચલાવતું હોય અને આપણી રીક્ષા સાથે ટકારાઇ જાય તો ?'

'એટલે ?

'એટલે અકસ્માત થઇ જાય એમને ?'

'હા મારું એજ કહેવું હતું. અકસ્માત થઇ જાય તો ?' જાગૃતિ ગભરાઇ ગઇ. અકસ્માતની વાત એના પતિએ જ કરી. વાસ્તવમાં તો અકસ્માત થઇ જ ગયો. જાગૃતિને ખબર નથી અકસ્માતમાં એ ઘાયલ થઇ છે. અકસ્માતમાં પડેલી જાગૃતિને એનો પતિ જોઇ ગયો છે. મનસુખ બુધ્ધિશાળી છે. જાગૃતિના મનમાં શી મથામણ ચાલતી હશે એનો તો એને ખ્યાલ છે. અત્યાર સુધી જાગૃતિ સ્વસ્થ હતી. પણ હવે ? જાણે અજાણે જાગૃતિ પહેલીવાર મનસુખની નજરોમાં અસ્વસ્થ દેખાય છે. હવે તે જાગૃતિ માટે બીજું જ વિચારવા લાગ્યો. જાગૃતિનો નક્કી પેલા ગાડીવાળા સાથે અકસ્માત થઇ જ ગયો છે. તેમ તે માની લે છે.

થોડી જ વારમાં રીક્ષા એના નિશ્ચિત સ્થાને પહોંચે છે. રીક્ષા જેવી જઇને ઉભી રહે છે તેવી જાગૃતિની ભાભી ઘરની બહાર આવે છે.

'આવો, આવો મનસુખલાલ. બહુ દિવસે કંઇ આ ગરીબનું ઘર પાવન કર્યું. ભલા માણસ, કેટલા વર્ષે સાસરીમાં પગ મૂકવા આવ્યા એનો તમને ખ્યાલ છે ખરો ? આ તો સારું થયું તમારા સાળાભાઇ માંદા પડ્યાને તમારે આવવું પડ્યું' તે બોલ્યે જ જાય છે. તેની પાછળ લંગડાતો તેનો પતિ આવી ઉભો રહે છે અને કહે છે :

'મનસુખલાલને ઘરમાં તો આવવા દે. પ્રવાસમાં બિચારા થાકી ગયા હશે. જોને જાગૃતિ ક્યારની ગઇ હતી. પણ એસ.ટી. થોડી આપણા ટાઇમે આવે છે ?' એ કહેતો રહે છે. અને બધાં ઘરમાં પ્રવેશી જાય છે.

પોતાના સાળાભાઇના શબ્દો ''જાગૃતિ ક્યારનીય ગઇ હતી' એ મનસુખને હચમચાવી મૂકે છે. હવે તેનો વહેમ જાગૃતિ માટેનો સાચો હતો તેમ તે માને છે. પણ કશુ બોલતો નથી..

તે રાત્રિએ પોતાના સાળાભાઇના મકાનમાં એક સ્વતંત્ર રૂમમાં - જાગૃતિ સાથે સૂતેલો મનસુખ અનુભવે છે કે જાગૃતિ પોતાનાથી ઘણી દૂર છે. પહેલાં તો જાગૃતિ એકાદ-બે દિવસ પતિ દૂર હોય ત્યારે, જ્યારે મળતાં ત્યારે પતિમાં સમાઇ જવાનો પ્રયત્ન કરતી પણ આજે તેને ઉમળકો નથી એવું મનસુખ અનુભવે છે. અને પડખું ફેરવી સૂઇ જાય છે.

બીજે દિવસે સવારે મનસુખ કરતાં વહેલી જાગૃતિ ઊઠી જાય છે. આમ તો ગઇ આખી રાત્રિ તેની ગડમથલમાં વીતી હતી. થોડી થોડી વારે સુખદેવ જાણે કે તેની બાજુંમા આવી બેસી જતો હોય તેવું તે અનુભવતી. તે મનમાં ને મનમાં વિચારતી રહે છે કે 'તે જે રસ્તે જાય છે. તે રસ્તો તેને માટે યોગ્ય છે ખરો ? ' તે મનસુખ ને તરછોડી તો નથી રહીને ? જો કે મનસુખે તેને બહુ સાચવી છે. હાથમાં રાખી છે. તેના મોજશોખ અને જીવન જરૂરીયાતની વસ્તુઓ પાછળ છૂટે હાથે પૈસા ખર્ચ્યા છે. મનસુખે તેને ઘણો જ પ્રેમ આપ્યો છે. પ્રેમની ઉણપ ક્યારેય તેણે અનુભવી નથી. પણ સુખદેવને જોતાં જ તેના હૃદયમાં હલચલ મચી ગઇ હતી. વર્ષોથી જેની ઝંખના કરતી હતી તે અનાયાસ તેને મળી ગયો હતો. તેવું તેણે અનુભવ્યું હતું. પ્રથમ નજરે જ સુખદેવ તરફ તેણે ખેંચાણ અનુભવ્યું હતું. હવે તેના માટે એક રસ્તો રહ્યો હતો. બેમાંથી કોઇ એકને પસંદ કરી ઠરી ઠામ થાય. એસ. ટી. સ્ટેન્ડથી ઘેર આવતાં રીક્ષામાં મનસુખ જે રીતે તેને પૂછતો હતો તેથી તેને ખ્યાલ આવી ગયો હતો કે મનસુખને જરૂર તેની પર વહેમ છે. આખી રાત્રિ તેણે પડખાં ફેરવ્યા કર્યાં છે. વારાફરતી સુખદેવ અને મનસુખ તેના પર તેમનું અધિપત્ય જમાવવાનો પ્રયત્ન કરતા હતા. અને બંને જાગૃતિને કેવી રીતે સાચવશે એની દલીલ પણ કરતા હતા. હવે જાગૃતિએ બધું વિચારવાનું કે તે શું કરે ?

વહેલી પરોઢે જાગૃતિ ઊઠી ગઇ હતી અને જલ્દી થી નાહી-ધોઇ પરવારી પણ ગઇ હતી. મનસુખ ઉઠે તે પહેલાં સુખદેવને ફોન કરવાનું તેને મન થયેલું અને તેથી તે ઘર બહાર નીકળી ગયેલી. ઘરથી થોડેક જ અંતરે ચોવીસ કલાક ચાલુ રહેતી એસ. ટી. ડી. માં તે પ્રવેશ કરી જાય છે. સુખદેવને ફોન જોડે છે. સુખદેવ સાથે ખાસી વાત કરે છે. વાત કર્યા પછી ફોનનું બીલ ચૂકવી તે બહાર નીકળે છે. અને જેવી બહાર નીકળી તેવી જ તે કોઇની સાથે ભટકાઇ પડી. 'માફ કરજો' તેવું જાગૃતિથી કહેવાઇ જાય છે. પણ માફી કેવી રીતે મળે ? જાગૃતિને ભટકાયેલ બીજું કોઇ નહીં પણ મનસુખ જ હતો !

## બાવીસ

## 'ભટકતી'ની પાછળ નૌતમભાઇ

એક દિવસે સુખદેવનું ડાયાલિસીસ ચાલતું હતું. એટલામાં નૌતમભાઇ એની પથારી પાસે આવી ઊભા રહે છે. ખુરશીમાં બેસે છે. સુખદેવ સાથે એમના બાની વાતો કરે છે. વાતો કરતાં કરતાં થોડી થોડી વારે પાછળ જોયા કરે છે. સુખદેવને ખ્યાલ આવે છે કે આજે નૌતમભાઇના મનમાં બીજા જ વિચારો ચાલી રહ્યા છે. વાતો કરતી વખતે પણ તેમના મોંના હાવભાવ કશુંક શોધતા હોય એવું દર્શાવી જાય છે. તે જ વખતે ઓચિંતા 'હું આવું છું.' એવું કહી તે ઊભા થઇ જાય છે.

પ્રોફેસર સુખદેવને આશ્ચર્ય થાય છે કે, 'એકાએક નૌતમભાઇને શું યાદ આવ્યું હશે ?' પણ સુખદેવની નજર નૌતમભાઇ જે દિશામાં ગયા છે તે તરફ જોતાં જ- એક વીસેક વર્ષની અલ્લડ છોકરી કે જેની પાછળ નૌતમભાઇ ગયા છે - આશ્ચર્યમાં ડૂબી જાય છે. સુખદેવ બધું જ સમજી જાય છે. આ છોકરી હમણાંની થોડા દિવસથી એની મમ્મી સાથે આવતી હતી. એની મમ્મી કિડનીની દર્દી છે. કાયમ તે તેની મમ્મીની સાથે આવતી. કાયમ તેના હાથમાં મોબાઇલ રણકતો રહેતો. કોઇની સાથે તે વાત કર્યા જ કરતી. પ્રોફેસરને પણ આ છોકરીમાં રસ પડેલો. તેને થતું કે દર્દીના સગાં દર્દીની સાથે આવે અને દર્દીના કામમાં ન આવે તો એમના આવવાનો શો અર્થ ? આ છોકરી રૂપાળી તો હતી જ. એની આંખો પણ મોહક હતી. ગાલ પર ખંજન પડતાં હતાં. કપડાં પણ એવા પહેરતી જેથી કોઇપણ પુરુષની નજર તેના પરથી ખસે જ નહી, અને પાછી મોબાઇલવાળી. થોડી- થોડી વારે ડાયાલિસીસ વિભાગની બહાર બહુ જતી- આવતી. આમ તો સુખદેવને છોકરીઓમાં બહુ રસ નહોતો. પણ સર્જક હોવાને કારણે એ આ પ્રકારની યુવતી કે સ્ત્રીઓને ક્યારેક ધ્યાનથી જોતો. ટૂંકી વાર્તામાં કે નવ લકથામાં આવા પાત્રોનો ઉલ્લેખ પણ કરતો. કાયરેક તો આવા પાત્રોને જોઇ તે પાત્રને કેન્દ્ર સ્થાને બનાવી નવલકથાનું પણ સર્જન કરી દેતો.

મોટભાગે સુખદેવ તેનું ડાયાલિસીસ ચાલે ત્યારે તે પોતાની સાથે લાવેલું સાહિત્ય વાંચતો હોય, ક્યારેક ઊંઘતો હોય તો કયોરક જાગતો-જાગતો ડાયાલિસીસ કરાવતાં બીજા દર્દીઓ કે તેમની સાથે આવેલાં સગાં સબંધીઓનું નિરીક્ષણ કરતો. હમણાં તો તે ખાસ વાંચવા કે ઊંઘવાને બદલે નિરીક્ષણમાં જ સમય પસાર કરતો. તેની આગામી 'કિડની પ્રત્યારોપણ' નવલકથાના પાત્રો અને કથા માટે વિચારતો રહેતો.

તે નૌતમભાઇને અને પેલી અલ્લડ છોકરી ને એકબીજા સાથે દૂર ઊભા ઊભા વાત કરતાં જુએ છે. જો કે આ સ્વાભાવિક બન્યું હોય તેવું જ માને છે. પણ પછી તો તેને ખબર પડે છે. એ અલ્લડ યુવતી જેને ઘણા બધાં 'ભટકતી' કહેતાં હતાં. તેની માનું ડાયાલિસીસ ચાલે કે પછી તરત જ એના મોબાઇલ પર કોઇને કોઇની સાથે તે વાતો કર્યા જ કરતી. પછી તો ખબર પડે છે કે આ એનો રોજિંદો ક્રમ હતો. તેને કોઇ વ્યકિતની ઉંમરનો બાધ નડતો નહોતો. કોઇપણ ઉંમરની વ્યકિત તેની પાસે પહોંચી જતી. તે તેને ખંખેરી લેતી. સામેની વ્યકિતને હાથ-તાળી દેતી. સામી વ્યકિત - ક્યારેક તો તે મળશે એ ભ્રમમાં રહેતી કે તે એના જ પ્રેમમાં છે. નૌતમભાઇનું પણ આવું બન્યું. આમેય નૌતમભાઇ ફુટડો જુવાન હતો. શોખીન પણ હતો. પૈસા વિચારીને ખર્ચે એવો હતો. પણ કોઇપણ પુરુષ રૂપને જોતાં એની પાછળ પડી જાય, અને ન ઇચ્છે તો પણ પૈસા ખર્ચી

નાખે એવું જ એમનું પણ બન્યું.

અને એક દિવસે તેમની મોટર સાયકલની પાછળ તે બેસી ગઇ. જો કે નૌતમભાઇની ઇચ્છા ખરી. બંને એક દૂરની 'જય મહા ગુજરાત' હોટલમાં પહોંચી જાય છે. ટેબલની સામ સામે બેસી ચા-નાસ્તો પણ કરે છે. કાયમ પૈસાની ચિંતા કરનાર નૌતમભાઇના ખિસ્સામાંથી અનાયાસે સો-સોની દશ નોટો - એક હજાર રૂપિયા પેલી અલ્લડ યુવતીના પર્સમાં પહોંચી જાય છે. નૌતમભાઇને ખબર નથી કે બાજુના ટેબલ પર બેઠેલો હોસ્પિટલનો કર્મચારી આ જોઇ જાય છે. નૌતમભાઇ તો જગ જીત્યા એવું માની લે છે. પણ પેલી યુવતી એમને હાથ તાળી દઇ દે છે. રોજ નૌતમભાઇ એમની બા ને લઇને દવાખાનામાં આવે છે. પેલી યુવતીને શોધે છે. પણ ડાયાલિસીસનો સમય બદલાઇ જવાથી તે બંને ભેગા થતા નથી. આજે પણ નૌતમભાઇની આંખો એને શોધતી જ રહે છે..

## ત્રેવીસ

## જાગૃતિના ભાઇનું 'કિડની પ્રત્યારોપણ'

ધાર્યા કરતાં વહેલું જાગૃતિના ભાઇનું 'કિડની પ્રત્યારોપણ' પતી ગયું. 'પંદરેક દિવસ દવાખાનામાં રહેવું પડશે.' તેવું ડૉક્ટરે કહ્યું. જો કે આ દિવસોમાં દર્દીને કોઇ મળી શકશે નહીં. અને પછી દર્દી ડૉક્ટરની રજા લઇ એને ઘેર જશે. જાગૃતિને તો રહેવાની ઇચ્છા છે. જો કે જાગૃતિની બાબતમાં એની ભાભી થોડું ઘણું જાણી ગઇ છે. કેમ કે જાગૃતિ પોતાના ભાઇની સાથે ડાયાલિસીસમાં રહેવાનું પસંદ કરતી. એને તો ગમે તે બહાને સુખદેવને મળવું હતું ને ? આ બધું એની ભાભીની જાણ બહાર નથી. અને પ્રત્યારોપણ થયાના બીજા દિવસે એની ભાભી એને કહે છે.

'જાગૃતિબેન, હવે તમે પાછા ભૂજ પહોંચી જાવ. મનસુખલાલ બિચારા ધંધો અને છોકરાં બંને એકી સાથે કેવી રીતે સાચવી શકે ? મારે તમારો અને મનસુખલાલનો પણ વિચાર કરવો પડે ને?'

જાગૃતિની જવાની ઇચ્છા નહોતી. મનસુખ તો તે દિવસે આવીને જાગૃતિના ભાઇની ખબર જોઇ પાછો વળી ગયેલો. જતાં જતાં મનસુખ કહેતો ગયેલો કે, 'જાગૃતિ, જેમ બને તેમ જલ્દી પાછી આવી જજે. મને તારા વગર ગમશે નહીં.' મનસુખે તો તેને હસતાં હસતાં કહેલું પણ જે રીતે તેણે વાત કરેલી તેનાથી થોડોક તો જાગૃતિને ખ્યાલ આવી જ ગયેલો કે તેનો પતિ જરૂર તેના પર વહેમાયો છે.

જાગૃતિ ભૂજ જવાની તૈયારી કરે છે. એની ભાભી એ એની પર એવો પહેરો ગોઠવ્યો છે કે જાગૃતિ એમાંથી છટકી શકે તેમ નથી. સુખદેવને મળી પણ શકતી નથી અને ફોન પણ કરી શકતી નથી.

ત્રીજે દિવસે... વહેલી સવારની બસમાં જાગૃતિને આનંદનગરથી ભુજ જતી એક્સપ્રેસ બસમાં બેસાડી દેવામાં આવે છે. તેની ભાભી એ જાગૃતિની પૂરેપૂરી કાળજી લીધેલી. પોતાની નણંદને જાણે કે પહેલીવાર પિયરથી સાસરીમાં વળાવતી હોય તે રીતે ઘણી બધી વસ્તુઓ બાંધી આપે છે. વજનદાર બે-ત્રણ થેલા થાય છે. ભૂજની આસપાસ નોકરી કરતા એક નજીકના માણસને જાગૃતિની મદદ કરવા સાથે જ બસમાં બેસાડી દે છે. જાગૃતિ પર પૂરી ચોકસાઇ રાખી હતી. આનંદનગરમાં જ રહેતા સુખદેવને મળ્યા કે ફોન કર્યા સિવાય આમ જાગૃતિ તે જ દિવસે સાંજે ભૂજ પહોંચી જાય છે. રાત્રે જ્યારે બસ ભૂજના એસ. ટી. ડેપોમાં પ્રવેશે છે ત્યારે મનસુખ સામો લેવા આવેલો જ હતો !

## ચોવીસ

## વાહ ! 'લોલીટેન' વાહ !

એક શનિવારે પ્રોફેસર સુખદેવ થોડો વહેલો ઘરેથી નીકળે છે. થોડી વાતચીત ડૉક્ટરની સાથે કરી કેટલાક ખુલાસાઓ તેને કરવા છે. છેલ્લા બે-એક માસથી માનસિક રીતે હતાશા ભોગવતો હોય એવું તે અનુભવે છે. જો કે આની વાત તે કોઇને કરતો નથી. મનમાં ને મનમાં મુંઝાયા કરે છે. બીજી વ્યકિતઓને ઉપદેશ આપનારો તે, માનસિક રીતે કેમ ભાંગી પડ્યો છે એનો એને ખ્યાલ આવતો નથી. સતત મૃત્યુના ભણકારા તેને સંભળાતા હોય છે. અત્યાર સુધી મૃત્યુ સામે ઝઝુમવાની વાત કરતો તે મરણ શબ્દ સાંભળતા જ આખા શરીરે પરસેવે રેબઝેબ થઇ જતો. મોત જાણે કે હાથવેંતમાં છે એવું તે માનતો રહેતો. મનોમન તે ગભરાઇ ગયો છે. તે વિચારે છે કે અત્યારના કરતા તો બે માસ પહેલાના એના દિવસો ખૂબ શાંતિથી વિતતા હતા. કોઇ પણ જાતના ‘ટેન્સન’ સિવાય તે શાંતિથી જીવતો હતો. ભવિષ્યની યોજનાઓ પણ તે બનાવતો હતો . પણ એકાએક....આમ કેમ બન્યું હશે તે વિચારતો રહે છે. અને છેવટે તેને સત્ય લાધે છે..

આ બધું જ ‘લોલીટેન’ ને કારણે જ કદાચ થયું હશે તેવું તે માને છે. મનોમન ડૉક્ટર પર પણ ગુસ્સે થાય છે. પાછો પોતાની જાતને ભાંડે છે. શા માટે તેણે ‘લોલીટેન’ લેવાનું નકકી કર્યું. તેની બહેનની ભાણીએ જે અમેરિકામાં ડૉક્ટર છે, તેણે તો ‘લોલીટેન’ થી જે આડઅસરો થાય છે તેનાથી તેને ચેતવ્યો પણ હતો. પણ બધાંએ તેને જયારે ‘લોલીટેન’ લેવાનો આગ્રહ કર્યો ત્યારે, પોતાની ઇચ્છા ન હોવા છતાં તે બધાને રાજી રાખવા માટે લેવા સંમત થયેલો.એની સંમતિ આજે એની સમક્ષ મૃત્યુનો ભય બની ઊભી છે. હવે શું થશે એ વિશે તો એ પણ કશું નકકી કરી શકતો નથી.

અને...તે દવાખાને પહોંચે છે. ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશે છે. જુએ છે તો ત્યાં ડૉક્ટર નથી. તે પાછો વળી ડૉક્ટરની ચેમ્બરમાં દાખલ થાય છે. ડૉક્ટર કાંઇક લખતા હતા. સુખદેવ, ડૉક્ટરની સામેની ખુરશીમાં કોઇપણ જાતનો વિવેક દર્શાવ્યા સિવાય બેસી જાય છે. દશેક મિનીટ પછી ડૉક્ટર ની ચેમ્બર જાગે છે.

‘બોલો, પ્રોફેસર કોઇ મુશ્કેલી છે ? ’ ડૉક્ટર પ્રોફેસર સુખદેવને જોતાં જ પૂછી બેસે છે.

‘ડૉક્ટર સાહેબ, તમે તો મારું જીવન હરામ કરી દીધું છે. રાતને દિવસ સતત મોતના ભણકારા વાગે છે. મહેરબાની કરીને તમે મને આમાંથી બચાવો, નહીં તો કદાચ હું ગાંડો થઇ જઇશ.’

‘એવું તો શું છે કે આમ હતાશ થઇ ગયા છો ?’

‘જુઓ ડૉક્ટર સાહેબ, આજે તો હું તમારી સાથે લડવા આવ્યો છું. ભલા માણસ, ડૉક્ટરોએ તો દર્દીઓની સુખાકારી ઇચ્છવી જોઇએ. એને બદલે તો તમે મને દુઃખી- દુઃખી કરી દીધો.’

‘શાને કારણે ? હું સમજ્યો નહીં.’

‘ડૉક્ટર સાહેબ, તમે બધું જ સમજો છો. તમે અખતરો કર્યો અને એ પણ મારી ઉપર. હવે તમે જ મને આમાંથી બચાવો. મારી ઉંઘ હરામ થઇ ગઇ છે.’

‘શાનો અખતરો ?’

‘આ ‘લોલીટેન’ નો જ’સ્તો ?’

‘પણ એને કારણે તો તમારું બી. પી. કન્ટ્રોલમાં આવી ગયું છે ને ? કેટલા વર્ષો પછી તમારું બી. પી. કંટ્રોલમાં આવ્યું. એના માટે તમારે મારો આભાર માનવો રહ્યો. હવે કયાં તમારે બી. પી.ની ગોળીઓ લેવી પડે છે ?’

‘જુઓ ડૉક્ટર સાહેબ, બી. પી. તો કંટ્રોલમાં આવી ગયું. બી. પી.ની બીજી ગોળીઓ પણ બંધ થઇ ગઇ. એથી તો મને રાહત થઇ. પણ ‘લોલીટેન’ થી હું મુશ્કેલીમાં મુકાઇ ગયો છું. કયારેક મારું બી. પી. ૧૦૦ થી પણ ઓછું થઇ જાય છે. મારી પાસે બી. પી. ઓછું કરવાની દવા છે. પણ બી. પી. ઓછું હોય ત્યારે વધે એનું શું કરવું જોઇએ એની મને ખબર નથી. એની તો સલાહ કદાચ તમે જ આપી શકો. બીજું ડૉક્ટર સાહેબ વધારે પડતા ઊંચા લોહીના દબાણને કારણે મને વાંધો નહી આવે પણ આ કયારેક બહુ નીચા થઇ જતા લોહીના દબાણને કારણે મુશ્કેલીમાં મુકાઇ જઇશ એનો ભય મને છે. એમાંથી તો તમારે મને ભયમુકત કરવો જ પડશે.’

'જુઓ પ્રોફેસર, તમે કહો છો તે વાત મારા ધ્યાનમાં જ છે. તમારા બ્લડપ્રેસરની - 'લોલીટેન' લેવા - પછીની પરિસ્થિતિની ચર્ચા મેં પણ બીજા ડૉક્ટર સાથે કરી છે. હું માનું છું કે કદાચ હમણાં થોડા દિવસ ક્યારેક નીચું દબાણ રહેશે. પણ પછી કાયમ માટે તમારું બી. પી. 'નૉર્મલ' થઇ જશે. તમે નસીબદાર છો કે આજે તમે મારી સાથે વાત કરો છો ત્યારે તમારે 'લોલીટેન' નો ઉપયોગ કરવો પડતો નથી. અને તમારું બી. પી. કંટ્રોલમાં છે. પેલા ડૉક્ટર કૂટકોર્ટી જે ડાયાલિસીસ માટે આવે છે તેમને અત્યારે પણ સવાર-સાંજ 'લોલીટેન' લેવી પડે છે. એના કરતાં તો તમારી પરિસ્થિતિ સારી છે. માટે ગભરાશો નહિ. તમે તો શિક્ષિત છો. તમારી લખેલી કિડનીના દર્દીઓ માટેની - 'વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ' નવલકથા હું વાંચી ગયો છું. તમારું લખાણ મને બહુ ગમ્યું છે. બીજાને મૃત્યુ સામે ઝઝુમવાનું કહેનાર તમે આમ ગભરાઇ જાવ તે ન ચાલે, મારી વાત સમજ્યા ને ?'

'ર્ડાક્ટર સાહેબ, તમારી વાત હું સમજું છું. તોય ઉંડે ઉંડે મારામાં એક ભય તો વ્યાપી ગયો છે કે આ 'લોલીટેન' ક્યારેક મારો....'

'એવું ક્યારેય ના વિચારશો. થોડા દિવસ રાહ જુઓ. કદાચ તમારો ભય દૂર થઇ જશે. અને પછી તમે, મને અને 'લોલીટેન'ને કાયમ યાદ કરતા રહેશો.'

પ્રોફેસર સુખદેવને ડૉક્ટરની વાત સાચી પણ લાગે છે. ડૉક્ટરનું કામ છે દર્દીઓની સુખાકારી ઇચ્છવાનું. એ ઓછા કંઇ ભગવાન છે ? નવી નવી દવાઓ આપે અને એનું પરિણામ જુવે અને પછી નક્કી કરે કે કઇ દવા દર્દીને માફક આવે છે. જો કે અંતે તો ડૉક્ટરો દર્દી પર જ અખતરા કરે છે ને ?

ઘણું બધું વિચારતો પ્રોફેસર સુખદેવ ડૉક્ટરની ચેમ્બરમાંથી બહાર આવી ઉતાવળે - ઉતાવળે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશી જાય છે.

## પચ્ચીસ

## જાગૃતિને ભાભીની શિખામણ

આમ જાગૃતિ ભૂજ પહોંચી ગઇ. રોજ તો મનસુખ વહેલી સવારે નીકળી કામધંધે પહોંચી જતો અને મોડી રાત્રે પાછો આવતો. સાથે તેનો બાર વર્ષનો દીકરો પણ પિતાના ધંધામાં મદદ કરવા માટે જતો. મનસુખે જાગૃતિ આવ્યા પછી આવવા-જવાનો ટાઇમ બદલ્યો. આમ તો મોટેભાગે મનસુખનો દીકરો બાપ પર પડેલો હતો તેથી મનસુખ કહે તેમજ તે કરતો. જાગૃતિની ગેરહાજરીમાં મનસુખે પોતાના દીકરાના મનમાં એ ઠસાવી દીધેલું કે તેની મમ્મી હમણાં-હમણાંની એની યાદશક્તિ ગુમાવી રહી છે. એટલે એ જાણે નહીં એ રીતે એ જે કરે છે તે ધ્યાનમાં રાખવું અને શક્ય હોય તો એને એકલી ન છોડવી. દીકરો સમજી ગયો. હવે મનસુખ એકલો જ કામ-ધંધે જતો થયો. છોકરો ઘેર રહેતો. જાગૃતિ ન જાણે તે રીતે જાગૃતિની દરેક વાતની નોંધ રાખતો અને રાત્રે બાપ-દીકરો, જમ્યા પછી ઘરની નજીકની દુકાને પાન ખાવા જતા ત્યારે વાત કરી લેતા. વધુમાં મનસુખે નજીકનાં એસ.ટી.ડી. વાળાને કહી દીધેલું કે, જાગૃતિ કોઇને ફોન કરવા આવે તો સાચો નંબર ભાગ્યે જ જોડી આપવો. એકાદવાર સુખદેવને ફોન કરવાનો જાગૃતિએ પ્રયત્ન કરેલો પણ ફોન પર સુખદેવ મળી શક્યો નહોતો. જાગૃતિને આ રહસ્યની ક્યાંથી ખબર હોય ?

આમને આમ પંદર દિવસ વીતી ગયા. પોતાના જ ઘરમાં, પોતના જ પતિ દ્વારા પોતાની બધી ગતિવિધિનું ધ્યાન પોતાનો જ દીકરો રાખતો હોય એની જાણ તો જાગૃતિને નથી જ.

અને એક  દિવસે બપોરના જાગૃતિ એસ.ટી.ડી. પર પહોંચી ગઇ. પોતાના ભાઇને ત્યાં ફોન જોડે છે. ફોન તેની ભાભી ઉઠાવે છે.

'હું જાગૃતિ ભૂજથી બોલું છું. ભાઇને કેમ છે ? હવે તો તેમની તબિયત સારી થતી જતી હશે, ભાઇના મને સમાચાર આપો.'

'જાગૃતિબેન, ખરી અણીને વખતે જ તમારો ફોન આવ્યો. તમારા ભાઇ તમને યાદ કરતા હતા. આમ તો પ્રત્યારોપણ કરાવ્યા પછી દવાખાનામાંથી રજા લેતી વખતે ડૉક્ટરે ઢગલો શીખામણ આપી હતી. પણ અમને અભણને એટલું બધું કયાંથી યાદ રહે ? દવા લેવાની બાબતમાં પણ અમે થોડા મુંઝાઇ ગયા છીએ. તમે બે-એક દિવસ માટે અહીં ના આવી શકો ?'

'ભાભી, મારી તો ત્યાં આવવાની ઘણી ઈચ્છા છે. એકનો એક મારો ભાઇ છે. ભાઇના દુઃખને કારણે અમે બહેનો પણ દુઃખી તો છીએ જ. વારંવાર તમારી સાથે આવીને રહેવાનું મન થાય છે. પણ હું તો આવું તો તમારા નણદોઇ એકલા પડી જાય. અને તમારા ભાણાની કાળજી કોણ રાખે ? ભાભી તમે એવું ન કરી શકો, સાંજે એ આવે ત્યાર પછી ફોન કરો તો ?'

'જુઓ જાગૃતિબેન, સાંજે તો મનસુખલાલને હું ફોન કરીશ. અને તમે આવશો તો અમને બધાંને મળાશે. તમારા ભાઇ સાથે સુખદઃખની વાતો કરી શકશો. અને...'

'અને એટલે ? ભાભી હું સમજી નહીં'

'જુઓ જાગૃતિબેન, તમે તો બધું સમજો છો. બહુ કાલાં થશો નહીં. મને તો વહેમ છે.'

'શાનો વહેમ ?'

'જાગૃતિબેન, હવે તો તમને પિસ્તાળીસ થયાં. આ ઉંમરે તો સ્ત્રીએ ઘરને સાચવીને બેસી રહેવું જોઇએ. મારી વાત સમજ્યા ને ?'

'ભાભી, આમ દ્વિઅર્થી ન બોલો. હું તો સીધી ને સરળ છું. મને તો મોં એ મોં કોઇ સાચું કહે તો જ ખબર પડે. તે સિવાય હું તો બીજું કંઇ ન વિચારું.'

'મારાં ભોળાં નણંદ, હજુય ના સમજ્યા ? પેલો તમારાવાળો બે-ચાર વખત આ પંદર દા'ડામાં તમારા ભાઇની ખબર જોવા આંટો મારી ગયો. આમ તો તમારા ભાઇ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા આવતો. વાત-વાતમાં તમારા બહુ વખાણ કરતો. તમે ક્યારે આવવાના છો એ પણ પૂછતો. હવે તો સમજી ગયા ને ?

'ભાભી, તમે જેવું વિચારો છો એવું નથી. તમને ખબર નહીં હોય એમને તો મેં મારાથી દૂર જ રાખ્યાછે. પણ ભાભી આજે તમે સાચી વાત કહો છો ત્યારે હું એટલું જ કહીશ કે કદાચ પેલા જન્મનાં એમની સાથે મારા કદાચ લેણ દેણ હશે જ અને તેથી હું પણ.. '

'જાગૃતિબેન, બધી વાત રહેવા દો. આવું બધું તમને ન શોભે અને સાચું કહું ? મનસુખલાલને પણ વહેમ છે એ તમે નહીં જાણતા હો. હવે કંઇ કરો તે ચેતીને કરજો. મનસુખલાલને ખબર પડશે તો તમારું આવી બન્યું માનજો. લો ત્યારે ! આવજો. રાત્રે મનસુખલાલને ફોન કરીશ.'

જાગૃતિ કંઇક પૂછે તે પહેલાં સામેથી ફોન કટ થઇ જાય છે. પૈસા ચૂકવી એસ.ટી.ડી. માંથી બહાર નીકળે છે. તો સામે એનો દીકરો ઊભો હતો.

'મમ્મી કોને ફોન કરતી હતી ? ચાલને ઘરે પપ્પા તારી રાહ જુએ છે.'

'તારા મામાને ત્યાં ફોન કર્યો. મામીની ખબર પૂછવા.' એમ કહી જાગૃતિ પોતાના દીકરાને લઇ ઘેર પહોંચે છે. ઘરના બારણા પાસેજ મનસુખ તેની રાહ જોતો ઊભો હતો. મનસુખ કશું પૂછતો નથી. જાગૃતિ જ કહે છે,

'ભાઇને ત્યાં ફોન કર્યો. ભાઇને પ્રત્યારોપણ પછી કેવી રીતે રહેવું જોઇએ, એનો ખ્યાલ નથી. જો કે ડૉક્ટરે તો સૂચના આપેલી છે. મને બે-એક દિવસ માટે ત્યાં બોલાવે છે. તમારા ઉપર રાત્રે ફોન આવશે. તમે કહેશો તો હું જઇ આવી શ. પણ તમને છોડીને જવાનું મન થતું નથી. મારી ગેરહાજરીમાં ખાવાની તમને બહુ તકલીફ પડે ને ?' કહેતી જાગૃતિ ઘરમાં પ્રવેશી જાય છે અને એની પાછળ પાછળ એનો દીકરો અને મનસુખ પણ.

તે રાત્રે આનંદનગરથી નજીકની એસ.ટી.ડી. પર એની ભાભીનો મનસુખને બોલાવતો ફોન આવે છે. મનસુખ ત્યાં પહોંચી જાય છે. તે રાત્રે ફોન પર થયેલી વાત મનસુખ જાગૃતિને કહેતો નથી. જાગૃતિ

પૂછતી પણ નથી.

તે રાત્રે બાજુમાં મનસુખ સૂતો હોવા છતાં જાગૃતિ પથારીમાં પડખાં જ ફેરવ્યા કરે છે. તેને ઊંઘ આવતી નથી. થોડીવારે તે ઉભી થાય છે. રસોડામાં જઇ માટલામાંથી થોડું થોડું પાણી લઇ પી અને પાછી પથારીમાં આવી જાય છે. જાગૃતિને હવે ખ્યાલ આવે છે કે ઘણા દિવસથી મનસુખને વહેમ હતો છતાં મનસુખ કોઇ પણ જાતની વાત કરતો નથી. અને પોતાના દીકરાનું ઘેર રહેવું એ બાપ-દીકરા બંનેનું જાસુસી નો એક પ્રયોગ હતો. હવે જાગૃતિને બધું યાદ આવે છે. મનસુખને તો વહેમ છે જ પણ ! ભાભી કયાંથી જાણે ? એમણે તો ક્યારેય મને ઈશારો કર્યો નથી. હવે ચેતવું પડશે. કાં તો પછી ભવિષ્યમાં શું કરવું એ વિચારી લેવું પડશે.

આ ઉંમરે, આવું એને કેમ થાય છે ? કેમ તે સુખદેવ તરફ ખેંચાણ અનુભવે છે ? એવી વ્યકિત તરફ એનું ખેંચાણ છે કે જે વ્યકિત તરફથી તેને કયારેય શારીરિક સુખ પ્રાપ્ત થવાનું નથી. જો કે એની તો એને પડી જ નથી. એ વિશે તો તે બહુ ઓછું વિચારે છે. આજે તેને લાગે છે કે મનસુખને છોડી શકે તેમ નથી. તો બીજી બાજુ તે સુખદેવને પણ છોડી શકે તેમ નથી. પ્રણયના અંકુરો સુખદેવ તરફનું તેનું ખેંચાણ વધારતા જાય છે. તો મનસુખ માટે તેના હૃદયમાં પ્રણયની ઓટ તો નથી જ. શું કરવું ને શું ન કરવું એનો નિર્ણય હવે તેને લઇ લેવો પડશે. ભાભીનો ફોન આવી ગયો છે. ભાભીને એમણે શું કહ્યું તેની વાત તેમણે કરી નથી. હું તેમને પૂછીશ નહીં. એ જે કહેશે તે પ્રમાણે જ કરીશ.

પણ જાગૃતિ તે જ રાત્રે એક નિર્ણય લઇ લે છે. આવતી કાલે મનસુખ કામ-ધંધે જશે ત્યારે તે પોતાનો નિર્ણયની મનસુખને જાણ કરશે.

ઘણા સમયથી તેણે સ્વપ્નાં જોયાં હતાં. સ્વપ્નો પણ કેવાં ? ખુલ્લા આકાશ જેવાં. પૃથ્વી અને આકાશ બંને ક્ષિતિજે બંધાયેલા છે. પણ ક્ષિતિજ કયાં ? એ કોઇને કહી શકે તેમ નથી. તેણે તો સુખદેવને જોયો ત્યારથી જ પોતાના ખુલ્લા આકાશને, સોનેરી સપનાઓથી બાંધી દીધું હતું ને ?

બીજી ક્ષણે તે પડખું ફેરવે છે, તેનો હાથ અચાનક મનસુખના શરીર પડે છે. અને જાણે કે ધગધગતા અંગારા પર હાથ પડ્યો હોય અને હાથ દાઝે એવું તે અનુભવે છે. તે પોતાનો હાથ પાછો ખેંચી લે છે.

## છવ્વીસ

## ‘કિડની પ્રત્યારોપણ’ - પછી શું ?

ઓચિંતી જ પોતાને મળ્યા સિવાય જાગૃતિ ભૂજ પહોંચી ગઇ અને એને કારણે સુખદેવને થોડી ચિંતા થવા લાગી. આમ તો આ માંદગીના દિવસોમાં તેને કોઇના પ્રત્યે કયારેય આકર્ષણ થયું નથી. પણ જ્યારે જાગૃતિ દાદર ચઢતાં તેની સાથે અથડાઇ હતી, તે જ ક્ષણથી તેના શરીરના રોમેરોમમાં એ સ્ત્રી તરફ આકર્ષણ થઇ ગયેલું. તે જ દિવસે તેની સાથે મુલાકાત પણ થઇ. નિખાલસ વાતો થઇ. એક અજાણી પિસ્તાળીસ વર્ષની સ્ત્રી સાથે ન કરી શકાય તેવી વાતો પણ તેમણે કરેલી. તે જાગૃતિ નામ ધરાવતી હતી તે તો પછી તેને ખબર પડી. તે જ ક્ષણથી તેના હૃદયના કોઇ ખૂણામાં જાગૃતિ ચૂપચાપ આવી બેસી ગઇ હતી તેવું તેણે અનુભવેલું. ફોન પર અને ફરી મળ્યા ત્યારે થોડીઘણી વાત પણ થયેલી. એમ વાતોમાં પરોક્ષ રીતે એકબીજાને મેળવવાનો સંકેત થયેલો.

આમ અચાનક સુખદેવની સાથે વાત કર્યા સિવાય કે ફોન કર્યા સિવાય તે ચાલી જાય એમાં કોઇ રહસ્ય હશે તેમ તે માની લે છે.

બે -ત્રણવાર જાગૃતિના ભાઇને ત્યાં-આનંદનગરમાં જ રહેતા હોવાથી - ખબર પૂછવા આંટો મારી આવે છે. જો કે એને
જાગૃતિ વિશે જાણવું હતું પણ સીધું કહી શકતો નથી. જાગૃતિની ભાભી રેવતીને તે સીધું પૂછી શકે તેમ નથી. કદાચ તે વહેમાય તો ? પણ સુખદેવને ખબર નથી રેવતી વહેમાઇ જ છે ! જાગૃતિના ભાઇને ત્યાંથી

તે એક દિવસ પાછો આવ્યો ત્યારે સાંજે એની ઉપર એક ફોન આવેલો ;

'સુખદેવભાઇ, કાલે તમારું ડાયાલિસીસ છે ?'

'હા, કાલે મારું ડાયાલિસીસ છે.'

'સાંજે ઘેર કેટલા વાગ્યે આવવાના ?'

'હું તો હંમેશા ડાયાલિસીસ પત્યા પછી, વહેલો કે મોડો સાંજે સાત વાગ્યાના અરસામાં આવી જાઉં છું.'

'કાલે સાંજે હું તમારે ત્યાં આવું ?'

'તમે તમારો પરિચય ન આપ્યો. શા માટે મને મળવું છે ?'

'જુઓ સુખદેવભાઇ તમે મને જોઇ છે. મારી સાથે વાત કરી નથી. એટલે મારો અવાજ ન પારખી શકો. હું જાગૃતિની ભાભી રેવતી.'

'રેવતીબેન, હવે તમને ઓળખ્યાં. બોલો શું કામ હતું ?'

'મારે તમને મળવું છે. થોડી માહિતી જોઇએ છે.'

'ડાયાલિસીસને દિવસે સાંજે તો હું કોઇને મળતો નથી. થોડો થાકેલો પણ હોઉં છું. શરીરમાંથી થોડું વજન ઓછું થઇ જાય ને ? એટલે તમે એવું ન કરી શકો ? તમે પરમ દિવસે મારે ત્યાં આવો તો ? અથવા તમે કહો તો હું તમારે ત્યાં આવી જાઉં.'

'ના, મારા સ્વાર્થ માટે મારે તમને ન દોડાવાય. હું જ તમારે ત્યાં આવીશ. પરમ દિવસે સાંજના ચારેક વાગ્યે તમારે ત્યાં આવીશ. મને મળશોને ?'

'હા, હું તમારી રાહ જોઇશ.' અને તે ફોન મૂકી દે છે.

ત્રીજે દિવસે સવારથી જ તે રેવતીની રાહ જોતો હતો. રેવતી શા માટે આવે છે તેનો ખ્યાલ નથી. શું રેવતી તેની અને જાગૃતિની વાત તો જાણી નહીં ગઇ હોય ને ? અને જો રેવતી આ માટે જ આવતી હોય તો શું કહેવું એ મનોમન ગોઠવી દે છે.

અને....

ત્રીજે દિવસે સાંજના ચારેક વાગ્યે રેવતી એના પતિ સાથે એને ત્યાં આવી પહોંચે છે. ઘરમાં તે એકલો જ છે. બેઠો બેઠો પુસ્તક વાંચે છે. વાંચવાનું તો બહાનું જ હતું. તે રેવતીની જ રાહ જોતો હતો. ત્યાં જ આવેલી રેવતીની પાછળ એના પતિને આવતો જોઇ એ આશ્ચર્યમાં પડે છે. પણ પોતાનું આશ્ચર્ય છુપાવે છે.

તે બંનેને આવકારે છે.

બંને આવીને બેસે છે.

તે ઉભો થઇ રસોડામાં જાય છે. બીજી ક્ષણે બે હાથમાં ઠંડા પાણીના ગ્લાસ લઈ તે બહાર આવે છે.

રેવતી અને તેના પતિને તે પાણી આપે છે અને એમની સામે સોફામાં બેસી જાય છે.

પાંચેક મિનીટ સુધી કોઇ બોલતું નથી. રેવતીને અને તેના પતિને જોતાં સુખદેવ થોડો ગભરાઇ ગયેલો હતો. કદાચ જાગૃતિની વાત તો કરવા નહીં આવ્યા હોય ?

ત્યાં તો અચાનક રેવતી બોલી ઉઠે છે :

'સુખદેવભાઇ, તમારી સલાહ લેવા આવ્યા છીએ. જો કે એને સલાહ ન કહેવાય. હું ભૂલી તમારું માર્ગદર્શન લેવા આવ્યા છીએ. મારા પતિ આમ તો કિડની નિષ્ફળ ગયા પછી માનસિક રીતે ભાંગી પડ્યા હતા. જીવનથી પણ કંટાળી ગયા હતા. તેમના બંને પગે ઓપરેશન કરેલાં છે. બંને પગમાં સળિયા નાખવા પડેલ છે. બીજું સતત માથામાં દુખાવો રહે છે. અને એમાંય પાછું કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ પર આવવાનું થયું. તેમને જો કે તમારા માર્ગદર્શનથી જીવન જીવવા જેવું લાગ્યું. સતત માનસિક ચિંતાઓમાં

રહેતા હતા તે, તેમાંથી બહાર આવ્યા. હવે તો સ્વસ્થ્ય પણ થઇ ગયા. તમે અમને મદદ કરી તમારા માર્ગદર્શનથી તે થોડા કિડની રોગ સામે લડતા થયા. કારણ ગમે તે હોય પણ અમે જાગૃતિનો ખાસ આભાર માનીએ છીએ. એમના કારણે જ તમે અમને માર્ગદર્શન આપતા રહ્યા.' એમ કહી પોતાના પતિ ન જાણે એ રીતે રેવતી સુખદેવની સામે જોતાં આંખ મારે છે.

'બોલો રેવતીબેન, કઇ બાબતનું મારું માર્ગદર્શન જોઇએ છે ?'

'જુઓ, સુખદેવભાઇ, હું કેટલાક તમને પ્રશ્નો પૂછવા માગું છું. મારે જવાબ જોઇએ છે. લખેલું તો મને વાંચતા ન ફાવે. પ્રશ્નોના જે જવાબ આપશો તે અમે પતિ-પત્ની બંને સાંભળી યોગ્ય કરીશું. મારો પહેલો પ્રશ્ન છે :

'કિડની પ્રત્યારોપણ કરાવ્યા પછી હોસ્પિટલનો સહકાર કેવી રીતે મળવી શકાય ?'

સુખદેવ - જુઓ તમને તો ખ્યાલ છે કે કિડની પ્રત્યારોપણ પછી દર્દીની તબિયત બરોબર હોય તો દશેક દિવસમાં તેને દવાખાનામાંથી રજા આપવામાં આવે છે. રજા લેતી વખતે દર્દીએ બીજી તંદુરસ્ત વ્યકિતઓની જેવીજ પોતાને સમજવી જોઇએ. પોતાના સ્વાસ્થ્યની જાળવણીમાં પોતે જ મહત્વનો ભાગ ભજવવાનો રહેતો હોય છે. દવાખાનામાંથી રજા મળ્યા પછી શરૂઆતમાં દર્દીને એકાંતરે દિવસે, પછીથી દર ત્રીજા દિવસે તપાસ માટે બોલાવવામાં આવે છે. રજા આપ્યા પછીના દિવસોમાં દર્દી નિત્યક્રમથી ટેવાઇ જાય પછી એને અઠવાડિયે એક વાર, પછી પંદર દિવસે એકવાર ફેર તપાસ માટે દવાખાનામાં બોલાવે છે. આ સમય ગાળો દરેક દર્દીની સ્થિતિ મુજબ અલગ-અલગ હોય છે. એક મહત્વની બાબત - જો દર્દી ને ચેપ લાગ્યો હોય કે કિડનીનો અસ્વીકાર થયો હોય કે બીજી કોઇ તકલીફ ઉભી થઇ હોય તો તરત તેને દવાખાનામાં દાખલ કરી દેવાની જરૂર પડે છે.'

રેવતી - 'કયારે દવાખાનાનો સંપર્ક સાધવો પડે ?'

સુખદેવ - 'જો રેવતીબેન, કિડનીના દર્દીને નીચે મુજબના કોઇપણ લક્ષણો જણાય તો તરત જ દવાખાને આવી ડૉકટરનો સંપર્ક સાધવો જોઇએ.'

(૧) ૧૦૦° ફે. એના કરતા વધુ તાવ આવ્યો હોય તો
(૨) ફલ્યુના ચિહ્નો દેખાય કે તરત જ
(૩) દર્દીને કિડનીની આસપાસ દુખાવો લાગે કે સોજો આવે ત્યારે
(૪) પગ પર સોજો દેખાય ત્યારે
(૫) નિયમિત થતા પેશાબની માત્રામાં ઘટાડો થાય ત્યારે
(૬) પેશાબ કરતી વખતે બળતરા થાય ત્યારે
(૭) મળમાં લોહી પડે તો
(૮) ઉલ્ટી થાય, કફ કે શ્વાસોશ્વાસમાં ઝડપ વધે ત્યારે (હાંફ થાય)

આમાંનું કોઇપણ લક્ષણ જણાય કે તરત જ દર્દીને હોસ્પિટલમાં લઇ જવો પડે અને ડૉકટરનો સંપર્ક સાધવો પડે.

રેવતી - 'દર્દીએ શાનાથી દૂર રહેવું જોઇએ ?'

સુખદેવ - 'કિડની પ્રત્યારોપણ' પછીના એક -બે મહિનામાં પ્રતિકારતા ઘટાડનારી દવાઓ ઊંચા પ્રમાણમાં લેવાની હોવાથી ચેપ જલ્દીથી લાગી જવાનો ભય રહે છે. જેથી દર્દીએ નીચે આપેલી બાબતોથી દૂર રહેવું જોઇએ.

(૧) ભીડવાળી જગ્યાઓ હોય, જયાં ખુલ્લી ગટરો હોય કે ધૂળવાળી જગ્યાઓથી દર્દીઓએ દૂર રહેવું જોઇએ. એનો મતલબ એ કે જેમ કે, સિનેમાઘર, સ્કૂલ, બજાર, રમતના મેદાન, ટ્રેન કે એસ.ટી. બસ વગેરેમાં જવાનું ટાળવું જોઇએ. કેમકે આ બધી જગ્યાઓ ભીડભાડવાળી હોય છે અને મોટે ભાગે ત્યાં ધૂળ ઊડતી હોય છે. જાહેર સ્થળો એ ભીડ અને ગંદકી વધુ હોવાથી બિનજરૂરી યાત્રા-પ્રવાસ કરવાનું

શક્ય હોય ત્યાં સુધી ટાળવું જોઇએ.

(૨) કિડની - પ્રત્યારોપણ કરાવેલા દર્દીએ એવા લોકોથી દૂર રહેવું જોઇએ કે જેમને તાવ આવતો હોય, કફ થતો હોય, ચામડીના રોગો જેવા કે અછબડા, ક્ષય વગેરે અને કમળા જેવા ચેપ લાગેલા હોય તેવા લોકોથી દૂર રહેવું જોઇએ'

રેવતી- 'દવાઓ કેવી લેવી જોઇએ ?'

સુખદેવ - 'જુઓ રેવતીબેન, મેં જાગૃતિને દવાઓ કેવી લેવી જોઇએ તેવો એક લેખ આપ્યો છે. કદાચ તમે અને તમારા પતિએ તે વાંચ્યો હશે. એ લેખમાં વિગતે વાત થયેલી છે. છતાં હું ટૂંકમાં તમને વાત કરીશ. દવાખાના દ્વારા જે સૂચવવામાં આવી હોય તેવી એક પણ દવા ક્યારેય ન ચૂકી જવાય તેનું દર્દીએ અને તેના સગા-સંબંધીએ ખાસ ધ્યાન રાખવું જોઇએ. આ ધ્યાન નહીં રાખો તો પ્રત્યારોપણ કરેલી કિડની ગુમાવવાનો વારો આવશે. દવાના પ્રમાણમાં ચોકકસાઇ કિડનીની બરાબર કાર્યશીલતા માટે જરૂરી છે. દવાઓનો પૂરતો જથ્થો હંમેશા જાળવી રાખવો જોઇએ. જેથી દવાની અછતની ક્યારેય અસર ન થાય.'

રેવતી - 'સુખદેવભાઇ, દવાની વાત તો સમજ્યા. ખોરાક કેવો લેવો જોઇએ ? પાણીની બાબતમાં શું ? બીજું શું-શું કરવું જોઇએ ?'

સુખદેવ- 'રેવતીબેન, બહુ મહત્વનો પ્રશ્ન તમે કર્યો. કિડની પ્રત્યારોપણ પછી ખોરાક અને પાણી વિશે બહુ જ જાળવવું જોઇએ. દર્દીએ પોતાની મૂકેલી કિડનીને વધુ સારી રીતે કાર્યરત રહે તે માટે ખોરાક અને પાણી ડાયેટીશિયન દ્વારા કહેવામાં આવે તે રીતે જ લેવાં જોઇએ.'

જે દર્દીની મેળવેલ કિડની સામાન્ય રીતે કાર્યરત હોય તે સ્વચ્છ અને આરોગ્યદાયક સામાન્ય ખોરાક લઇ શકે. મોટાભાગના દર્દીઓની એક સામાન્ય સમસ્યા વજન વધારો છે. આનું કારણ એ છે કે પ્રત્યારોપણ પહેલાંના ખોરાકના પ્રતિબંધોથી દર્દી મુકત થઇ જાય છે. હવે તેને ભૂખ વધારે લાગે છે. અને વધુ ખાવાની ઇચ્છા થાય છે. ડૉકટરની સલાહ પ્રમાણે દર્દી ખોરાકમાં મીઠું અને ફળો લઇ શકે. જો કે વધુ પડતાં ઘી-તેલ લેવાનું ટાળવું જોઇએ. શરીરનો બિનજરૂરી વજન વધારો બેડોળ બનાવે છે. અને ક્યારેક ડાયાબિટીશ અને હાઇબ્લડ પ્રેશર થવાનો ખતરો પણ રહે છે. અને તેથી જ દવાઓનું પ્રમાણ શરીરના વજન પ્રમાણે વધતું હોવાથી વજન વધવા સાથે દવાનું પ્રમાણ પણ વધારવું જોઇએ. અને તેની જ દર્દીએ નિયમિત ડાયેટિશિયનને મળતા રહેવું જોઇએ. એની સલાહ પ્રમાણે ખોરાકનું આયોજન કરવું જોઇએ. અને એમની સલાહ પ્રમાણે ખોરાકમાં આવશ્યક ફેરફારો કરતાં રહેવું જોઇએ.

રેવતી - 'આ તો હું સમજી. કિડની પ્રત્યારોપણ બાદ રોજિંદા ક્રમમાં આહાર કેવી રીતે લેવાય તેની વાત કરશો ?'

સુખદેવ - 'જુઓ રેવતીબેન, ઉપર આહાર પ્રમાણે મેં જે વાત કરી તેજ પ્રમાણે આહાર લેવો જોઇએ. બીજું તમે પાણીની પણ વાત કરેલી. એની ચર્ચા કરવાનું રહી ગયું. તો સાંભળો.'

મોટે ભાગે દર્દીને દરરોજ ઉકાળેલું પાણી પીવા આપવું જોઇએ. પાણીની ઉકળવાની ક્રિયા શરૂ થાય પછી તેને પંદર મીનીટ સુધી ઊકાળવું જોઇએ. દર્દીએ રોજનું લગભગ પાંચેક લિટર જેટલું પ્રવાહી લેવું જોઇએ.

દર્દી માટે જે વાસણમાં રાંધવાનું હોય, તે વાસણમાં તેને ખાવાનું હોય, જે વાસણમાં તેણે પાણી પીવાનું હોય કે દર્દી માટે જે વાસણોમાં ખાદ્ય પદાર્થ ભરી રાખવાના હોય તે બધાં જ વાસણો સતત ગરમ પાણીથી ધોઇ અને સંપૂર્ણ સ્વચ્છ રાખવાં જોઇએ.

કિડની પ્રત્યારોપણ પછી દર્દીએ જો કે હવે તેને દર્દી કહેવો યોગ્ય નથી, કેમ કે હવે તે સ્વસ્થ થઇ રહ્યો છે છતાંય તેણે દર્દી તરીકે જીવવાનું છે. તેથી તેણે આહારમાં ઘરનું રાંધેલું જ તાજું, સ્વચ્છ અને પોષક ભોજન લેવું જોઇએ. જ્યારે સાજા હતા ત્યારે હોટલ, લગ્ન સમારંભ કે કોઇ બીજા પ્રસંગોએ બહાર બહું ખાધું છે, ખાઇને તૃપ્ત પણ થયા છે અને બધું હવે છોડવું જોઇએ. બહારના ભોજનથી દૂર રહેવું જોઇએ.

એક મહત્વની બાબત, જો સારી તંદુરસ્તી જાળવવી હોય તો વધુ પડતા મીઠાથી દૂર રહેવું જોઇએ. અને વધારે પડતો ખોરાક કે જેમાંથી વધારે કેલેરી મળે છે તે લેવાનું ટાળવું જોઇએ.અને છેલ્લું ખોરાકનું આયોજન

કરીએ ત્યારે ડાયેટિશિયન કે ડૉકટરની સલાહ લીધા પછી જ કરો.'

રેવતી - 'પ્રત્યારોપણ પછી દર્દી કેવી રીતે ફરીથી કાર્યરત થઇ શકે ?'

સુખદેવ - 'રેવતીબેન, આ તમારો પ્રશ્ન બહુ મહત્વનો છે. આ માટે તમારે યુરોલોજીકલ હોસ્પિટલના નિષ્ણાત ડૉકટરને મળવું પડે. દર્દી પહેલાના જેવી પ્રવૃત્તિમય જીંદગી કેવી રીતે જીવી શકે તે વિશેની સલાહ ડૉકટર જ આપી શક્શે. જો કે ડૉકટરની સલાહ પ્રમાણે દર્દીએ પોતાના પરિવાર, મિત્રો સાથે સામાન્ય સંબંધો જાળવી રાખીને વ્યાવસાયિક અને મનોરંજક પ્રવૃત્તિઓમાં જોડાઇ જવું જોઇએ. દર્દ પહેલાનાં જે કામકાજ - નોકરી કે ધંધો કે બીજી પ્રવૃત્તિઓ દર્દી કરતો હતો તે બધીજ પ્રવૃત્તિઓ ફરીથી તે ચાલુ કરી શકે.'

રેવતી - 'સુખદેવભાઇ, એક અંગત પ્રશ્ન પૂછું ? જો કે પૂછતા મને શરમ આવે છે. મારી નણંદ જાગૃતિ હોત તો આ બાબતમાં તમારી સ્પષ્ટતા માગત કે શું કરવું જોઇએ ? છતાંય મર્યાદા છોડીને મારે તમારી સાથે વાત કરી લેવી જોઇએ એમ હું માનું છું. મારા પતિની ઉંમર પાંત્રીસ વર્ષની છે. અમારે બે સંતાનો પણ છે. તે તો હજુ બહુ નાના છે. મારા પતિ કિડની નિષ્ફળ ગયા પછી ડાયાલિસીસમાં રહ્યા ત્યાં સુધી અમારા બંનેની ઈચ્છા હોવા છતાં તે જાતીયસુખ મેળવી શક્યા ન હતા. મારે એ પૂછવું છે કે મારા પતિ સાથે, કિડની પ્રત્યારોપણ પછી હું જાતિય સુખ ભોગવી શકીશ કે નહી ?' એમ કહેતી વખતે રેવતી નીચું જોઇ જાય છે. બે-પાંચ મીનીટ કોઇ બોલતું નથી.

સુખદેવ- 'રેવતીબેન તમે તો સાંભળશોજ અને સાથે સાથે આ તમારા પતિ પણ સાંભળી લે. જાતિય જીવન અંગેના ઘણા બધા પ્રશ્નો કિડનીના દર્દીને હોય છે. શરીરનું એક મહત્વનું અંગ કિડની જ્યારે નિષ્ફળ જાય છે ત્યારે દર્દીને મોટેભાગે ખ્યાલ હોતો નથી કે શરીરનું આ મહત્વનું અંગ-કિડની-શરીરનું શું - શું કાર્ય કરે છે. શરીરમાં રહેલો કચરો - જેનું શુધ્ધિકરણ કરી એ કચરાને પેશાબ વાટે શરીરની બહાર ધકેલવાનું કિડની કાર્ય કરે છે.

બીજું મહત્વનું કાર્ય શરીર માં ધમનીઓમાં વહેતું લોહી કિડની દ્વારા શુધ્ધ થાય છે.

અને ત્રીજુ કિડની થકી જ મનુષ્ય માત્રની જાતિય ઉત્થાનનું કાર્ય કિડની કરે છે. જે કિડની નિષ્ફળ જવાથી દર્દી જાતિય જીવન ભોગવી શકતો નથી.

અને હવે... કિડની પ્રત્યારોપણ થયા પછી દર્દી અંગત સ્વચ્છતા જાળવીને જાતિય સુખ ભોગવી શકે છે. જાતિય સુખ ભોગવતી વખતે પ્રત્યારોપણ કરેલી કિડની પર કામક્રિડાની કોઇ અસર થતી નથી. જો કે આ બાબતમાં દર્દીએ જાતિય જીવન અંગેની સમસ્યાઓ માટે નેફ્રોલોજીસ્ટ સાથે મુકતપણે ચર્ચા કરી લેવી જોઇએ. હું માનું છું કે રેવતીબેન મારી વાતથી તમને સંતોષ થશે, પણ તમે અને તમારા પતિ આ પ્રશ્નની વધુ વિગત માટે યુરોલોજીકલ હોસ્ટિપલના નેફ્રોલોજીસ્ટ સાથે વિગતે ચર્ચા કરી શકો છો. તમે કદાચ આજે જાતિય જીવનનો પ્રશ્ન કર્યો તેના જવાબથી સંતોષ થયો હશે અને કદાચ તમે બંને હવે માનસિક વ્યથામાંથી બહાર આવી જશો. કેમ ખરું ને રેવતીબેન ?'

રેવતી - 'હા, સુખદેવભાઇ, આ જ પ્રશ્ન મને મુંઝવતો હતો. મને લાગે છે કે તમે વારંવાર યુવાન ઉંમરે પહોંચેલી વ્યકિતને પ્રત્યારોપણ કરાવવા માટે કેમ સલાહ આપતા હતા. તમારી વાતનો ઈશારો આ તરફ હતો એમ હું માનું છું. હવે બીજો એક પ્રશ્ન દર્દી માટે સામાન્ય માર્ગ દર્શન કોઇ હોય તો તમે એની વાતો કરો. મારે એ વિશે જાણવું છે.'

સુખદેવ - 'રેવતીબેન, અત્યાર સુધી તો હું તમને અભણ માનતો હતો. પણ તમે અભણ નથી. આજે તમે મને બહુ મહત્વનો પ્રશ્ન કર્યા છે. આવા જ ઘણા બધા પ્રશ્નોની ચર્ચા તમારા નણંદ જાગૃતિબેન સાથે પણ થઇ છે. એમને પણ ઘણી વિગતોથી મેં માહિતગાર કર્યા છે. પણ આજે જ્યારે તમે પતિ-પત્ની મારે ત્યાં આવ્યા છો કેટલુંક જાણવા માટે. જો કે રેવતીબેન, હું કિડનીનો દર્દી, કિડનીના દર્દ વિશે વિદ્વાન નથી. મેં જે વાંચ્યું છે, કંઇક અનુભવ્યું છે, બીજા દર્દીઓ પાસે સાંભળેલું છે એની હું તમને વાત કરીશ.'

જુઓ..

(૧) પ્રત્યારોપણ કરાવેલ દર્દીએ શારીરિક શ્રમ પડે તેવાં કામ કરવાં જોઇએ નહિ. શરૂઆતના ત્રણ મહિના

સુધી વજનદાર વસ્તુઓ ન ઉંચકવી જોઇએ. અને શકય હોય તો ભવિષ્યમાં પણ વજનદાર વસ્તુઓ ઊંચકવાથી મુકત થવું જોઇએ.

(૨) શારીરિક શ્રમના કાર્યો ફરીથી શરૂ કરતાં પહેલાં ડૉકટરની સંમતિ જરૂર લેવી.

(૩) જેને સ્પર્શ કરવો પડે તેવી રમતો રમવાનું ટાળવું જોઇએ.

(૪) દર્દીને જો આકસ્મિક મુસાફરી કરવાનું થાય તો જેટલો સમય ઘરની બહાર રહેવું પડે તેટલો સમય માટે બધીજ દવાઓ સાથે લઇ જવી જોઇએ.

(૫) પ્રત્યારોપણના અઠવાડિયા પછી મોટેભાગે દર્દી જાતિય રીતે સક્રિય થઇ શકે છે. આ માટે નેફ્રોલોજીસ્ટની સલાહ લેવી.

(૬) પ્રત્યારોપણ પછીનાં બે વર્ષ સુધી મહિલા દર્દીઓએ સગર્ભા અવસ્થા ટાળવી જોઇએ. આ અંગે મહિલા ડૉકટરની સાથે વાત કરી લેવી જોઇએ.

(૭) પ્રત્યારોપણ પછીના ત્રણ-ચાર અઠવાડિયા બાદ વાહન ચલાવી શકાય. જો મોટરકાર ચલાવવાની હોય તો 'સીટ બેલ્ટ' બાંધવાનું ભૂલવું નહીં.

મહત્વની બાબત એ છે કે કિડની સાથે સંબંધ ધરાવતી અન્ય કોઇ બિમારી કે અકસ્માત જેવો અનિચ્છનીય બનાવ બને તો નવી દવા શરૂ કરતાં પહેલાં અને ચાલું દવાના પ્રમાણમાં ફેરફાર કરતાં પહેલાં દર્દીએ પોતાના નેફ્રોલોજીસ્ટને અવશ્ય જણાવવું.

રેવતીબેન - 'તમે બહુ જ સારી માહિતી આપી પણ એક વાત તો હું પૂછવાની ભૂલી ગઇ. કસરત કરવી જોઇએ ? '

સુખદેવ - 'રેવતીબેન, ડૉકટરની સલાહ મુજબ દર્દીએ નિયમિત ચાલવા જવું કે સાયકલ ચલાવવા જેવી કસરત કરવી. નિયમિત કસરત થી શારીરિક રીતે સ્ફુર્તિ લાગે છે. જો કે વધારે શ્રમ પડે તેવી કસરતો ટાળવી જોઇએ. કરસત કરવાના બ હુ ફાયદા છે.

- સુસ્તી ઘટે
- ચુસ્તી - સ્ફુર્તિ વધે
- ઉંઘ સારી આવે
- માનસિક સ્વાસ્થ્ય સુધરે
- તદુરસ્તી મળે
- શરીર ટક્ષર બને
- પાચન સુધરે
- બિમારીથી રક્ષણ મળે

રેવતી - 'પ્રત્યારોપણ કરતાં પહેલાં દર્દીના સગાં-વ્હાલાં કોઇપણ જાતનું મનોમંથન અનુભવતાં હોય છે ખરાં ?'

સુખદેવ- 'કિડની પ્રત્યારોપણ' કરાવનાર દર્દીઓ સમાજના વિવિધ સ્તરમાંથી આવતાં હોય છે. જેમ કે, શિક્ષક, વેપારી, ગૃહિણી, વિદ્યાર્થી, ખેડૂત, દુકાનદાર, ડૉકટર કે એન્જીનીયર. નવ વર્ષની ઉંમરનું બાળક હોય કે યુવાન, કે જૈફ વયની સ્ત્રી કે પુરૂષ હોય, ગમે તે હોય પણ પ્રત્યેક દર્દી અને તેના નજીકના સગાં-સબંધી પ્રત્યારોપણ કરાવતા પહેલાં - નિર્ણય લેવાનો હોય ત્યારે ખૂબ મનોમંથન અનુભવતાં હોય છે અને સાથોસાથ ભાવનાત્મક સંઘર્ષ પણ. '

રેવતી- 'હવે છેલ્લો મારો પ્રશ્ન, શું પૂર્વવત જીવનની પુનઃ પ્રાપ્તિ થઇ શકે ?'

સુખદેવ - 'જુઓ રેવતીબેન, પ્રત્યારોપણ કરાવ્યા પછી ઘણાં દર્દીઓ પોતે જયાં નોકરી કરતા હતા ત્યાં ફરીથી જોડાયા છે. ઘણાં નવજ્ઞાન- કસબ પણ શીખ્યા છે. અને દ ર્દીઓએ સ્વસ્થ જીવન ગુજારી પોતાના બાળકોને ઉછેરતાં જોયા છે. કેટલીક મહિલા દર્દીઓએ બાળકોને પણ જન્મ આપ્યો છે. કિડની

પ્રત્યારોપણ અત્યંત સુખદ અનુભવ છે. અને જો કદાચ કિડની પ્રત્યારોપણ નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં દર્દીના સગાંને એક આત્મસંતોષ તો હંમેશા રહે છે કે તેમણે પોતાના પ્રિય સ્વજનને બચાવવા માટે કોઈપણ પ્રયત્ન બાકી રાખ્યો નથી. તેમનાથી શક્ય એટલું બધું જ તેમણે કર્યું છે. રેવતીબેન, તમે જે મને પ્રશ્નો કર્યા એના જવાબો મારા જ્ઞાન પ્રમાણે તમને મેં આપ્યા છે. તમને બંનેને મારા જવાબોથી સંતોષ થયો હશે એમ હું માનું છું.'

રેવતી અને એનો પતિ સંતોષ વ્યક્ત કરે છે અને સુખદેવનો આભાર માની ઘેર જવાની રજા લે છે. સુખદેવ પોતાની ગાડીમાં એ બંનેને બેસાડી એમના ઘર આગળ ઉતારે છે. ઘરની પાસે ઉતરેલો રેવતીનો વર ઘરમાં પ્રવેશી જાય છે. પાછું વળી રેવતી જુએ છે. પોતાના પતિને ન જોતાં ધીરે રહીને સુખદેવની ગાડી પાસે આવે છે. અને ધીરેથી સુખદેવને કહે છે :

'સુખદેવભાઈ, જાગૃતિબેન પ્રત્યેના તમારા આકર્ષણને હું જાણું છું. મને યાદ કરજો. હું તમને મદદ કરીશ.' કહેતીક રેવતી ઘરમાં પ્રવેશી જાય છે.

એક ક્ષણ તો સુખદેવ ચમકે છે. પણ બીજી ક્ષણે હસતો હસતો ગાડી હંકારી ચાલ્યો જાય છે.

# સત્તાવીસ

## ચમત્કાર

આજે બુધવારે ડાયાલિસીસ વોર્ડમાં દાખલ થયેલો સુખદેવ બીજા દર્દીઓને જોતો જોતો પોતાની ફાઈલ જ્યાં પડી છે તે પથારી પર જઈ બેસે છે.

હમણાં તે પોતે સ્વસ્થ રહે અને થોડું શરીર ટકે, વજન ઓછું ખેંચવું પડે તેમ માનતો, તે અઠવાડિયામાં ત્રણ વખત આવે છે. પણ આનાથી એને કશો ફાયદો થતો નથી. એકાંતરે દિવસે આવવાનું હોવાથી તે પોતાના મન પર કાબુ રાખી શકતો નથી. આડેધડ પાણી પીતો રહે છે. અને ધાર્યા કરતાં વધુ વજન લઈને ડાયાલિસીસ માટે જતો હોવાથી - વધુ વજન કાઢવાને કારણે તેના પગની નસો એકબીજા પર ચઢી જતાં. ભયંકર દર્દ તેને થાય છે. અધૂરામાં પુરું ડાયાલિસીસના કલાકો પૂરા થતી વખતે પગની નસો ખેંચાય છે. ને સાથો સાથ બ્લડપ્રેશર પણ નીચુ જતું જાય છે અને પરિણામે તે મુશ્કેલીમાં મુકાતો જાય છે. બે ડાયાલિસીસ વચ્ચે જેટલું પાણી પીતો હતો તેના કરતાં વધુ પાણી હવે તે પીતો રહે છે. પાછુ મનમાંને મનમાં વિચારે છે કે 'આના કરતાં તો અઠવાડિયામાં બે ડાયાલિસીસ સારાં હતાં. ' અઠવાડિયામાં ત્રણ કરવાથી પાણી તો વધુ પીવાઈ જાય છે. તો શરીરને રાહત ક્યાંથી મળે ? દર ડાયાલિસીસે તેની પગની નસો અને બ્લડ પ્રેશર ઘટવાને કારણે - ડાયાલિસીસ પત્યા પછી ઘેર જતાં તે નક્કી કરતો કે હવે પ્રવાહી પીવામાં કાબૂ રાખવો પડશે. પણ આ વિચારનો તે અમલ કરી શકતો નહોતો. ઘરમાં ઠંડા પાણીની બોટલમાંથી ઘૂંટડો પાણી પીવાનું વિચારતો ત્યારે તેના મન પર તેની તરસનો કાબૂ આવી જતો. પછી પેટે હાથ ફેરવતો. તરસ છીપાઈ ગઈ હોય એવો અનુભવ કરતો, પણ થોડીવાર પછી એને લાગતું કે પેટમાં પાણી વાગે છે. અને તે બેચેની અનુભવે છે. આવું રોજ થતું. તે જાતે જ નિયમો ઘડતો. જાતે જ પરિણામ વિશે વિચાર તો અને જાતે જ નિયમો તોડતો.

આજે થોડું વજન ઓછું લઈને આવ્યો છે. ધીરે ધીરે મન પર કાબૂ રાખતો જાય છે..

પથારીમાં બઠો બેઠો ચારેય બાજુ તે જુએ છે સામી બાજુ - એની સામેની પથારીમાં સરોજના દીકરાનું ડાયાલિસીસ ચાલતું હતું. આજનો તેનો ડાયાલિસીસનો વાર નહોતો. તો પછી કેમ આવ્યો હશે ? એને યાદ આવે છે થોડા દિવસ પહેલાં ડૉક્ટર સાથે થયેલી સરોજબેનની વાત. ત્રણ ડાયાલિસીસ કરાવવાનું ડૉક્ટરે કહેલું. મા-દીકરા બંનેએ અઠવાડિયામાં ત્રણ વખત આવવાનું વિચારેલું ખરું. પણ ડૉક્ટર સાથેની વાતચીતમાં સરોજબેને જે જવાબ આપેલો તેના કારણે સુખદેવે માની લીધેલું કે, 'આ લોકોનો આવતો મહિનો વર્ષો સુધી પણ નહીં આવે.' થોડીવાર પછી સુખદેવે જાણ્યું કે, 'સરોજબેને પોતાના દીકરાનું ડાયાલિસીસ અઠવાડિયામાં

ત્રણ વખત કરાવવાનું નક્કી કર્યું છે.' સુખદેવને આ ચમત્કાર જેવું લાગે છે. કેમ કે સતત પૈસાની બૂમ પાડનારી સરોજ અઠવાડિયામાં વધારાના - એક વખતના - ડાયાલિસીસ કરાવવાનો ખર્ચો તે કેવી રીતે ઉઠાવી શકશે ? આવું તે વિચારે છે. ત્યાંજ બહારથી આવેલી સરોજ એના દીકરાની પથારી પાસે આવીને બેસે છે. બેઠા પછી તેની નજર સુખદેવ પર જાય છે. સુખદેવ જુએ છે કે સરોજ મરક મરક હસતી હતી. સુખદેવને ખ્યાલ આવી જાય છે કે શું સરોજે પૈસા માટે બીજો મગન તો નહીં શોધી કાઢ્યો હોય ને ? સુખદેવ હસી પડે છે. અને ધીરે રહીને પગ પાસે પડેલી ચાદર પગથી ઢીંચણ સુધી લાવી અને પછી હાથ આખા શરીર પર લઇ ઊંઘી જવાનો પ્રયત્ન કરે છે.

અર્ધજાગ્રત અવસ્થામાં પણ સરોજે કરેલા ચમત્કારના વિચારો જ તે કર્યા કરે છે.

'સાહેબ, તમારી ચા.' રમેશના અવાજે સુખદેવ ઝબકી જાગી જાય છે. ડાબા હાથે ચાનો પ્યાલો પકડે છે. આંખમાં તો હજુ ચમત્કારની જ અસર છે. ધીરે ધીરે ચાના ઘુંટડા ભરે છે. માંડ માંડ અડધી ચા પિવાઇ હશે અને ત્યાં તો - આયેશાબેનના નામનો ઉલ્લેખ થાય છે. ચા પીતા-પીતા તે બાજુની પથારીમાં સૂતેલા દર્દી સાથે એની પત્ની જે વાત કરે છે તે સાંભળે છે. જો કે બે પથારી વચ્ચે બે મશીન હોવાથી તે થોડું ઓછું સાંભળી શકે છે. પણ તે આયેશાબેનના નામનો ઉલ્લેખ સાંભળી ચારેબાજુ જોવા લાગે છે. વિભાગની આઠેય પથારી પર દર્દીઓ છે - ડાયાલિસીસ કરાવતા. કોઇપણ પથારીમાં આયેશાબેન નથી. આયેશાબેન સુખદેવના દિવસોમાં - અઠવાડિયામાં ત્રણ વખત બપોર પછી ડાયાલિસીસ માટે આવતાં, આયેશાબેનની વાત થાય છે. ને તે આજે આવ્યા નથી. તો પછી ?

એટલામાં ભૂપેન્દ્રભાઇ તેની પથારી પાસે આવે છે. જે મશીન પર તે લેવાયો છે એ મશીનની તપાસ કરવા તે આવ્યા હતા. તે ધીરે રહીને પૂછે છે :

'ભૂપેન્દ્રભાઇ, આજે આયેશાબેન આવ્યાં નથી ? 'ના, તેમને એડમીટ કર્યા છે.' ભૂપેન્દ્રભાઇ એમ કહી મશીનની તપાસ કરી બીજા દર્દીના મશીન પર પહોંચી જાય છે.

## અઠાવીસ

## આયેશાબેન ગયાં.....

ભૂપેન્દ્રભાઇ તો બીજા દર્દી પાસે પહોંચી ગયા. સુખદેવને આયેશાબેન વિશે જાણવું હતું. આખા ડાયાલિસીસ વિભાગમાં કોઇપણ દર્દીને કોઇ મુશ્કેલી પડે તો તરત જ બીજાં દર્દીઓ ચિંતા કરતા થઇ જતા. દર્દીઓ એવું માનતા કે નિયમિત ડાયાલિસીસ કરાવવા આવતાં સ્ત્રી કે પુરૂષો એ જ એમનાં કુટુંબના સભ્યો છે. કેમ કે અઠવાડિયામાં બે કે ત્રણ વખત ચાર કે પાંચ કલાક સુધી એકબીજાની ગતિ વિધિ જ જોયા કરવાની હોય છે. જાણે કે બધાં સુખ અને દુઃખો વહેંચતા હોય એવો કાયમ માહોલ ઉભો થતો.

સુખદેવ કાયમ બીજાં દર્દીઓને કહેતો કે :

'પીપળ પાન ખરંતાં, હસતી કુંપળિયાં,<br>
મુજ વીતી તુજ વિતશે, ધીરી બાપુડિયાં.'

પીપળા ઉપરનું પીળું પડી ગયેલું - જેનું આયુષ્ય હવે ઓછું થઇ ગયું છે તે - પાન ધીરે ધીરે ખરી પડી જમીન તરફ પહોંચી જાય છે. ત્યારે ફૂટેલી કુંપળ - નવું પાન - જાણે કે હસતું ના હોય ! અને તે વખતે વૃક્ષ ઉપરથી ધીરે ધીરે જમીન તરફ ફેંકાઇ રહેલું પેલું પાન જાણે કે પેલા નવી ફૂટતી કૂંપળને - નવા પાનને - એમ ના કહી રહ્યું હોય, જેવી મારી દશા છે તેવી જ તારી થશે. હું ખરી પડું છું. મેં ઘણા સમય સુધી આ વૃક્ષ પર રહી ધરતી અને આકાશનાં મિલન જોયાં છે. આજે મારી આ ખરી પડવાની દશા પર તમે બધાં હસી રહ્યા છો, પણ યાદ રાખજો મારી પર જે વીત્યું છે તેવું જ ભવિષ્યમાં તમારી પર પણ વીતશે. માટે મહેરબાની કરીને આનંદિત ના થશો.

સુખદેવની કહેવાની વાત કેટલાક દર્દીઓ ધ્યાનથી લેતા તો કેટલાંક દર્દીઓ એની વાતને ગણકારતા

પણ નહીં.

જો કે સુખદેવની આ વાત સાચી હતી. એણે આપેલું દ્દષ્ટાંત કિડનીના બધાંજ દર્દીઓને લાગુ પડતુ હતું. અહીં તો ડાયાલિસીસ માટે આવતાં બધાં જ દર્દીએ - નાના કે મોટાં, સ્ત્રી કે પુરૂષ, કોઇપણ જ્ઞાતિના બધાંજ જાણે કે અકાળે વૃધ્ધ થઇ ગયા હોય એવાં હતાં. એક દર્દીની મુશ્કેલી વખતે કોઇ ધ્યાન ન આપે કે હમદર્દી ન બતાવે તો - પેલા દર્દી ને જે પ્રકારની મુશ્કેલીઓ પડતી તે જ પ્રકારની મુશ્કેલીઓ બધાં જ દર્દીઓને - મશીન પાસે કામ લેવાનું હોવાથી - અવારનવાર પડતી. મુશ્કેલીઓ તો અનેક પ્રકારની હતી. - નાની મોટી રહ્યા કરવાની. એક ને પડતી મુશ્કેલી વખતે બીજો જો આનંદિત થાય તો - પેલો મુશ્કેલી અનુભવતો દર્દી બીજા દર્દીને તો કશું કહેતો નથી. પણ જાણે કે મૂંગેમૂગો તે રહ્યો હોવા છતાં તેના અંતરનો એક અવાજ જાણે કે સમગ્ર દર્દીઓને ના કહેતો હોય :

'કિડની નિષ્ફળ જવાથી સતત ડાયાલિસીસ કરતાં બધાં દર્દીઓ - મારા સિવાય આજે તમે હસી રહ્યા છો. મારા દુઃખમાં સમભાગી થતાં નથી. તમે તમારું જ વિચારો છો. પણ યાદ રાખજો મારી માફક તમે પણ જયારે મુશ્કેલીમાં મુકાઇ જશો ત્યારે જ તમને મારા દુઃખ કે અસહ્ય પીડાનો ખ્યાલ આવશે - તમે જયારે આ પ્રકારની પીડા અનુભવતા હશો ત્યારે જ. આપણે બધાં તો એક દર્દના દર્દીઓ છીએ. મારી જે પરિસ્થિતિ છે તેવી જ કયારેક તો તમારી પણ પરિસ્થિતિ થવાની છે. માટે એવું વિચારો કે આપણે બધાં એકબીજાના દુઃખમાં ભાગીદાર બનીએ.'

અને પછી તો સુખદેવ આયેશાબેન વિશે થોડી થોડી વાત જાણે છે. વાતનો ખરો તંતુ અઠવાડિયા પછીના એક ડાયાલિસીસ વખતે તે જાણી શકે છે.

વાત એમ હતી કે....

ગયા બુધવારે આયેશાબેનનું ડાયાલિસીસ તેના ડાયાલિસીસ કરતાં એક કલાક પછી ચાલું થયેલું. તેથી તે વહેલો ચાલ્યો ગયેલો . મોડેથી આયેશાબેનનું ડાયાલિસીસ પૂરું થાય છે. ડાયાલિસીસ પછી તે સ્વસ્થ હતાં. વ્હીલચેરમાં બેસી તેમની ગાડી સુધી તે જાય છે...

અને... તેમના ઘર તરફ જતાં ચાલતી ગાડીએ આયેશાબેન વારંવાર સીટ પર ગબડી પડે છે. તેમને બેસાડવાનો પ્રયત્ન થાય છે. ઘેર પહોંચ્યા પછી મહાપરાણે બે-ત્રણ માણસો ઊંચકીને ગાડીમાંથી બહાર કાઢી ઘરમાં લઇ જાય છે. ઘરમાં પહોંચતાં જ ખાટલામાં સૂઇ જાય છે. ખાતાં નથી. સૂતાં જ રહે છે. તેમની તબિયત બગડી હશે તેમ માની કોઇ તેમને ઉઠાડવાનો પ્રયત્ન કરતું નથી. રાતભર તેમને કોઇ ઉઠાડવાનો પ્રયત્ન કરતું નથી. જોકે તેમની તપાસ બધાં કરતાં રહે છે. સવારે તેમને કંઇક સારું લાગે છે. પથારીમાં બેસવાનો પ્રયત્ન કરે છે. પણ બેસી શકતાં નથી. જે હાથે 'ફીટ્સ્યુલા' કરેલું છે તે હાથ ઊંચો થતો નથી. પછી ખબર પડેછે કે તેમનું એક બાજુનું અંગ 'લકવાગ્રસ્ત' થઇ ગયું છે. અને તે જ દિવસે તેમને રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં - જ્યાં તે ડાયાલિસીસ માટે આવતાં ત્યાં - દાખલ કરવામાં આવે છે. ડૉક્ટરોના નિદાન પછી અને 'ફીટ્સ્યુલા' વાળો હાથ લકવાગ્રસ્ત થવાથી તાત્કાલિક તેમનું ડાયાલિસીસ થઇ શકે તેમ ન હોવાથી પેટથી ડાયાલિસીસ કરાવવામાં આવે છે. પણ તેમાં પણ ડૉક્ટરોને નિષ્ફળતા મળે છે. અને ધીરે ધીરે....

આયેશાબેન કોમામાં ચાલ્યા જાય છે.

ચાર-પાંચ દિવસ સુધી દવાખાનામાં તેમનું નિદાન થયા કરે છે. અને છેવટે એક સવારે - 'આયેશાબેનને ઘેર લઇ જાવ. હવે કશો અર્થ નથી' - એમ કહી ડૉક્ટરો છૂટી પડે છે.

ઘણાં વર્ષો પછી હિંદુ-મુસ્લિમ જ્ઞાતિના તહેવારો સાથે સાથે આવતા હોય છે. મુસલમાનોના રોજા, હિંદુઓના નવા વર્ષના દિવસો ચાલુ થાય છે. હિંદુઓનો નવા વર્ષનો દિવસ અને મુસ્લિમોનો ઇદનો તહેવાર લગભગ નજીક-નજીક છે.

આયેશાબેન છેલ્લા ત્રણેક વર્ષથી ડાયાલિસીસ માટે આવતાં. લગભગ છોતેર વર્ષની ઉંમરે પણ તેઓ સ્વસ્થ હતાં. સ્વસ્થ હોવા છતાં મોટેભાગે ડાયાલિસીસના સમય દરમ્યાન જ ઝાડો-પેશાબ કરવાની તેમને જરૂર પડતી. લગભગ પંચ્યાશી વર્ષની ઉંમરે પહોંચેલા એમના પતિ હયાત હોવા છતાં એમના જ કુટુંબમાં વર્ષો

પહેલાં કિડનીનો આવો જ કેસ ઊભો થયેલો.

તેમના મોટા દીકરાની કિડની નિષ્ફળ ગયેલી. દર્દના થોડા સમય પછી તેમના દીકરાનું 'કિડની પ્રત્યારોપણ' કરાવવામાં પણ આવેલું. તેમના દિકરાનું પ્રત્યારોપણ કરે સત્તર વર્ષ જેટલો સમય થઇ ગયો હોવા છતાં તેમનો દીકરો આજે પણ સ્વસ્થ છે. 'કિડની પ્રત્યારોપણ' પછી આજે પણ સ્વસ્થ જીવન જીવી શકે છે.

પણ...

આયેશાબેન પોતાનો સુખી સંસાર જોઇ શક્યા નહિ.

મુસલમાનોના રોજાના દિવસોનો - છવ્વીસમો રોજો જે પવિત્ર ગણવામાં આવે છે. જે દિવસે મુસલમાન લોકો પોતાની પાસે હોય છે તે બધું દાન કરે છે. તેવા પવિત્ર દિવસે અને હિંદુઓનો પવિત્ર દિવસ- ધનતેરશ - અને છવ્વીસમો રોજો. બંનેનું સુભગ સમન્વય થયો તે દિવસે આયેશાબેન તેમનું જીવન સંકેલી લે છે.

બહુ જ સારું મોત પામ્યા આયેશાબેન.

પ્રોફેસર સુખદેવ અને બીજાં બધાં દર્દીઓ આ જાણે છે ત્યારે ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. પણ આ બિચારા દર્દીઓ બીજું શું કરી શકે? ફકત સંવેદના જ પ્રગટ કરી શકે. બીજું કાંઇ નહિ.

## ઓગણત્રીસ

## ચંપકભાઇ બચી ગયા

ડાયાલિસીસ વિભાગમાં આયેશાબેનની જ ચર્ચાઓ થતી રહે છે. જે જાણે છે તે બધાં દુઃખની લાગણી વ્યક્ત કરે છે. આ જ દિવસોમાં બીજી એક ઘટના બને છે...

આમ તો ચંપકભાઇ કાયમ ડાયાલિસીસમાં આવે ત્યારે તેમની સાથે તેમનો ડ્રાઇવર જ આવતો. ચંપક પૈસાદાર, શોખીન પણ ખરો. તડને ભડ કહેવાવાળો. પ્રોફેસર સુખદેવને ચંપકભાઇ સાથે સારું બનતું. બંને એક જ શહેર આનંદનગરમાંથી ડાયાલિસીસ માટે આવતા. ચંપકભાઇ પોતાની ગાડીમાં આવતા. સુખદેવ કાયમ ભાડે બાંધેલી રીક્ષામાં આવતો.

જૂના ડાયાલિસીસ વિભાગમાં ક્યારેક-ક્યારેક બંનેની પથારી બાજુ બાજુમાં રહેતી. કેમકે ત્યાં નાનો રૂમ હતો. તેમાં ચાર જ દર્દીઓને લેવામાં આવતા. હમણાં ડાયાલિસીસ વિભાગ નવા કલેવર ધારણ કરીને સારો દેખાવા લાગ્યો. હવે એકબીજા સાથે એક મોટા રૂમમાં આઠ દર્દીઓને સાથે લેવાતા. દવાખાવાના પંખા અદ્રશ્ય થઇ ગયા. એનું સ્થાન એ.સી. એ લઇ લીધુ. એ.સી.ને કારણે દર્દીઓને રાહત રહેતી. પણ ક્યારેક મુશ્કેલી પણ ઊભી થતી. કોઇ દર્દીને અસહ્ય ઉકળાટ થતો હોય ત્યારે જ કદાચ બાજુની પથારીવાળો દર્દી ઠંડીનો અનુભવ કરતો હોય. આ વખતે એકને એ.સી. ચાલુ કરાવવું હોય અને બીજાને બંધ કરાવવું હોય તેવી પરિસ્થિતિ ઊભી થતી. પણ તે વખતે પણ દર્દીઓ પોતાની રીતે રસ્તો કાઢી લેતા. ઉકળાટ સહન કરીને પણ ઠંડી અનુભવતા દર્દીઓ માટે એ.સી. બંધ કરાવવાની સંમતિ આપતા. આમ આપમેળે જ એકબીજામાં સમજણ આવી જતી.

આજે...

સુખદેવનું ડાયાલિસીસ વહેલું હતું. તેનું ડાયાલિસીસ શરૂ થયા પછી એકાદ કલાક પછી ચંપકભાઇ આવે છે. છેલ્લા કેટલાય સમયથી નવા રંગ-રૂપ ધારણ કરેલા આ ડાયાલિસીસ વિભાગમાં બાજુ બાજુની પથારીમાં સુખદેવ અને ચંપકભાઇ ક્યારેય હોતા નથી.

ક્યારેક સામેના છેવાડેથી હસીને બૂમ પાડતો ત્યારે ચંપકભાઇ પણ ઊંચા અવાજે સુખદેવ સાથે વાતો કરતા. સુખદેવ કહેતો 'ચંપકભાઇ, હમણાંથી કેટલાય સમયથી આ લોકો એકબીજાથી દૂર ની પથારીમાં આપણને મૂકે છે. તમે એવું ના કરી શકો? તમારું મશીન અને પથારી લઇને મારી બાજુમાં આવી જતા હો તો?'

'અરે એમ તો કંઇ થતું હોય? જોકે તમે દૂર હો છો ત્યારે બહુ વાતો થતો નથી. ક્યારેક આ લોકોને કહીશું,

આપણને બાજુબાજુની પથારીમાં ડાયાલિસીસ માટે રાખે.' ચંપકભાઇ બોલતા. પ્રોફેસર સામે જોઇને હસતા. હસતા-હસતા થાકે ત્યારે ખિસ્સામાંથી તમાકુની પડીકી કાઢી ધીરે રહીને આજુબાજુ જોઇને મોંમાં મૂકી દેતા અને પછી સૂવાનો ઢોંગ કરતા. સુખદેવ પણ હસી પડતો.

ઘણા દિવસો પછી આજે... પ્રોફેસર સુખદેવની પથારીની બાજુમાં જ ચંપકભાઇ આવી ગયા. તેમનો ડ્રાઇવર તેમને મૂકીને બહાર ચાલ્યો ગયો. થોડી જ વારમાં એક સુંદર, ચહેરા પરથી ઠરેલ સ્ત્રી ચંપકભાઇની પથારીની બાજુમાં આવીને બેસે છે. સુખદેવ આ જુએ છે. આ પહેલાં એણે ક્યારેય આ બાઇને જોઇ નથી. પછી ખબર પડે છે કે તે ચંપકભાઇની પત્ની હતાં.

ઘણા દિવસો પછી બાજુમાં આવેલી પથારીમાં ચંપકભાઇ હોવાથી તેમની સાથે વાત થશે એમ માનનારો પ્રોફેસર સુખદેવ જુએ છે તો ચંપકભાઇ સૂનમૂન પથારીમાં પડ્યા છે. આજુબાજુ જોતા રહે છે. પણ બોલતા નથી.

પછી તો સુખદેવ ચંપકભાઇના પત્ની દ્વારા સાંભળે છેઃ

'ગયા બુધવારે ડાયાલિસીસ કરાવ્યા પછી તેઓ ઘેર આવ્યા. થોડા અસ્વસ્થ હતા. આમ તો કાયમ ડાયાલિસીસ કરાવ્યા પછી જ્યારે આવતા ત્યારે તેમણે કોઇ મુશ્કેલીનો અનુભવ કર્યો નથી. તે દિવસ બુધવાર હતો. રાત્રે જમ્યા પછી સૂતી વખતે જાણે કે આખું શરીર ખેંચાતુ હોય તેવી તેમણે ફરિયાદ કરી. શરીરે અસહ્ય પીડા અનુભવતા હોય એવી તે બૂમો પાડતા રહ્યા. રાત્રે જ આનંદનગરના એક જાણીતા ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ડૉક્ટર પ્રાથમિક સારવાર કરે છે અને મોડી રાત્રિએ તેમના દવાખાનામાં દાખલ થવાનું સૂચન કરે છે. અમે તેમને દવાખાનામાં દાખલ કરીએ છીએ. પણ કંઇ ફેર પડતો નથી. તેમની માનસિક પરિસ્થિતિ જોતાં અને જે પ્રકારે શરીર ખેંચાતું રહ્યું તેને કારણે અમે બધાંએ આશા છોડી દીધી હતી. આ છેલ્લો જ એમનો સમય છે એમ પણ માની લીધું હતું. અને બન્યું પણ એવું જ. બીજે દિવસે તેઓ કોમામાં ચાલ્યા ગયા. કોમામાં ગયેલો માણસ, કોમામાંથી ક્યારે બહાર આવે તે કહેવું મુશ્કેલ છે. પણ તેજ દિવસે સાંજે ભગવાનને કરવું તે તેઓ કોમામાંથી બહાર આવ્યા. સ્વસ્થ પણ થયા. આ ત્રણ દિવસમાં તો ઘણું ઊથલપાથલ થઇ ગયું. જુઓ, આજે એમને ડાયાલિસીસ પર લાવ્યા છીએ. તેમને સૂચના આપવામાં આવી છે કે કોઇની સાથે વાત ના કરશો. એટલે તે બહુ બોલશે નહિ. અમે તો ભગવાનનો પાડ માનીએ છીએ કે ભગવાને તેમને બચાવી લીધા. તમે પણ આનંદનગરથી જ આવો છો ને? કોલેજમાં નોકરી કરતા હતા ને? ઘેર તો ક્યારેક ડાયાલિસીસની વાત નીકળે ત્યારે તમને યાદ કરતા હતા. તમે જ પ્રોફેસર સુખદેવ ને? તમને મળીને બહુ આનંદ થયો.'

ઘણા દિવસે બાજુની પથારીમાં ચંપકભાઇ આવ્યા. પણ તેમની સાથે વાતો નહિ કરવાનો વસવસો સુખદેવને રહી જાય છે. પણ બીજી ક્ષણે ચંપકભાઇની આ ત્રણ દિવસની પરિસ્થિતિ સાંભળી તે દુઃખી થઇ જાય છે.

# ત્રીસ

## મહેરુન્નીસા

મહેરુન્નીસા એનું નામ. ત્રીસેક વર્ષની ઉંમર, એકવડિયું શરીર, સુંદર આકર્ષક ચહેરો, લગભગ પંજાબી ડ્રેસ પહેરેલો. લગભગ એના જેટલી જ ઉંમરના એક યુવાનની પાછળ ધીરે ધીરે ડગલાં માંડતી તે આવતી હતી. આમ તો થોડીક સ્વસ્થ દેખાતી હતી. આ બંને કોઇ દર્દીને મળવા આવ્યા હશે એવું એમને જોતાં સુખદેવ ધારી લે છે. આજે તેનું ડાયાલિસીસ હતું. ડાયાલિસીસ શરૂ થયે એક કલાક પસાર થઇ ગયો હતો ત્યાં જ આ બંનેનો પ્રવેશ થાય છે. પેલો યુવાન ટેકનિશિયન સાથે કંઇક વાત કરે છે. અને પછી તે બંને પ્રોફેસર સુખદેવની બાજુની ખાલી પથારી પાસે આવી ઊભા રહે છે. પેલી યુવતી પથારીમાં બેસે છે અને પછી લંબાવે છે. હવે જ સુખદેવને ખ્યાલ આવે છે :

'અરે આજ તો કિડનીની જ દર્દી છે. તેનું ડાયાલિસીસ થશે. પહેલાં તેણે ક્યારેય તેને જોઇ નથી. જોકે કદાચ પહેલાં 'નેગેટીવ' વિભાગમાં હોય, અને પછી 'પોઝિટીવ' વિભાગમાં આવી હોય.' એમ તે વિચારે છે.

તેનું નિડલિંગ થાય છે ડી.એલ.સી. દ્વારા. હજુ 'ફીટ્સ્યુલા' થયું નથી. એટલે નવી જ દર્દી તે માની લે છે. થોડીવાર પછી...

એ યુવતીની બાજુમાં એક પ્રૌઢ વયની સ્ત્રી આવીને બેસે છે.

'તમે ક્યારથી આવો છો?' પેલી સ્ત્રી સુખદેવને પૂછે છે.

'છ એક વર્ષ જેટલો સમય થયો. તમે ક્યાંથી આવો છો?'

'અમે કોડિનારથી આવીએ છીએ. આ અમારી ભાણી છે. હમણાં તો અહીં મકાન રાખી રહીશું. પછી કદાચ નવાપુરા એની બહેન રહે છે ત્યાંથી જરૂર પડ્યે આવજા કરીશું.'

પ્રોફેસર સુખદેવ કોડિનારની આસપાસના ગામોમાં પોતાના ઘણા બધા વિદ્યાર્થીઓ છે એની વાત કરે છે. ત્રણેક વાર કોડિનાર પણ આવી ગયેલો છે એની વાત પણ કરે છે. આમ પરિચય થાય છે. પછી તો સુખદેવ પેલી યુવતી વિશે ધીરે ધીરે એનાં સગાં-સંબંધીઓ દ્વારા જાણે છે કે :

'મહેરુન્નીસાને થોડાં વર્ષો પહેલાં પાકિસ્તાનમાં પરણાવેલી. તે પાકિસ્તાનમાં રહેતી હતી અને અમે ભારતમાં. ગયા વર્ષે તેની બંને કિડની નિષ્ફળ જતાં ત્યાં પાકિસ્તાનમાં ડાયાલિસીસ પર રાખવી પડેલી. બે-ચાર માસ પછી તેનું ત્યાં જ ''કિડની પ્રત્યારોપણ' કરાવેલું. આઠેક માસ જેટલો સમય તેની નવી મૂકેલી કિડની કાર્યરત રહી. પછી તેને મુશ્કેલી થવા લાગી. ત્યાં નિદાન કરતાં એવી ખબર પડી કે તેને નવી મૂકેલી કિડનીમાં થોડી તકલીફ થઈ છે. અને જો એક નાનું ઓપરેશન કરવામાં આવે તો ફરીથી કિડની કાર્યરત થઈ શકે છે. ત્યાંના ડૉક્ટરોએ સલાહ આપી કે ભારતમાં રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં તેને લઈ જવામાં આવે. ત્યાંના ડૉક્ટરો કદાચ આ અંગેનો સાચો નિર્ણય લઈ શકશે. એથી અમે અહીં આવ્યા છીએ. અહીં આવ્યા પછી મહેરુન્નીસાને થોડો સમય ડાયાલિસીસ પર રાખવામાં આવે. પછી તેની કિડની વિશે સચોટ નિદાન કરી શકાય. એટલે અમે એને લઈને આવ્યા છીએ. અહીંના ડૉક્ટરો એ છ-એક માસ સુધી ડાયાલિસીસ કરવાનો આગ્રહ રાખ્યો છે. જોઈએ હવે શું થાય છે?'

પ્રોફેસર સુખદેવ એમની વાત શાંતિથી સાંભળે છે. પાછો એને પ્રશ્ન થયો :

'આવી સુંદર, દેખાવડી, યુવાન કન્યાઓના અરમાનો સાથે કુદરત શા માટે આવું કરી એમના અરમાનને વેડફી દે છે?'

અને સુખદેવની નજર સમક્ષ આ જ પ્રકારનું દર્દસહન કરતાં, અસહ્ય દર્દ અને માનસિક પીડા અનુભવતાં ભાવનાબેન આવી ઊભા રહે છે.

## એકત્રીસ

## હું તમારી જાગૃતિ.........

મહેરુન્નીસાની કથાને વાગોળતો-વાગોળતો સુખદેવ ડાયાલિસીસ પત્યા પછી પોતાને ઘેર જાય છે. જ્યારે જ્યારે તે યુવાનોને આવા દર્દ થયાં હોય તેસાંભળતાં જ તે દુઃખી થતો. ઘેર પહોંચેલો તે થોડીવાર ટી.વી. જોઈ ભૂખ લાગી હોવા છતાં જમવાનું ભાવશે નહીં તેમ માની પથારીમાં આડો પડે છે. ઊંઘ ના આવવાથી એકાદ નવલકથા હાથમાં લઈ વાંચવા માંડે છે. તેના હાથમાંની નવલકથાનું શીર્ષક વાંચી તે ચમકે છે. 'સરી જતી રેતી' - યશોધર મહેતાની નવલકથા. આ પહેલાં પણ ચારેકવાર તે વાંચી ગયેલો. અને આજે ફરીથી હાથમાં આવતાં રોમાંચ અનુભવે છે. હજુ તો એકાદ-બે પાન માંડ માંડ તેણે વાંચ્યા હશે, ત્યાં તો ટેલિફોન રણકી ઊઠે છે. તે ઊભો થાય છે. ટેલિફોન પાસે પહોંચે છે. રિસીવર હાથમાં લે છે.

'પ્રોફેસર સુખદેવ સાથે વાત કરવી છે. ફોન તેમને આપી શકશો?' સામેથી એક અવાજ - પરિચિત અવાજ - આવે છે. કોઈ સ્ત્રીનો અવાજ હતો. અવાજ તો પરિચિત, પણ કોનો છે તે ખ્યાલ આવતો નથી. કેમકે જ્યારે જ્યારે ડાયાલિસીસ કરી આવે ત્યારે તે થોડી અશક્તિ અનુભવતો અને આજે તો મહેરુન્નીસા વિશે તેણે

જાણ્યું છે. દુઃખી પણ છે. હૃદયમાં કરુણા છે. મગજ જાણે કે ખાલીખમ થઇ ગયું હોય તેવું માને છે. પરિચિત અવાજ છતાં પણ તે પકડી શકતો નથી કે તે કોણ છે?

'હું સુખદેવ બોલું છું. તમે કોણ?' તે ધીરેથી બોલે છે.

'મને ના ઓળખી?'

'કશો ખ્યાલ આવતો નથી.'

'કેમ? એટલામાં મને ભૂલી ગયા?'

'તમે કોણ છો એ કહો નહીં તો હું ફોન મૂકી દઇશ.' 'મારા વ્હાલા. હજુયે મને ના ઓળખી? હું તમારી જાગૃતિ.'

જાગૃતિ અને હું તમારી - એ શબ્દો સાંભળતા જ પ્રોફેસર સુખદેવના હાથમાંથી રિસીવર પડી જાય છે. બીજી ક્ષણે પડી ગયેલા રિસીવરને હાથમાં લે છે. કાન પાસે લઇ આવે છે. સામેથી ખડખડાટ હસવાનો અવાજ આવે છે. હસવાના અવાજની સાથે સાથે ધીરો પણ એક મક્કમ અવાજ તે સાંભળે છે.

'સુખદેવ, મેં આજે નિર્ણય કરી લીધો. બાકીનું બધું હું તમારી પર છોડી દઉં છું. ફોન પર તો કદાચ તમે નિર્ણય નહીં કરી શકો. આનંદના અતિરેકમાં કે બીજી કોઇ રીતે કદાચ મારા આ શબ્દો તમને ઘડીભર વિચારતા કરી મૂકશે. અરે વિચારતા કરી જ મૂક્યા છે. એટલે જ તો સામેથી કશો જવાબ આપતા નથી. ફોન પર મારે તમારી વાત સાંભળવી નથી. બહુ જ નજીકના ભવિષ્યમાં હું તમારી પાસે આવું છું. ત્યારે વાત કરીશું.' સામેથી ફોન કટ થઇ જાય છે.

'હું તમારી જાગૃતિ' એ શબ્દો તો સાંભળવા ઘણાં સમયથી તે ઈચ્છતો હતો. પણ પોતાની મર્યાદા તે સમજતો હતો. તે દ્વિધામાં હતો. જો કે જાગૃતિ પ્રત્યે આકર્ષણ તો હતું જ. પણ સામાજિક દ્રષ્ટિએ તે કોઇ પગલું ભરી શકે તેમ નથી. પહેલાં તો જાગૃતિનું આકર્ષણ તેને ખેંચતું હતું. પણ જાગૃતિને તે સમજાવી લેશે એવું માનતો હતો.

પણ આજે...

સામેથી જ જાગૃતિએ સ્વીકાર કર્યો. પણ એ જાગૃતિને સ્વીકારી શકે એવી સામાજીક ભૂમિકામાં નથી. તે વિચારતો રહે છે.

ત્યાં જ ડોરબેલ વાગે છે. ઘંટડીનો અવાજ સંભળાય છે. જ્યારે ડોરબેલ વાગતો ત્યારે ઘંટડીનો રણકાર તેને મીઠો લાગતો. પણ આજે આ ઘંટડીનો અવાજ આનંદ અને કર્કશ મિશ્રિત કેમ લાગતો હશે?

તે બારણા પાસે પહોંચે છે. ધીરે રહીને બારણું ખોલે છે. બારણું ખોલતાં જ એને ધક્કો વાગે છે. માંડ માંડ પડી જતાં બચી જાય છે. બીજી ક્ષણે કોઇના આલિંગનમાં તે જકડાઇ ગયો હતો એવું અનુભવે છે. આગંતુક વ્યક્તિ તેના મોં પર અને ગાલ પર અનેક ચુંબનોની વર્ષા કરે છે. હજુય તેને ખ્યાલ નથી આવતો. અણધાર્યું આ કેવી રીતે બની ગયું? ધીરે રહીને આગંતુકના મજબૂત આલિંગનમાંથી પોતાની જાતને છોડાવે છે. ઓચિંતુ આક્રમણ થતાં તે ગભરાઇ જાય છે. આગંતુકનો ચહેરો જોતાં તે ચમકે છે. અને બીજી ક્ષણે 'તું.. તમે... અત્યારે... અહીં... મારે ઘેર...' તે આગળ બોલી શકતો નથી. આખા રૂમમાં આગંતુકનું હાસ્ય સુખદેવના કાન પર અથડાયા જ કરે છે. તે એકદમ ફ્રીઝ પાસે જઇ ફ્રીઝ ખોલીને એક નાની સો ગ્રામની ઠંડા પાણીની બોટલ બહાર કાઢી હોઠે વળગાડી દે છે. માંડ માંડ તે સ્વસ્થ થાય છે. તે પાછો વળે છે. સામે ખડખડાટ હાસ્ય કરી જાગૃતિ ઊભી છે.

## બત્રીસ

## સાલા નાલાયક...

ઠંડુ પાણી પી થોડોક સ્વસ્થ થઇ સુખદેવ પાછો વળે છે. તો સામે ખડખડાટ હાસ્ય કરતી જાગૃતિને ઊભેલી જુએ છે. જાગૃતિ ક્ષણભરમાં સુખદેવનો હાથ પકડી બાજુના સોફા પર બેસાડી ધીરે રહીને મુખ્ય દરવાજા પાસે જઇ બારણાને બંધ કરી અંદરથી લૉક કરે છે. અને પાછી આવી સોફા પર સુખદેવની બાજુમાં બેસી તેનો

હાથ પોતાના હાથમાં લઇ પંપાળ્યા કરે છે. સુખદેવ થોડો ઘણો સ્વસ્થ થયો છે. પણ આમ અણધારી રીતે રાત્રિના સમયે જાગૃતિને આવેલી જોઇ થોડો ગભરાઇ પણ ગયો છે. પણ તે પોતાનો ગભરાટ પોતાના મોં પર લાવતો નથી. એમને એમ જાગૃતિની પાસે તે બેસી રહે છે.

થોડીક ક્ષણો રૂમમાં શાંતિ સ્થપાય છે. કોઇ બોલતું નથી. છેવટે જાગ્રૃતિ સુખદેવને પોતાની નજીક ખેંચે છે. અને ધીરે રહીને કહે છે :

'આજે આપણે ફેંસલો કરવાનો છે. જો કે હું નક્કી કરીને આવી છું. મારા નિર્ણયની વાત મેં મનસુખને કરી નથી. ભૂજથી બારોબાર સીધી જ પહેરેલ કપડે તારે ત્યાં આવી પહોંચી છું. તારા મકાનની બહારથી જ મારા મોબાઇલ પર મેં તને ફોન કરેલો. એનો કદાચ તને ખ્યાલ નહીં હોય. વહેલી સવારે મારી ભાભીને ત્યાં પહોંચીશ એવું મનસુખ જાણે છે. મારા ભાઇને પણ ફોન કરી દીધો છે. આ રાત્રિના ચાર-છ કલાક તારી સાથે હું પસાર કરવા માંગુ છું. અને આજે આપણે સાથે બેસીને નિર્ણય લઇ લેવાનો છે. જો, મેં મનસુખને છોડીને તારી સાથે રહેવાનું નક્કી કર્યું છે. તું જે જવાબ આપે તેના પર હું નિર્ણય કરીશ.'

'જો જાગ્રૃતિ, તારા પ્રત્યે મને આકર્ષણ તો છે જ. જોકે તારો સંસાર સુખી છે. એક સંતાનની માતા પણ તું છે. તારી વાતમાં એ મેં જાણ્યું છે કે તારો પતિ તારા પ્રત્યે બહુ જ સ્નેહ ધરાવે છે. આ થઇ તારી વાત. અને મારી વાત કરું તો, તું જાણે છે કે હું કિડનીનો દર્દી છું. જીવનના છેલ્લા શ્વાસ સુધી કદાચ હું ડાયાલિસીસ પર રહીશ. આજના તબક્કે 'કિડની પ્રત્યારોપણ' કરાવવાની મારી ઈચ્છા નથી. પરિણામે હું તને ક્યારેય તારી ઈચ્છા હશે તો પણ શરીર સુખ નહીં આપી શકુ. અને જો તું એ સુખની ઈચ્છાએ જ મારી સાથે જોડાતી હોય તો એ તારી ભૂલ છે. ભવિષ્યમાં કદાચ તારે 'ઊલમાંથી ચૂલમાં પડી' એમ પસ્તાવો ન કરવો પડે. એટલે આપણે બંને જણ મિત્રો તરીકે રહીએ તો કેવું?'

'એટલે તું શું કહેવા માંગે છે. શરીરસુખ માટે હું તારી પાસે આવવા માંગું છું એમ વિચારતો હોય તો ખોટું વિચારે છે. જો, તને મેં પહેલીવાર જોયો ત્યારથી જ તારા પ્રત્યે મેં આકર્ષણ અનુભવ્યું હતું. અને ભૂજમાં બેઠા બેઠા પણ રોજ રાત્રે તારાં જ સ્વપ્નો જોતી હતી. આજે હું દોડતી અહીં આવી. અને તું મને સ્વીકારવાને બદલે શા માટે તરછોડે છે ?'

'જો જાગૃતિ, હું તને તરછોડવા માંગતો નથી. સાચી વાત કહું. તારા પ્રત્યે મારું આકર્ષણ તો છે જ એક મિત્ર તરીકે. તું જો મૈત્રીની વાત સ્વીકારશે તો કદાચ મને આનંદ થશે. મારા અંગત સ્વાર્થને કારણે તારું સુખીજીવન ખરાબ રસ્તે ચઢી જાય એવું હું ઇચ્છતો નથી. પછી જેવી તારી મરજી.'

'એનો મતલબ એ કે મારી 'હા'ને તમે માની લેશો અને મારો સ્વીકાર કરશો.'

'જો જાગૃતિ, તુ ચાર-છ કલાક મારી સાથે પસાર કરવા માંગે છે તો મર્યાદાના કેટલાંક બંધન છોડીને તું કહીશ તો મારા તરફથી તને પ્રેમ આપીશ તુ કહે તે રીતે. બાકી રહી વાત મારી, હું કોઇપણ સંજોગોમાં તારા સુખી સંસારનો વિચ્છેદ થાય એવું ઇચ્છતો નથી. અને ક્યાં તારો નિર્ણય તેં મનસુખને કહ્યો છે.'

'મનસુખની વાત રહેવા દે. મારે તો તારી વાત સાંભળવી હતી. પણ તું તો ફૂટેલો ઘડો નીકળ્યો. કશાય કામમાં ન આવે એવો ઘડો. મેં તને જોયો ત્યારે - ફૂટેલો ઘડો - તું કદાચ આવો નહોતો. તો પછી મને તારે અધવચ્ચે ક્યાં લટકાવવાની જરૂર હતી.' એમ કહી જાગૃતિ સુખદેવ પર તૂટી પડે છે. તેના આખા શરીર પર પોતાના હાથના નખથી જાણે કે નહોર મારતી હોય તેવું સુખદેવ અનુભવે છે. અને બીજી ક્ષણે જાગ્રૃતિ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડે છે. સુખદેવ જાગ્રૃતિને પોતાની નજીક ખેંચી તેના માથા પર અને પીઠ પર હાથ ફેરવતો રહે છે. છતાંય જાગ્રૃતિના ડૂસકાં સમતાં નથી. સુખદેવ જાગૃતિને પોતાની નજીક - વધુ નજીક - લેતો રહે છે. જાગ્રૃતિ પણ જાણે કે સુખદેવમાં સમાઇ જવાનો પ્રયત્ન કરતી હોય એવાં તરફડિયાં મારે છે. જાગ્રૃતિ તૃપ્ત થતી નથી. સામે કિડનીનો દર્દી હતો ને?'

એક હડસેલો મારી જાગ્રૃતિ સુખદેવથી દૂર થાય છે. તેના મોં પર એક-બે તમાચા પણ મારી દે છે.

અને...

'સાલા નાયાલક, તારી પાસે આવવા માટે તેં જ મને લલચાવી હતી ને? અને આજે નામર્દ બની બેઠો. મારે ક્યાં શરીર સુખ જોઇતું હતું? મારે મન તું ઊણો ઊતર્યો. થોડો પ્રેમ આપ્યો હોત તો ઘણું બધું મને મળ્યું એવું હું માનત.' એમ કહી પગ પછાડતી પછાડતી મુખ્ય બારણું ખોલી બહાર નીકળી જાય છે. સુખદેવ એને બોલાવવાનો

પ્રયત્ન કરે છે. પણ એના શબ્દો હવામાં ઓગળી જતા તે અનુભવે છે.

# તેત્રીસ

## નારાયણદેવી પણ ગયાં

હમણાં હમણાંનું દર બુધવારે કંઇક ને કંઇક નવાજૂની સુખદેવ સાંભળતો. તેથી તે દુઃખી થતો. આમ તો કહેવત છે 'બુધવારે બેવડાય.' - એટલે કદાચ લાભ થાય. પણ હમણાંનું તો દર બુધવારે કંઇક નવીન જ સમાચાર તે જાણતો રહે છે. તે પોતાનું ડાયાલિસીસ બુધવારને બદલે બીજા દિવસે રાખવાનું ટેકનિશિયનને કહે છે. પણ બુધવાર સિવાયના બીજા દિવસે બપોરના સમયે તેની ગોઠવણ થઇ શકે તેમ નથી તેવું જાણતાં તે નિરાશ થઇ જાય છે.

મોટેભાગે બુધવારે તેનુ ડાયાલિસીસ સાડા બાર વાગ્યા સુધીમાં ચાલું થઇ જતું. બુધવારે બપોરે દર્દીઓ ઓછા હોતા. બુધવારે બપોરે ઓછા દર્દીઓ અને વધુ સ્ટાફ એવું તે જોતો. આ બુધવારે તેનું ડાયાલિસીસ બારને વીસ મિનિટે ચાલુ થઇ ગયુ. એક પટેલ નર્સ તેનું બી.પી. માપવા આવે છે. તે પરણેલી છે. ફરજ પર લગભગ પચીસેક કિલોમીટર દૂરથી તે આવે છે. તેના મોં પર કાયમ આનંદની રેખાઓ તે જોતો. સતત તે હસતી રહેતી. સુખદેવે ક્યારેય તેના મોં પર દુઃખની વેદના જોઇ નથી.

સુખદેવ તેને મળે ત્યારે કહેતો, 'આજે નાસ્તામાં શું લાવ્યા છો ?'

'આજે તો હાંડવો લાવી છું. ખાવો છે?'

તે ધીરે રહીને કહેતો, 'મને હાંડવો બહુ ભાવે છે. પણ મોટે ભાગે હું હાંડવાની ઉપરની અને નીચેની જો વધારે કડક થઇ હોય તો પોપડી જ ખાઇ લઉ. પણ આજે તો હું પ્રોટીનના બિસ્કીટ લાવ્યો છું. તેથી મારે ખાવું નથી.'

'તો ઢેબરા ખાશો?'

'કેમ, આજે ઢેબરા કેમ યાદ આવ્યાં?'

' આજે નાસ્તામાં ઢેબરા આવશે બપોરે. નહીં ઇચ્છો તો પણ તમારા માટે આવી જશે.' કહી એ હસી પડી.

ઘણા બધા દર્દીઓ સાથે એ હસી હસીને વાતો કરતી.

પણ આજે...

સુખદેવ જુએ છે કે તેનું બી.પી. માપતી વખતે પણ તેના મ્હોં પર આનંદને બદલે વિષાદની રેખાઓ છે. સુખદેવને પૂછવું છે પણ તે પૂછતો નથી. બી.પી. માપી તે બીજા દર્દીઓ પાસે પહોંચી જાય છે. બી.પી. માપતી વખતે સુખદેવ તેને જોતો રહે છે. અડધા એક કલાક પછી તે પાછી આવે છે. સુખદેવની પથારી પાસે આવી તે ઊભી રહે છે. ધીરેથી તે કહે છે,

'સાહેબ, આજે હું બહુ દુઃખી છું. મારી ફરજ દરમ્યાનના દિવસોમાં આજે જ આ દુઃખનો અહેસાસ થયો.'

આગળ તે બોલતી નથી. સુખદેવની પથારી પાસેની ખુરશીમાં તે બેસી જાય છે. રડી પડે છે. બે-એક મિનિટમાં સ્વસ્થ થાય છે. અને પછી કહે છે,

'સાહેબ, હમણાં કલાક પહેલાં નારાયણ દેવી ગયાં.' એમ કહેતાં ફરી તે રડી પડે છે. અને ઊભી થઇને મોં ધોવા બેઝીન ભણી પહોંચી જાય છે.

જો કે નારાયણ દેવી વિશે સુખદેવ બહુ જાણતો નહોતો. તે 'નેગેટીવ' વિભાગના દર્દી હતા. અત્યારે સુખદેવ 'પોઝિટીવ' વિભાગમાં છે.

અને પછી તો...

સુખદેવ ધીરે ધીરે ઘણાં બધાને પૂછી નારાયણ દેવી વિશે જાણી લે છે.

નારાયણ દેવી દિલ્હી તરફનાં હતા. છ એક માસથી રાજગઢની આ યુરોલોજીકલ હોસ્પિટલમાં

ડાયાલિસીસ માટે આવતા. તેમની સાથે એક વૃદ્ધ પુરૂષ આવતો. તેમના કરતાં મોટી ઉંમરનો. કાયમ તેમની પાસે વૃધ્ધો વાપરે છે તેવી લાકડી રહેતી. તે વૃધ્ધની અવરજવર થાય ત્યારે લાકડીનો ઠપ... ઠપ... અવાજ સંભળાયા કરતો. નારાયણ દેવીના તે સસરા થાય. આ દવાખાનાનો આ પહેલો કિસ્સો હતો કે એક સ્ત્રી દર્દી સાથે એનો પતિ કે પુત્ર સાથે રહેતો નથી પણ તેના વૃધ્ધ સસરા દીકરાની વહુની સેવા કરવા સતત ખડે પગે રહેતા. આનું કૂતુહલ ઘણાં બધાંને રહેતું. પછી ખબર પડે છે કે નારાયણ દેવીનો પતિ માનસિક રીતે અસ્થિર મગજનો હોવાથી અને દીકરો હજુ નાનો હોવાથી સસરાએ વહુની સેવા કરવાની જવાબદારી ઉઠાવી લીધેલી.

છ માસ સુધી તેનું ડાયાલિસીસ થતું જાય છે. અને પછી કિડની પ્રત્યારોપણ કરાવવાનું હોઇ તે અંગેની બધી તૈયારીઓ થતી રહે છે. અને એક ગુરુવારે તેમનું પ્રત્યારોપણ થઇ જાય છે. હજુ તો તે ઓપરેશન થીયેટરના વોર્ડમાં જ છે. ત્રીજે દિવસે ખબર પડે છે કે તેમનું પ્રત્યારોપણ નિષ્ફળ નીવડ્યું છે. પ્રત્યારોપણ પછી ક્રિએટીન વધવા માંડે છે. ત્યાં જ ઓપરેશન વોર્ડમાં જ તેમનું ડાયાલિસીસ કરવામાં આવે છે. ત્રણેક ડાયાલિસીસ થાય છે. અને છઠ્ઠા દિવસે બપોરે બાર વાગ્યે ઓપરેશન વોર્ડમાં જ પોતાનો દેહ છોડે છે. એક આખો શોકમય માહોલ ઊભો થાય છે.

આમ તો હોસ્પિટલમાં કોઇપણ વ્યક્તિનું પ્રત્યારોપણ થાય ત્યારે બાકીનાં બીજાં દર્દીઓ તે વ્યક્તિનું ઓપરેશન સફળ થયું કે કેમ તે જાણવા ઉત્સુક રહેતા. અને નારાયણદેવીના આ સમાચાર ડાયાલિસીસ વિભાગમાં બધાં જાણે છે. ઘણાં બધાં દુઃખી થાય છે. સુખદેવ પણ આ વાત સાંભળે છે.

આજે બુધવારે લગભગ બે વાગ્યે સુખદેવ પથારીમાં જાગતો જાગતો નારાયણદેવી વિશે વિચારતો રહે છે. ત્યાં જ મહેરુન્નીસાના પપ્પા સુખદેવ પાસે આવે છે. તેમણે પણ નારાયણ દેવીના કિડની પ્રત્યારોપણ પછીના કિડની નિષ્ફળ જવાના અને અવસાનના સમાચાર જાણ્યા. તે સુખદેવને ધીરે રહીને કહે છે :

'હમણાં ચારેક દિવસ પહેલાં નારાયણદેવીના વૃધ્ધ સસરા હોસ્પિટલના મુખ્ય દરવાજા પાસે ભેગા થઇ ગયેલા. અમે થોડી ઘણી વાત કરી. મેં જોયું તો સદાય યુવાનની માફક ફરતો આ વૃદ્ધ પુરૂષ જાણે કે જીવનથી હારી ગયો હોય એમ મને લાગ્યું. દીકરાની વહુ ઓપરેશન થીયેટરમાં છે. તે જાણે કે હારી-ત્રાસી ગયો હોય એવું મેં અનુભવ્યું. ધીરેથી તે મને કહે છે, 'જુઓ ભાઇ, હમણાં બે-ત્રણ દિવસથી મને એવો વિચાર આવે છે પણ એવું ઓછું થાય છે ? જાણે કે હું સામેના રોડ પર વચ્ચોવચ આંખો મીંચીને ઊભો હોઉં અને કોઇ આવતું વાહન મારી ઉપર ફરી વળે તો? આ બધું જોવાનું તો ન જ રહે ને? ' એમ કહી તે મારાથી દૂર થઇ ગયેલા. અને જુઓ આ ચાર જ દિવસમાં એમણે એમના દીકરાની વહુ ખોઇ. ઘરમાં માનસિક અસ્થિરતા ધરાવતો દીકરો છે. આજે જ તેઓ દિલ્હી ભણી ચાલ્યા જશે. તેમને સેવાધર્મ તો બજાવવો જ પડશે ને? અત્યાર સુધી દીકરાના વહુની સેવા કરી અને ઘેર પહોંચી ગાંડા દીકરાની?' આ કહેતાં તેમની આંખમાંથી આંસુ નીકળે છે. પ્રોફેસર સુખદેવ પણ આ સાંભળતાં દુઃખી થાય છે.

અને હવે એને પેલી નર્સના ચહેરા ઉપર વિષાદની જે ઘેરી છાયા હતી તે કિડનીના દર્દીઓ અને તેના સગા સંબંધીઓની પોતાના દર્દીને બચાવવાની અને... સુખદેવ વિચારે છે. નારાયણ દેવી તો છૂટ્યાં. વહેલાં કે મોડાં કિડનીનું દર્દ ભોગવતાં એક પછી એક ઓછા થાય છે અને આઠમા નંબરેથી તેનો ક્રમ ઉપર તો નહીં ચઢતો જાય ને? અને કદાચ... તે પણ ક્યારેક આમ ... થાય ત્યારે.. ઉપલા નંબરે તો ક્યારેય નહીં ચઢી શકે. કેમકે હવે તે નંબર વગરનો થઇ ગયો હશે. આ જ વિચારની સાથે તે ધીરે ધીરે ચારે બાજુ વોર્ડમાં બધી પથારીઓ ઉપર નજર ફેરવી લે છે. અને બીજા દર્દીઓના ચહેરા જોતા રહે છે.

# ચોત્રીસ

## ગરમ લોખંડ પર હથોડાનો ઘા

પથારીમાં પડ્યો પડ્યો બીજાં દર્દીઓના ચહેરા તે જોતો રહે છે અને ઓચિંતી જ એની નજર તેની પથારી

પાસે આવીને ઊભેલા પ્રકાશ ડાભી ઉપર જાય છે.

'પ્રકાશભાઇ, અત્યારે તમારું ડાયાલિસીસ છે?'

'હા સુખદેવભાઇ, આમ તો થોડું મોડું છે. હમણાંના કેટલાય દિવસથી આપણે ભેગા નહોતા થયા. હું જ્યારે આવું ત્યારે તમારું ડાયાલિસીસ પતી ગયું હોય. તપાસ કરતાં ખબર પડે કે તમે ચાલ્યા ગયા છો. આજે તો ખાસ વહેલો તમારો આભાર માનવા આવ્યો છું.' એમ કહી ડાભી ત્યાં ખુરશીમાં બેસે છે.

'શાનો આભાર? મને કશો ખ્યાલ આવતો નથી.' જો કે સુખદેવ જાણતો હતો કે આજે નહીં તો કાલે ગમે ત્યારે ડાભી તેનો આભાર માનવા આવશે જ. આમેય તેના થકી ડાભીનું કામ થઇ ગયું હતું.

'જુઓ સુખદેવભાઇ, તમે તો બધું જ જાણો છો, નામ પણ સુખદેવ. સદાય સુખી રહો એવા અને મુશ્કેલીમાં મુકાયેલાને મદદ પણ કરો'

'મિસ્ટર ડાભી, સાચી વાત કહો. શું બન્યું?'

'જુઓ સાહેબ, મારી બાબતમાં તમારો જ હાથ હશે એમ માની લીધું છે. ચારેક વર્ષથી અટવાયેલું મારું કામ થઇ ગયું. થોડા દિવસ પહેલાં એક રાત્રે સરોજબેનનો ફોન આવેલો, મેં તેમને ઉછીના આપેલા નાણાં બાબતે. ને બીજે દિવસે ડાયાલિસીસ માટે આવ્યો ત્યારે ટેકનીશિયનને મારા માગતા નાણાં આપી ગયેલાં તે મને મળી ગયાં. મને કહેશો કે તમે શો ચમત્કાર કર્યો? મારે તો એ જાણવું છે. મને મારા પૈસા મળી ગયા. જો કે આ રકમ તો મેં માંડવાળ કરી જ દીધેલી. સરોજબેનનો સ્વભાવ તો તમે જાણો જ છો ને? કોઇના લીધેલા નાણાં તે ક્યારેય પાછા આપતી નથી.'

'જુઓ પ્રકાશભાઇ, એક નિયમ એવો છે કે લોખંડને બહુ જ ગરમ થવા દેવું પડે અને પછી ઘણ મારી જેવો આકાર લોખંડનો ઘડવો હોય એવો ઘડી શકાય. મેં પણ આમ જ કર્યું.'

'કેવી રીતે આમ બન્યું?'

'તમને ખબર નહીં હોય ! જો કે બહુ ઓછા દર્દીઓ જાણે છે આ હોસ્પિટલના ડૉક્ટર મુનશીને કારણે સરોજના દીકરાના ડાયાલિસીસના પૈસાના ઘણાં બધાં 'ડ્યુ' રાખવામાં આવ્યા છે. આ વાત હું જાણતો હતો. અને એક દિવસે સરોજ પાસે પૈસા આવેલા. સરોજ ટેકનિશિયન ભૂપેન્દ્રભાઇને બધાં જ 'ડ્યુ' ના પૈસા ભરી દેવાનું કહેતી હતી. મેં તે સાંભળ્યું અને ધીરે રહીને ભૂપેન્દ્રભાઇને, એ ન જાણે તેમ મારી પાસે બોલાવ્યા અને કહ્યું, 'ભૂપેન્દ્રભાઇ, તમે એક બાબત વિશે જાણતા નથી. અહીં ડાયાલિસીસમાં આવતા પ્રકાશભાઇ ડાભીએ, એક ટેક્નીશિયનના કહેવાથી સરોજબેનને ચારેક વર્ષ પહેલાં રૂપિયા દશ હજારની મદદ કરેલી. સરોજબેન એ નાણાં આપવાનું ગણકારતા નથી. પ્રકાશભાઇ મારે ઘેર આવેલા સરોજની વાત કરવા. તેમના બીજા ડાયાલિસીસ વખતે હોસ્પિટલના ડૉક્ટર મુનશીને આ નાણાંની વાત કરવાના છે.''

અને બન્યું એવું કે દશેક મિનિટ પછી ભૂપેન્દ્રભાઇ આવીને કહે છે, 'સાહેબ, સરોજ આવતી કાલે પ્રકાશ ડાભીને પૈસા પહોંચાડી દેશે.'

'તમે મુનશીને કહેશો તો મુનશી દ્વારા સરોજના દીકરાના ડાયાલિસીસના નાણાં 'ડ્યુ' કદાચ ન રખાય એ બીકે સરોજે તમારા નાણાં આપી દીધાં.'

'તમારો આભારી છું. હવે સાચી સમજ પડી. બહુ જ ગરમ થયેલા લોખંડ પર હથોડાનો ઘા મારી ઇચ્છીએ તેવો ઘાટ આપી શકાય.'

અને બંને એકબીજા સામુ જોતાં ખડખડાટ હસી પડ્યા.

# પાંત્રીસ

## પગના વરણની વ્યથા

ગઇકાલે પ્રોફેસર સુખદેવનું ૬૩૮ મુ ડાયાલિસીસ હતું. ગઇ કાલે સવારથી જ એના જમણા પગમાં

દુખાવો શરૂ થઇ ગયો હતો. પગના વરણના ભાગમાં વહેર નાખી હશે તેમ તે માની લે છે. પગના દુખાવા સાથે તે હોસ્પિટલ પહોંચેલો. પગના દુખાવાની વાત તે ડાયાલિસીસ વિભાગના ઇન્ચાર્જ ડૉક્ટરને તે કરે છે. ડૉક્ટર તેની વાત સાંભળે છે અને ધીરેથી કહે છે, 'થોડું ચાલવાનું વધુ રાખો. વધુ ચાલશો તો દુખાવો એની મેળે ઓછો થઇ જશે.' વધુમાં તે ઉમેરે છે કે, 'થોડા દિવસ ઘેરથી અહીં ડાયાલિસીસ માટે આવો ત્યારે રિક્ષાને બદલે ચાલતા આવો તો?' એમ કહી હસતાં હસતાં ડૉક્ટર બીજાં દર્દી પાસે પહોંચી જાય છે.

ડૉક્ટર તો હસતા હસતા ચાલ્યા ગયેલા, પણ સુખદેવને વિચાર કરતો મૂકીને.

એને યાદ આવ્યું...

ત્રણેક માસ પહેલાંનો એક દિવસ. તે દિવસે પણ તેના પગના વરણમાં વહેર નાખી હતી. જમણા પગના વરણમાં જાણે કે થોડોક ભાગ ફૂલેલો લાગે છે અને તેના કારણે તેના પગમાં અસહ્ય વેદના થાય છે. બેઠા પછી ઊભો થાય ત્યારે પગ દુઃખે છે. માંડ માંડ ઊભુ થવાય છે. ચાલવાની પણ મુશ્કેલી પડે છે. ચંપલ પહેરવા હોય તો કોઇ પગ ઊંચો કરી ચંપલ પહેરાવે ત્યારે જ પહેરાય. પગના દુખાવાની અસહ્ય પીડા થાય છે. તે જ દિવસે તેનું ડાયાલિસીસ હતું, હોસ્પિટલમાં પહોંચી તે ડૉક્ટરને વાત કરે છે. ડાયાલિસીસ પહેલાં તેનો એક્સરે લેવામાં આવે છે. ડૉક્ટર પગના વરણના ભાગ પર હાથ મૂકી તપાસે છે. ડાયાલિસીસ પછી સોનોગ્રાફી કરવાની સલાહ આપે છે.

અને તે તેનું ડાયાલિસીસ પત્યા પછી સોનોગ્રાફી માટે જાય છે. સોનોગ્રાફીમાં કંઇ પકડાતું નથી. એટલે ડૉક્ટર એમની ચેમ્બરમાં એને લઇ જાય છે અને પછી પગના વરણના પેલા ભાગ પર ડૉક્ટર પોતાની આંગળી મૂકી એ ભાગને તપાસે છે. બીજાં બે-એક ડૉક્ટરને બોલાવવામાં આવે છે. બીજાં ડૉક્ટરો પણ પહેલા ડૉક્ટરની માફક તેના પગના વરણના ભાગને તપાસતા રહે છે. અંતે બધાં ડૉક્ટરો આપસમાં ચર્ચા કરે છે. છેવટે તેને કહેવામાં આવે છે 'કાં તો એટલા ભાગમાં પાણી ભરાઇ ગયું હશે, કાં તો પરૂ ભરાઇ ગયું હશે. ઓપરેશન કરવું પડશે.'

ફરીથી પાછો તેને સોનોગ્રાફી માટે લઇ જવામાં આવે છે. બધાં જ ડૉક્ટરો વારાફરતી તેની સોનોગ્રાફી કરે છે. સોનોગ્રાફીમાં ક્શું જ પકડાતું નથી.

છેવટે ડૉક્ટર ગોળી લેવાનું લખી આપે છે. ગોળીઓની કિંમત લગભગ પાંચસો રૂપિયાની.

સુખદેવ વિચારતો રહે છે. કશું બોલતો નથી. રિક્ષામાં પોતાને ઘેર આવે છે. જતી વખતે રિક્ષામાં પગ મૂકતી વખતે દુખાવો થયેલો. પાછા આવતી વખતે રિક્ષામાંથી ઊતરતાં પગનો દુખાવો ગાયબ થયેલો તેને લાગે છે. તે ચાલીને દાદર ચઢે છે. મકાનમાં પ્રવેશ કરે છે. રૂમમાં ફરતો રહે છે. તેને આશ્ચર્ય થાય છે. પગનો દુખાવો મટી ગયો હતો. તો હવે લીધેલી પાંચસો રૂપિયાની ગોળીનું શું કરવું?

પાછું તેનું મન વિચારે ચઢે છે. દવાખાનામાં ઘણા બધા ડૉક્ટરોએ જમણા પગના વરણના ભાગમાં ઊપસી આવેલા એ ભાગને વારાફરતી તપાસવા માટે દબાવેલો. તેને કારણે કદાચ માલિશ થઇ હોય અને કદાચ ઉપસેલો ભાગ બેસી ગયો હોય એટલે જ કદાચ આમ થયું હશે?

ડૉક્ટરોએ તો નિદાન કરેલું કે પાણી કે પરૂ ભરાયુ હશે અને ઓપરેશન કરવું પડશે. પણ આમાંનું કશું નહોતું. ઊપસેલો ભાગ એની મેળે જ બેસી ગયો અને તે ચાલતો થઇ ગયો.

# છત્રીસ

## રમેશભાઇ આવ્યા

ગઇ કાલનો દુખતો પગ ઓછો દુખે છે એમ તેણે અનુભવ્યું. ડાયાલિસીસ પછીના બીજા દિવસે હમણાંનાં થોડા દિવસોથી તે વધુ થાક અનુભવતો. સવારના દશેક વાગ્યા છે. તે પંખાની 'ફુલસ્પીડ' કરી પથારીમાં પડતું

નાખે છે. અડધો એક કલાક કદાચ તે સૂતો હશે. ત્યાંજ ટેલિફોનની ઘંટડી વાગે છે. તે ફોન ઊઠાવે છે.

'ઓળખાણ પડી?' સામેથી એક અવાજ આવે છે.

'કંઇ ખ્યાલ આવતો નથી.'

'મને ના ઓળખ્યો? અમેરિકાવાળા રમેશભાઇ. '

'હવે ખ્યાલ આવ્યો. કેમ છો રમેશભાઇ'

'હજુ તમને બરોબર ખ્યાલ આવ્યો નથી. તમે જે ધારો છે તે રમેશભાઇ હું નથી. હું આર.ડી. પટેલ.'

'તમારી વાત સાચી છે. હું બીજા જ રમેશભાઇ ધારતો હતો.'

'ગયા અઠવાડિયે જ અમેરિકાથી આવ્યો છુ. અત્યારમાં નવરો હતો. તમારો ટેલિફોન નંબર યાદ નહોતો. પણ ટેલિફોન ડિરેકટરીમાંથી શોધી કાઢયો. અને તમને ફોન ર્ક્યો. તબિયત કેવી છે?'

'સારી છે.'

'હજુ ડાયાલિસીસ કરાવવું પડે છે?'

'એ તો કાયમ માટે કરાવવું પડે. જીવીએ ત્યાં સુધી. હા, કદાચ કિડની પ્રત્યારોપણ કરાવી દઇએ તો ડાયાલિસીસમાંથી છૂટી શકાય.'

'પહેલાંની માફક અઠવાડિયામાં બે જ વખત જાવ છો ને?'

'ના. હવે અઠવાડિયમાં ત્રણ વખત જાઉં છું. વચ્ચે થોડી મુશ્કેલી પડી હતી. તેથી બેને બદલે ત્રણ વખત જવાનું નક્કી કર્યું.'

'આજે ઘેર છોને? અમે આવીએ છીએ.'

'હા. અરે ના, હું બે વાગ્યા સુધી જ ઘેર છું.'

'ભલે સરનામું લખાવો. હું ક્યારેક આવી જઇશ.'

સુખદેવ સરનામુ લખાવે છે. થોડી આડાઅવળી વાત થાય છે. બંને જૂના મિત્રો હતા. ફરીથી મળવાનું કહી ટેલિફોનની વાત ટૂંકાવે છે.

સુખદેવ ઊંઘમાંથી ઉઠેલો. જ્યારે જ્યારે ઊંઘમાંથી ઉઠે - સવારે, બપોરે, સાંજે કે રાત્રે - ત્યારે તેનાં પગલાં રસોડા ભણી મંડાતાં. ઊઠીને તરત થોડું પાણી પીતો. આજે પણ ફોન પછી ઊભો થઇ થોડું પાણી પી આવે છે અને પાછો પથારીમાં લંબાવે છે.

દશેક મિનિટમાં જ પાછો ફોન રણકે છે. સામે છેડે રમેશભાઇ હોય છે.

'હું આવુ છું' એમ કહીને તેઓ ફોન મૂકી દે છે.

સુખદેવ એવી માન્યતા ધરાવતો હતો કે - જો કે તેની માન્યતા સાચી હતી - અમેરિકાથી પાછા ભારત ફરતા મોટા ભાગના માણસો જાણે કે કોઇ જંગ જીતી આવ્યા હોય તેમ પોતાની જાતને બહુ મોટા માનતા. ડૉલર કે પાઉન્ડની ઝગમગાટ દુનિયામાં આંટો મારી આવનાર વ્યક્તિને અહીંનો રૂપિયો નાનો લાગે. અમેરિકા જેવા વિકસિત દેશોમાં પૈસા માટે અહીં ભારતમાં ન થઇ શકે તેવા બધાં જ કામો - મજૂરીની વેઠ - તેઓ કરતાં અને પોતાની જાતને મોટી માનતા. અહીં વતનમાં આવ્યા પછી બધાં તેમને મળવા જાય તેવું ક્યારેક સામેથી કહેણ પણ મોકલાવતા. બધાં એમને મળવા જતાં. હેંડી-ચાલીને તે ભાગ્યે જ કોઇને મળવા જતા, છો ને પછી ગમે તેવા સંબંધો હોય. સુખદેવને અમેરિકાથી આવનારી કેટલીક વ્યક્તિઓના આવા અનુભવ થયેલા, પણ એને વિચારતો મૂકી દે એવો આજના પ્રસંગ હતો...

પંદરેક મિનીટમાં રમેશભાઇ એને આંગણે આવી ઊભા રહે છે. પાંચેક વર્ષના ગાળા પછી બંને મિત્રો મળે છે.

ફોનમાં 'ભાભીને પણ સાથે લાવજો.' એવું કહેવાનું તે ભૂલી ગયો પણ...

આવતાં જ 'મેં તારી ભાભીને એમ કહેલું કે સુખદેવે તને મારી સાથે જ આવવાનું કહ્યું છે. તો ચાલ, તું પણ મારી સાથે. પણ તે કામને કારણે ન આવી શકી.'

મિત્ર હોય તો આવા. હું નિમંત્રણ આપવાનું ભૂલી ગયેલો. પણ રમેશભાઇએ બાજી સંભાળી લીધેલી. મને લાગ્યું કે ભલે રમેશભાઇ અમેરિકા જઇ વસ્યા હોય પણ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનાં ગુણ ભૂલ્યા નથી.

પછી તો બંને ઘણી વાતો કરે છે. જૂના મિત્રો-સ્નેહીઓ ને યાદ કરે છે.

જતી વખતે રમેશભાઇ એમનું અમેરિકાનું અને અહીં દીકરાને ત્યાં રહે છે તે સરનામું આપતા જાય છે.

વર્ષો સુધી જડ કરી ગયેલી એક માન્યતા - અમેરિકા જઇ વસતાં માણસો વિશેની આજે પહેલી વાર દૂર થતી હોય એવું સુખદેવ અનુભવે છે.

રમેશભાઇ આવ્યા ત્યારે પગના દુખાવાથી તે પીડાતો હતો. રમેશભાઇ ગયા ત્યારે સુખદેવ અનુભવે છે કે જનાર મિત્ર તેની સાથે એક મિત્રનું દુઃખ હળવું કરી ગયો છે.

## સાડત્રીસ

## શમા આવી

રમેશભાઇ તો ચાલ્યા ગયા. વાતચીતમાં એમણે એક વાક્ય કહેલું, 'કોઇની ઉપર જરા પણ ઉપકાર કર્યો હોય તો ક્યારેક તે ઊગી નીકળે છે. જેની ઉપર ઉપકાર કર્યો છે એ સમજદાર વ્યક્તિ હોય તો.'

આ વાત એ મમળાવ્યા કરે છે. આજે શનિવારે લગભગ સાડા દશેક વાગ્યે. રમેશભાઇ આવીને ગયાં. ઓચિંતુ તેને ગયા શનિવારનો આજ સમય યાદ આવે છે.

તે શનિવારે શમા તેના પતિ અને નાના દીકરા અમનને લઇ તેને મળવા આવેલી. રમેશભાઇ સાથેના એના જૂના સંબંધો સ્વાર્થ વગરના. શમા સાથેના સંબંધમાં પણ એનો કોઇ સ્વાર્થ નહોતો. નજીક નજીકના બે શનિવારે વારાફરતી એની ખબર જોવા બે વ્યક્તિઓ આવી જાય છે. રમેશભાઇ તેના મિત્ર હતા. શમા તેની વિદ્યાર્થીની હતી. અરે ! તેણે શમાને ક્યાં ભણાવી છે ? શમા એમ. એ. માં ભણતી હતી ત્યારે તેની સાથે ભણતાં ઓળખીતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સાથે શમાની ઓળખાણ થયેલી. મોટે ભાગે શમા હસમુખી હતી. બહુ ઓછું બોલે. પણ વિવેકી. શમાનો વિવેક સુખદેવને ગમી ગયેલો. અભ્યાસ કરતી શમાને સુખદેવે પરીક્ષામાં માર્ગદર્શન આપેલું અને તે સારા ટકા લાવી શકી. સારા ટકાને કારણે નોકરી પણ વ્યવસ્થિત મળી ગઇ.

શમા અને સુખદેવ વચ્ચેનો આટલો જ સંબંધ. કોઇપણ અજાણી વ્યક્તિને મદદ કરવાનો સ્વભાવ તે ધરાવતો હોવાથી તેણે શમાને મદદ કરેલી. શમા કેટલાંય વર્ષથી સુખદેવે કરેલો ઉપકાર ભૂલતી નથી. ભણી રહે છે પછી પણ સુખદેવ સાથે ટેલિફોન સંબંધ રાખે છે. તેના પપ્પા પણ એકાદ વખત સુખદેવને મળી જાય છે.

બેસતા વર્ષને દિવસે અભિનંદન આપતો શમાનો ફોન આવી જ જતો. તે પણ અવારનવાર ફોન કરીને એના આગળના અભ્યાસ કે નોકરી વિશે પૂછતો રહે છે.

કિડનીનો દર્દી બન્યો ત્યારે જેણે જાણ્યું તે બધાં દૂર દૂરથી તેની ખબર જોવા આવી ગયેલાં. શમા પણ આવેલી. અવારનવાર એની તબિયત વિશે એના ફોન આવતા. તેનું લગ્ન ગોઠવાય છે, પણ સુખદેવ જઇ શકેલો નહીં.

આ વર્ષે બેસતા વર્ષને દિવસે શમાનો ફોન નહીં આવેલો. તે પણ ફોન કરવાનું ભૂલી ગયેલો. આવી ત્યારે તેણે એમ કહેલું કે, 'આ વખતે તો જાતે જ તમારી ખબર પૂછવા આવવું હતું અને આવી ગયાં.'

બે એક કલાક જેટલો સમય સુખદેવની સાથે બેસે છે. પછી બધાં જ - એનો નાનો દિકરો સુદ્ધા - સુખદેવને પગે લાગી વિદાય થાય છે.

દૂર દૂર ચાલ્યા જતાં એ બધાંને જોતાં જોતાં સુખદેવનું મન વિચારે ચઢે છે : 'સુખમાં બંધાયેલા સંબંધો ક્યારેક તો યથાવત જ રહેતા હોય છે.'

## આડત્રીસ

## નાસ્તાનો શોખીન મહેતા

એક દિવસે ડાયાલિસીસ પતાવી તે ઘેર આવે છે. ઘેર આવી થોડો આરામ કરી જમવાને બદલે - બહુ જ થાકી ગયો હોવાથી તે સોફા પર આડો પડે છે. આટલા વર્ષોમાં તે પહેલી વાર પાંચ કિલો વજન લઇને ગયેલો. તેણે કેટલાય સમયથી નોંધ્યું હતું કે ચાર કિલો કરતાં વધુ વજન હોય ત્યારે તેના પગ ખેંચાતા. બ્લડ પ્રેશર નીચું જતું. શરીરે પરસેવો-પરસેવો થઇ જતો. નાછૂટકે 'નેગેટીવ' 'શૂન્ય' કરાવી દેવું પડતું. ક્યારેક તો તે ડિસકનેક્ટ પણ કરાવી દેતો. આજે ડાયાલિસીસમાં પગ ખેંચાવાને કારણે તેણે ડિસકનેક્ટ વહેલું કરાવી દીધેલું. દોઢ કિલો જેટલું વજન શરીરમાં જ રહી ગયેલું. જો કે મશીન પાસેથી કામ લેવાનું હોવાથી મોટાભાગના દર્દીઓ એક કિલોની આસપાસ વજન રહી જતું તેવી બૂમો પાડતા. તે આવી ફરિયાદ કરતો નથી. વજન રહી જાય ત્યારે તે બીજા ડાયાલિસીસ વખતે ઓછું વજન લઇ જશે તેવું વિચારતો અને તેને અમલમાં પણ મૂકતો.

ડાયાલિસીસ વખતે વધુ વજન ખેંચાવાને કારણે તેને બહુ પીડા વહોરવી પડેલી. જો કે હમણાં હમણાં છેલ્લા એક મહિનાથી ઓછા કે વધુ વજન ને કારણે તે કાયમ દુઃખી થતો - નસો ખેંચાતી રહેતી.

'પ્રોફેસર સુખદેવ, હમણાં કદાચ તમારું શરીર વધુ ખોરાક સ્વીકા રતું હોવાથી તમને આ મુશ્કેલી પડે છે એવું મારું માનવું છે.' એમ કહી ડૉક્ટર એનું 'ડ્રાઇવેટ' પાંચસો-પાંચસો ગ્રામ વધારતા રહેતા. ડૉક્ટરની વાત સાચી હતી. ડાયાલિસીસ પર આવતા દર્દીઓએ જેમ બને તેમ દિવસમાં ચાર-પાંચ વખત થોડો થોડો પણ વધુ ખોરાક લેવો જોઇએ અને તેથી તે વધારે પ્રમાણમાં ખોરાક લે છે.

આજે ઘેર આવી માંડમાંડ સોફામાં આડો પડ્યો છે ત્યાં તો, 'કાલે તમારી ઓફિસે કેટલા વાગ્યે મળશો? મારે આવવું છે.'

'આવતી કાલે બપોરે બે થી છ સુધી ઓફિસે હોઇશ. તમે ગમે ત્યારે આવી શકો છો.'

'હું સાડા ચાર વાગ્યે આવીશ.' કહી સુણાવકર ફોન મૂકી દે છે.

પાછો તે ઊંઘવા માંડેછે. બે-ચાર કલાકની ઊંઘ લઇ તે જાગે છે ત્યારે તે જુએ છે તો 'સ્ટાર પ્લસ' ઉપર આવતી - તે રોજ જોતો એ મોટા ભાગની સીરિયલો પૂરી થઇ ગઇ હતી. તે ઊભો થાય છે. રસોડામાં પેસી જાય છે. કબાટ ફંફોસે છે. તેને આશ્ચર્ય થાય છે, આજે તેનું પ્રિય ખાવાનું હતું. ડુંગળી અને વડીઓનું શાક. તે ભાખરીને તો હાથ પણ અડાડતો નથી. તેણે ક્યાંક વાંચેલું કે, ઊભા ઊભા અને ઉતાવળે ભોજન ન લેવું જોઇએ. પણ તે ઊભો ઊભોજ વડીઓ અને ડુંગળીનું શાક ખાઇ લે છે. તે નોંધે છે કે બહુ દિવસે શાકમાં મીઠુ અને મરચુ વધુ હતું. દૂધ લેવાને બદલે - તીખું લાગવાને કારણે તે ગોળનું દગડું મોંમાં મૂકી દે છે. અને હાશકારો અનુભવે છે.

બીજે દિવસે ફોન પ્રમાણે સુણાવકર તેની ઓફિસે આવી પહોંચે છે.

આવતાં જ..

'હમણાં મહેતા આવશે. આજે તો વણેલા ગાંઠિયા અને સાથે ડુંગરીની ઢેબરી પણ લઇ આવશે.' સુખદેવ પાણીનું પૂછે છે ત્યારે કનુભાઇ જવાબ આપે છે.

'એક અગત્યના કામ માટે આવ્યો છું. મારું આટલું સંપેતરું તમારે બ્રહ્મભટ્ટને ત્યાં પહોંચાડવાનું છે. બ્રહ્મભટ્ટનો ફોન હતો કે સાહિત્ય-પરિષદના સંભારણા વિશે કશુંક લખી મોકલો.' એમ કહી પ્રોફેસર સુખદેવને એક કવર આપે છે. કવર ખુલ્લું હતું. સુખદેવ ખોલે છે અને પછી ક્નુભાઇના આગ્રહથી તેમની લખેલી કવિતા સુખદેવ વાંચી બતાવે છે. આ વાચન વખતે શ્રોતાઓ બે જ જણ હતા, સુણાવકર પોતે અને અલ્પા પંડિત.

કવિતાનું વાંચન પૂરું થાય છે ત્યાં તો પ્રોફેસર મહેતા એક હાથમાં તેમનું પાકિટ અને બીજા હાથમાં નાસ્તાની પ્લાસ્ટિકની કોથળી લઇ હસતાં-હસતાં પ્રવેશ કરે છે. અને કહે છે,

'ચાનું કહીને જ આવ્યો છું. જો કે ચાના પૈસા આપીને આવ્યો નથી. ચાના પૈસા તો સુખદેવભાઇ તમેજ

આપશોને? ભઈલા, અમે તો રહ્યા તમારા મહેમાન, જો કે અમે આપીએ તેવું તમે ક્યારેય ના સ્વીકારો. કેમ ખરું ને?'

કોઇ જવાબ આપતું નથી.

ચોપડીઓના ખોખા પર મહેતા એમનું પાકિટ મૂકે છે. ઊભા ઊભા જ ટેબલ પર નાસ્તાની કોથળી મૂકી ખોલે છે.. અને કહે છે, 'ચટણી લાવ્યો નથી. આપણે ખાતા નથી એટલે.' અને પછી તો ટેબલ પરનો નાસ્તો ધીરે ધીરે ઓછો થતો જાય છે.

સુખદેવને ડૉક્ટરોએ બજારનું ખાવાનું ના કહેલું છે. બજારની કેટલીક નાસ્તાની વસ્તુઓમાં વધુ પડતો ખારો હોય છે અને મીઠું પણ. જે કિડનીના દર્દી માટે શરીરે સારું ન રહે અને છતાંય..

'જુઓ મહેતા, હું કાયમ તમને ના કહું છું. મહેરબાની કરીને હવે ફરીથી ક્યારેક મારી ઓફિસમાં નાસ્તો લઈ આવશો નહીં. તમે લાવો છો અને મારાથી ખવાઇ જાય છે. જો કે મારો સ્વભાવ એવો છે કે સ્નેહીમિત્રો ઝેર આપે તો પણ હું આનાકાની કર્યા સિવાય લઈ લઉં. કિડનીના દર્દી તરીકે છ વર્ષ તો પસાર થઇ ગયા. હવે કેટલું જીવવાનું? મારી તો એવી માન્યતા છે કે ગમે તેટલું, ગમે તેવું ખાશો તો પણ કુદરતની ઇચ્છા હશે ત્યારે જ આ શરીરને છોડવાનું છે. તો કેમ ખાઇ ના લેવું.' એમ કહેતાં સુખદેવ ખાતો રહે છે. અલ્પાને બહુ જ આગ્રહ કરવામાં આવે ત્યારે થોડુંક લેતી. અલ્પા ન ખાય ત્યારે સુખદેવને એની પર બહુ ગુસ્સો આવતો પરંતુ તે છોકરી હતી. છોકરીઓને ખખડાવાય નહીં, ને સુખદેવ પોતાનો ગુસ્સો પી જતો.

એટલામાં ચા આવે છે. ત્યાં તો પુંડલિક પવાર પણ આવી પહોંચે છે. નાસ્તા માટે તે મોડા પડ્યા છે. એમના માટે બીજી ચા આવે છે. સાહિત્ય ચર્ચાઓ થતી રહે છે. અને બધા છૂટા પડે છે.

બીજે દિવસે કદાચ રવિવાર હતો. બ્રહ્મભટ્ટને ત્યાં કનુભાઈનું કવર પહોંચાડવાનું હતું. સુખદેવ એમને ત્યાં જવા નીકળે છે. ઘેર તેમનાં બા એકલાં હતા. બ્રહ્મભટ્ટના ધર્મપત્ની બિમાર હોવાથી નવાપુરાની હોસ્પિટલમાં હતાં. ખબર અંતર પૂછી સુખદેવ પાછો વળે છે.

ઉબડખાબડ કાચા રસ્તા ઉપર ધીરે ધીરે જાળવી-જાળવીને પગલાં માંડતા સુખદેવના પગ એકદમ અટકે છે. તેની પાસેથી પસાર થઇ ગયેલી અને આગળ જઇ અટકેલી ગાડીમાંથી ઊતરેલા માણસ પાસે તે પગલાં અટક્યાં તેવું તે જાણે છે.

'અરે સુખદેવ તું? કેમ આટલો બધો સુકાઇ ગયો? ઓળખાણ ન પડે તેવું તારું શરીર થઇ ગયું છે. આમ કેમ?'

'અરે મોરલીધર, તું અહીં જ રહે છે ? તું કંઇક આટલામાં રહે છે એવું હું જાણતો હતો. અહીં રહેવા આવ્યો ત્યારથી તને યાદ કરતો હતો. તારું સરનામું આપેલું કાર્ડ ગામડેથી અહીં રહેવા આવ્યો એમાં ક્યાંક આઘુપાછું થઇ ગયું.'

'એ બધી વાત રહેવા દે. તારા શરીરની વાત કર.'

'જો મોરલીધર, છેલ્લા છ વર્ષથી ડાયાલિસીસ પર છું. બંને કિડની સંકોચાઇ ગઇ છે. ડાયાલિસીસ પર હોવાને કારણે - વજન ઘટાડવાને લીધે - શરીર આમ થોડું લેવાઇ ગયું છે.'

'મારું પણ તારા જેવું જ છે. બે માંની એક કિડની ચાલીસ ટકા કામ કરે છે. બીજી સારી છે. તું ક્યાં ડાયાલિસીસ કરાવે છે?'

'રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં.'

'હું પણ ત્યાં જ દર મહિને દવા લેવા અને ડૉક્ટરોને બતાવવા જાઉં છું. હેં સુખદેવ, કિડનીના દર્દીઓએ ખાવાપીવામાં બહુ સાચવવું પડે ને?'

'જો દવાખાનાના ડાયેટ વિભાગની સલાહ પ્રમાણે ખોરાક લેજે. નહીં તો પછી એક કિડનીની અસર બીજી કિડની પર થશે તો અસહ્ય વેદના અને માનસિક ત્રાસ ભોગવવો પડશે.'

પ્રોફેસર સુખદેવ અને મોરલીધર વર્ષો પહેલાં સાથે ભણેલા. તે વખતની મિત્રતા આજેય અકબંધ છે. ઘણાં વર્ષો પછી ભેગા થાય છે ત્યારે એક સંપૂર્ણ કિડની નિષ્ફળ નીવેડેલો માણસ અને બીજો જેની એક

કિડનીમાં થોડો બગાડ થયો છે તેવો. બંનેને અવારનવાર રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં જવું પડે છે. એકને ડાયાલિસીસ કરાવવા માટે અને બીજાને ડૉક્ટરી તપાસ અને દવા લેવા માટે.

અંતે તો બંને કિડનીનો ત્રાસ ભોગવતા માણસોને.

## ઓગણચાળીસ

## એન.આર.આઇ. દર્દી

યુરોલોજીકલ હોસ્પિટલના ડાયાલિસીસ વિભાગમાં અનેક કિડનીના દર્દીઓ આવતા. જો કે બહુ ઓછા દર્દીઓ સાથે તેઓ પરિચિત થતા. કેમકે દર અઠવાડિયે જુદા જુદા દિવસે અને નિશ્ચિત સમયે દર્દીઓ ડાયાલિસીસ માટે આવતા. જેથી તે દિવસે અને સમયે જેટલા દર્દીઓ હોય એમની સાથે મોટે ભાગે બીજા દર્દીઓને ઘરોબો બંધાતો. તેથી તે લોકોને એકબીજા ઓળખી શકતા.

પ્રોફેસર સુખદેવ અત્યાર સુધી અઠવાડિયામાં બે વાર મંગળવાર અને શુક્રવારે આવતો. પરંતુ જ્યારથી એના શરીરે તાવ દેખા દે છે, ત્યારથી ના છૂટકે અને પછી ડૉક્ટરની સલાહ પ્રમાણે -શરીર સચવાય એટલા માટે - અઠવાડિયામાં બેને બદલે ત્રણ વખત ડાયાલિસીસ કરાવવા તે સંમત થાય છે. અને આમ તેના દિવસો અને સમય બદલાઇ જાય છે. હવે તે નિયમિત રીતે સોમવાર, બુધવાર અને શનિવારે ડાયાલિસીસ માટે આવતો રહે છે.

એક શનિવારે તે મોડો પડે છે. જો કે તેની દ્રષ્ટિએ તે થોડો વહેલો હતો. ડાયાલિસીસ વિભાગમાં દર સોમવાર અને શનિવારે સવારના વખતે વધારે દર્દીઓ હોવાથી અને કેટલાક દર્દીઓ અઠવાડિયામાં બે વખત આવવાથી તેમનો ડાયાલિસીસનો સમય પાંચ કલાકનો રહેતો. તેથી આ બે દિવસોમાં ડાયાલિસીસ માટે આવતા દર્દીઓ લગભગ એક વાગ્યાની આસપાસ મશીન પર લેવાતા. સુખદેવનું ડાયાલિસીસ દર શનિવારે લગભગ ૧ - ૧:૧૫ વાગ્યે શરૂ થતું. તે કાયમ માટે બપોરે ડાયાલિસીસ વિભાગના ઘડિયાળમાં બાર વાગ્યે આવી પહોંચતો. જો કે આજે મોડો છે છતાંય વહેલો છે.

બે-એક મશીન બગડેલાં હોવાથી તેનું ડાયાલિસીસ નિર્ધારિત સમય કરતાં અડધો કલાક મોડું ચાલું થાય છે. પહેલાં તો તે મોડુ થાય તો ખૂબ ગુસ્સે ભરાતો. ગુસ્સો મોં પર લાવી ક્યારેય જીભ સુધી લાવતો નહોતો. અને હવે તો લગભગ છ વર્ષ કરતાં વધારે સમય તેની માંદગીનો થઇ ગયો હોવાથી તે ગંભીર - ધીરજવાળો બની ગયો છે. તેથી મશીન પર મોડું વહેલું થાય તો પણ તે ચલાવી લેતો.

તેણે ક્યાંક વાંચેલું તે એને યાદ આવ્યું કે, ‘દવાખાનામાં જઇએ ત્યારે ઉતાવળ ના કરી શકાય. અને કોર્ટમાં જઇએ ત્યારે પણ ઉતાવળ ના થાય. ડૉક્ટર કે જજ એક પછી એક દર્દી તપાસતા જાય પછી જ બીજાનો નંબર આવે. એ જ રીતે ફરિયાદી કે પ્રતિફરિયાદીનું એવું જ. નંબર આવે ત્યાં સુધી સંપૂર્ણ ધીરજ રાખી બેસી રહેવું પડે.’ તેથી જ તો તે હવે ઉતાવળ કરતો નથી.

તેનું ડાયાલિસીસ શરૂ થયે એકાદ કલાક થયો હશે ત્યારે એક નવો જ પણ અજાણ્યો દર્દી તેની બાજુની પથારીમાં ગોઠવાય છે. આ પહેલાં આ દર્દીને તેણે ક્યારેક જોયો નથી. પહેલી વાર આ દર્દી ‘પોઝેટીવ’ વિભાગમાં કેવી રીતે આવી ગયો? તે વિચારે છે કે, ‘નક્કી આ દર્દી ઘણા સમયથી કિડનીના દર્દથી પીડાતો હશે અને બીજે ક્યાંક ડાયાલિસીસ કરાવતો હશે. તેથી જ સીધો પોઝેટીવ વિભાગમાં આવ્યો.’ દર્દી વિશે પૂછવાનું તેને મન થાય છે પણ તે પૂછતો નથી. કોઇપણ વ્યક્તિની વાત ને બીજાંને મોં એ જાણી લેતો હોય છે. તેથી એને પૂછવાની જરૂર નથી.

થોડી વારમાં એક પ્રૌઢ સ્ત્રી પેલા દર્દીની પથારીની બાજુમાં આવી ઊભી રહે છે. તેની સાથે બીજો એક પ્રૌઢ પુરુષ હતો. તે બંને ધીરે ધીરે ભારત બહારના દેશોની વાત કરે છે. ખાસ કરીને તે અમેરિકા અને લંડનની. પ્રોફેસર સુખદેવને એ બંનેની વાત સંભળાય છે.

તે ધીરેથી પેલા બંનેની વાતને અનુમોદન આપતાં કહે છે કે, ‘તમારી વાત સાચી છે. અહીં ભારતમાં અને

ખાસ કરીને ગુજરાતમાં પાટીદાર લોકોને અમેરિકાનો મોહ બહુ છે. તેઓ તેમની દીકરી પરણાવવા લાયક થાય ત્યારે પહેલાં અમેરિકાનો છોકરો શોધે. અને પછી...'

'અને પછી છોકરીનું અમેરિકાથી આવેલાનું - જાહેરાતના અનુસંધાને - છોકરા સાથે પોતાની દીકરી-નું લગ્ન થાય એટલા માટે પ્રયત્ન કરતા. છોકરાનું કૂળ કે મોસાળ વિશે પણ પૂછતા નહીં. છોકરો શું કરે છે એની પણ એમની જાણકારી હોતી નથી. અને તેમની છોકરી ત્યાં જઇ દુઃખી થાય છે.' પેલી પ્રૌઢ સ્ત્રી સુખદેવની સામે હસતી હસતી આમ કહે છે.

'અમેરિકાનો મોહ નકામો છે. મારું માનવું છે કે અમેરિકાથી આવેલા અજાણ્યા ગામના અને અજાણ્યાઓ સાથે છોકરી પરણાવવી એ મૂર્ખામી છે.' સુખદેવ કહે છે.

'તમે કોણ?' પેલી સ્ત્રી પૂછે છે.

'હું સુખદેવ. પ્રોફેસર સુખદેવ.'

'જુઓ સુખદેવભાઇ તમારી વાત સાચી છે. અજાણ્યામાં પરણાવેલી દીકરીઓ મોટેભાગે લગભગ ૬૦ ટકા અમેરિકાના મોહમાં દુઃખી થાય છે. એમના દુઃખનો ખ્યાલ એમનાં મા-બાપને કદાચ ક્યારેક નહીં આવતો હોય. એમનું દુઃખ મા-બાપ અમેરિકા પહોંચે ત્યારે જાણતા હોય. અને પરણનાર યુવતી પોતાની પાછળ પોતાના સગાં વ્હાલાં અમેરિકા પહોંચી શકે એટલા માટે પતિ તરફનો ત્રાસ સહન કરતી.'

'તો મારું અનુમાન તમે સાચું ઠેરવો છે, એમને?'

'હા. તમારી વાત સાચી છે.' એમ કહી તે સુખદેવની પથારી નજીક આવે છે અને ધીરેથી સુખદેવના કાનમાં કહે છે. તેની વાત સાંભળી સુખદેવ આંચકો અનુભવે છે. એના કાનમાં કહી પાછી વળતી પેલી સ્ત્રીને તે તાકી રહે છે. એના કાનમાં કહેલા પેલી સ્ત્રીનાં શબ્દો આ હતા :

'તમને ખબર છે? તમે માની ના શકો પણ હું સાચું કહું છું. મેં જોયું છે પણ ખરૂં. કેટલાક પુરૂષો પોતાની સ્ત્રીને રાત્રે બીજા પુરૂષની પાસે બળજબરીથી મોકલતા હોય છે. તેઓ ઘેલાં બન્યાં છે ડૉલર કે પાઉન્ડની પાછળ. તેમને તો જેમ બને તેમ જલ્દીથી પૈસાદાર થઇ જવું છે.'

પૂર્વની અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચે ઘણો ફેર છે. પશ્ચિમની સંસ્કૃતિ થોડી સુધરેલી આપણને દેખાય પણ અંદરથી ઘણો બધો સડો છે. મોટેભાગે બીજાં દેશોમાંથી આવતાં સ્ત્રી-પુરૂષો પૈસાના મોહમાં અહીં ન થાય તેવા કામ કરવા તૈયાર થઇ જાય છે. ક્યારેક કોઇક પોતાના ચારિત્ર્યને પણ હડસેલા મારતા હોય છે. ક્યારેક કોઇપણ જાતનો છોછ તે અનુભવતાં નથી. તેમને ઘણું બધું ભેગું કરી લેવું છે થોડા સમયમાં. અહીં આ દેશમાં આવે તો ત્યાંનો એક રૂપિયો - ડૉલર - અહીં પિસ્તાળીસ કે પચાસ ગણા થઇ જાય ને?

આ આંધળી દોટ ક્યાં સુધી પહોંચશે એ વિશે ક્યારેય કોઇએ સંશોધન કર્યું હોય એમ લાગતું નથી.

ભારત બહાર ઘણાં વર્ષો સુધી રહેલી એક સ્ત્રી અહીં આવે ત્યારે એના મોં માંથી જે શબ્દો નીકળે તે વાત તેણે અનુભવી હશે કે જોઇ હશે - ત્યારે જ બોલી શકે ને?

અમેરિકા અને લંડનની વાતો બાજુની પથારી પાસે ઊભા ઊભા વાત કરનારની સામે જોયા વિના સુખદેવ જાણે કે આઘાત લાગ્યો હોય તેમ ઊંઘ ખેંચવાનો પ્રયત્ન કરે છે.

તે જાગે છે ત્યારે બાજુની પથારી ખાલી હતી. પેલો દર્દી ચાલ્યો ગયો છે. પછી એને ખ્યાલ આવે છે કે આજે એણે થોડું વધુ વજન હોવાથી ચારને બદલે પાંચ કલાક રખાવ્યા હતા. અને પેલો દર્દી સાડા ત્રણ કલાક ડાયાલિસીસ કરાવ્યા પછી ચાલ્યો ગયો છે. તે એક નર્સને પૂછતાં ખબર પડે છે.

પછીના બુધવારે લગભગ એક જ સમયે - બાજુ બાજુની પથારીમાં - તેમનું ડાયાલિસીસ શરૂ થાય છે. એ જ દર્દી અને એની સાથે આવેલી પેલી પ્રૌઢ સ્ત્રી જે એની પત્ની અવંતિકા હતી. બંને સાથે સુખદેવને ઘણી બધી વાતો થાય છે.

અવંતિકા તેને કહે છે -

'એમને - મારા પતિ જયેન્દ્ર - છેલ્લા પાંચેક વર્ષથી કિડનીનો રોગ થયો છે. વાસ્તવમાં તેમની બંને કિડની નિષ્ફળ ગઇ છે. અમે લંડનમાં રહીએ છીએ. ત્યાં જ એમની સારવાર થાય છે. ડાયાલિસીસ પણ ત્યાં થાય

છે. જો કે ત્યાં અમારે કંઇ પૈસા આપવા પડતા નથી. ડાયાલિસીસ માટે વપરાતાં સાધનો બધાં જ અને લોહી વધે એ માટે અપાતું ઇંજેક્શન પણ મફતમાં મળે છે. તમને થશે કે આ બધું મફતમાં મળે છતાં અમે કેમ અહીં આવતા હોઇશું? તમારી સાથે તો હમણાં મુલાકાત થઇ. પણ અમે છેલ્લા ત્રણ વર્ષથી અહીં આવીએ છીએ. દર વર્ષે નવેમ્બર-ડીસેમ્બર માસમાં બે-ત્રણ અઠવાડિયા માટે ભારત આવીએ છીએ. એટલે અહીં ડાયાલિસીસ કરાવવા આવીએ છીએ. અહીં ચાર-પાંચ કલાક ડાયાલિસીસ થાય છે. અમારે ત્યાં સાડા ત્રણ કલાકમાં ડાયાલિસીસ પતી જાય છે. જો કે અહીંના જેવી ત્યાં પણ મુશ્કેલીઓ પડે. પણ ત્યાં આર્થિક બાબતનું ટેન્શન જરાકેય ન રહે. પાંસઠ વર્ષ સુધી માણસ નોકરી કરી શકે સ્ત્રી કે પુરૂષ ગમે તે. તેના પગારમાંથી દર મહિને અથવા પગાર જ્યારે થાય ત્યારે મેડિકલની રકમ નિશ્ચિત કપાઇ જાય. માણસ જ્યાં સુધી નોકરી કરે ત્યાં સુધી આ રકમ કપાતી જાય. અને જ્યારે માંદો પડે ત્યારે સરકાર મફતમાં સારવાર અને દવા કરે. અંતે તો એના જ કપાયેલા પૈસામાંથી આ બધું થતું રહે. અમે અહીંના જ છીએ. મારું પિયર અહીંથી ત્રણેક કિલોમીટર દૂર છે. મારી સાસરી થોડી દૂર કહેવાય. પણ એ તો ચલાવી લેવાય. અમારો અહીં ડાયાલિસીસ કરાવવા આવવા માટેનો સમય નિશ્ચિત નથી. જો કે બપોરનો સમય ઘણો માફક આવે છે. પરદેશ થી વતનમાં આવીએ છીએ. સગાં-સંબંધીઓને મળવા માટે અને થોડું ફરવા માટે. પણ આ રોગને કારણે લાંબી મુસાફરી થઇ શકતી નથી. કારણ કે એકાંતરે દિવસે ડાયાલિસીસ કરાવવા આવવું પડે તેથી પ્રવાસ માટેના દિવસો ઓછા પડે. આ રોગ જ એવો છે જે ક્યારેય ન મટે.' તે બોલે જાય છે. એની આંખના ખૂણામાંથી એકાદ બે આંસુના બિંદુઓ તેના ગાલ પર આવી જાય છે. હાથના રૂમાલ વડે ધીરે રહીને તે કોઈ ના જાણે તેમ ગાલ પરનું આંસુંનું બિંદુ લૂછી નાંખે છે. સુખદેવની નજરે આ પડે છે. પોતે તો કિડનીનો દર્દી છે. અસહ્ય યાતના અને માનસિક પીડા તેણે ભોગવી છે. તે બધું સહન કરી શકે તેમ છે. પણ બીજાંઓને તે દુઃખી જોઇ શકતો નથી.

'મારી વાત બરોબર છે ને?'

'તમે સાચા છો. કિડનીના દર્દનો કોઇ ઉપાય નથી. તમે કેમ તમારા પતિનું કિડની પ્રત્યારોપણ કરાવી લેતાં નથી? આમ તો તમારી બંનેની ઉંમર બહુ ઓછી લાગે છે.'

'બીજાંઓની માફક તમે પણ અમારી ઉંમરમાં થાપ ખાઇ ગયા. અમારી ઉંમર દેખાતી નથી. સાચું કહું, તેમની ઉંમર ઓગણસાઠીઠ વર્ષની છે અને હું પંચાવનની.' એ આગળ વાત કરવા ઇચ્છે છે એવું સુખદેવને લાગે છે. ત્યાં તો તેના પતિના હાથનો ઇશારો તેને બહાર જવાનું સૂચન કરે છે અને તે બહાર ચાલી જાય છે.

પંદરેક મીનીટ પછી તે પાછી આવે છે. પોતાના પતિના કાનમાં કંઇ કહે છે. એનો પતિ હસી પડે છે. પછી સુખદેવની પથારી પાસે આવી કહેવા લાગે છે, 'મારા દીકરાની દીકરીને પણ સાથે લઇ આવ્યા છીએ. બહાર તેની દાદીમા સાથે બેઠી છે. થોડી થોડી વારે એને મળવા માટે બહાર જાઉં છું. તમારી સાથે વાત કરવામાં એને મળવાનું હું ભૂલી ગઇ હતી અને મારા પતિએ ઇશારો કર્યો.'

'તમે બહુ સુખી ક્હેવાવ. દીકરાની દીકરીને પણ સાથે લઇ આવો છો એટલે.'

'સાચી વાત કહું? કાલે જ મારી પુત્રવધુનો ફોન આવ્યો હતો. તે ફોનમાં કહેતી હતી, 'બા, તમારા વગર મને ગમતું નથી. જલ્દી પાછા આવી જાવ. પણ પૈસા ખર્ચીને આવ્યા છીએ તો થોડું રહેવું પડે ને?'

'બરોબર છે.' સુખદેવ કહે છે.

અવંતિકા ક્શાક વિચારમાં હોય તેવું સુખદેવને લાગે છે. તેને કંઇક કહેવું છે. કદાચ કહી નહીં શકતી હોય તેવું તે માને છે. તે પાછી ફરે છે. એના પતિની પથારી પાસે જઇ એના પતિને કંઇ કહે છે. અને પછી સુખદેવની પથારી પાસે આવી ખુરશીમાં બેસી જાય છે.

'સુખદેવભાઇ, મારે કિડની વિશે થોડું જાણવું છે. તમે તો શિક્ષિત છો. એટલે વધારે માહિતી તમારી પાસેથી મને મળી શકે. એટલે જ મેં તમને પૂછ્યું.'

'તમારા પતિનું - ચારેક વર્ષથી - ડાયાલિસીસ ચાલે છે. તેથી તમે થોડું ઘણું તો કિડની વિશે જાણી ચૂક્યા હશો. તો હવે જાણવાની કેમ ઇચ્છા થઇ?'

'જુઓ, તમે જ કહેતા હતા કે અમે બહુ મોટી ઉંમરના નથી. જો કે અમે ના કહીએ ત્યાં સુધી કોઇને અમારી

ઉંમરનો ખ્યાલ ન આવે. હમણાં તો થોડા દિવસથી થોડી માનસિક વ્યથા હું અનુભવું છું એટલે મેં તમને પૂછ્યું.'

'કિડનીનું મોટા ભાગનું કાર્ય શરીરમાં રહેલો કચરો પેશાબમાં બહાર કાઢવાનું છે. બીજું કામ કિડનીનું જે છે એ મહત્વનું છે. શરીરમાં રહેલા લોહીનું શુદ્ધીકરણ કરવાનું. આ બે મુખ્ય કાર્ય શરીરમાં રહેલી કિડનીઓ કરે છે.'

'આ સિવાય કિડનીનું બીજું કાર્ય શું હોઇ શકે?'

'તમારું આ  પૂછવાનું કોઇ કારણ ખરૂં?'

'જુઓ, આમ તો ઘણા સમયથી આ પ્રશ્ન મને મૂંઝવે છે. મારા અલ્પજ્ઞાનથી એ મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ હું શોધી શકી નથી. આ સહજ હશે એવું મને અગાઉ લાગેલું. મારા પતિનું સતત અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ થતું હોવાથી તે થાકી જતા હશે તેવું હું માનતી રહી. મર્યાદા છોડીને વાત કરું તો મારા પતિ મને શરીર સુખ આપી શકતા નથી. એ પ્રશ્ન મને મૂંઝવે છે. હું પણ ગમે તેટલા પ્રયત્ન કરું છું છતાં પણ એ એના માટે તૈયાર થતા નથી. અને કદાચ તૈયાર થાય તો એ આગળ વધી શકતા નથી. એટલે મારે તમને પૂછવું પડ્યું.'

'અવંતિકાબેન, તમારો પ્રશ્ન વાજબી છે. તમારી હકીકતને જાણી અત્યાર સુધી તમને ઓછી ઉંમરના હું ધારતો હતો. પણ તમે બંનેની ઉંમરનો મારી સમક્ષ ખુલાસો કર્યો તેથી મારે તમને કહેવું જોઇએ કે આ ઉંમરે તમે એ વિચારોને ખંખેરી નાંખો. તમારા પતિ નાની ઉંમરના હોત તો કિડની પ્રત્યારોપણ કરવાની સલાહ હું તેમને આપત. જે વાત હું તમને કહેવા નહોતો માંગતો, એ વાતનો ઇશારો કર્યો તેથી મારે તમને કહેવું જોઇએ કે પુરૂષના શરીરમાં રહેલી કિડની કાર્યરત હોય છે, ત્યારે પેશાબ વાટે કચરો બહાર કાઢવો, લોહીનું શુદ્ધીકરણ અને શિસ્નનું ઉત્થાન કિડનીનું કાર્ય બની રહે છે.'

'બીજો કોઇ ઉપાય ખરો?'

'ના. અવંતિકાબેન, તમારે તમારા મનમાંથી આ વિચાર કાઢી નાખવો જોઇએ. અને જ્યારે આ વિચાર બહુ જ મૂંઝવતો લાગે ત્યારે ઠંડા પાણીથી સ્નાન કરી લેવું જોઇએ. મનની શાંતિ એ જ આનો ઉપાય છે. હવે કોઇ બીજો રસ્તો નથી.' તે આગળ કહેવા માંગે છે. પણ અવંતિકા ઉદાસ ચહેરે તેના પતિની પથારી પાસે પહોંચી જાય છે.

પછી સુખદેવ જાણે છે લંડનથી આવેલા જયેન્દ્ર ભટ્ટનું ડાયાલિસીસ છેલ્લું હતું. અવંતિકા સાથેની સુખદેવની મુલાકાત પણ છેલ્લી હતી. જયેન્દ્ર અને અવંતિકા લંડન પાછા પહોંચી ગયા છે. હવે તે કદાચ આવતા વર્ષે આવશે.

જ્યારે જ્યારે સુખદેવ ડાયાલિસીસ વખતે પથારીમાં હોય છે ત્યારે જાગતો - જાગતો ક્યારેક કેટલાક દર્દીઓ વિશે વિચારે છે ત્યારે તેની નજર સમક્ષ અવંતિકા આવીને ઊભી રહેતી હોય અને નીચી નમી સુખદેવના કાનમાં ના કહેતી હોય -

'તમે મને સાચી વાત કહી. મારી ઉંમરનો પણ ઉલ્લેખ કર્યો. આ ઉંમરે પણ હું 'એના' વગર નહીં રહી શકું. હું મારો રસ્તો કરી લઇશ. પણ સાચું માર્ગદર્શન આપવા બદલ આભાર.'

## ચાળીસ

## 'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ

હમણાંના કેટલાય  દિવસથી સુખદેવના મનમાંથી અવંતિકા ખસતી નથી. અવંતિકા એ આમ જ કર્યું હશે તેવું તે વિચારતો રહે છે. પચાસ વર્ષની ઉંમર પછી સ્ત્રી પોતાની જાત પર કાબૂ ન રાખી શકે તેવું તો તેણે ઘણું વાંચ્યું હતું. અવંતિકા આ ઉંમરે કાયમ માટે નહીં પણ મનના સંતોષ માટે ક્યાંક ફંટાઇ ગઇ હશે તેવું તે માની લે છે. અવંતિકા બિચારી બીજું કરેય શું? મનની વ્યથા-વેદના અને શરીરની ભૂખ માણસનો પીછો ક્યારેય છોડતું

નથી. ભલેને ગમે તે ઉંમર હોય.

પ્રોફેસર સુખદેવને તેની આગામી નવલકથા 'કિડની પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ'માં આજ વાતને સિદ્ધ કરવી હતી.

તે રાત્રે તે નવલકથા વિશે વિચારતો હોય છે. અને પછી બીજે દિવસે નવલકથાનું પ્રથમ પ્રકરણ લખાવે છે. અને પછી તો ક્રમશઃ પીછો ન છોડતી શરીરની ભૂખ વિશે તે જુદા જુદાં પાત્રો દ્વારા બોલાવે છે અને કંઇક વાસ્તવિકતા આવે એવું લખાવતો રહે છે.

નવલકથાના કેટલાંક પ્રકરણો આમ લખાતાં ગયાં. નવલકથાના એક પાત્ર મગન ગંજેરી વિશે થોડું લખાવ્યું. બીજાં પાત્રો વિશે પણ થોડી વાત કરી. લગભગ દોઢસો જેટલા પાન લખાઇ ગયા. આગળ કેવી રીતે કથાની માંડણી કરવી એની તે મૂંઝવણમાં છે. કથાના એક મહત્વના પાત્ર મગન કે જેનું ઘણાં સમય પહેલાં મુંબઇમાં કિડની પ્રત્યારોપણ થઇ ગયું છે. તે પાત્રનું શું કરવું? મારી નાખવો કે જીવાડવો? આ નવલકથાના મહત્વના પાત્ર મગનનું છેવટે જીવાડવું એમ નક્કી થાય છે. તો જ કિડની પ્રત્યારોપણ સફળ થયું એમ કહેવાય ને? 'મગનનું શું કરવુ?'એ મૂંઝવણ હતી જ. અને આની ચર્ચા અલ્પા સાથે થાય છે. લખાવનાર અને લખનાર બંને ચિંતિત છે. એક મહત્વના પાત્રના ભવિષ્યનો વિચાર કરવાનો હતો. અને સાથે સાથે કથાના શીર્ષકનો પણ વિચાર કરવાનો હતો. અને છેવટે એક પ્રશ્ન થાય છે, 'અલ્પા, એક તટસ્થ વાચક તરીકે તું હોઉં અને આ નવલકથા વાંચતી વખતે મગન વિશે શું વિચારે?' લખનાર પણ કદાચ જે વિચારતો હતો એ જ વાત અલ્પાના મોંથી નીકળી પડે છે :

'મને પૂછતા હો તો અને મારા જ વિચાર પ્રમાણે નવલકથા આગળ વધવાની હોય તો હું તો એટલું જ વિચારુ - મને જોવાની એ ઇચ્છા ખરી - મગનનો કિડની પ્રત્યારોપણ પછીનો સુખી સંસાર - મગનની તરસની તૃપ્તિ.'

અને બન્યું પણ એવું જ 'કસોટી જીંદગી કી' સિરિયલમાં અનુરાગ પ્રેરણાનો પક્ષ લઇ મિસ્ટર બજાજને સમજાવવાનો પ્રયત્ન કરે છે. એ દ્રશ્ય પૂરું થાય છે ત્યાં જ ટેલિફોનની ઘંટડી રણકે છે. પ્રોફેસર સુખદેવ રિસીવર હાથમાં લે છે. સામેથી કોઇ બોલતું હોય છે. તે સાંભળે જ જાય છે. ફોન આનંદનગરના સ્ટેશનેથી છે.

'હું આવું છું. મારી રાહ જુ ઓ. હું આવું ત્યાં સુધી રેલ્વે પ્લેટફોર્મની બહાર ટીકીટ બારી પાસેજ ઊભા રહેજો. વીસેક મીનીટમાં હું પહોંચુ છું.' એમ કહી સુખદેવ રિસીવર મૂકી ટી.વી. ની સ્વીચ ઓફ કરી ઝડપથી કપડાં બદલી તૈયાર થઇ પોતાની ગાડીમાં બહાર નીકળી જાય છે.

એકાદ કલાક પછી તે પોતાના ઘરમાં પ્રવેશે છે ત્યારે એની પાછળ પાછળ બીજાં પણ પ્રવેશ કરે છે. મગન, મગનની પાછળ પાર્વતી. પાર્વતીના હાથમાં છ એક માસનું નાનું બાળક છે અને પાછળ ધીરે ધીરે પ્રવેશતી બે જીવી મમતા હતી.

તે આખી રાત્રિ જાણે કે જાગરણ હોય એ રીતે બધાંએ વિતાવી. મુંબઇથી બધાં ટ્રેનમાં આવેલા હોઇ ભૂખ્યાં હતાં. આવીને તરત જ પાર્વતીએ રસોડું સંભાળી લીધું હતું. રસોઇ બને તે પહેલાં જે કંઇ ડબ્બાઓમાં તીખો કે ગળ્યો નાસ્તો હતો તે બધાં ખાય છે પણ તેનાથી ઓછી ભૂખ સમે? મોડી રાત્રીએ પ્રેમથી બધાં જમે છે. જમતાં જમતાં પણ અલકમલકતી વાતો થાય છે. ઘણા સમયે મળ્યા હોવાને કારણે બધાં આનંદમાં છે. સુખદેવનું મકાન તો મોટું હતું. આમ તો દરેક રૂમમાં - બેઠકરૂમ અને રસોડા સિવાય - બાથરૂમ, સંડાસ એટેચ હતાં. બહુ સારી રીતે રહી શકાય એવું મકાન હતું. મહેમાનોને કોઇપણ જાતની અગવડ ન પડે એવું હતું. જમ્યા પછી બેઠકરૂમમાં બધાં બેસે છે. સુખદેવને યાદ આવે છે એટલે ઊભો થાય છે. ઘણાં વખતથી ઉપયોગમાં ન લેવાતા એક રૂમને તે ખોલે છે. ખૂણામાં પડેલા ઘોડિયાને બહાર કાઢે છે. ત્યાંને ત્યાં સાફ કરે છે અને પછી બેઠકરૂમના એક ખૂણામાં લાવીને મૂકે છે. પાર્વતીના હાથમાંથી - અંશને - તેના દીકરાને લઇ તે ઘોડિયામાં સુવાડે છે. ઊંઘે ભરાયેલો અંશ થોડી જ વારમાં સૂઇ જતો હોય છે.

અને પછી વાતો માટે મેદાન સાફ થઇ જાય છે. બધાં વાતે વળગે છે. પાર્વતીને મમતા ચૂપ છે. ઘડીકમાં મગન તરફ તો ઘડીકમાં સુખદેવ તરફ જોયા કરે છે અને મીઠું મીઠું મલકે છે. કોઇ બોલતું નથી. બેઠકરૂમમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાયેલું હોય એવું બધાં અનુભવે છે.

છેવટે 'મગનભાઇ, તમારી વાત તો મને કહો કે પછી મૌન જ રહેશો.' સુખદેવને કિડની પ્રત્યારોપણ પછીના મગનની વાત જાણવી હતી અને સાથે સાથે મમતા અને પાર્વતીની પણ.

સુખદેવ જુએ છે કે મગન બદલાઇ ગયો લાગે છે. એક ધીર ગંભીર અને પ્રૌઢ માણસ પોતાની સામે બેઠો છે એમ સુખદેવ અનુભવે છે.

મગનનો અવાજ બેઠકરૂમની શાંતિને હણે છે. એ અવાજમાં મગનની તરસની તૃપ્તિનો રણકો સુખદેવને કાને અથડાય છે.

'જુઓ, સુખદેવભાઇ, ઘણા સમયે આપણે ભેગાં થઇએ છીએ. આ દિવસોમાં ઘણું બધું બની ગયું. જો કે કેટલીક બાબતોની ચર્ચા તમારી સાથે ના હોય અને કેટલીક ચર્ચા તમારી સાથે કર્યા સિવાય રહી શકાય એમ નથી. આજે તો ખાસ તમારો આભાર માનવા અમે અહીં આવ્યા છીએ. જો કે બે-એક દિવસ અમે અહીં રોકાઇશું. હવે પછીના તમારા ડાયાલિસીસ વખતે રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં પણ આવીશું. આજે તમને મગન બદલાયેલો લાગશે. જો કે હું બદલાઇ ગયો છુ. એને માટે હું મમતા અને પાર્વતીનો આભારી છુ. હું તેમનો આભાર માનું તે કદાચ તેમને નહીં ગમે. પણ અંતરની વાત તો તમારા જેવા શુભેચ્છક - માર્ગદર્શક સિવાય કોઇને ન કહી શકાય. એટલે હું જે કહીશ એ બધું જ આ બંને પણ સ્વીકારશે. તમે અમને બધાંને જોયા પછી પણ આનંદનગર પ્લેટફોર્મની બહાર ટીકીટબારી પાસે તમે કોઇ પ્રશ્ન નથી કર્યા. એ તમારી ખાનદાની છે. જો કે તમે મને હું જેવો હતો તેવો ભૂતકાળમાં સાચવ્યો હતો. તમે ચોખલિયા વિદ્યા નહીં કરેલી. તમારા જેવા બહુ ઓછા માણસો સમાજમાં મળે કે જે મારા જેવા માણસને સ્વીકારી શકે. ખેર એ બધી વાત જવા દો.

તમારાથી છૂટા પડ્યા પછી કિડની પ્રત્યારોપણ  રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલ છોડી મુંબઇ કેમ કરાવ્યું ? એ વાત હું તમને નહીં કહુ. પણ આજે કિડની પ્રત્યારોપણ પછીના દિવસોમાં હું ઘણો જ સુખી છુ. મમતા અને પાર્વતીએ અને મેં પણ એકબીજાની જ્ઞાતિનો ક્યારેક વિચાર કર્યો નથી. બંને તો નાની ઉંમરના છે. અને છતાંય મોટી ઉંમરના મને - કિડનીના દર્દીને - એમણે સ્વીકાર્યો હતો. અને પાર્વતીએ મારા પ્રત્યેની લાગણીને લીધે. વખત જતાં મમતાના પૈસાના મોહે  મારા પ્રત્યે લાગણી અનુભવી. અને પછી મમતા અને પાર્વતી એ બંનેએ સગી બહેનો હોય એ રીતે મારા જીવનમાં પ્રવેશ કર્યો.

હું કુંવારો હતો. સામાજીક દ્રષ્ટિએ મોટી ઉંમર સુધી પહોંચેલા માણસને કોઇ કન્યા ન  આપે અને તે પરણે નહીં તો એને વાંઢો કહેવાય. હું વાંઢો હતો. અને આ બંને કુંવારી કાયા ધરાવતી હતી. પાછળથી મને ખબર પડેલી કે તે બંને યુવાનીમાં પ્રવેશ કરે છે ત્યાં સુધી મારા સિવાય કોઇપણ પુરૂષનો પ્રવેશ તેમના જીવનમાં થયો નહોતો. મેં મારી સાચી વાત તેમને જણાવી નહોતી. મુંબઇ ગયા  પછી પ્રત્યારોપણ કરાવ્યા પહેલાં - મારી સાથે જ હું જીવું ત્યાં સુધી મમતા અને પાર્વતીએ સાથે રહેવાનું વચન આપેલું. અને એથી તેમના જીવનમાં જો મારે પ્રવેશવાનું હોય તો તેમને આમને આમ ન રાખી શકાય. એટલે અમે ત્રણેયે સામાન્ય ધાર્મિક વિધિ કરાવી એક સાથે પરણી લેવાનું વિચાર્યું અને એમ કર્યું.

કોઇ યુવાન પુરૂષ તો એક સ્ત્રી સાથે પરણે. પણ હું વાંઢો એકી સાથે બે સ્ત્રીઓ સાથે પરણું એ મારે માટે આશ્ચર્યજનક હતું - અને એવી બે વ્યક્તિઓ જે ખરેખર યુવાનીમાં પગ માંડતી હતી. મારી સાથે જોડાતાં તેમને કશું જ પ્રાપ્ત થવાનું નહોતું, બલ્કે ત્યાગ કરવાનો હતો. એ બંનેએ કર્યું. આજે તમારી સમક્ષ એ બંનેનો ઋણી છુ એ વાત કહેતાં શરમાતો નથી.

પાણીની અને શરીરની મને બહુ તરસ હતી. આ બંને તરસ હું છિપાવી શકતો નહોતો. કદાચ ક્યારેક પાણીની તરસ છીપાવી લેતો. તો વધુ પડતા પ્રવાહીને કારણે ડાયાલિસીસ વખતે હું મુશ્કેલીમાં મૂકાતો અને રહી શરીરના તરસની વાત. એ તો છિપાશે નહીં એમ હું માનતો.

અને તરસની વાત કરતાં જ મગનની સમક્ષ પાર્વતી સાથે કરેલી એક ચર્ચાનું ચિત્ર આવી ખડું થાય છે -

'જો મગન, તારી સાથે જોડાવાનું અને તારા કિડની પ્રત્યારોપણ વખતે મારી કિડની આપવા હું તૈયાર છું.' પાર્વતીએ મગન સાથેની છેલ્લી મુલાકાતમાં કહેલું.

'પાર્વતી, ડોક્ટરી રિપોર્ટ પ્રમાણે તારી કિડની મને માફક આવે તેમ  છે. એટલે હું તારો જીંદગીભર

આભારી થઇને રહીશ. વહેલો કે મોડો હું કિડની પ્રત્યારોપણ કરાવી લઇશ.'

'ના એમ નહીં. હવે હું લાંબો સમય રાહ જોઇ શકું એમ નથી. તારે ડૉક્ટરને મળી કિડની પ્રત્યારોપણ કરવા માટેની તૈયારી કરી હેવી જોઇએ.'

'શાની તૈયારીઓ કરવી જોઇએ?' એમ કહેતી મમતા એ જ્યાં બેઠાં છે ત્યાં ઓચિંતી આવી પહોંચે છે.

'મમતા, હું તેમને જેમ બને તેમ વહેલુ પ્રત્યારોપણનું ઓપરેશન કરાવવાની વાત કહેતી હતી.'

'બરોબર છે પાર્વતીબેન. તમારી માફક હું પણ એ વિચારું છું. હવે ક્યાં સુધી આમને આમ તરસ્યા રહીશું?'

'તો એમ છે કે તમે બંને તરસ્યા છો. તમે બંનેએ કિડનીના દર્દીની વાસ્તવિકતા સમજીને જ - તમારી તરસને કોરે મૂકી - મારા જીવનમાં પ્રવેશ કર્યો હતો. અને આજે તમે તરસની વાત કરો છો. મને કિડની પ્રત્યારોપણ કરવા માટે મજબૂર કરવાનો પ્રયત્ન કરો છો. જો કે તમારી વાત સાચી છે. તમારી માફક હું પણ ઘણા સમયથી - તરસથી - પીડાઉં છું. જો કે ભૂતકાળમાં મારી તરસ તો મેં છીપાવી છે. થોડી ઘણી તૃપ્તિ પણ થયેલી. જો કે તૃપ્તિનો ઓડકાર તો હજુ શમ્યો નથી. અને તે વખતે જ આ દર્દમાં પડ્યો. અને પછી તો તરસની પાછળ હું પછી... પ્રયત્ન કરવા લાગ્યો - અને મેં જ્યાં ને ત્યાં કશુંક મેળવીને જોડે પૈસા ખર્ચીને તરસ છીપાવવાનો પ્રયત્ન કરેલો. એમાનું એક પાત્ર મમતા તું છે. એની તને ખબર છે ને?'

'એ બધી વાત છોડો. પાર્વતીબેન ક્હે છે એમ પ્રત્યારોપણની તૈયારી કરો અને પ્રત્યારોપણ પછી કદાચ ઘણા લાંબા સમયે આપણે બધાં આપણી તરસને સંતોષી શકીશું.'

'જુઓ આપણે બધાં એ બીજી રીતે તો તરસ છીપાવવાનો પ્રયત્ન કર્યો છે. એટલે કદાચ કોઇને વાંધો ન આવે.'

'વાંધો તો આવે જ. એ બીજા માર્ગથી સંતોષાયેલી તરસથી અમને અને તમને તૃપ્તિ નહીં થઇ હોય. અમારો તો એવા સુખની ઇચ્છા છે. ભલે વધારે સમય નહીં એકાદ બે વખત મળે તોય સંતોષ પામીશું. હૃદયના કોઇ ખૂણામાં માતૃ વાત્સલ્યનું ઝરણું છે. એને એમને એમ બંધિયાર રાખવું નથી, એને વહેતું મૂકવું છે. કદાચ મારી, મમતા અને તમારી પણ એવી ઇચ્છા હશે.' કહેતીકને પાર્વતી શરમાઇ જાય છે. મગને બંનેને પોતાની નજીક ખેંચી પોતાનું હેત પ્રગટ કરેલું.

આ બધું યાદ આવતાં ક્ષણભર તે વાત કરતાં અટકે છે. સુખદેવ ટકોર કરે છે અને પછી મગનને વાસ્તવિકતા સમજાય છે.

'સાહેબ, તમને વાત કરતો હતો ને ભૂતકાળમાં આમની સાથે થયેલી વાત મને યાદ આવી. હું તમને તરસની વાત કરતો હતો. હું તો તરસ્યો હતો. પણ મમતાને પાર્વતી પણ તરસ્યા હતાં. મારે એમની તરસ છીપાવવી હતી. અને તરસ ત્યારે જ છીપે કે જેટલું વહેલું હું કિડની પ્રત્યારોપણ કરાવું.

અને પછી મારું કિડની પ્રત્યારોપણ થઇ ગયું. ઘણા સમય સુધી દવાઓ અને ખોરાક ઉપર - ડૉક્ટરી સલાહ મુજબ - હું રહ્યો અને ડૉક્ટરની સલાહ પ્રમાણે અંતે પાર્વતી અને મમતાની જો કે મારી પણ ખરી તરસ છીપાઇ અને એનું પરિણામ તમે નજરે જોયું છે. એનો મારે ખુલાસો કરવાનો ના હોય. આ મારી વાત છે.' એમ કહેતો મગન ઘોડિયામાં સૂતેલા અંશ તરફ અને બીજી નજર મમતા તરફ ફેંકે છે. સુખદેવ બધું જ સમજી જાય છે. જો કે કેટલીક બાબતોના ખુલાસા ના હોય. એ તો સંસારની વાસ્તવિકતા છે. ઘણું બધું સમજી લેવાનું છે.

મગન અટકે છે. સુખદેવને મગન સાથે ડાયાલિસીસ વખતે, વહેલા આવ્યા ત્યારે બહાર બેઠાં બેઠાં જે વાત થઇ હતી એ નજર સમક્ષ આવી જાય છે.

'સુખદેવભાઇ, ઘણા બધા મૂંઝવતા પ્રશ્નોના તમે જવાબ આપ્યા છે અને એમાં મને સંતોષ થયેલો. આજે એક છેલ્લો મૂંઝવતો પ્રશ્ન પૂછવાનું મન થાય છે. આનો યોગ્ય જવાબ આપો. ફરીથી પ્રશ્ન પૂછી હું તમને મૂંઝવીશ નહીં.'

'બોલો મગનભાઇ, તમે શું કહેવા માંગો છો?'

'સુખદેવભાઇ, તમારી નવલકથા હમણાં પ્રગટ થઇ હતી જેનું શીર્ષક - 'કિડની પ્રત્યારોપણ' - સોનેરી

સપનાનું આકાશ. આ શીર્ષકની મને સમજણ ના પડી. કેમકે કિડનીના દર્દીનું કિડની પ્રત્યારોપણ તો થાય એ તો સમજી શકાય એવી વાત છે. પણ તમે આ કિડની પ્રત્યારોપણને સોનેરી સપનાનું આકાશ શા માટે કહો છો? મારે એ વાત જાણવી છે. અને જો તમે મને સાચી રીતે એ વાત સમજાવશો તો હું કિડની પ્રત્યારોપણ કરાવવા માટે તૈયાર થઇશ. જો કે હમણાંનું ક્યારેક-ક્યારેક કિડની પ્રત્યારોપણ કરાવવાનું મન થાય છે. કિડની નિષ્ફળ નીવડી તે પહેલાં ઘણી બધી સ્ત્રીઓના પરિચયમાં આવ્યો છું. એમની સંમતિથી અને ક્યારેક તો બળજબરીથી મેં તેમને ભોગવી છે. કિડની નિષ્ફળ જવા પછીના દિવસોમાં મારી તીવ્ર ઇચ્છા હોવા છતાં અને પૈસા ફેંકતાં સરોજ, રીટા કે મમતા જેવાં સ્ત્રી પાત્રો મોટાં કે નાનાં મેં મેળવ્યાં છે. પણ હું તેમને ભોગવી શક્યો નથી. પણ હવે ક્યારેક એ દિશામાં જવાનું મન થાય છે...' મગનને આગળ બોલતો સુખદેવ અટકાવે છે.

'જુઓ મગનભાઇ, આ તમારી વાત મેં ઘણી વાર સાંભળી છે. હવે મહેરબાની કરીને એકને એક વાત મને વારંવાર ન કહો. તમારા પ્રશ્નનો જવાબ હું તમને આપું છું.' એમ કહી સુખદેવ પોતાની થેલીમાંથી એક ફાઇલ કાઢે છે. એમાંથી એક લેખ કાઢે છે. અને એ લેખ મગનભાઇને આપે છે.

'મગનભાઇ આ લેખ વાંચી જજો. તમારા પ્રશ્નનો જવાબ કદાચ આમાંથી મળી જશે. ચાલો ત્યારે હું જાઉં? તમને જે મશીન પર લેવાના છે તે મશીન બગડેલું છે. એટલે તમારું કદાચ થોડું મોડું ડાયાલિસીસ ચાલું થશે.' એમ કહી સુખદેવ તે દિવસે ચાલી ગયેલો. અને સુખદેવના ગયા પછી મગન એ લેખ વાંચેલો.

લેખનુ શીર્ષક આ પ્રમાણે હતું -

**'કિડની પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ.**

મનુષ્ય માત્રને - એ સાજો હોય કે માંદો હોય છતાં પણ કેટલીક ઇચ્છાઓ તેને કોરી ખાતી હોય છે. આ કરું અને પેલું કરું તેવું તે વિચારતો રહે છે. જેને પામવાની તેણે ઇચ્છા કરી હોય તે વિશે એ જ્યારે એકલો પડે ત્યારે વિચારતો રહે છે. - કહો કે સ્વપ્નો જોતે રહે છે. આમ તો કોઇ પણ માણસને વહેલી પરોઢે સ્વપ્નાવસ્થામાં તે જે દ્રશ્ય જુએ છે - તે મોટેભાગે પામતો હોય છે. પણ માણસની ઇચ્છાઓ કેટલી બધી? અધધધ.... મપાય નહીં એટલી. ખુલ્લુ આકાશ ક્યારેક ગમતું હોય છે. શિયાળાના દિવસોમાં સવારનું અને સાંજનું આકાશ સૂર્યના કિરણો ફેલાવે અને સમેટી લે ત્યારે કેટલું બધું મોહક લાગે છે? આકાશ વિશાળ છે. તેનો કોઇ છેડો નથી. છતાંય તે ખાલી જ છે. ક્યારેક ચોમાસામાં છૂટાંછવાયાં વાદળો આકાશમાં ઘેરાતા જોઇએ છીએ. જેને કારણે આકાશ શ્યામ રંગ ધારણ કરી લે છે. દિવસના ભાગમાં વાદળોની પાછળ સૂર્ય પણ ક્યારેક ઢંકાઇ જાય છે અને ક્યારેક પેલાં ચઢી આવેલાં વાદળો તૂટી પડે છે ત્યારે? મૂશળધાર વરસાદ પડી જાય છે. અને બીજી ક્ષણે વરસાદ પડતો બંધ થાય છે. આકાશ પહેલાંના જેવું જ ચોખ્ખુંચટ થઇ જાય છે. ઘડીભર પહેલાં જે આકાશ હતું એ આકાશ હવે રહ્યું નથી.

ક્યારેક રાત્રિના સમયે ટમ ટમ પ્રકાશતા છૂટા છવાયા તારાઓ આકાશમાં દેખાય છે. એ તારાઓ આકાશનું સૌંદર્ય વધારે છે પણ એ ક્ષણભંગુર હોય છે. પાછું આકાશ એવું ને એવું થઇ જાય છે.

માણસ માત્રનું પણ એવું જ છે. કાયમ આકાશની માફક તે ખાલીખમ હોય છે. તેના અનેક વિચારો તેને- સોનેરી સપનાઓમાં લઇ જાય છે. ક્યારેક તો પેલી કહેવતની માફક - 'મનમાં ને મનમાં પરણે અને બીજી ક્ષણે મનમાં ને મનમાં રાંડે' એ અનુસાર સતત સપનાં જોતો જાય છે. મનુષ્યના સપનાંનો કોઇ પાર નથી. મોટેભાગે તે - યુવાનીમાં હોય કે પ્રૌઢ વયે અમુક પ્રકારની ઇચ્છાઓ કરવાનું જ અને ક્યારેક જાગતી એની એ ઇચ્છાઓ સોનેરી સ્વપ્ન બની આકાશ સાથે તે સરખાવતો રહે છે.

સાજો હોય ત્યારે માણસ સોનેરી સ્વપ્નો જુએ એ સ્વીકારી શકાય. પણ જ્યારે તે બિમાર પડે ત્યારે સ્વપ્નો જુએ એના એ કરતાં માંદા માણસને આકાશ સોનેરી સપનાં જેવું દેખાય છે. એ પોતે આકાશમાં પણ પોતાના સ્વપ્નો ફળીભૂત થતાં હોય તેવું વિચારે છે. પણ એ માણસને ક્યારેય સોનેરી સપનાનું આકાશ ન પ્રાપ્ત થઇ શકે. ભલેને તે ગમે તેટલા ધમપછાડા કરે. તેના સોનેરી સપનાં તો ઊડી જ જવાના ને?

મનુષ્ય માત્ર, યુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ બધાં જ પોતાની ઇચ્છા પ્રમાણે કંઇક ને કંઇક મેળવવાની આશાઓ રાખતાં હોય છે. જેની પાસે થોડું છે તે વધારેની આશા રાખે છે. અને જેની પાસે અનેક પ્રકારનાં સુખ ભોગવવાના સાધનો છે તે વધુ ને વધુ સુખ કેવી રીતે ભોગવવું એ દિશામાં દોટ મૂકતો જ રહે છે. આ છે મનુષ્ય

જીવનની સાચી વાસ્તવિકતા.

જો કે સામાન્ય રીતે સાજો એટલે કે તંદુરસ્ત માણસ સતત કોઇને કોઇ બાબતનું સપનું જોતો રહે છે. કેટલાકનાં સ્વપ્નો ફળીભૂત થાય છે. તો કેટલાક જીવનની છેલ્લી ક્ષણ સુધી સપનાઓ જોતાં રહે છે. તેમણે જે સ્વપ્ન દશા ભોગવી છે તે ક્યારેય પૂરી થતી નથી.

મનુષ્યના હાથ-પગ ચાલે છે ત્યાં સુધી તે સતત કાર્યરત રહેતો હોય છે. જીવન જીવવા માટેના સાધનો મેળવવા માટે તે સતત પ્રયત્ન કરતો હોય છે. મનમાં ને મનમાં તે આકાશનું પિંડ બાંધતો હોય છે, આ બધું સપનામાં. એનો મતલબ સપનાનું આકાશ. સ્વપ્નાં કેવાં એ પણ સોનેરી. એટલે સોનેરી સપનાનું આકાશ. આ તો સાજા માણસની વાત થઇ.

પણ...

એ પણ સ્વપ્નો જોતો હોય છે. અત્યાર સુધી તો સાજો હતો ત્યાં સુધી તેને કોઇના સહારાની જરૂર નહોતી. પણ હવે માંદગીને કારણે તેના શરીર ઉપર તેનો કાબૂ નથી. હવે તેણે બધું જ સ્નેહીજનો ઉપર છોડી દીધું છે. ક્યારેક તો તેને ગમે કે ન ગમે છતાં સ્નેહીજનોને કારણે એને ઘણું બધું કરવું પડતું હોય છે. ક્યારેક તે પોતાના અંતરની વાત કોઇને કહેતો નથી. જેટલો સમય તે બિમાર રહે છે તેટલો સમય ઘરમાં, પથારીમાં કે દવાખાનામાં કોઇ ન જાણે તેમ તે મનોમન વિચારતો રહે છે. આવું સામાન્ય માંદગીમાં બને.

પણ લાંબા સમયની માંદગી હોય ત્યારે?

ધારો કે કોઇ સાજી વ્યક્તિને ઓચિંતુ ખબર પડે કે તેના શરીરનું એક મહત્વનું અંગ કિડની નિષ્ફળ ગઇ છે ત્યારે તે ભાંગી પડે છે. આ દર્દ લાંબાગાળાનું છે. ક્યારેક તો આ દર્દનો દર્દી , આ દર્દને કારણે મૃત્યુ સુધી પણ પહોંચી જાય છે. કિડનીના દર્દીએ સાજો હતો ત્યાં સુધી ભોગ-વિલાસ ભોગવ્યા છે. પણ હવે?

આ કાયમના દર્દમાંથી તે છૂટકારો મેળવવાનો નથી તેવું તે સ્પષ્ટપણે માને છે. તે સાજો હતો ત્યારે ક્યારેક-ક્યારેક સોનેરી સપનાના આકાશમાં પોતાની જાતને મૂકતો રહયો હતો. માંદગીની શરૂઆતમાં દર્દની અસહ્ય પીડાને કારણે પીડાના ઈલાજ સિવાય કશું જ તે વિચારતો નથી. આ દર્દમાંથી બહાર કેવી રીતે નીકળવું તેનું મનોમંથન તે કરે છે. પણ બધું જ વ્યર્થ. જીવે ત્યાં સુધી તેણે સતત ડાયાલિસીસ કરાવવું પડે કાં તો કિડની પ્રત્યારોપણ.

કેટલાંક વર્ષો સુધી તે ડાયાલિસીસ કરાવતો રહે છે. પછી તે થાકે છે. સમય અને શક્તિ ખર્ચાતી જાય અને એમાંય પાછું આર્થિક સંકડામણ ઊભી થાય. જો કે આ બધું તે સ્વીકારી લે ખરો. તેણે પણ અનેક સ્વપ્નો જોયાં છે, સોનરી સ્વપ્નો. સપનાના આકાશમાં તેને પણ ઊડવાની ઇચ્છા થાય છે. ખુલ્લા આકાશમાં પોતાની ઇચ્છાઓની પૂર્તિ ક્યાંક થશે તેવું વિચારે છે. દૂર દૂર આકાશ પૃથ્વીને સ્પર્શ કરતું હોય તેવું તે જુએ છે. હવે આકાશ હાથવેંતમાં છે તેમ માની તે દોડતો રહે છે. પણ તેની દોટ અધૂરી રહે છે. આકાશ પૃથ્વીને સ્પર્શ કરે છે એ ક્ષિતિજ દૂર ને દૂર જતી હોય છે અને તે પાછો પડે છે. સોનેરી સપનાનું આકાશ માણવાની તેની ઇચ્છા પૂરી થતી નથી.

આ ઇચ્છા તે તેની 'કામશક્તિ' છે. એ જ એનું સોનેરી સપનાનું આકાશ છે. આકાશને પામવાનો તેનો પ્રયત્ન નિરર્થક છે. પામવું છે તો ઘણું બધું. એનામાં રહેલી તરસ અને તડપ સતત ડાયાલિસીસમાં પૂરી થાય તેમ નથી અને જો તેણે પોતાની તરસને છીપાવવી હોય તો બીજો રસ્તો શોધી કાઢવો પડે. અને એ રસ્તો છે 'કિડની પ્રત્યારોપણ'. કિડનીનો દર્દી જો કિડની પ્રત્યારોપણ કરાવે તો તે પોતાની તરસની તૃપ્તિ અનુભવી શકે. અને આજ છે તેના સપનાનું આકાશ. એટલે કે 'સોનેરી સપનાનું આકાશ.'

સુખદેવને યાદ આવે છે. એ લેખ આપ્યા પછી ક્યારેય મગને એની સાથે કોઇ પણ પ્રશ્નની ચર્ચા કરી નથી. અને આજે....

ઘણાં લાંબા સમય પછી તેની સામે મગન, મમતા અને પાર્વતી બેઠાં છે. મગનની વાત તેણે સાંભળી છે. તે આખીય રાત્રિ ઊંઘનું મટકુંય માર્યા વિના ત્રણેય વાતો કરતા રહે છે. અત્યાર સુધી તો મગન એકલો બોલતો હતો હવે પાર્વતી અને મમતાય બોલે છે. જો કે બધાં બોલે છે. બધાં સાંભળે છે. પાણીની તરસની વાત. હવે તો

મગનને પાણીની તરસ નડતી નથી. સુખદેવ એકલા ને નડે છે. અને બીજી તરસ... મગન તૃપ્ત થઇ ગયો. એ તૃપ્તિની અસર કોઇ ના કહે છતાંય સુખદેવ જોઇ શકે છે. સામે ખૂણાના ઘોડિયામાં સુતેલા અંશને અને મમતાના ઊભરી આવેલા પેટને.

બે-એક દિવસ રહી મગન, મમતા અને પાર્વતી તો ચાલ્યાં ગયાં. સુખદેવને મુંબઇ આવવાનું આમંત્રણ આપીને.

તે બધાંના ચાલ્યા ગયા પછીની રાત્રિએ પથારીમાં સૂતાં સૂતાં તેની પથારીની આસપાસ અનેક સાપોલિયાં ફરતાં હોય એવું સુખદેવ અનુભવે છે. પથારીની આસપાસ ફરતાં પેલાં સાંપોલિયાં ધીરે ધીરે એના શરીર ઉપર ફરતા હોય એવું તે કલ્પે છે. એના હૃદયના ભાવ ક્યા અનુભવના અને મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ જાગે છે. અત્યાર સુધી તો ક્યારેક ક્યારેક પાણીની તરસ સિવાયની બીજી તરસ તેને પજવતી. પણ આજે તો એ જાણે કે બીજી તરસને છીપાવવા માટે હોટ ના મૂકતો હોય? અને તેના મોં માંથી સ્વગત શબ્દો બહાર આવી જાય છે.

'કિડની પ્રત્યારોપણ... પ્રત્યારોપણ... પ્રત્યારોપણ અને પ્રત્યારોપણ જ...' અને બીજી ક્ષણે પેલાં સાપોલિયાં એના શરીરે ભરડો લે છે. અને મીઠો ચિત્કાર તેના મોંમાંથી નીકળી આવે છે.

# એકતાળીસ

## તૃપ્તિની ક્ષણો તરફ....

મગન તો ચાલ્યો ગયો. એની સાથે મમતા અને પાર્વતી પણ. એક મીઠી યાદ મૂકીને આ બધાં ચાલ્યાં ગયાં. નિર્દોષ મૈત્રીની વાત - સંબંધોની વાત. જો કે સુખદેવને આ બધું સતત યાદ આવ્યા કરે છે.

હવે તો ડાયાલિસીસ વિભાગમાં જૂના પરિચિત દર્દીઓ ભાગ્યે જ જોવા મળતાં. દરેક દર્દીએ અનુકૂળતા પ્રમાણે ડાયાલિસીસના દિવસ અને સમય બદલાવ્યા તેથી. સુખદેવે પણ ત્રણ ડાયાલિસીસ અઠવાડિયાના રાખેલા હોવાથી દિવસ બદલાઇ ગયેલા. જો કે બદલાયેલા દિવસોમાં નવા દર્દીઓ સાથે તેને ઘરોબો બંધાઇ ગયેલો. જોકે સુખદેવ હવે ડાયાલિસીસ વખતે બીજાં દર્દીઓ સાથે બહુ ઓછું બોલે છે. મોટે ભાગે શાંતિથી તે પથારીમાં પડ્યો રહે છે. હવે તે સતત કોઇને કોઇ પુસ્તક લાવી વાંચતો રહે છે. વાંચતાં થાકે ત્યારે થોડી ઊંઘ પણ ખેંચી લેતો. ડાયાલિસીસ વખતે કેટલાંક દર્દીઓ ને તે ઊંઘતા જોતો. ક્યારેક મશીનની ખામી ને કાણે ઠંડીથી ધ્રુજતા દર્દીઓને પણ તે જોતો. ક્યા રેક કોઇ ઊલ્ટી કરતું હોય ત્યારે આખા રૂમની હવા બદલાઇ જતી. મન બેચેન પણ થઇ જતું. કોઇને કોઇ તકલીફ દર્દીઓને થયા કરતી. તે આ બધું જોતો. કેટલાંક દર્દીઓના કિડની પ્રત્યારોપણ થઇ જતાં તેમની પથારીમાં નવો જ દર્દી આવી જતો. જૂના દર્દી સાથે માંડ માંડ ઘરોબો કેળવ્યો હોય, થોડી આત્મીય લાગણી જન્મી હોય અને દર્દી કિડની પ્રત્યારોપણ કરી ચાલ્યો જાય ત્યારે તેને ગમતું નથી. જો કે તે આ વખતે રાજી પણ થતો. કેમકે કિડની પ્રત્યારોપણ કરેલો દર્દી હવે આ રોગ થયા પહેલાં જેવું જીવન પ્રેમથી જીવી શકશે.

એક દિવસે તે ઊંઘતો હતો. હર્ષિત ભાઇ તેનું બી.પી. માપવા આવે છે. તેને જગાડે છે. બી.પી. માપ્યા પછી -

'સાહેબ, હમણાં હમણાંનું તમારુ બી.પી. કંટ્રોલમાં આવતું જાય છે. કોઇ ચમત્કાર થયો કે શું?'

'કોઇ ચમત્કાર થયો નથી. પહેલાં તો ક્યારેક ડાયાલિસીસ વખતે વિચારો કર્યા કરતો તેથી અને 'લોલિટેન' લેવાને કારણે બી.પી. કંટ્રોલમાં આવતું જાય છે.'

'તમારી વાત સાચી છે. ઘણાં બધાં જૂના દર્દીઓ કિડની પ્રત્યારોપણ કરાવી ચાલ્યા જવાથી તમારા જેવાં પાંચ-દશ દર્દીઓ હજી જૂના જ રહ્યા છે. હમણાંના હું તમને ડાયાલિસીસ વખતે બહુજ શાંત જોઉં છું. કેમ આ

રીતે કેમ વર્તો છો?'

'જુઓ હર્ષિત ભાઇ, છ વર્ષ કરતાં પણ વધારે સમયથી ડાયાલિસીસ કરાવવા આવું છું. હમણાંનું શરીર નબળું પડે છે. પ્રવાહી પર કંટ્રોલ મૂક્યો છે છતાં બે કિલો નેગેટીવ ખેંચાઇ જાય પછી પગની નસો ખેંચાતી રહે છે. અને તેથી હું આડાઅવળા વિચારો કર્યા સિવાય 'હું ભલો ને મારું કામ ભલું' એ રીતે પથારીમાં પડ્યો રહું છું.'

'તમારા પગ વારંવાર ખેંચાય છે ને? કોઇને કહેતા હો તો? નસો ખેંચાય ત્યારે પગ દબાવી આપે ને?'

'હર્ષિતભાઇ, તમે જુઓ છો મોટેભાગે હું એકલો જ આવું છું. મારો સ્વભાવ એવો છે કે મારા કામ બીજાની પાસે કરાવવાં ગમતાં નથી. અને તેથી જ હું કોઇને કશું કહેતો નથી.'

'સુખદેવભાઇ, તમારી ઇચ્છા હોય તો તમારા પગ ખેંચાય ત્યારે પણ દબાવવા એક જણ તૈયાર છે. તમે કહેતા હો તો વાત કરું. તે તૈયાર જ છે. પણ થોડી તેને તમારે આર્થિક મદદ કરવી પડે. આ સરોજની હું વાત કરું છું. આમેય મોટે ભાગે અઠવાડિયામાં એકાદ વખત તો એના દીકરાની પથારી પાસે જ તમારી પથારી હોય છે. આ તો સરોજે મને વાત કરેલી. એને તાત્કાલિક દશ હજારની જરૂર છે.'

'તમે કઇ સરોજની વાત કરો છો?'

'તમારી સાથે જેને ઝઘડો થયો હતો એ. એ હવે થાકી ગઇ છે આર્થિક કારણોસર. તમારા બહુ જ વખાણ કરતી હતી. મને તમને સમજાવવાનું કામ એણે સોંપેલું છે. પછી જેવી તમારી મરજી.'

'એનું તો મારી આગળ નામ જ ન લેશો.'

આજ સમયે હર્ષિતભાઇ પાછા વળે છે. સુખદેવ જુએ છે તો પોતાના દીકરાના પગ દબાવતી સરોજ ત્રાંસી નજરે જોતી રહે છે. એના મોં પર મલકાટ છે.

અને બીજે દિવસે બપોરના સમયે સુખદેવ પોતાને ત્યાં આરામ કરતો હતો ત્યાં જ ડોરબેલ રણકી ઊઠે છે. તે ઊભો થઇ બારણું ખોલે છે. સામે સરોજ ઊભી હતી.

ઇચ્છા ન હોવા છતાં સરોજને તે આવકાર આપે છે. અંદર દાખલ થયા પછી સરોજ જાતે જ બારણું બંધ કરી દે છે. અને એકદમ સુખદેવને પોતાના આલિંગનમાં લે છે. સુખદેવ સરોજને પોતાનાથી દૂર કરવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ સરોજની ભીંસ વધતી જાય છે.

'પ્રોફેસરકાકા, અગાઉ મેં તમને કહેલું કે તમે મને જાતે જ બોલાવશો. પણ તમે એમ ન કર્યું. આજે મારે તમારી સમક્ષ જાતે જ આવવું પડ્યું છે. જે રીતે મગનને હું સુખ આપતી હતી તે જ રીતે તમને પણ સુખ આપીશ. મહેરબાની કરીને મારે તાત્કાલિક દશ હજારની જરૂર છે. તમે આપો.'

સુખદેવ બોલતો નથી. સુખદેવ ન જાણે તેમ સરોજ પોતાની છાતી પરનાં આંતરિક વસ્ત્રો દૂર કરે છે. વસ્ત્રોનું આવરણ દૂર થતાં સરોજના બે અમૃતકુંભો જાણે કે છાતીની બહાર નીકળી ખૂલ્લા આકાશમાં મૂક્તપણે વીહરતા તારલા જેવા બની જાય છે અને...

સરોજ જાણે કે સોળ વર્ષની યુવાન કન્યા હોય તેવું અનુભવે છે.

અને પછી મગનને જે રીતે તેણે સુખ આપેલું એ સુખ આપવાનો પ્રયત્ન કરે છે. પૂરી બપોર સરોજ ત્યાં જ રોકા ય છે. પછી જેના કારણે આવી હતી એ - દશ હજાર રૂપિયા - લઇ ચાલી જાય છે.

કિડનીના દર્દી તરીકે જે સુખ પ્રાપ્ત કરવું જોઇએ તેનાથી તે વંચિત રહી ગયો. નાના મોટાં કેટલાંક સુખો સરોજે આપ્યા. આજે પહેલી વખત પોતાની તરસ છિપાવવા માટેનો હવે પ્રયત્ન કરવો જોઇએ તેમ તે માને છે. જો કે એને સરોજ મેળવવી નથી. જો કે એ દિશામાં - તૃપ્તિની ક્ષણો ભોગવવા - જવાનો તેનો વિચાર નથી.

છતાંય...

એના મનમાં એક વિચાર ઉદ્‌ભવે છે. 'લાવ. હું પણ, બીજા દર્દીઓની માફક 'કિડની પ્રત્યારોપણ' કરાવી દઉં તો? જો કે બીજી ક્ષણે તે પોતાના વિચાર ને હટાવી દે છે. એને કિડની પ્રત્યારોપણ કરાવવું નથી. જ્યાં સુધી જીવાય ત્યાં સુધી ડાયાલિસીસ પર રહેવું છે.'

અને તે ... સીધો જ બાથરૂમમાં પેસી જાય છે. સાવરમાંથી પડતા ઠંડા પાણીથી પોતાનું શરીર ભીંજાવા દે છે અને પોતાની તરસને આમ તે ઠંડી પાડી દે છે.

# બેતાળીસ

## પ્રો. ડાભીની વ્યથા

છેલ્લા કેટલાંય વર્ષોથી - કિડની નિષ્ફળ જવાના વર્ષો પણ - સુખદેવ પોતાની અનેકવિધ પ્રવૃતિઓમાં ગળાડૂબ રહેતો હોવા છતાં તે મોટેભાગે રવિવાર આરામમાં જ પસાર કરવાનો દિવસ ગણતો. અનિવાર્ય સંજોગ હોય તો જ તે રવિવારે બહારગામ જતો. જો કે તે પણ શક્ય હોય તો ટાળી દેતો અને ઘેર જ રહેતો.

તે માનતો કે મનુષ્ય માત્રએ પછી એમાં નાના-મોટાંનો એટલે કે ઉંમરનો ભેદ ન હોય પણ બધાંએ અઠવાડિયાના એક દિવસે સંપૂર્ણ આરામ કરવો જોઈએ. આરામના તે દિવસે આરામ કરનાર આરામની સાથોસાથ પછીના આવનાર દિવસો માટે પોતાનેજે કાર્ય કરવાનું છે તે વિશે વિચારી શકે. આમેય માણસોએ - સ્ત્રી કે પુરૂષ - હંમેશા કામનો ઢસરડો બહુ ન કરવો જોઈએ. કુદરતે આપેલા શરીરને સાચવવું જોઈએ. અને એમ કરવાથી મન પણ પ્રફુલ્લિત રહેતું હોય છે. એથી તે રવિવારનો દિવસ મોટેભાગે આરામમાં વિતાવતો. જો કે મોટાભાગના રવિવારે બે-ચાર કલાક માંડમાંડ આરામ કર્યા હોય ત્યાં તો કોઈને કોઈ તો આવી પહોંચતું હોય. ત્યારે પણ તે દિવસે બહારનું કોઈ કામ ન કરવાનું હોવાથી આવનારની સાથે ખુલ્લા મને બેસી વાતચીત પણ કરી શકતો. કેમકે તે દિવસ ફક્ત આરામનો હોય છે. આવનાર વ્યક્તિ આપણા આરામમાં ભાગ પડાવે છે ખરો. એનો પણ આનંદ થતો હોય છે.

અને બન્યું એવું જ.. તે રવિવારે બપોર પછી ઓચિંતા મહેમાનો આવી પહોંચે છે. ખાસ મહેમાનો હતા. તેના બહેન અને બનેવી હતાં. કિડનીના દર્દ વિશેની થોડીક ચર્ચાઓ થતી રહે છે. ત્યાં જ...

'તમારા પેલા ડાભી સાહેબનું શું થયું ?'

કિડનીના દર્દની વાતોમાં ઓચિંતો જ ડાભી સાહેબનો ઉલ્લેખ થતાં સુખદેવ ચમકે છે. છેલ્લા ચારેક માસથી ડાભી સાહેબ બિમાર છે. બે-એક ઓપરેશન પણ કરાવવાં પડ્યાં છે. એકાદ વખત સુખદેવ બીજા એક અધ્યાપકને સાથે લઈ તેમના ખબરઅંતર પૂછવા નવાપૂરા પણ જઈ આવ્યો છે. ઓપરેશનના ટાંકા તોડ્યા પછી બે-ત્રણ વાર ટેલિફોનથી તેમની ખબર પણ પૂછી છે. મોટેભાગે તો ફોન મધુબેન લેતાં. મધુબેનને લાગે તો જ ડાભી સાહેબને ફોન આપતાં, નહીંતર મધુબેન જ ફોન કરનારને સમાચાર આપી દેતાં. લગભગ અમુક દિવસના આંતરે સુખદેવ ફોન કરી ડાભી સાહેબની ખબરઅંતર પૂછતો રહે છે. પણ આ વખતે છેલ્લા માસમાં તેની તબિયત સારી ન હોવાને કારણે તે ફોન નહીં કરી શકેલો. ડાભી સાહેબ બિમાર છે. તેમના શરીરે બે-એક ઓપરેશન થયા છે. તે ખબર પણ જોઈને આવ્યો છે. પણ મોટેભાગે દર્દીની વાસ્તવિક પરિસ્થિતિ વિશે તે દર્દીને કે તેમનાં સગાં-વ્હાલાંને પૂછતો નથી. જો કે દર્દીના પરિચિતોને પણ તે પૂછતો નથી. જોકે ગમે તે રીતે દર્દીની વાત તેના કાન સુધી પહોંચી જતી. ડાભી સાહેબના દર્દ વિશે છેલ્લે જે કોલેજમાં તે નોકરી કરતો હતો ત્યાં, અધ્યાપક મિત્રોને મળવા ગયો હતો ત્યાં તેણે સાંભળેલું. પણ તે મૌન રહેલો. પણ આજે...

એની બનેવી દ્વારા ડાભી સાહેબની ખબરઅંતર પૂછાય છે ત્યારે જ તે એકદમ આનંદનગરથી નવાપુરા ડાભી સાહેબને ત્યાં ફોન જોડે છે.

જમણા હાથની આંગળી દ્વારા એક પછી એક નંબરો ડાયલ થતા જાય છે. સામે એન્ગેંજ ફોન છે એવું તે જાણે છે. ફરી પ્રયત્ન કરે છે. ફરી વખતે નંબર જોડવાને બદલે રી-ડાયલ કરવું જોઈએ એ જાણતો હોવા છતાં તેમ કરી શકતો નથી. આમ તો ઘણું બધું તેને યાદ રહે છે. પણ ટેલિફોનના નંબરો તે યાદ રાખી શકતો નથી. ફરીથી ડાયરી શોધે છે. અને પાછો નવાપુરાનો ડાભી સાહેબનો નંબર શોધી કાઢે છે.

અને...

આંકડા દબાતા જાય છે. અને સામેથી -રીંગ જતાં - મધુબેન ફોન ઉઠાવે છે.

'કોણ હશો?'

'હું મધુબેન. બોલો.'

'ડાભી સાહેબ છે? હું પ્રોફેસર સુખદેવ બોલું છું.'

'થોડા મોંઘા થયા લાગો છો. છેલ્લા એક મહિનાથી તમારો ફોન નહોતો. કઇ પ્રવૃતિમાં પડ્યા છો?'

'મધુબેન, સાચું કહું ? પ્રવૃતિ તો કરવી જોઇએ ને? જેટલો સમય આ શરીર ચાલે એટલો સમય પ્રવૃતિ કરવી જોઇએ. પણ હું બીજી પ્રવૃતિમાં પડ્યો હતો. આ મહિનામાં વારંવાર શરીર બગડતું રહ્યું. વધુ પડતુ પ્રવાહી પી જવાથી મશીન અને શરીર બંને એકબીજાનાં દુશ્મન બની બેઠા હતાં. આ આખો મહિનો બહુ પીડા વ્હોરી. હવે કંઇ સારું છે. આજે મહેમાનો આવ્યા અને ડાભી સાહેબનો ઉલ્લેખ થયો. ફોન કરી એમની ખબર પૂછવાનું હું ભૂલી ગયો હતો. એનો પસ્તાવો થયો. તેથી પહેલાં તમારી માફી માંગું છું. ડાભી સાહેબને ફોન આપો.'

અને...

ફોનના રિસીવરમાં સામેથી અસ્પષ્ટ છતાં સ્પષ્ટ અવાજ સંભળાય છે. 'સુખદેવનો ફોન છે. અરે, પ્રોફેસર સુખદેવનો ફોન છે. સાંભળો છો.?' અવાજ પૂરો થાય છે. સામેથી ડાભી સાહેબનો અવાજ તે સાંભળે છે. ડાભી સાહેબની માંદગી પછી પહેલીવાર તેમનો સ્પષ્ટ અવાજ સાંભળે છે. એનો મતલબ એ થયો કે તે પૂરેપૂરા સ્વસ્થ થઇ ગયા છે. સુખદેવ ડાભી સાહેબને સ્વસ્થ થયેલા માની આનંદ અનુભવે છે.

'ડાભી સાહેબ....' તે આગળ બોલે ત્યાં તો સામેથી.

'તમારી તબિયત કેમ છે?' એમ કહી વાત શરૂ થાય છે.

'જુઓ ડાભી સાહેબ, મારી તબિયતની વાત પછી કરીએ. આજે મારે તમારા દર્દની વાત જાણવી છે. ઊડતી-ઊડતી તો વાત મેં ઘણી બધી સાંભળી છે. પણ મારે તમારા મોંએ સાંભળવી છે.'

'જુ ઓ સુખદેવભાઇ, આજે હું તમને સાચી વાત કહીશ. જો કે મારા દર્દની વાત છુપાવવાનો મેં પ્રયત્ન કર્યો નથી. તમો મારી ખબર જોવા આવેલા ત્યારે પણ તમે મને પૂછ્યું નથી. વાત એમ બની કે છેલ્લાં કેટલાંય સમયથી ટ્રેનની આ મુસાફરીની દોડધામને કારણે મને પેશાબમાં બળતરા થતી, પણ મેં એને ગણકાર્યું નહોતું. ક્યારેક પેશાબમાં એકાદ-બે લોહીનાં ટીપાં પણ આવી જતાં. આ બધું સામાન્ય હોય એમ માની મેં કોઇ ડૉક્ટરને બતાવેલું નહીં. પણ જ્યારે બે-ત્રણ દિવસ સુધી પેશાબ તૂટક.. તૂટક થવા લાગ્યો. ત્યારે મેં ગંભીરતાથી આની નોંધ લીધી. કોલેજની ચાલુ નોકરી દરમ્યાન બાથરૂમમાં જતાં ખબર પડી કે પેશાબમાં બહુ લોહી આવે છે. અને બળતરા તીવ્ર થતી જાય છે. અને તે જ દિવસે ગુજરાતી વિભાગમાં વ્યાખ્યાન પણ રાખવામાં આવેલું. વ્યાખ્યાનની જવાબદારી બીજાને સોંપી હું નજીકના ડૉક્ટરને ત્યાં પહોંચી જઉં છું. દર્દની વાત કરું છું. ત્યાં અને બીજાં ડૉક્ટરોને ત્યાં જુદા જુદા રિપોર્ટ પણ થાય છે. અને અંતે ખબર પડે છે કે કિડનીમાં ગાંઠ છે. તાત્કાલિક આનંદનગર છોડી અમે નવાપુરા આવી જઇએ છીએ. અને કિડની રિસર્ચ હોસ્પિટલમાં દાખલ થઇએ છીએ. બે ઓપરેશન થાય છે.

કિડનીની નજીક લોહી ગંઠાઇ જવાથી, લોહીની ગાંઠ ઓપરેશન દ્વારા કાઢવામાં આવે છે. એની અસર એક કિડની ઉપર થતાં બીજા ઓપરેશન દ્વારા એક કિડની પણ કાઢી નાખવામાં આવે છે. જો કે બીજી કિડની સલામત છે. હવે ઓપરેશન પછી થોડો આરામ છે.'

'ઓપરેશન પછી લીધેલા ટાંકાનું કેમ છે? તમે તો તે દિવસે ફોનમાં કહેતા હતા કે બધું સારું થઇ ગયું છે.'

'ફોન પર મેં સાચું જ કહેલું. ટાંકા પાક્યા નથી. કાઢ્યા ત્યારે પણ કષ્ટ પડ્યું નહોતું. પણ આજે મને એક વાતનું દુઃખ રહ્યા કરે છે. ઉપર લીધેલા ટાંકાનો કોઇ પ્રશ્ન નથી, પણ અંદરના ટાંકા સતત દુખ્યા કરે છે. દર્દ પણ થાય છે.'

'જુઓ ડાભી સાહેબ, શાંતિથી સ્વસ્થ બની વધુને વધુ આરામ કરશો તો કદાચ શરીર આ બધાં કષ્ટોથી મુક્ત થશે.'

'જો કે તમારી વાત સાચી છે. હવે એ કહો તમારું કેમનું છે?'

'હમણાં હું સ્વસ્થ છું. તબિયત પણ સારી રહે છે. હું તો મારા દર્દનો સ્વીકાર કરીને જ ચાલું છું. એટલે મારી દ્રષ્ટિએ મને કોઇ વાંધો નથી.'

'તમારે અને મારે કદાચ આ બાબતમાં જુદી જુદી દિશામાં વિચારવાનું થાય એમ મને લાગે છે.'

'આવું કેમ બોલો છો? મને સમજણ ના પડી.'

'તમે તો તમારી કિડની નિષ્ફળ ગયા પછી તમારા દર્દને પી ગયા છો. મારું એમ નથી. તમે તો મારી દ્રષ્ટિએ જીવી ગયા છો પણ હું...'

'ડાભી સાહેબ, એમ ગભરાયે ન ચાલે. દર્દનો સ્વીકાર કરવો જોઇએ.'

'હું તેમ કરી શકું તેમ નથી. આ કષ્ટ સહન થતું નથી. ક્યારેક વિચાર આવ્યા કરે છે કે આ જીવનને સંકેલી લીધું હોય તો?'

'એ મારા કે તમારા હાથની વાત નથી. જેણે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે એ જ્યારે ઇચ્છશે ત્યારે જ આપણું જીવન સંકેલાશે. ત્યાં સુધી તો આપણે આવી પડેલા દર્દને સ્વીકારી લઇ જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી યોગ્ય માવજત કરવી જોઇએ.'

'પણ...'

'બધી વાત છોડો. થોડા દિવસ પછી હું આવું છું. તમારી સાથે બેસીશ. ઘણી બધી વાતો કરીશું.'

'હું તમારી રાહ જોઇશ.' સામેથી ફોન કટ થાય છે.

પ્રોફેસર સુખદેવ વિચારતો રહે છે. પ્રોફેસર ડાભી આ દુઃખથી - અસહ્ય પીડાથી - માનસિક રીતે ભાગી પડ્યા હોય એવું લાગે છે. પણ એને થાય છે એ વહેલો તેમને મળવા જશે. એ હૂંફ આપશે. અને પછી તો પ્રોફેસર ડાભી આ દુઃખને પી જશે. માણસ માત્રએ પોતાના દુઃખોને પોતાની રીતે જ સહન કરી લેવાં જોઇએ. બીજાંઓને માટે નહીં પણ પોતાના લોહીના સંબંધે બંધાયેલી વ્યક્તિઓ માટે લાંબું જીવન જીવવાની જીજીવિષા રાખવી જોઇએ.

પ્રોફેસર સુખદેવનો હાથ ડગમગી ઊઠે છે. માંડમાંડ રિસીવરને યથાસ્થાને મૂકે છે. અને એક વિચાર આવી જાય છે. 'તે પોતે, પ્રોફેસર ડાભી અને બીજાં કિડની નિષ્ફળ જવાથી અસહ્ય દર્દની યાતના ભોગવતાં કેવી રીતે બાકીનું શેષ આયુષ્ય વિતાવશે?'

## તેંતાળીસ

## ડાયાલિસીસ ન કરાવ્યું હોય તો....

રવિવારે બપોરે પ્રોફેસર ડાભી સાથે વાત થઇ. પરિણામે આખો દિવસ અને તે દિવસની રાત્રિ ડાભી સાહેબના વિચારોમાં જ સુખદેવે પસાર કરી. આખી રાત તે ઊંઘી શક્યો નહીં. વારંવાર તેની નજર સમક્ષ જીવનથી હારી ગયેલા અને દુઃખથી પીડાતા ડાભી સાહેબ દેખાતા રહ્યા.

માંડમાંડ વહેલી પરોઢે ઊંઘ આવી. તે પણ કેટલી ? સોમવારે તો ડાયાલિસીસ કરાવવાનું તેથી જવું જ પડે. અધૂરી ઊંઘ છોડી ઘડિયાળના ટકોરે એને જાગવું પડ્યું. આંખોમાં ઘેન હતું. ઊઠવાની ઇચ્છા નહોતી. છતાં પણ તે ઊઠ્યો. એક ક્ષણ પૂરતું ડાભી સાહેબના વિચારોને તેણે હડસેલી મૂક્યા. દૈનિક ક્રિયાઓથી પરવાર્યો. ગઇ કાલે સાંજે પણ ખાઇ શક્યો નહોતો. શરીરમાં ભૂખ તો હતી, છતાં પણ તે નાસ્તો કરતો નથી. અને ઝડપથી રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં પહોંચવા માટે રિક્ષા પકડે છે.

રિક્ષાની જેમ જેમ ગતિ વધતી જાય છે તેમ તેમ તેનું મન વિચારોમાં જકડાતું જાય છે. તેની તો બંને કિડની નિષ્ફળ નીવડી છે. તે ડાયાલિસીસ પર છે. પણ ડાભી સાહેબની લોહીની ગાંઠ ગંઠાઇ જવાને કારણે એક કિડની કાઢી નાંખવી પડી. નિષ્ફળ નીવડેલી કિડનીના દર્દીની માફક જેની એક કિડની કાઢી નાંખી છે તેવા સાજા માણસને પણ હવે પોતાનું જીવન બદલવું પડશે. ખાવા-પીવામાં જો શરતચૂક થઇ જાય તો બીજી કિડનીને પણ અસર થાય. મનોમન તે વિચારે છે કે, ''પ્રોફેસર ડાભી સાજા થઇ ખોરાક પર કંટ્રોલ રાખે અને મોટેભાગે આરામ કરવાનું ઇચ્છે તો એમના માટે સારું છે. ઇસુ ખ્રિસ્તના તેમને સદાય આશીર્વાદ મળતા રહે.'' આ વિચાર

અને લાગણી પ્રોફેસર ડાભી પ્રત્યે તે દાખવે છે છતાં પણ તે ચિંતિત છે.

હોસ્પિટલ ક્યારે આવી ગઇ તેનો ખ્યાલ તેને આવતો નથી. રિક્ષાવાળો એનું ધ્યાન દોરે છે. તે વિચારોને ખંખેરી નાંખે છે. ધીરેથી રિક્ષામાંથી ઊતરે છે પણ પગ આગળ જવાનું કહેતા નથી. આજે તેને લાગે છેઃ

'ઘણાં વર્ષો ડાયાલિસીસ કરાવ્યું, હવે ન કરાવ્યું હોય તો?'

'ન કરાવવું હોય તો ન કરાવીશ. તારે શું? બીજાંનો તો વિચાર કર. કે પછી બેસણાની ચિઠ્ઠી લખાવવી છે?'-એનો અંતરાત્મા બોલી ઊઠે છે.

'માફ કરજે. મારી ભૂલ થઇ ગઇ. મારે તો બીજાંઓને માટે જીવવાનું છે. ડાયાલિસીસ ન કરાવવાનો વિચાર હું ક્યારેય કરીશ નહીં.'

મનોમન તે પ્રશ્નો કરતો રહે છે અને જવાબ મેળવતો રહે છે.

અને તે ઝડપથી પગલાં માંડતો ડાયાલિસીસ વિભાગમાં દાખલ થઇ જાય છે.

## ચુમ્માળીસ

## વંશ માટે પ્રત્યારોપણ

ડાયાલિસીસ વિભાગમાં દાખલ થઇ, વજન કરાવવા માટે મશીન પાસે પહોંચી જાય છે. મશીન ઉપર ઊભો રહી પોતાના વજનની નોંધ કરે છે અને તે ચમકે છે. બે જ કિલો વજન વધ્યું છે. આ બે દિવસમાં પ્રવાહી તો તેણે ઘણું બધું લીધું છે. તો પછી વજન કેમ વધ્યું નહીં ? હવે તેને યાદ આવે છે. રવિવારનો આખો દિવસ અને રાત્રિ પ્રોફેસર ડાભીના વિચારોમાં તેણે વિતાવી. એ ચિંતાને કારણે તેના શરીરે પાણી શોષી લીધું હશે. અને તે પોતાની પથારી તરફ જાય છે.

મોટેભાગે સોમવારે સવારના દર્દીઓનું ડાયાલિસીસ મોડું ચાલુ થતું. અને કેટલાક દર્દીઓ અઠવાડિયામાં બે દિવસ આવતા હોવાથી તેમનો સમય પાંચ કલાકનો હોવાથી, બપોરના દર્દીઓનું એક વાગ્યાના અરસામાં ડાયાલિસીસ શરૂ થતું.

આજે તેનું ડાયાલિસીસ એક ને પંદર મિનિટે શરૂ થાય છે. આજે તે વિચારોમાં છે. ગઇ રાત્રિનો ભાર તેના મન ઉપર છે. ઓચિંતી તેની નજર તેની સામેની પથારીમાં જાય છે. પ્રતાપભાઇ બેઠા હતા. હાથ ઊંચો કરી પોતાના આગમનની જાણ કરે છે.

રમેશ આવે છે. રમેશને તે ચાના પૈસા આપે છે. ધીરેથી કહે છે, 'અત્યારે મારી અને પ્રતાપભાઇની બંનેની ચા લાવજે. અને બપોર પછી એક ચા લાવી બે પ્યાલામાં અડધી અડધી કરી અમને પ્યાલામાં આપજે.'

રમેશ સુખદેવ સામે જોઇ રહે છે.

''જો રમેશ, બંને વખત આખી-આખી ચા પીએ તો શરીરમાં પ્રવાહી વધુ જાય. બપોરે તો ટેવને કારણે પીએ છીએ. અને બપોર પછી પીવા ખાતર પીએ છીએ. એટલે થોડી હોય તો પણ ચાલે.'' એમ કહીને હસી પડે છે.

રમેશ ચા લેવા ચાલ્યો જાય છે.

ચા આવે છે. પીવાઇ જાય છે. અને સુખદેવ આજે કશું જ વાંચવાનું લાવ્યો ન હોવાથી ઊંઘવાનો પ્રયત્ન કરે છે. માંડમાંડ એકાદ કલાકની તેણે ઊંઘ ખેંચી હશે અને બાજુમાં અવાજ થતાં તે જાગી જાય છે.

બાજુની પથારીમાં કોઇ અજાણ્યા માણસને તે જુએ છે. ડૉક્ટર તેને કોઇ સલાહ આપતા હતા. વાત કરી ડૉક્ટર તો ચાલ્યા જાય છે. પેલો દર્દી કે જેનું ડાયાલિસીસ શરૂ થયું નથી તે ઊભો થઇ સુખદેવની પથારી પાસે આવે છે. એકબીજાની ખબરઅંતર પૂછે છે.

સુખદેવનાથી પૂછાઇ જાય છે,

''તમે ક્યાંથી આવો છો?''

''વરસંડાથી હું આવું છું. અને તમે?''

“હું આનંદનગરથી આવું છું. તમે કેટલા વખતથી આવો છો? મેં આજે પહેલીવાર તમને જોયા એટલે પૂછવું પડ્યું.”

“તમારી વાત સાચી છે. આપણે પહેલીવાર મળીએ છીએ. તમારા વિશે મેં ઘણું સાંભળ્યું છે. મારે તમને જોવા હતા અને મળવું પણ હતું. મોટેભાગે તો છેલ્લા મહિનાથી જ હું આવું છું. પણ…”

“કેમ અટકી ગયા. મારી દ્રષ્ટિએ તમે નવા દર્દી લાગતા નથી. તમારી સાથે જે વાતચીત થાય છે તે રીતે હું માની લઉં છું કે તમે ઘણા સમયથી કિડનીના દર્દી હશો. અહીં આવ્યા પછી દર્દીઓના ચહેરા જોતાં જ મોટેભાગે દર્દી વિશે હું અનુમાન કરી લઉં છું.”

“તમે સાચા છો. લગભગ દશેક વર્ષથી મારી કિડની નિષ્ફળ નીવડેલી છે.”

“તો પછી એક મહિનાથી આવો છો એમ કેમ કહો છો?”

“જુઓ, આમ તો દશેક વર્ષ પહેલાં મારી કિડની નિષ્ફળ ગઇ હતી. મેં શરૂઆતના છ એક વર્ષ જેટલો સમય ડાયાલિસીસ કરાવ્યું. શરૂઆતના દિવસોમાં અઠવાડિયામાં ત્રણ વખત આવતો. પછી થાક્યો. ત્રણને બદલે બે વખત આવવાનું શરૂ કર્યું, પાછું કેટલાંક પુસ્તકો વાંચતા શરીર સ્વસ્થ રહે એટલા માટે ત્રણ વખત આવવાનું શરૂ કર્યું. એમને એમ વર્ષો વીતી ગયાં.”

“તમે ડાયાલિસીસથી થાક્યા એમ કહો છો, હજુ તો આજે કદાચ માંડ માંડ ચાલીસ વર્ષની તમારી ઉંમર હશે. તો પછી ‘કિડની પ્રત્યારોપણ’ કેમ કરાવી લેતા નથી? જો કે મારે કોઇને આવી સલાહ ન આપવી જોઇએ. પણ મોટેભાગે યુવાન ઉંમરે પહોંચેલાને - કિડનીના દર્દીને - પ્રત્યારોપણ કરાવવાની હું સલાહ આપું છું. એના કેટલાંક કારણો છે.”

“તમે જે કારણની વાત કરો છો તેનો ખ્યાલ તો મને હતો જ. અને તેથી જ છ વર્ષ પછી જ્યારે હું સમજ્યો ત્યારે મેં ‘કિડની પ્રત્યારોપણ’ કરાવી લીધું.”

“તો અત્યારે ડાયાલિસીસ પર કેમ આવો છો?”

“મેં કિડની પ્રત્યારોપણ કરાવી લીધું. મારી બા જેની ઉંમર એકસઠ વર્ષની હતી તેમણે મને કિડની દાનમાં આપી. કિડની પ્રત્યારોપણ કર્યા પછી ત્રણેક વર્ષ સુધી મને કોઇ વાંધો આવ્યો નથી. પછી પ્રત્યારોપણ કરેલી કિડની નિષ્ફળ જવાથી ફરીથી પાછું ડાયાલિસીસ પર આવવું પડ્યું.”

“એક વાત પૂછું ? મર્યાદા છોડીને વાત કરવી છે. સાચે સાચું કહી શકશો?”

“તમે શું પૂછવા માંગો છો તે વિશે કદાચ હું અનુમાન કરી શકુ છું. બેધડક પૂછો. એક કિડનીનો દર્દી બીજા કિડનીના દર્દીને સાચું જ કહેશે.”

“કિડની પ્રત્યારોપણ કરાવ્યા પછી કેટલા મહિના પછી તમે શરીર સુખ માણી શક્યા હતા? મારે આ જાણવું છે.”

“ત્રણ મહિના પછી. આજે તો મારી બાએ આપેલી કિડની નિષ્ફળ જતાં હવે તો ડાયાલિસીસ પર રહેવું પડશે. પણ મારી બાનો મારે આભાર માનવો જોઇએ કે તેણે મને કિડની આપી.”

“તમારી બાએ તો એની ફરજ પૂરી કરી. એણે તો તમારા પ્રત્યેનો ધર્મ દાખવ્યો.”

“ના સુખદેવભાઇ. એ વાત સાચી નથી. કિડની આપવામાં મારી બાનો સ્વાર્થ હતો. એકસઠ વર્ષની ઉંમરે માતા પોતાના પુત્રને પોતાની કિડની દાનમાં આપે છે એ એનું કર્તવ્ય હતું. પણ બાનો થોડો સ્વાર્થ પણ ખરો. દીકરાનો વંશ રહે એવું મા ઇચ્છે ને?”

“શું વાત કરો છો ? તો… તો…”

“સુખદેવભાઇ તમે સાચા છો. આજે મારે ત્યાં અઢી વર્ષનો બાબો રમતો-કૂદતો અને મારી બાને વ્હાલ કરતો ઘરમાં છે. ભલે આજે મારી બાએ આપેલી કિડની નિષ્ફળ નીવડી હોય પણ મારો તો વંશ બાની ઇચ્છા પ્રમાણે રહેશે ને?”

ત્યાર પછી તો સુખદેવને તેમની સાથે - વરસંડાના મનિષભાઇ- ઘણી બધી વાતો થાય છે. તેમનું મશીન તૈયાર થતાં તે ડાયાલિસીસ માટે પહોંચી જાય છે. પોતાની પથારી પાસેથી તેમની પથારી તરફ જતાં

મનિષભાઇ ને તે જોઇ રહે છે.

હમણાં છેલ્લાં ઘણાં સમયથી તે દ્વિધા અનુભવતો હોય છે. કોઇ નિર્ણય કરી શકતો નથી. આજે મનિષભાઇની વાત જાણતાં કિડની પ્રત્યારોપણ ન કરાવવું જોઇએ એમ તે વિચારતો રહે છે. જો કે પ્રત્યારોપણ કરાવવાને કારણે મનિષભાઇનો વંશ રહ્યો તે જાણતાં તે આનંદિત પણ થાય છે.

પથારીમાં પડ્યા પડ્યા કિડની પ્રત્યારોપણના લાભા-લાભનો તે વિચાર કરે છે. તે વિચારતો રહે છે અને પછી ઊંઘમાં પડી જાય છે.

## પીસ્તાળીસ

## જાગૃતિની વિદાય

અને એક સોમવારે પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ કરાવ્યા પછી સાંજે ઘેર આવે છે. ત્યારે તે દિવસની ટપાલમાં આવેલા બે પત્રો તેની નજરે ચઢે છે. પત્રો પર મોકલનારનું નામ ન હોવાથી તે નિરાંતે વાંચશે એમ વિચારી પત્રોને બાજુએ મૂકી રાખે છે.

આજે સોમવારે ડાયાલિસીસ વખતે મશીન કે પાણીની ખરાબીને કારણે મોટાભાગના દર્દીઓને ''રાઇગર'' આવવાથી ડાયાલિસીસ વિભાગમાં દોડધામ મચી ગયેલી. સંસ્થાના વડા ડૉક્ટર મુનશી તથા કેટલાક સિનિયર ડૉક્ટર બે-ત્રણ વખત ડાયાલિસીસ વિભાગની મુલાકાતે પણ આવી ગયા. ''રાઇગર''થી સુખદેવ બચી ગયો હતો. એ વિચારતો હતો કે સિંગલ ડાયલાઈઝરનો તે ઉપયોગ કરતો હોવાથી એને મુશ્કેલી પડી નહોતી.

જમતી વખતે તે દિવસના ''રાઇગર''નું દ્રશ્ય હજુ પણ એની નજર સમક્ષથી ખસતું નથી. જમીને તે ટી.વી. પરની તેની પસંદગીની સિરિયલ ''કસોટી જીંદગી કી'' જોતો રહે છે. અને ત્યાં જ એના પગની આંગળીઓ ખેંચાતી લાગે છે. પોતાના બંને હાથોએ બંને પગની આંગળીઓ તે દબાવતો રહે છે. આંગળીનું ખેંચાણ પગની પિંડી સુધી ચાલ્યું જાય છે. મહાપરાણે તે પોતાના હાથો વડે એકબીજા ઉપર ચઢી ગયેલી નસોને છૂટી કરવાનો પ્રયત્ન કરે છે. પણ પગનું ખેંચાણ વધતું જાય છે. અસહ્ય દર્દ થાય છે. પોતાની જાતે, પગના ખેંચાણ ને કેવી રીતે રોકી શકે? તે રડી પડેછે. એકસાથે અસંખ્ય જંતુઓ બંને પગે એકી સાથે ચટકા મારતાં હોય એવું તે અનુભવે છે. પણ, દુઃખની પીડા ઓછી થતી નથી. એને ઓચિંતા હર્ષિતભાઇ યાદ આવે છે. પગ દુઃખે ત્યારે દબાવવા સરોજ તૈયાર છે એવું તે કહેતા હતા. પગનું ખેંચાણ કેટલો સમય રહેશે એનું અનુમાન તે કરી શકતો નથી.

ત્યાં જ ડોરબેલ વાગે છે. તે ઊભો થાય છે. જાણે કે ઘસડાતો ઘસડાતો તે જતો હોય એવું એને લાગે છે. ડોરબેલના અવાજથી એક ક્ષણ પૂરતું જાણે કે તેના પગનો દુઃખાવો ઓછો થઇ ગયો હોય એવું તે અનુભવે છે. બારણું ખોલે છે. બારણું ખોલતાં જ આવેલી વ્યક્તિને જોતાં જ તે ચમકે છે.

સામે જાગૃતિ ઊભી હતી. ને જાગૃતિની પાછળ કોઇ પુરુષ હતો.

બંનેને આવકાર આપે છે.

સુખદેવના મોં પર દર્દની રેખાઓ અંકાયેલી જાગૃતિ જુએ છે.

''કેમ આજે આમ દેખાઓ છો? શું થાય છે?''

''જાગૃતિ, થોડીવાર પહેલાં જ ડાયાલિસીસ કરાવીને આવ્યો. દવાખાનામાં બધાંને ''રાઇગર'' હતું. હું બચી ગયેલો. પણ હમણાં થોડીવાર પહેલાં જ પગની નસો ખેંચાયેલી. બહુ જ દર્દ થયેલું.'' કહેતોક ને સુખદેવ ત્યાં જ સોફા પર બેસી જાય છે.

''જાગૃતિ, ડાયાલિસીસમાં તો આવું બધું ચાલે જ. તો એક કામ કર સુખદેવભાઇના પગ દબાવી આપ. તેમની સાથે આપણે વાત કરવા આવ્યા છીએ. તેમનું દર્દ તો આપણે ઓછું કરવું પડે ને?'' મનસુખ બેસતાં કહે

છે.

જાગૃતિ સુખદેવની પાસે - તેના પગ પાસે -બેસી જાય છે. અને પોતાના બંને હાથથી સુખદેવના પગને દબાવતી રહે છે. જાગૃતિને ખ્યાલ છે કે તે જ્યારે તેના ભાઇની સાથે ડાયાલિસીસ માટે જતી હતી ત્યારે તેના ભાઇની નસો આમ ખેંચાતી રહેતી. જાગૃતિ સુખદેવના પગ દબાવતી રહે છે. મનસુખ ઊભો થાય છે. પોતાની જાતે જ ફ્રિઝમાંથી લઇ ઠંડુ પાણી પીવે છે. અને બીજા એક ગ્લાસમાં પાણી લાવી જાગૃતિને આપે છે. જાગૃતિ એક હાથે ગ્લાસ લઇ પાણી પીવે છે. ત્યારે બીજા હાથથી સુખદેવનો પગ દબાવતી રહે છે. કોઇ બોલતું નથી. લગભગ આમને આમ અડધો કલાક પસાર થઇ જાય છે. જાગૃતિ મનસુખને ઇશારો કરી એક હાથ લાંબો કરી કંઇક બતાવે છે. પહેલાં તો મનસુખને કશો ખ્યાલ આવતો નથી. પછી તે જાગૃતિના લંબાવેલા હાથની દિશામાં - સામેના ટેબલ તરફ - જુ એ છે. તરત એને ખ્યાલ આવી જાય છે. તે ટેબલ પરથી બ્લડ પ્રેશર માપવાનું મશીન લઇ આવે છે. સુખદેવને હવે રાહત છે. પગની નસોનું ખેંચાણ ક્રમશઃ જાગૃતિ દ્વારા પગ દબાવવાથી ઓછું થતું જતું હોય એવું તે અનુભવે છે. જાગૃતિ મનસુખના હાથમાંથી બ્લડપ્રેશર માપવાનું ઇલેક્ટ્રીકલ મશીન હાથમાં લે છે. હાથે બાંધવાનો પટ્ટો સુખદેવના ડાબા હાથે બાંધે છે. અને પછી સુખદેવનું બ્લડ પ્રેશર માપે છે. બ્લડપ્રેશર નોર્મલ હતું એવું એ સુખદેવને કહે છે.

ધીરે રહીને સુખદેવ ઊભો થાય છે. પગના દર્દથી મુક્તિ મળી ગઇ હોય એવું હવે તેને લાગે છે.

''હું તમારા માટે ચા-નાસ્તો લાવું.'' એમ કહી રસોડા તરફ તે પગ માંડે છે. જાગૃતિ તેને રોકે છે.

''તમે મનસુખ સાથે બેસો. રસોડામાં તો હું જ જઇશ. આમેય તમારા ઘરની બધી વસ્તુઓથી હું પરિચિત છું. મને બધું શોધતાં વાંધો નહીં આવે.''

જાગૃતિ જે બોલે છે તે સાંભળતાં મનસુખ ચમકે છે. હસી પણ પડે છે. પણ કાંઇ બોલતો નથી.

દશેક મિનિટમાં ચા-નાસ્તો ટેબલ પર આવી જાય છે. સુખદેવને ચા પીવી નહોતી છતાં તે કપ હાથમાં લે છે. કોઇ બોલતું નથી. ચા પીવાતી જાય છે. ત્રણેય વ્યક્તિ ચાની સાથે બીજું કંઇ પીતી હોય તેવું અનુભવે છે.

શું પીવાતું હશે?

કોઇ કોઇને કહી શકે તેમ નથી. આજે સોમવારની રાત્રિએ એક સાથે ત્રણ વ્યક્તિ બે પુરૂષ અને એક સ્ત્રી ભેગા થયાં છે. સ્ત્રી એકની પત્ની છે અને બીજાંની સાથે પ્રેમ. જો કે સ્ત્રીનો પતિ પણ આ વાત જાણી ચૂક્યો છે.

પણ, આમ આ રાત્રિએ પતિ-પત્ની કેમ સુખદેવને ત્યાં આવ્યાં હશે? એ સુખદેવ વિચારતો રહે છે.

ચા તો પીવાઇ ગઇ. હવે શું? આવનાર પોતાનું આગમન શા માટે થયું છે તે કહેતાં નથી. અને સુખદેવ પૂછતો નથી. પણ કાંઇક થવાનું છે તે નક્કી છે. ભાવિના ગર્ભમાં શું થવાનું છે એનો કોઇને ખ્યાલ નથી.

ધીરેથી મનસુખ સુખદેવ અને જાગૃતિ સામે જુએ છે. જાગૃતિ અને મનસુખ ભુજથી સીધાં જ આનંદનગર આવ્યાં છે. સવારે જ પાછું ફરવાનું હોઇ સાથે કોઇ સામાન લઇ આવ્યાં નથી.

જાગૃતિને યાદ આવે છે. ભૂજથી નીકળતાં પહેલાં મનસુખ સાથે થયેલી વાતચીતનાં શબ્દો.

''જાગૃતિ, થોડીવાર પછી આપણે બંને આનંદનગર જવા નીકળીશું. રાત્રિએ પહોંચીશું. અને મોડી રાત્રીએ પાછા આવવા નીકળી જઇશું.''

''ઓચિંતુ આનંદનગર જવાનું કેમ નક્કી કર્યુ?''

''પ્રોફેસર સુખદેવને મળવા જવું છે. સાથે તારી પણ વાત કરવી છે. તમારે બંનેએ જે કંઇ નક્કી કરવું હોય એ ત્યાં જઇને નક્કી કરીશું.''

''હવે તમારે જ નક્કી કરવાનું છે. છેલ્લે જ્યારે હું સુખદેવને મળી ત્યારે ત્યાં જે કંઇ બન્યું હતું તેની વિગતે વાત મેં તમને કરી છે. અને મેં મારી વાત પણ તમને કરી છે. હું તમારી સાથે જરૂર આવીશ. અને ખાતરી આપુ છું કે તમે જેમ કહેશો તેમ જ વર્તીશ.'' અને બંને આનંદનગર આવી જાય છે.

જો કે સુખદેવને આ બંને કેમ આવ્યા તેનો ખ્યાલ આવતો નથી. આવે તો જાગૃતિ એકલી આવે. પતિને શા માટે લઇને આવી  છે? મનોમન તે નક્કી કરી લે છે કે મનસુખ અને જાગૃતિ જે કહેશે તે શાંતિથી સાંભળશે અને પછી પોતાની રીતે જવાબ આપશે. તેથી તે ચૂપ છે. મનસુખ છેવટે પોતાનું મોં ખોલે છે.

''જુઓ, સુખદેવભાઇ, તમે જાગૃતિને તો ઓળખો છો જ. તમે બંને એકબીજાના આકર્ષણમાં છો એ હું

માની લઉં છું. જો કે આ બાબતની ચોખવટ મારી સમક્ષ જાગૃતિએ કરેલી છે. છેલ્લી વખત તમને મળી ત્યારે તમારી બંને વચ્ચે જે કાંઇ બન્યું તેની જાણ જાગૃતિએ મને કરી જ છે. જો કે જાગૃતિને જે નિર્ણય લેવો હોય એ નિર્ણય તે લઇ શકે છે. હું આડે નહીં આવું. અને બીજું એના ભાઇનું કિડની પ્રત્યારોપણ થઇ ગયું છે એ તમે જાણો છો. અને તેનું પ્રત્યારોપણ સફળ નીવડ્યું છે. તમારું કેટલુંક માર્ગદર્શન તેમને મળ્યું છે. એટલે અમે તમારા આભારી તો છીએ જ. બીજું જાગૃતિ વિશે તમે જે વિચારશો તે અમને બંને પતિ-પત્નીને કબૂલ હશે. કેમ જાગૃતિ બરોબરને?''

'' હા. સુખદેવ જે નિર્ણય કરશે એ નિર્ણય મને માન્ય રહેશે. આનાથી વધારે મારે કાંઇ જ કહેવાનું નથી.''

''જુઓ મનસુખભાઇ, તમે બ ધું જ જાણો છો. એટલે એ વાતની ચર્ચા તમારી સમક્ષ કરવાની ન હોય. હું મારી વાત કહું તો મને જાગૃતિ પ્રત્યે આકર્ષણ થયેલું. જાગૃતિને મેળવવાની પણ ઇચ્છા ખરી. પણ તમારા સુખી દામ્પત્યજીવનમાં ભંગાણ પડે તેવું હું ઇચ્છતો નથી. જો કે પરોક્ષ રીતે છેલ્લે જાગૃતિ મળી ત્યારે મેં એને વાત કરી જ છે. અને હું માનું છું કે જાગૃતિએ જે ચોખવટ કરી હશે તેમાં તમારી માફી માંગી જ હશે. મહેરબાની કરીને જાગૃતિ વિશે બીજું ન વિચારશો. તેને માફ કરી દેજો. અને તમે બંને સુખીથી જીવો એવું હું ઇચ્છું છું. જાગૃતિ અને તમારી સાથે આપણા સંબંધો યથાવત રહેશે. તમે બંને પતિ-પત્ની ગમે ત્યારે મારે ત્યાં આવી શકો છો.''

સુખદેવની વાત સાંભળતાં જ જાગૃતિ કરતાં મનસુખ વધારે આનંદ અનુભવે છે. જો કેજાગૃતિના હૃદયના ખૂણામાં સુખદેવ છૂપી રીતે બેસી ગયો છે.

તે જ રાત્રિએ મનસુખ અને જાગૃતિ પાછા ભૂજ જવા ઊપડી ગયાં.

## છેંતાળીસ

## પાર્વતી-સરોજના પત્રો

જાગૃતિ અને મનસુખ સુખદેવને ત્યાંથી નીકળી ગયાં. મુખ્ય દરવાજાની સ્ટોપર મારી સુખદેવ પાછો વળે છે. તો એની નજર ટપાલમાં આવેલા પેલા બે પત્રો પર પડે છે. બંને પત્રોને લઇ તે સોફા પર બેસી જાય છે. એક પત્ર ખોલે છે. તે પત્ર પાર્વતીનો લખેલો છે. બીજો પત્ર સરોજનો હતો.

તે પાર્વતીનો પત્ર વાંચવા માંડે છે.

''સુખદેવભાઇ,

કુશળ હશો.

ઘણા સમયે તમને યાદ કરવા પડ્યા છે. તમારા ફોન નંબરનુ કાર્ડ આડે હાથે મૂકાઇ જવાથી તમને પત્ર લખવો પડ્યો છે. આ પત્ર મળે તાત્કાલિક મુંબઇ આવી જશો.

હમણાંની તેમની તબિયત બહુ સારી રહેતી નથી. કાયમ તમને યાદ કરે છે. વધુ રૂબરૂમાં. તમે આવો. અમે તમારી રાહ જોઇએ છીએ.''

- પાર્વતી અને મમતા

પાર્વતીના પત્રની વિગત જોતાં સુખદેવ આવતી કાલે જ સવારે મુંબઇ જવા નીકળી જશે એવું મનોમન વિચારે છે.

તે સરોજનો પત્ર હાથમાં લે છે. જો કે છેલ્લા અઠવાડિયામાં તેણે દવાખાનામાં સરોજને જોઇ નથી. જો કે તેણે કોઇને પૂછ્યું પણ નથી. સરોજનો પત્ર તે વાંચવા માંડે છે.

''પ્રોફેસર કાકા,

છેલ્લાં અઠવાડિયાથી ડાયાલિસીસ માટે મારા દીકરાને લઇને હું આવતી નથી. ગયા અઠવાડિયામાં મારા દીકરાને નવાપુરાની યુરોલોજીકલ હોસ્પિટલમાં દાખલ કર્યો છે. ત્યાં મારા દીકરાનુ કિડની પ્રત્યારોપણ થવાનું છે. ત્યાં મૃત વ્યક્તિની કિડની મળે અને ઓપરેશન થાય એ રીતે નામ નોંધાવ્યું હોવાથી મારા દીકરાના રિપોર્ટસ કરાવવા માટે હું ત્યાં લઇ ગઇ છું. મારા દીકરાના નામની આગળ દશેક નામ હતાં. એ બધાંનું કિડની પ્રત્યારોપણ

થઇ ગયું છે. હવે મારા દીકરાનો નંબર આવે છે. એટલે હું નવાપુરામાં જ તેનું કિડની પ્રત્યારોપણ થાય ત્યાં સુધી ડાયાલિસીસ કરાવીશ. અત્યારે હું નવાપુરા મારા દીકરા સાથે રહું છું. તેથી ટપાલથી તમને આ બધી વાત કરું છું. આવતા રવિવારે હું આનંદનગર આવવાની છું ત્યારે તમને મળીશ. મારે થોડાં નાણાંની જરૂર પડશે. તમે તો દયાભાવ લાવી રૂપિયા દશ હજાર તો મને આપેલા છે. બીજા એટલાની વ્યવસ્થા ન કરી શકો? જો કે અગાઉ લીધેલાં અને બીજા તમે પૈસા આપશો તે પાછા આપવાની કદાચ મારી શક્તિ નહીં હોય. પણ પૈસાની અવેજીમાં તમે કહેશો એ રીતે એનું વળતર હું ચૂકવી આપીશ અને કાયમ માટે વળતર આપવાની હું ખાતરી આપું છું. અગાઉથી તમને જાણ એટલા માટે કરું છું કે રવિવારે આવું ત્યારે મારો હાથ પાછો ઠેલશો નહીં. જો કે મને તમારી ઉપર વિશ્વાસ છે.

- સરોજની યાદ''

બંને પત્રો વાંચ્યા પછી બીજે દિવસે મુંબઇ જવાનું સુખદેવ નક્કી જ કરી દે છે. પાછું તે વિચારે છે, સરોજ તો લુચ્ચી છે એ ગમે તે લખે છતાંય કોઇપણ જાતની વળતરની આશા સિવાય તે રવિવારે સરોજને પૈસા આપશે.

જાગૃતિ અને મનસુખ તો ચાલ્યા ગયા. મગન વિશે તે વિચારતો રહે છે. અને સરોજ એની લુચ્ચાઇનાં - જાણે કે સામે ઊભીને - દર્શન ના કરાવતી રહી હોય !

વિચારતો-વિચારતો તે પથારીમાં લંબાવે છે.

# સુડતાળીસ

## ન્યુઝ ચેનલ માટે ઇન્ટરવ્યું

એક રવિવારે સવારે લગભગ દશ વાગ્યે પ્રોફેસર સુખદેવનું મકાન શોધતી શોધતી એક ત્રીસેક વર્ષની યુવતિ આવી પહોંચે છે. પ્રો. સુખદેવ તેને આવકારે છે. આગુંતક કહે છે કે, 'હું ટી.વી. ન્યુઝ ચેનલ 'અબતક'માંથી આવું છું. મારે કિડનીના રોગ વિશે થોડું જાણવું છે અને અમારી ન્યુઝ ચેનલ માટે તમારો ઇન્ટરવ્યું લેવો છે. તમારા સહકારની આશા રાખું છું.'

'જો બહેન, હું કિડનીના રોગનો કોઇ નિષ્ણાત નથી. કિડનીનું દર્દ ભોગવતો દર્દી છું અને ડાયાલિસીસ પર રહું છું. તમને હું માહિતી આપીશ, પછી તે માહિતીનો તમે ગમે તે રીતે ઉપયોગ કરી શકો છો તેનો વાંધો હું નહિ લઉં. તમારું નામ તો પૂછવાનું હું ભૂલી ગયો.'

'હું મોહિની ઝવેરી. આ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં કામ કરતા હિમાંશુ ઝવેરીની પુત્રી.'

'અરે ! તું ઝવેરીની દીકરી. ઝવેરી તો મારો ખાસ મિત્ર.'

'એટલે જ તો હું તમારી પાસે આવી છું. હવે તો તમે મને ઓળખીને પ્રોફેસર કાકા.'

'તને તો બહુ નાની હતી ત્યારે જોઇ હતી. પછી તો તું ભણવા માટે મુંબઇ અને અમેરિકા પહોંચી ગઇ. તારી વાત તારા પપ્પા એ મને ઘણીવાર કરેલી. તું અમેરિકાથી ક્યારે આવી ?'

'મને આવ્યે એકાદ મહિનો થયો. ગયા અઠવાડિયાથી 'અબતક' ન્યુઝ ચેનલમાં હું જોડાઇ છું. ગઇ રાત્રે જ મારા પપ્પા સાથે તમારી વાત થઇ. તમે કિડનીના દર્દથી પીડાવ છો તે મેં જાણ્યું. તેથી જ મારે આ રોગ વિશે એ જ રોગના દર્દીનો ઇન્ટરવ્યું લેવો છે અને પ્રસારિત કરવો છે. હું જે પૂછીશ તેના તમે જે જવાબ આપશો તે અમારી ન્યુઝ ચેનલ માટે અને અમારા દૈનિક પેપર માટે પણ હશે.'

'જો મોહિની, હવે તો મને કશાઇની સ્પૃહા રહી નથી. લખ્યું પણ ઘણું. પેપરમાં ફોટા આવ્યા. ક્યારેક ક્યારેક દૂરદર્શનમાં પણ મુલાકાતો આવે છે. પણ તું આવી એટલે હું તને જરૂર મુલાકાત આપીશ. તારે જે મને પૂછવું હોય તે પૂછ. હું મારા જ્ઞાન પ્રમાણે તને જવાબો આપીશ.'

મોહિની ઝવેરી : ' તમને તો કિડનીનો રોગ છે. તો તમને આ રોગ થયો તે પહેલાં ખબર પડેલી ? અગાઉથી કિડનીના રોગની ખબર પડે ખરી ?'

પ્રો. સુખદેવ : 'જો તને ખ્યાલ હશે કે જીવને જીવતો રાખવા માટે જેટલી હૃદયની જરૂર છે, જેટલી મગજની જરૂર છે એના કરતાં પણ વધારે જરૂર કિડનીની છે. આપણા શરીરનું અંદરનું વાતાવરણ બરોબર જળવાઈ રહે તે જોવાનું કામ કિડનીનું છે.

શરીરમાં હવા, પાણી, ખોરાક વાટે શરીરને નુકશાન કરનારાં જે દ્રવ્યો શરીરમાં જાય છે તે બધાંજને શરીરમાંથી કાઢી નાંખવાનુ મુખ્ય કામ કિડની કરે છે. કિડની કામમાં ઢીલ કરે કે કામ કરતી બંધ થઈ જાય ત્યારે તમારી દશા ખરાબ થાય, પેશાબ થાય નહિ, શરીર પર સોજા આવે, અર્ધબેભાન અવસ્થા થાય, સુસ્તી લાગે, થાક લાગે અને ભૂખ ન લાગે, ગભરામણ અને બેચેની લાગે. હવે કિડનીને વધારે કામ આપો તો કિડની કામ ન કરે એટલે કે ખરાબ થઈ જાય. જ્યારે કિડની ખરાબ થવાના લક્ષણો થાય તે બાબતે ન જાગીએ તો મોડું થઈ ગયું હોય. કિડની ખરાબ ન થાય અથવા ખરાબ થઈ ગઈ છે કે નહિ એ વિશે જાણવું જરૂરી છે.'

મોહિની ઝવેરી : 'તમે તો કિડની નિષ્ફળ નીવડેલા દર્દી છો. પણ જે માણસો સાજા છે એ લોકો કિડની ખરાબ ન થાય કે ખરાબ થઈ છે તે અંગે અગાઉથી કેવા પગલાં લઈ શકે. જેથી ખબર પડે.'

પ્રો. સુખદેવ : 'જ્યારે પેશાબમાં પ્રોટીન જાય ત્યારે કિડની ખરાબ થઈ છે તેમ ખબર પડે. સામાન્ય રીતે માનવ શરીરમાં તંદુરસ્ત કિડની હોય તો પેશાબમાં પ્રોટીન જાય નહિ. કોઈકવાર ખોરાકમાં પ્રોટીન વધારે લીધું હોય, વધારે કસરત કરી હોય તો, તાવ આવ્યો હોય ત્યારે, હૃદયનું કદ વધ્યું હોય અને પેશાબની નળીમાં, મુત્રાશયમાં કે કિડનીમાં ચેપ લાગ્યો હોય ત્યારે પ્રોટીન જાય છે. પણ કાયમ માટે જાય નહિ. તંદુરસ્ત માણસે વર્ષમાં એકાદ વાર પેશાબની સામાન્ય તપાસ કરાવવી જોઈએ. પરંતુ આપણે બધાં જ સમાજના કામોમાં વ્યસ્ત રહેલાં હોવાથી આપણા શરીર માટે ભાગ્યે જ કાળજી લઈએ છીએ. દર વર્ષે એકાદ વાર સમય કાઢીને પણ આપણા આરોગ્યની જાણકારી માટે પેશાબની તપાસ કરાવવી જોઈએ.'

મોહિની ઝવેરી : 'વર્ષમાં એક વાર પેશાબની સાથે બીજી શાની તપાસ કરાવવી જોઈએ ? મારું માનવું છે કે પેશાબની સાથે લોહીની પણ તપાસ કરાવી લીધી હોય તો ?'

પ્રો. સુખદેવ : 'તારી વાત સાચી છે. પેશાબની સાથે લોહીની પણ તપાસ કરાવી લેવી જોઈએ. લોહીના રિપોર્ટમાં ખુબ અગત્યની તપાસ શીરમક્રિએટીનીનની કહેવાય છે. આ તપાસમાં ૧૦૦ મી.લી. લોહીમાં ૦.૫ મી.લી. ગ્રામથી ૧.૫ મી.લી. ગ્રામ ક્રિએટીનીન નોર્મલ ગણાય. જો આ ટીડીંગ વધારે આવે તો કિડની ખરાબ થવાની શરૂઆત છે તેવું ગણાય. કોઈકવાર અપવાદ તરીકે સ્ત્રીઓમાં ગર્ભાવસ્થા તરીકે, તમારી ઉંમર સાઈઠ કે તેથી વધારે હોય ત્યારે અને તમારું લીવર નબળું પડ્યું હોય ત્યારે શીરમ ક્રિએટીનીન વધે. મોટે ભાગે ક્રિએટીનીન જાણવા માટે જરૂર પડે ત્યારે અથવા વર્ષમાં એકાદવાર લોહીની તપાસ કરાવતાં રહેવું જોઈએ.'

મોહિની ઝવેરી : 'પેશાબ અને લોહીની વાત તો સમજ્યા. બીજી કોઈ બાબતો ખરી કે જેને લીધે ખબર પડી જાય કે કિડનીમાં નુકશાન થઈ રહ્યું છે ?'

પ્રો. સુખદેવ : 'તેં બહુ મહત્વની વાત કરી. પેશાબ અને લોહીની તપાસ તો કરાવવી જ પડે, પણ બીજું પણ મહત્વનું છે. મેંકહ્યું તે પ્રમાણે વર્ષમાં એકાદ વખત સમય કાઢીને પેશાબ અને લોહીની તપાસ કરાવવી જોઈએ. અને સાથે સાથે નીચેની પણ તપાસ કરાવી લેવી જોઈએ.'

તંદુરસ્ત માણસની તંદુરસ્તી ક્યારે માંદગીમાં ફેરવાઈ જાય તે કહી શકાય તેમ નથી. એટલે તંદુરસ્ત (સાજા) માણસે વર્ષમાં એકવાર આ રોગની જાણકારી માટે અને પોતાના આરોગ્ય માટે નીચેની તપાસ કરાવી લેવી જોઈએ.

★ **સાદો એક્સ-રે :** એક્સરે લેવાથી નીચેની બાબતો જાણી શકાય છે. માનવશરીરની બંને કિડનીની સાઈઝ અને શેપ બદલાયાં હોય, પથરી હોય, સોજો આવ્યો હોય, તે બધાંની ખબર પડી જાય છે.
★ **અલ્ટ્રા સોનોગ્રાફી :** સોનોગ્રાફી કરાવવાથી બંને કિડનીની સાઈઝની ખબર પડે. કોઈ ઠેકાણે બ્લોક થઈ હોવાથી ફેરફાર થયા હોય તો તેની પણ ખબર પડે.
★ **આઈ.વી.પી. :** પહેલાંના વખતમાં આઈ.વી.પી. કરાવવામાં આવતી હતી. જેનાથી કિડનીનાં સ્ટ્રક્ચર (રચના) અને ફંકશન (કાર્ય)ની ખબર પડે.
★ **અગત્યની તપાસ ડોપલટ પરીક્ષા :** આની તપાસ કરાવવાથી કિડનીનાં આર્ટરી સંકોચાઈ (સ્ટેનોશીશ)

હોય કે બી.પી. ને કારણે કિડનીનાં કાર્યમાં ફેરફાર થયો હોય તેની ખબર પડી જાય છે.

ઉપર દર્શાવેલી બધી તપાસ કિડનીની હાલત માટેની તપાસ (સ્ક્રીનીંગ) કહેવાય.

મોહિની ઝવેરી : 'બીજા કોઇ રોગ હોય તો કે બીજા વ્યસનો  હોય તો શું કરવું જોઇએ ?'

પ્રો.સુખદેવ : 'ધારો કે કોઇ વ્યક્તિની ચાલીશ વર્ષની ઉંમર હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય. તેમને ડાયાબીટીસ હોય, બી.પી. પણ રહેતું હોય, વજન પણ વધારે રહેતું હોય, કસરત કે બીજી કોઇ શારીરિક પ્રવૃતિ કરતાં ના હોય અને વારસામાં બી.પી., હાર્ટ એટેક, ડાયાબીટીશ વગેરે મળ્યા હોય અને દવાઓ વધારે પ્રમાણમાં લેવાની હોય અને સિગારેટ, તમાકું, દારૂ કે બીજા કેફી દ્રવ્યોનું વ્યસન હોય તો દર વર્ષે આ સ્ક્રીનીંગ ટેસ્ટ કિડની માટે કરાવી લેવા જોઇએ. જે અગમચેતી વાપરે છે તેજ સાવચેત થઇ જાય છે. તે જ સુત્ર માનવમાત્ર એ યાદ રાખવું જોઇએ. કિડની બહુ સેનસેટીવ અવયવ છે એને આપણે સાચવવું જોઇએ.'

મોહિની ઝવેરી : 'કિડનીનો રોગ છે એની અગાઉથી ખબર કેવી રીતે પડે એની માહિતી તમે મને આપી. બહું જ ઉપયોગી માહિતી છે. હું એક જ વાક્યમાં કહું તો તંદુરસ્ત માણસે ઉપર દર્શાવેલી બધી જ તપાસ (સ્ક્રીનીંગ) વર્ષમાં એકવાર કરાવી લેવી જોઇએ. જેથી કિડનીની સાચી માહિતી મેળવી શકાય. જુઓ કાકા, તમારી આ માહિતીથી હું પ્રભાવિત થઇ છું. હવે મારો પ્રશ્ન એ છે કે કોઇ પણ વ્યક્તિને ઉપર પ્રમાણેની તપાસના અંતે કિડની નિષ્ફળ જાય છે એવું જાણવા મળે તો પ્રથમ કાર્ય શું કરવું ?'

પ્રો.સુખદેવ : 'જો મોહિની, સ્ક્રીનીંગમાં ખબર પડે કે કિડની નિષ્ફળ ગઇ છે કે જવાની છે. તો બધા જ કામ છોડીને  બીજા કોઇ ડૉક્ટરની પાસે જવાને બદલે સીધું જ કિડનીના નિષ્ણાત ડૉક્ટર - યુરોલોજીક્લ હોસ્પિટલમાં - પાસે પહોંચી જવું જોઇએ. અને ડૉક્ટરની સલાહ પ્રમાણે વર્તવું જોઇએ. શરૂઆતમાં કિડનીના નિષ્ણાત ડૉક્ટર તમને સાચી સલાહ આપશે. જો કિડની બગડવાની શરૂઆત થઇ હશે તો યોગ્ય દવાઓ આપશે કે જેના કારણે કદાચ તમે પાછા સ્વસ્થ પણ થઇ શકો.'

મોહિની ઝવેરી : 'અને એવું ન થાય તો ? ખરેખર કિડની નિષ્ફળ થઇ ગઇ હોય કે બહું જ ઓછું કામ કરતી હોય કે સંકોચાઇ ગઇ હોઇ ત્યારે ડૉક્ટર કેવી સલાહ આપશે ?'

પ્રો.સુખદેવ : 'કિડનીના નિષ્ણાત ડૉક્ટર તમારા રોગની સંપૂર્ણ તપાસ કરાવશે. અને જો રોગ પ્રથમ તબક્કામાં હોય તો તમને સાજા કરવાનો પ્રયત્ન કરશે. અને જો એમ ન થઇ શકવાનું હોય તો તમને હોસ્પિટલમાં દાખલ થવાનુ સૂચન કરશે.'

મોહિની ઝવેરી : 'હોસ્પિટલમાં દાખલ થયા પછી તેઓ શું કરશે ?'

પ્રો. સુખદેવ : 'હોસ્પિટલના બધા જ વિભાગોમાં થયેલી તમારી ડાકટરી તપાસ પછી તમે કિડની નિષ્ફળ ગઇ છે એવા દર્દી તરીકે નક્કી થયા છો એ પછી ફરીથી પાછા તમારા લીધેલા તપાસના રિપોર્ટને આધારે એ આગળ વધશે. તમે હવે સંપૂર્ણ રીતે કિડની નિષ્ફળ ગયેલા દર્દી છો  અને તમારું ડાયાલિસીસ પર રહેવાનું નક્કી થતાં તમારા ગળાની આસપાસ એક નાનું ડી.એલ.સી. ઓપરેશન કરશે. જેના દ્વારા શરૂઆતમાં અઠવાડિયામાં ત્રણ વખત તમારું ડાયાલિસીસ થતું રહેશે. અને પછી તમારા ડાબા કે જમણા હાથ પર એક બીજું ઓપરેશન કરશે. જેને 'ફીટ્શ્યુલા' કહેવામાં આવેછે. ફીટ્શ્યૂલા ઓપરેશન સફળ થયા પછી યથા સમયે ડી.એલ.સી. કાઢી નાખવામાં આવશે અને પછી જે હાથે ફીટ્શ્યુલા કર્યું છે તે હાથથી ડાયાલિસીસ શરૂ થઇ જશે.'

મોહિની ઝવેરી : 'એનો મતલબ એ થયો કે માણસ જીવે ત્યાં સુધી તેને ડાયાલિસીસ પર રહેવું પડશે ? ડાયાલિસીસમાંથી મુક્તિ મેળવવાનો કોઇ રસ્તો ખરો ?'

પ્રો.સુખદેવ : 'હવે દર્દીને માટે ડાયાલિસીસ કરાવવાનું મહત્વનું થઇ જશે. હવે દર્દી ધારે તો આજીવન ડાયાલિસીસ કરાવે કાંતો તેમાંથી છૂટકારો પણ મેળવી શકે. એના માટે બીજો રસ્તો છે 'કિડની પ્રત્યારોપણ'. જો દર્દી કિડની પ્રત્યારોપણ કરાવે તો ડાયાલિસીસની પ્રક્રિયામાંથી તે મુક્ત થશે અને ન કરાવે તો દર્દીએ આજીવન ડાયાલિસીસ કરાવવું પડે.'

મોહિની ઝવેરી : 'કિડની પ્રત્યારોપણની વાત કરશો ? પ્રત્યારોપણ કેટલા અંશે સફળ જાય ? પ્રત્યારોપણ કરતાં પહેલાં ડોનરની દવાઓ અંગે અને પ્રત્યારોપણ કરવા વિશે, જાળવણી વિશે વાત કરશો ?'

પ્રો.સુખદેવ : 'જો મોહિની, બોલી બોલીને હું થાકી ગયો છું. તારા પ્રશ્નોના જવાબ મારે આપવા જોઇએ

પણ હું તેમ કરી શકું તેમ નથી. તું તો ભણેલી છું. હોંશિયાર છે. પત્રકારના વ્યવસાયમાં પડેલી છે. તેથી થોડુંક તો તારે જાતે તૈયાર કરી લેવું પડશે.' એમ કહી પ્રો. સુખદેવ ઊભા થાય છે. રૂમના અંદરના ભાગમાં જઇ તરત પાછા આવે છે. એના હાથમાં એક પુસ્તક હોય છે. આવીને કહે છે કે, 'મારી તાજેતરમાં કિડની અંગેની એક નવલકથા 'કિડની પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ - બહાર પડી છે. તે તને હું આપું છું. તારા પ્રશ્નોના જવાબ, કેટલાક લેખો દ્વારા તેમાં આપેલા છે. તું વાંચીને તારી મેળે માહિતી મેળવી લેજે.'

સુખદેવ નવલકથા મોહિનીને આપે છે. ઉપર છલ્લી ત્યાં જ બેસીને મોહિની તેના પર નજર ફેરવી લે છે. અને પછી તે જવા માટે રજા માંગે છે. મોહિની ધીરે ધીરે દૂરને દૂર ચાલી જાય છે. કિડનીના દર્દ પછી ઘણા લાંબા સમયે કિડનીના દર્દ વિશે માહિતી આપી તેનો સંતોષ અનુભવતો સુખદેવ જાણે કે થાકી ગયો હોય તેમ ત્યાં જ સોફા પર લંબાવી દે છે.

## અડતાળીસ

## ડૉ. મુનશીનો સુખદેવ પર.....

એક સોમવારે પ્રો.સુખદેવ ડાયાલિસીસ વિભાગમાં મોડા પડે છે પણ તેને માટે મશીન ખાલી હતું. તેથી મોડું છતાંય થોડુ વહેલું તેનું ડાયાલિસીસ શરૂ થાય છે. તે વિચારે છે કે આજે ડાયાલિસીસ માટે તે નિર્ધારીત સમય કરતાં થોડો મોડો પહોંચ્યો હોવા છતાં કોઇ કેમ પૂછતું નથી કે મોડા કેમ પડ્યા. ટેકનિશીયન તેનું 'નીડલીંગ' થયા પછી તેની પાસે આવે છે અને ધીરે રહીને કહે છેઃ

'સાહેબ, તમને રોજ આ બપોરે આવવાનો સમય ફાવે છે?'

'ભૂપેન્દ્રભાઇ, તમને તો ખ્યાલ છે કે છેલ્લાં લગભગ છ વર્ષ કરતાં વધારે સમયથી હું બપોરે ડાયાલિસીસ માટે આવું છું. બપોરનો સમય મને અનુકૂળ થઇ ગયો છે. પણ તમારા કહેવા પાછળનું રહસ્ય હું સમજી ન શક્યો ?'

'જુઓ, હોસ્પિટલના મુખ્ય સર્જન ડૉ.મુનશીએ તમારી બધી જ સવલતો સાચવવાનું અમને કહેલું છે. સાથો સાથ તમારા અનુકૂળ સમયે તમારું ડાયાલિસીસ ગોઠવવું એવી પણ સૂચના આપી છે. તમે અઠવાડિયામાં ત્રણ વખત આવો છો. આ ત્રણેય વખતનો સમય બપોરનો છે. તમે ધારો તો તમારો સમય બદલાવી શકો છો.'

'ભૂપેન્દ્રભાઇ, મને આ જ સમય માફક આવશે. ડૉ.મુનશી મારે માટે આટલી બધી કાળજી રાખે છે તે બદલ તેમનો આભાર. ભૂપેન્દ્રભાઇ તમે પણ મને સાચવ્યો છે એટલે મારે તમારો પણ આભાર માનવો જોઇએ.'

ટેકનિશીયન ભૂપેન્દ્રભાઇ બીજા દર્દીના મશીન પાસે પહોંચી ગયા ને પ્રો.સુખદેવને વિચારતો મૂકીને. તે વિચારે છે, 'આટલી બધી કાળજી ડૉ.મુનશી પોતાના માટે કેમ લેતા હશે ?' પણ એને કશો ખ્યાલ આવતો નથી. એટલામાં જ ડાયાલિસીસના ઇન્ચાર્જ ડૉ. આવી પહોંચે છે. સુખદેવની ફાઇલ જુએ છે. કંઇક નોંધ કરે છે. 'આજથી તમારું ૫૦૦ ગ્રામ ડ્રાયવેટ વધારી દઉં છું.' કહેતાં હસી પડે છે અને પાછા કહે છે, 'તમને ડૉ. મુનશી યાદ કરે છે. જ્યારે સમય મળે ત્યારે તેમને મળી આવજો. જો કે તેમણે બોલાવ્યા નથી.' હસતાં હસતાં ડૉક્ટર ચાલ્યા જાય છે.

ભૂપેન્દ્રભાઇ અને ઇન્ચાર્જ ડૉક્ટર બંનેએ પ્રો.સુખદેવને પરોક્ષ રીતે ડૉ.મુનશીની યાદ અપાવી. જરૂર આમાં કોઇ રહસ્ય છે એ સમજતાં સુખદેવને વાર લાગતી નથી. એને યાદ આવે છે પંદરેક દિવસ પહેલાનો બુધવાર.

ડાયાલિસીસના ઇન્ચાર્જ ડૉક્ટર સાથે તેને વાત થઇ હતી. ડાયાલિસીસ વિભાગમાં ઇન્ચાર્જ ડોક્ટર આવતા ત્યારે મોટેભાગે તે તેમનું અભિવાદન કરતો. વાત પણ કરતો ખાસ કરીને પોતાની મુશ્કેલીની. તે દિવસે પણ,

'કોઇ મુશ્કેલી છે ?' ઇન્ચાર્જ ડૉક્ટર પૂછે છે.

'ના, હાલ તો કોઇ મુશ્કેલી નથી. આમેય ડૉક્ટરો મોટેભાગે અહીં હાજર હોય એટલે કોઇ મુશ્કેલી ન પડે. કોઇ ડૉક્ટર ન હોય ત્યારે જ મુશ્કેલી પડે. તમે મોટેભાગે અહીં જ હો છો એટલે મુશ્કેલીનો કોઇ પ્રશ્ન જ નથી હોતો ?'

ડૉક્ટર ધ્યાનથી સુખદેવની વાત સાંભળે છે. અને ધીરેથી કહે છે :

'પ્રોફેસર, હું તમને સમજી શક્યો નહિ.'

'તમે મને સમજી શક્યા છો. કેટલાય વખતથી તમારા ચહેરા પર એક ભાવ હું જોઉં છું કે તમારે મને કોઇ પ્રશ્ન પૂછવો છે પણ પૂછી શકતા નથી એમ કેમ ?'

'જુઓ, તમારી વાત સાચી છે. તમારા વિશે એવું કહેવાય છે કે અહીંના અગાઉના બધા જ ઇન્ચાર્જ ડૉક્ટરો સાથે તમારે ઝઘડો થતો રહેતો. એકાદ માસમાં આ વિભાગના ઇન્ચાર્જ તરીકેના છ માસ મારા પૂરા થશે. આ પાંચ માસમાં તમે ક્યારેય મારી સાથે ઝઘડ્યા નથી એ જ મારો પ્રશ્ન મૂંઝવે છે.'

'હું તમારી સાથે ઝઘડ્યો નથી. જો કેહું ઝઘડાળું સ્વભાવનો નથી. જો કે ડૉક્ટરો પૂર્વ ગ્રંથિથી બંધાઇને ઇન્ચાર્જ તરીકે આવે અને દર્દીની દુખતી નસ દબાવે તો દર્દી ઝઘડે જ ને !'

'દર્દીની કઇ દુખતી નસની તમે વાત કરો છો ?'

'અઠવાડિયામાં ત્રણ ડાયાલિસીસ કરવાની વાત. અત્યાર સુધી છ માસ માટે ડાયાલિસીસમાં જે જે ઇન્ચાર્જ ડૉક્ટરો આવી ગયા તે બધા જ ડૉક્ટરો એ તેમની ફરજના પહેલા દિવસે જ મને પૂછેલું, 'ત્રણ ડાયાલિસીસ કેમ કરાવતા નથી ?' જો કે ડૉક્ટરોની વાત સાચી હતી. કિડનીનો દર્દી બે ને બદલે ત્રણ ડાયાલિસીસ કરાવે તો તેને જરૂર ફાયદો થાય અને જે દર્દીનું મેડિકલ બીલ 'રીએમ્બેસ' થાય તેણે તો અઠવાડિયામાં ત્રણ વખત કરાવવું જોઇએ એવું તો હું પણ માનું છું. ઇન્ચાર્જ ડૉક્ટર ભગવાન નથી. કદાચ જ્યોતિષનો જાણકાર હશે કે દર્દીના કપાળ પરની રેખા જોઇને જાણી લેતો હશે કે દર્દી બે જ વખત આવે છે. ડૉક્ટરની પુછવાની રીત ખોટી છે. નવી ફરજના પહેલા દિવસે દર્દીની ફાઇલ તપાસી દર્દીને પ્રશ્નો પૂછવા જોઇએ. પણ અધિકારીઓએ જે સૂચના આપી હોય તે રીતે જ બધા ડૉક્ટર વર્તતા. પોતાની સમજશક્તિનો ભાગ્યે જ ઉપયોગ કરતા.'

'આ એક જ કારણને લીધે તમે ઝઘડતા હોય એને હું યોગ્ય ગણતો નથી.'

'જુઓ ડૉક્ટર સાહેબ, યોગ્ય શું છે કે નથી એની માન્યતા ડૉક્ટરો અને દર્દીએ સંયુકત મળીને કરવી જોઇએ. આ તો તમે માનો છો ને.'

'હા'

'બીજી વાતની મુશ્કેલી છે તે તમે શી રીતે જાણ્યું ?'

'તમારા અગાઉનાં રિપોર્ટસ વાંચીને મેં જાણ્યું.'

'દર્દીએ દર મહિને રીપોર્ટસ કઢાવવા જોઇએ ને ?'

'હા.'

'ક્યા ક્યા રિપોર્ટસ કરાવવા જોઇએ ?'

'જેટલાં જરૂરિયાત હોય તેટલાં કરાવવા જોઇએ.

'ડૉક્ટર તમે સાચા છો. અગાઉના ડૉક્ટરો જેની જરૂરિયાત ન હોય તેના પણ રિપોર્ટસ મારી પાસે કરાવતા. લોહી અને યુરિનની તપાસણી કરતાં જ ક્રિએટીનીન વધી જવાથી જેની કિડની ફેઇલ થઇ હોય અને દર્દી ડાયાલિસીસ કરાવતો હોય તો પછીથી દર્દી કાયમ ડાયાલિસીસ પર રહેતો હોવાથી હું માનું છું કે ક્રિએટીનીન અને યુરિયા વિશેનો રિપોર્ટ કરાવવાનો અર્થ ખરો ? ડૉક્ટર સાહેબ તમે અહીં નોકરી કરો છો. એટલે ના કહી શકશો નહીં. પણ તમારા પ્રાયવેટ દવાખાનામાં હું ડાયાલિસીસ કરાવવા આવતો હોઉં તો દર મહિને એનો રિપોર્ટ નહિ કરાવો એની મને ખાત્રી છે. જેની જરૂર નથી એના રિપોર્ટ પણ મેં ચાર વર્ષ કરાવ્યા. છોડો એ વાત. એ બધાંની વાત મારે કરવી નથી. બીજું મારા દર મહિને રિપોર્ટસ થાય છે. અને એટલા માટે જ ગુસ્સે થવાનું સાચું કારણ હવે કહું છું સાંભળો, મારા દર મહિને રિપોર્ટસ થયા પછી પણ કોઇપણ ડૉક્ટરે મને યોગ્ય સલાહ આપી નથી. હવે તમે જ વિચારો દર્દી દર મહિને રિપોર્ટસ કરાવે, પૈસા ખર્ચે અને એની માહિતી દર્દીને ન આપે તો દર્દી

ગુસ્સે ન ભરાય ? હવે તમારી વાત કહું, એક દિવસે તમે મને 'આયર્ન'નો રિપોર્ટ કઢાવવાનો કહેલો, પણ પછીના ડાયાલિસીસે મારી ફાઇલ જોતાં 'હમણાં રિપોર્ટસ કઢાવવાની જરૂર નથી.' એમ કહેલું. ડૉક્ટર સાહેબ મેડીકલ વ્યવસાય માનવતાના ધોરણે ચાલવો જોઈએ. દર્દીઓનું પણ વિચારવું જોઈએ. આ કિડનીના દર્દથી અસહ્ય યાતના ભોગવતા દર્દીઓ માનસિક અને આર્થિક રીતે થાકી જતા હોય છે. એમના તરફ કોઇ ડૉક્ટરો જોતા હોતા નથી. ડાયાલિસીસના ચાર કલાક હું મારી આંખો અને કાન ખુલ્લા રાખી આ બધું જોઉં છું. હું બીજાઓનો પક્ષ લેતો નથી. પણ આ જ ડૉક્ટરો અભણ દર્દીઓની માફક અમારા જેવા શિક્ષિત દર્દીઓની સાથે પણ આવો વ્યવહાર કરે તો ગુસ્સે તો દર્દી ભરાય ને ? માસ્ટર ડીગ્રી લઇને ડૉક્ટર દર્દીની સેવા કરતા હોય, તે સામે દર્દી પણ માસ્ટર ડીગ્રીવાળો હોય તો તેની સાથે સભ્યતાથી વર્તવું જોઈએ ને ? ડૉક્ટરો દર્દીઓ સાથે માનવતા ભૂલી જાય છે. બીજાઓનું શું ? મારે બીજાઓ સાથે શી નિસ્બત. પણ જ્યારે મારી સાથે ખરાબ વર્તન કરે ત્યારે હું તેમની સાથે ઝઘડું એમાં હું મારો વાંક જોતો નથી.'

'કેટલીક બાબતોમાં તમે સાચા છો.'

'કેટલીક નહીં ઘણી બધી બાબતોમાં હું સાચો છું. જુઓ ડૉક્ટર સાહેબ, 'પાણીમાં રહેવુ અને મગર સાથે વેર ન બંધાય.' એ દર્દીઓને ન ફાવે. આ તો ડૉક્ટરોએ જ સમજવું જોઈએ કે દર્દીઓ છે તો ડૉક્ટરો છે. સંસ્થા તેથી જ તો ચાલે છે. દર્દીઓ સાથેનો ડૉક્ટરનો આપસનો સ્નેહ દર્દીને સાજા કરે છે. તેમની પીડા દૂર કરે છે. જુઓ ડૉક્ટર સાહેબ, અહીંના મુખ્ય સર્જન ડૉ.મુનશી આ બધાંથી વાકેફ નથી. અહીં નવા નવા ડૉક્ટરો આવે છે. શીખે છે અને રોગના જાણકાર થાય કે પછી બીજે ચાલ્યા જાય છે. તેથી ડૉક્ટરોને કશી પડી નથી. તમારી સાથે જે જે વાત થઇ તે દાબી દેજો. હું તો મારી વાત જાણું બીજાઓની નહીં.'

' તમારી વાત સાચી છે. આ સંસ્થામાં ચાલતા વહીવટમાં ડૉક્ટરો શું કરે છે એની સાચી માહિતી ડૉક્ટર મુનશીને પહોંચાડવાનો હું પ્રયત્ન કરીશ.'

ડૉક્ટર તો ચાલ્યા ગયા. સુખદેવને લાગે છે કે ડાયાલિસીસના ઇન્ચાર્જ ડૉક્ટરે મુનશીને સાચી બાબતથી વાકેફ કર્યા હશે. અને એથી જ ડૉ. મુનશી પ્રો. સુખદેવ ઉપર....

## ઓગણપચાસ

## 'કિડની કેર' કે 'કાળો કેર ?'

એક સોમવારે બે એક મશીન બગડવાને કારણે પ્રો.સુખદેવ અને વ્યોમેશ શાહનું ડાયાલિસીસ બે એક કલાક મોડું થાય તેમ હતું. પ્રો. સુખદેવ વ્યોમેશ શાહને લઇને કેન્ટિનમાં પહોંચે છે. બન્ને દર્દીઓને બે એક કલાક પસાર કરવાના હતા. સુખદેવ તો મોટેભાગે બપોરે ડાયાલિસીસ માટે આવે ત્યારે રાજગઢમાં જ જમી લેતો. પણ વ્યોમેશ શાહ લાંબા અંતરેથી આવતા હોવાથી મોટેભાગે પોતાની સાથે નાસ્તાનો ડબ્બો લઇને જ આવતો. હોસ્પિટલની કેન્ટિનમાંથી બટાકાપૌઆ કે ભજીયા અવશ્ય મંગાવી ખાતો. વ્યોમેશની ખાવાની પદ્ધતિ સુખદેવ જાણતો હોવાથી જ તેને કેન્ટિનમાં લઇ જતો હોય છે.

એક ડીશ બટાકાપૌઆ અને એક લસ્સીનો ઓર્ડર અપાય છે. કેન્ટિનના ખૂણાના ટેબલ પર બેસીને તેઓ અલકમલકની વાતો કરતા રહે છે. નાસ્તાથી વ્યોમેશ ધરાયો નથી. તેથી ફરીથી એક ડીશ બટાકાના ભજીયાંનો ઓર્ડર આપે છે. વ્યોમેશ નાસ્તો કરે છે. અને સુખદેવ ધીરે ધીરે ઠંડી લસ્સીને ન્યાય આપે છે.

ત્યાં જ...

કેન્ટિનના ટી.વી.માં સમાચારો ચાલું થાય છે. 'કોઇ દવાખાનામાં ઓપરેશન વખતે ગુમ થઇ ગયેલી ઘડિયાળ દર્દીના પેટમાં રહી ગઇ હતી અને ફરીથી ઓપરેશન કરી કાઢવી પડી હતી.' આ સમાચાર સાંભળતાં જ વ્યોમેશ કહે છે, 'સુખદેવભાઇ આવું બની શકે ખરું ?'

'પેપરમાં ઘણા બધા સમાચારો આવે છે. જેમકે ઓપરેશન વખતે દર્દીના પેટમાં કાતર રહી ગઇ અને પાછું

ઓપરેશન કરી ફરી કાઢવી પડી. વ્યોમેશભાઇ અખબારોમાં આપણે આવા સમાચારો વાંચીએ છીએ ત્યારે બે ઘડી માટે વાચક હસી પડે છે. પણ જે દર્દી આવી તબીબી ગફલતનો ભોગ બન્યો હોય તેની હાલત શી થતી હશે ?'

'તમારી વાત સાચી છે. ડૉક્ટરોની બીનકાળજીને કારણે ઘણું બધું થાય છે. હમણાં જ થોડા દિવસ પહેલાં નવાપુરાના યુરોલોજીકલ ડૉક્ટર નૈનેશ શાહની ખાનગી હોસ્પિટલમાં એક યુવકનું આવું જ કથિત બેકાળજીથી મૃત્યુ થઇ ગયું. પોતાના સ્વજનનું શંકાસ્પદ મોત થતાં સ્વજનો એ ફરિયાદ કરી. અને પોસ્ટમોર્ટમમાં જે રિપોર્ટ આવ્યો એનાથી પોલિસ ચોંકી ગઇ. જેનું મૃત્યું થયું હતુ તેના પેટમાંથી વાયરનો ટૂકડો નીકળ્યો હતો.'

'અરે, એ જ ડૉક્ટર થોડા સમય પહેલાં અખબારોમાં ચમક્યા હતા. એક દર્દી પાસેથી સારવાર કરવા બદલ બહું જ મોટી રકમ વસુલ કરવાનો તેમની પર આક્ષેપ હતો. જો કે તબીબની બેકાળજીના કેસનો નિકાલ કરવાની કાનુની પ્રક્રિયા ઘણી અટપટી છે.'

'તમે જે ડૉક્ટરની વાત કરો છો તે ડૉક્ટર નવાપુરાની કિડની હોસ્પિટલ સાથે સંકળાયેલા છે. આ ડૉક્ટરના કેટલાક મળતિયા દ્વારા કિડની હોસ્પિટલના કેટલાક અમુક દર્દીઓને તેમની ખાનગી હોસ્પિટલમાં લઇ જતા હોવાનો આક્ષેપ પણ તેમના પર થયો છે. હોસ્પિટલના એક અધિકારીએ એ વાતનું સમર્થન આપ્યું હતું કે સિક્યોરીટી કંપનીના વોચમેનને પ્રલોભન આપી આ દર્દીઓને પોતાની હોસ્પિટલ તરફ વાળતા.'

'આ ડૉક્ટરના કરેલાં બધાં જ ખોટાં કાર્યો એક સાથે જાહેર થાય તો ?'

'એમનું જે થવાનું હોય તે થાય પણ.....'

'પણ શું ?'

'એમનું તો ગમે તે થશે. જેવું કરે તેવું ભોગવે. એમની હોસ્પિટલનું નામ તમને ખબર છે ?'

'હા નામ જોઇને જ કિડનીનો દર્દી ત્યાં પહોંચી જાય. નામ પણ કેવું ? 'કિડની કેર.''

'બહું સુંદર નામ છે. હવે તો 'કિડની કેર' માંથી 'કાળો કેર' એ ન થઇ જાય એજ ડૉક્ટરે જોવાનું રહ્યું. અરે ! એવું જ થઇ જશે.'

બન્ને ખડખડાટ હસી પડે છે અને પછી સમય થવાથી ડાયાલિસીસ વિભાગ તરફ પગલાં માંડે છે.

## પચાસ

## પ્રવાહી અને પૈસાનો સીધો સંબંધ

આમ તો મોટેભાગે ડાયાલિસીસ વિભાગમાં સુખદેવ આવે ત્યાર પછી તે પોતાનું વજન કરાવી પોતાની ફાઇલમાં નોંધ કરાવી દેતો. તેને જે મશીન પર લેવાનો હોય તે મશીન કદાચ સમય લેશે તેમ જાણતાં તે પોતાની પથારી છોડી બીજા દર્દીઓની ખબર અંતર પૂછી આવતો. હવે તેના વાર બદલાવવાથી નવા દર્દીઓ સાથે તેને ઓળખાણ થઇ. પ્રતાપભાઇ પરમાર તેના સમયે જ ડાયાલિસીસ માટે આવતા. તે પણ અઠવાડિયામાં ત્રણ વખત આવતા. ધંધે કોન્ટ્રાક્ટર અને પાછા રાજકારણી. રાજકરણમાં ડૂબેલા જીલ્લા પંચાયતના સભ્ય પણ હતા. સુખદેવ જ્યાંથી આવતો તે આનંદનગર જીલ્લાના પંચાયત સભ્ય હતા. સુખદેવના સાઢુભાઇના ગામના, તેથી પ્રતાપભાઇ સાથે તેને ઘરોબો સંબંધ બંધાયેલો. સુખદેવના મેડિકલ બીલ રીએમ્બેઝ થતાં. પ્રતાપભાઇને કાયમ આર્થિક મુશ્કેલી વેઠવી પડતી. અઠવાડિયામાં ત્રણ ડાયાલિસીસ એટલે દર માસે બાર વખત આવવું પડે લગભગ પંદરેક હજારનો માસિક ખર્ચ આવે. કોઇપણ સામાન્ય વ્યક્તિ આવો ખર્ચ વેઠી ન શકે. કાયમ આર્થિક સંકડામણમાં રહે. સુખદેવને પ્રતાપભાઇ સાથે સારું બનતું.

ડાયાલિસીસ પહેલાં, આવીને તરત જ સુખદેવ રમેશને બોલાવી બપોરની અને સાંજની ચ્હાના પૈસા આપી દેતો. અઠવાડિયાના સોમવાર અને બુધવારના પ્રતાપભાઇની ચ્હાના પણ પૈસા આપતો. એક વખત પ્રતાપભાઇ રમેશને બોલાવીને ચ્હાના પૈસા આપે છે. સુખદેવ પ્રતાપભાઇને રોકે છે અને કહે છે, 'પ્રતાપભાઇ, તમારું મેડીકલ બીલ રીએમ્બઝ થતું નથી જ, મારું થાય છે. તેથી ચ્હાના પૈસા તો હું આપીશ. તે મારે મન યોગ્ય છે.'

'આવુ રોજ ચાલે ?'

'કેમ ના ચાલે ? હું થોડા પૈસા ભોગવીશ તો એ મને નહિ નડે, માટે ચ્હાના પૈસા આપવાનો પ્રયત્ન ન કરતા.'

આમ સુખદેવ ચ્હા મંગાવતો. રમેશ ચ્હા લાવી પ્રતાપભાઇ અને સુખદેવને આપતો.

પણ.....

એક દિવસે રમેશ ચ્હાનો પ્યાલો લઇને પાછો આવે છે.

'સાહેબ, પ્રતાપભાઇ તો નથી, એમની ચ્હાનું શું કરું ?'

'રમેશ, એવુ કરને હમણાં તો મેં તેમને પથારીમાં જોયા હતા. આજુબાજુ ક્યાંક હશે. તેમને શોધીને ચ્હા આપી દે.'

રમેશ પ્રતાપભાઇને શોધે છે. પ્રતાપભાઇ ડાયાલિસીસ વોર્ડમાં નથી. થોડીવાર પહેલાં સુખદેવે પ્રતાપભાઇને સામેની પથારીમાં જોયા હતા તો પછી તે ક્યાં ગયા હશે ? એવો વિચાર સુખદેવને આવે છે. પ્રતાપભાઇની ચ્હા પાછી આવે છે, પણ પ્રતાપભાઇનો પત્તો નથી.

દર મહિને બે ત્રણ ડાયાલિસીસ સમાજસેવા વિભાગ તરફથી પ્રતાપભાઇ ફ્રી થતાં. જ્યારે સમાજસેવા વિભાગ તરફથી ડાયાલિસીસ ફ્રી હોય ત્યારે સાંજના ચાર પછી જે તે દર્દીનું ડાયાલિસીસ થતું. આજે કદાચ પ્રતાપભાઇનું સમાજસેવા વિભાગ તરફથી ફ્રી ડાયાલિસીસ હશે એટલા માટે કદાચ પ્રતાપભાઇ બહાર ચાલ્યા ગયા હશે એમ સુખદેવ માની લે છે.

બે એક કલાક પછી સુખદેવને ખબર પડે છે કે પ્રતાપભાઇને બે 'ડ્યુ' હોવાથી ભૂપેન્દ્રભાઇએ ડૉક્ટરને મળવાનું કહેલું. ડૉક્ટર પણ જવાબદારી લેતા નથી અને તેથી પ્રતાપભાઇ જનરલ મેનેજરને મળવા જાય છે.

અડધો એક કલાક પ્રતાપભાઇ મેનેજર સુબ્રમણ્યમની ઓફિસની બહાર બેસી રહે છે. મેનેજરની ચેમ્બરમાં બીજું કોઇ નથી જાણી પ્રતાપભાઇ અંદર જાય છે.

પ્રતાપભાઇ આમ તો જીલ્લા પંચાયતના સભ્ય, પણ પૂરા ગ્રામ્ય વાતાવરણના. પોતાની રજૂઆત સારી રીતે ન કરી શકે એવા.

બે હાથ જોડી ધીરેથી કહે છે, 'સાહેબ, મારા બે ડાયાલિસીસ 'ડ્યુ' છે. આજનું ત્રીજું ડાયાલિસીસ 'ડ્યુ' રાખો તો ? જો કે મારો દીકરો હમણાં જ પૈસા લઇને આવશે.' મેનેજર ગુસ્સે ભરાય છે. તરત જ ફોન કરી ટેકનિશીયન ભૂપેન્દ્રભાઇને બોલાવે છે. ભૂપેન્દ્રભાઇ આવતાં જ, 'આ ભાઇના બે ડાયાલિસીસ કોના કહેવાથી તમે 'ડ્યુ' રાખ્યા ?'

'ઇન્ચાર્જ ડૉક્ટરના કહેવાથી.'

'પૈસાનો વહીવટ કોણ કરે છે ? એ તમને ખબર છે. તમારે કે ડૉક્ટરને પૈસાનો વહીવટ કરવાનો નથી. પૈસાનો વહીવટ મારે કરવાનો છે. બે ડાયાલિસીસ 'ડ્યુ' રાખ્યા ત્યારે મને કોઇ પૂછવા આવ્યું નહોતુ. આજે જ્યારે ત્રીજુ ડાયાલિસીસ 'ડ્યુ' રાખવાનું થયુ ત્યારે મને પૂછવા આવ્યા. આજથી કોઇનું એક પણ ડાયાલિસીસ 'ડ્યુ' ના હોવુ જોઇએ. સમજ્યા ને ?'

ભૂપેન્દ્રભાઇ ચાલ્યા ગયા. પ્રતાપભાઇ ત્યાં જ બેસી રહ્યા. પ્રતાપભાઇને જોતાં જ મેનેજર તાડૂકે છે, 'તમે જાઓ. પૈસા ભરશો ત્યારે જ તમારું ડાયાલિસીસ શરું થશે.'

ધીરેથી પ્રતાપભાઇ ઊભા થાય છે. ધીરેથી મેનેજરને કહે છે, 'સાહેબ, બે ધારી નીતિ અખત્યાર ન કરાય. હું ગરીબ છું. મારી પાસે કોઇ લાગવગ નથી. જો કે હવે પૈસા ભરીને જ ડાયાલિસીસ કરાવીશ. પણ યાદ રાખજો ભીંતને પણ કાન હોય છે. સંસ્થાના પૈસાનો વહીવટ પણ તમે જ કરો છો એ તમારી વાત પરથી લાગ્યું. પણ તમને ખબર નહીં હોય કે એકાદ બે દર્દીઓનાં ઘણાં બધાં ડાયાલિસીસ તમારી પરવાનગી વિના કોઇ બીજા દ્વારા 'ડ્યુ' થતાં રહ્યાં છે. તપાસ કરશો તો સાચું રહસ્ય તમને જણાશે. મને પજવવો બહુ સારું નથી. આ બધુ હું જાણું છું. મારી પજવણી થતી રહેશે તો તમારી બે ધારી નીતિની જાણ લોકોની સમક્ષ કરીશ.' કહેતોક ને પ્રતાપભાઇ મેનેજરની ચેમ્બરમાંથી બહાર નીકળી જાય છે. હવે જ સાચી પરિસ્થિતિનો ખ્યાલ મેનેજરને આવે છે.

અને પછી તો ભૂપેન્દ્રભાઇ અને પ્રતાપભાઇ બે જ જાણે છે કે પ્રતાપભાઇના બે એક ડાયાલિસીસ 'ડ્યુ' થતા રહે છે.

પ્રતાપભાઇના મ્હોં એથી જ સુખદેવે આ વાત જાણી હતી પૈસાની બાબતમાં પોસાતું નથી એમ પણ પ્રતાપભાઇએ કહેલું ત્યારે સુખદેવે સલાહ આપેલી કે, 'પ્રતાપભાઇ, નાણાંકીય મુશ્કેલીમાંથી ઊગરાવાનો એક રસ્તો બતાવુ ? તમે પ્રવાહી લેવાનું ઓછું રાખો તો ?'

'પ્રવાહી અને પૈસાને શું લાગે વળગે ?'

'પ્રવાહી અને પૈસાનો સીધો સંબંધ છે. બે ડાયાલિસીસ વચ્ચે કેટલું વજન લઇને આવો છો ?'

'પાંચ થી છ કિલો.'

'પગ ખેંચાય છે ને ?'

'હા'

'બીજી કોઇ તકલીફ થાય છે ?'

'ઘણી બધી મુશ્કેલી થાય છે. ક્યારેક ઠંડી પણ ચઢે છે. ડાયાલિસીસમાં એકાદ બે કિલો વજન પણ રહી જાય છે.'

'એટલે પછીના ડાયાલિસીસ વખતે આ રહેલું વજન વધી જાય ને.'

'હા. પાણીની તરસ મટતી નથી.'

'જુઓ, પ્રતાપભાઇ મેં અગાઉ પણ તમને કહેલું કે ખાવાનું વધુ રાખો, પ્રવાહી ઓછું લો. ધીરે ધીરે ડાયાલિસીસ માટે આવો ત્યારે ઓછું વજન લાવો તો ઘણી બધી તકલીફ ઓછી થઇ જાય. મેં છ વર્ષ સુધી ઓછું વજન લઇને આવતો હોવાથી અઠવાડિયામાં બે જ ડાયાલિસીસ કરાવ્યાં છે. અને તમે પણ ઓછું વજન લઇને આવો તો અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ કરાવો તો ચાલે. એટલે મહિનામાં ચાર ડાયાલિસીસ ઓછા થાય. મહિનામાં પાંચેક હજાર રૂપિયા બચે. થોડીક આર્થિક મુશ્કેલી ઓછી પડે. મન સ્વસ્થ રહે. મન સ્વસ્થ હોય તો ચિંતાઓ દૂર થાય અને લાંબુ જીવાય. હવે બોલો ? મારી વાત સાચી છે ને ? પ્રવાહીને પૈસા સાથે સીધો સંબંધ છે ને ?'

પ્રતાપભાઇ બધું જ સમજી જાય છે. ધીરે ધીરે મક્કમ મન કરી પ્રવાહી ઓછું લેશે અને નાણાંકીય મુશ્કેલીમાંથી બહાર આવશે એવું મનોમન નક્કી કરે છે.

પ્રો. સુખદેવનો રામબાણ ઈલાજ પ્રતાપભાઇને લાગુ પડી જાય છે. પણ બીજાને રસ્તા બતાવનાર આ માણસ બે ડાયાલિસીસ વચ્ચે ત્રણ કિલો કરતાં વધુ વજન લઇને આવે છે તેનુ શું ?

## એકાવન

## 'નૃત્યના લય પર જીવનના તાલ'

ડાયાલિસીસના દિવસે રોજ તે પાંચ વાગ્યે ઊઠી જતો. હાથ-મ્હોં ધોઇ અડધો એક કલાક બગીચામાં ચાલવા જતો, પાછો આવી ગેલેરીમાં ઊભો દૈનિક પેપરની રાહ જોતો. આનંદનગરમાં વહેલી સવારે બીજા દૈનિક પેપર આવે ત્યાં સુધીમાં 'દિવ્ય ભાસ્કર' આવી જતું. તે દરરોજ ઉપર છલ્લાં સમાચારો જોઇ દૈનિક પેપરની સાપ્તાહિકપૂર્તિઓ જોતો રહેતો.

જ્યારથી તે કિડનીનો દર્દી બન્યો છે ત્યારથી કિડની વિશેની કોઇપણ માહિતી જ્યાંથી મળે ત્યાંથી તે ભેગી કરતો અને પહેલાં વાંચી પણ લેતો. આજના દિવ્ય ભાસ્કરમાં સાપ્તાહિક પૂર્તિ 'મધુરિમા' હતી. પાનુ ખોલતાં જ તેની નજરે 'જીંદગી' વિભાગના એક લેખ પર નજર પડે છે. લેખનું શીર્ષક હતુ **'નૃત્યના લય પર જીવનના તાલ'** માં એની લેખિકા હતી **ધર્મજ્ઞા ચૌહાણ**. તે લેખ વાંચવા માંડે છે.

ઉંમર માત્ર ૧૯ વર્ષની, પણ પળે પળે એનું જીવન મૃત્યુ માટે તૈયાર રહે છે. છતાં એની આંતરિક શક્તિ

કહો કે જીજીવિષા એની સમક્ષ દરેક પડકારને પીછેહઠ કરવી પડે છે. આ વાત છે વર્ષાની, જેણે માત્ર ૧૯ વર્ષની ઉંમરે પોતાના ઉત્સાહ અને હિંમતથી જન્મજાત તકલીફને પરાસ્ત કરી છે.

ગરિયાબાદમાં જન્મેલી વર્ષા પરિવારમાં ત્રીજું સંતાન છે. એની માતાને પુત્રી જન્મે તેની ભારે હોંશ હતી. વર્ષા જન્મી તેના બે-ત્રણ દિવસમાં જ તેને યુરિનની તકલીફ થવા લાગી. ડૉક્ટરોએ જણાવ્યું કે વર્ષાની કિડની બરાબર કામ નથી કરતી. બસ માતાના દૂધની સાથોસાથ નાનકડી વર્ષાની દવાઓ શરૂ થઈ ગઈ. આ દવાઓ આજ સુધી બંધ થઈ નથી અને થશે પણ નહીં. એકવડિયા બાંધાની વર્ષાનું પેટ ફૂલવા લાગ્યું. પોતાની લાડકવાયીની આ હાલતથી ચિંતિત માતા-પિતા એને દેશના તમામ પ્રખ્યાત બાળરોગ નિષ્ણાતો પાસે લઈ ગયા પછી એને ભિલાઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ત્યાં એને એમ્પિસિલના ઇંજેક્શનોની આડઅસરને લીધે વર્ષાના હાથ-પગ રિકેટ્સના દર્દીની જેમ વળી ગયાં. હવે ઓર્થોપેડિકની મુલાકાતોનો ક્રમ શરૂ થયો. આવી સ્થિતિમાં એણે સંગીતના તાલે નૃત્ય કરવાનું શરૂ કર્યું. સતત દવાઓ અને ચેકઅપ વચ્ચે એક સુખદ બાબત હતી. નૃત્યુ પ્રત્યે વર્ષાની રૂચિ. તેણે સ્કુલમાં એડમિશન લીધુ. પણ માત્ર આઠ ધોરણ સુધી જ ભણી શકી. છતાં એની રીતે એ નૃત્યમાં નિપુણ બનતી જતી હતી. નાદુરસ્ત તબિયત હોવા છતાં એ નૃત્ય સ્પર્ધાઓમાં ભાગ લેતી રહી. દશ વર્ષની થઈ ત્યારે એને લખનૌની સંજય ગાંધી મેમોરિયલ હોસ્પિટલમાં લઈ જવી પડી.

વર્ષાની હાલત ચિંતાજનક હતી. એની કિડની દિવસે-દિવસે ખરાબ થતી જતી હતી. હાઈ ડોઝયુક્ત દવાઓની આડઅસરને કારણે વર્ષાના દાંત હલકા લાગ્યાં અને પડી ગયાં. નાનપણથી દવાઓ અને ડૉક્ટર્સની જે લાંબી યાદી હતી તેમાં હવે ડેન્ટિસ્ટના નામ ઉમેરાવા લાગ્યાં. વર્ષાના દાંત બધા જ ફિક્સ કરાવવા પડ્યાં. દર પખવાડિયે એને લખનૌ લઈ જવી પડતી હતી. આ દરમિયાન એણે નૃત્યની તાલીમ તો ચાલુ જ રાખી. પંદર વર્ષની વયે તો એણે પદ્ધતિસર કથક શીખવાનું શરૂ કરી દીધું. ત્યાં સુધીમાં વર્ષાને નૃત્ય માટે અસંખ્ય પુરસ્કારો મળી ચૂક્યા હતાં. આ દરમ્યાન દવાઓની આડઅસરને લીધે વર્ષાને સ્ત્રીરોગ સંબંધિત તકલીફો શરૂ થઈ. એનો માસિકસ્ત્રાવ અટકતો જ નહિ. એક તો કિડની બરાબર કાર્ય ન કરે અને ઉપરથી શરીરમાંથી માસિક સ્ત્રાવ દરમિયાન થતો સતત રક્તસ્ત્રાવ ગંભીર સમસ્યા બની ગઈ. ગયા વર્ષે એને દિલ્હીની ઓલ ઈન્ડિઆ મેડિકલ ઈન્સ્ટીટ્યુટમાં દાખલ કરવામાં આવી. ત્રણ મહિના દિલ્હીમાં રહ્યા બાદ ડૉક્ટરે પણ કહી દીધું કે હવે એનું બચવું મુશ્કેલ છે. વર્ષાએ બિલકુલ નાસીપાસ થયા વિના કહી દીધુ. મને કંઈ નહિ થાય મહાકાળી મા એ કહ્યું છે કે એક દિવસ તું પ્રખ્યાત ડાન્સર બનીશ. ત્યાં સુધીમાં તો બન્ને કિડની ફેઈલ થઈ ગઈ હતી અને પેશાબ પણ બંધ થઈ ગયો હતો. એનું શરીર ફૂલવા લાગ્યું. સોજાને લીધે વર્ષાનો ચહેરો વિચિત્ર દેખાતો. કિડની બદલવાની કોશિશમાં વધુ એક અવરોધ ઊભો થયો. એનુ બ્લડ ગ્રુપ 'ઓ' નેગેટિવ હતું.

હવે વર્ષાને દર ત્રણ દિવસે સ્થાનિક વિદ્યા હોસ્પિટલમાં ડાયાલિસીસ કરાવવું પડે છે. આટ-આટલું થવા છતાં એની હિંમત અને નૃત્યની અવિરત સાધના યથાવત છે. વર્ષાના ડૉક્ટર શુભા દુબે કહે છે કે, આવા રોગીઓ માટે પાંચ મિનિટ શારીરિક કામ કરવાની પણ મનાઈ હોય છે. પણ આ છોકરી દસ મિનિટ સુધી સતત નૃત્ય કરે છે. કથક ગુરુ રાજશ્રીનું કહેવું છે, 'વર્ષાની સાધના જોઈ મને પણ આશ્ચર્ય થાય છે. એના ચહેરા પણ ક્યારેક થાક જોવા નથી મળતો. હવે નૃત્ય કરતી હોય ત્યારે એના ચહેરાના ભાવ અને શક્તિ જોઈ લોકો દંગ થઈ જાય છે. 'એમણે હસતાં હસતાં જણાવ્યું કે વર્ષાના પ્રતિસ્પર્ધકો એનાથી ડરે છે. એ જ્યારે નૃત્યમાં ભાગ લેવાની જાહેરાત કરે ત્યારે બધા બોલી ઊઠે છે. હવે અમારો નંબર નહિ આવે.'

વર્ષાની બહેન રીતુ કહે છે કે 'વર્ષાના દરેક કાર્યક્રમ પછી એને સંભાળવાનુ મુશ્કેલ પડે છે. એ હાંફી જાય છે. એવુ લાગે છે કે એ જીવશે કે નહીં ? પરંતુ એના નૃત્યનો તાલ જાણે એનામાં પુનઃપ્રાણ ફૂંકે છે.'

ઊભો ઊભો જ તે આખો લેખ વાંચી જાય છે. જેની કિડની નિષ્ફળ ગઈ છે એવી ૧૯ વર્ષની વર્ષા નામની કોઈ યુવતિના અંગત જીવનમાં ડોકિયુ કરાવતો અને નૃત્યના લય પર જીવન જીવવાનો પ્રયત્ન કરતી યુવતિ વિશેનો એ સુંદર લેખ હતો.

જન્મ સમયથી યુરીનરી તકલીફ ભોગવતી અને જેની કિડની બરોબર કામ કરતી નથી એવી એ છોકરીની એના માતાના દૂધની સાથોસાથ દવાઓ પણ શરૂ થઈ ગઈ અને પછી... ૧૯ વર્ષની ઉંમર સુધીની તેની

મુશ્કેલીઓનો એક અધ્યાય શરૂ થાય છે. પરંતુ ૧૫ વર્ષની ઉંમરે તો પદ્ધતિસરનું કથ્થક નૃત્ય તે શીખવાનુ શરૂ કરી દે છે. અને પછી તો એ ડાયાલિસીસ પછીના દિવસોમાં નૃત્ય કરતી રહે છે. નૃત્યમાં તો એને કોઇ હરાવી શકે એમ નહોતું.

આટલો સુંદર લેખ લખવા બદલ પ્રો. સુખદેવ મનોમન એ લેખની લખનાર ધર્મજ્ઞા ચૌહાણનો આભાર માને છે.

વર્ષાની ઉંમર તો ૧૯ વર્ષની છે. તેના નૃત્યના કાર્યક્રમની વાત જાણી સુખદેવની નજર સમક્ષ તે જ્યાં ડાયાલિસીસ કરાવે છે ત્યાં અઠવાડિયે ત્રણ વખત નવાપુરાથી આવતી લગભગ ત્રીસેક વર્ષની કવિતા જાણે કે આવીને ઊભી હોય તેવુ અનુભવે છે.

કવિતાએ પણ નાની ઉંમરમાં કિડની ગુમાવેલી. પ્રત્યારોપણ પણ કરાવ્યું. માતાએ આપેલી કિડની ફરી પાછી નિષ્ફળ નીવડી. ઘણાં સમયથી કવિતા પણ નૃત્યો કરે છે. અરે ! ડાયાલિસીસ કરાવ્યા પછીની તે જ રાત્રિએ પણ એણે નૃત્ય કરેલાં છે. જો કે કવિતાએ ઘણી બધી મોટી રકમ એકઠી કરી યુરોલોજીકલ હોસ્પિટલમાં આપી છે. અને એ રકમમાંથી આર્થિક રીતે ડાયાલિસીસ જેને પરવડતું નથી તેમને ડાયાલિસીસમાં રાહત મળે તેવું આયોજન થયેલું છે.

આમ વર્ષા વિશેનો લેખ વાંચતા પ્રો.સુખદેવની નજર સમક્ષ વર્ષાની સાથોસાથ કવિતા પણ આવી ચઢે છે.

બન્ને નૃત્ય કરે છે.
બન્ને કિડનીના દર્દી છે.
એક જન્મથી આ રોગમાં સપડાયેલી છે.
બીજી લગભગ સોળેક વર્ષની ઉંમરેથી.
બન્નેનો શોખ નૃત્ય છે.
કિડનીના દર્દમાંથી થોડો સમય પૂરતુ એમણે આ શોખ વિકસાવ્યો તો નહી હોય ને ?

પ્રો.સુખદેવ મનોમન બન્ને આ યુવા દર્દીઓને અભિનંદે છે અને તેમના નૃત્યની પ્રવૃત્તિને વિશેષ બળ મળે અને લાંબુ આયુષ્ય ભોગવે અને જનહિતના કાર્યો કરતાં રહે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.

## બાવન

## સરોજ આવી ગઇ

પાર્વતીના પત્ર વાંચ્યા પછી બીજે દિવસે સુખદેવ મુંબઇ જવાનું નક્કી કરે છે. પણ તે રાત્રે ઓચિંતુ બ્લડપ્રેશરનું દબાણ ઓછું થવાને કારણે તે મુશ્કેલીમાં મુકાઇ જાય છે. તેથી મુંબઇ જવાનો વિચાર માંડી વાળે છે. અને એક અઠવાડિયા પછી મુંબઇ આવશે એવો પત્ર મગનભાઇને લખી દે છે.

ત્યાં તો રવિવાર આવી ગયો. સરોજના પત્ર અનુસાર, સરોજ આવવાની હોવાથી રવિવારે આખો દિવસ ઘેર જ રહેવાનુ વિચારે છે.

બપોરે ભોજન કરી ઉંઘ ખેંચી લેવાનું વિચારે છે. સાંજ પડવા આવી છે. સરોજના આવવાનો કોઇ અણસાર નથી. જો કે આખો દિવસ તેણે સરોજના જ વિચારો કર્યા છે. સરોજ આવશે... તેને પૈસા પણ આપશે અને સરોજ કહેશે તો તે પણ... પણ એ વિચારવાનો શો અર્થ. સરોજે તો પૈસાના બદલામાં વળતર આપવાનું કહ્યું જ છે ને ?

છેવટે મોડી સાંજે ડોરબેલ વાગે છે. તે ઊભો થઇ બારણુ ખોલે છે. સામે સરોજ ઊભી હતી. સરોજની પાછળ પચીસેક વર્ષનો યુવાન પણ ઊભો હતો. બારણામાં ઊભી ઊભી જ ... 'કાકા, બહુ જ ઉતાવળમાં છું. આ મારા પડોશી છે. કાલે તો મારા દીકરાનું પ્રત્યારોપણ છે. એમણે આર્થિક રીતે મને બહુ જ મદદ કરી છે. જો કે મેં તમને કહેલું તે પ્રમાણે મને પૈસા આપો પત્ર પ્રમાણે હું વર્તીશ પણ આજે તો બહુ ઉતાવળમાં છું.' સુખદેવના કલ્પનાના મિનારાઓ

કડકભૂસ કરતાં ને તૂટી ગયા હોય તેવું તે અનુભવે છે. મન સ્વસ્થ કરે છે અને બીજી જ ક્ષણે અંદરના રૂમમાં જઇ - બહાર આવી રૂા.૧૦,૦૦૦/- સરોજના હાથમાં મૂકે છે. પૈસા લઇ પાછી વળતી સરોજના મ્હોં પર લુચ્ચાઇ ભર્યું સ્મિત ઉપસી આવેલુ તે કોઇ જોઇ શકતું નથી. દુર દુર જતી સરોજને તે જોઇ રહે છે. અદશ્ય થતી સરોજને મનોમન તે ભાંડે છે. અને બીજી જ ક્ષણે એક આંચકા સાથે બારણું બંધ કરી દે છે. અને સીધો જ આવી પથારીમાં આળોટે છે.

# ત્રેપન

## તો શું મગનભાઇ ?

સોમવારે તો તેનુ ડાયાલિસીસ હતુ તેથી તે વહેલો રાજગઢ પહોંચે છે. આજે રાત્રે જ ડાયાલિસીસ પછી મુંબઇ પહોંચવું તેવુ માની રાજગઢના સ્ટેશને પહોંચી તે જ રાતની મુંબઇ જવાની અને બીજે દિવસે મુંબઇથી પરત આવવાની બુકીંગ કરાવી લે છે.

આજે ઓછું વજન લઇને આવેલો હોવાથી તે ઘણો ખુશ છે. વજન કરાવી તે પથારીમાં પહોંચે છે. કે તરત જ થેલીમાંથી એની નાની બોટલ - પાણીથી ભરેલી - કાઢે લે. પાણી એકદમ ઠંડુ હતું. અને તે મ્હોં એ બોટલ વળગાળે છે અને પછી ઘટુક... ઘટુક.. કરતો તે એકી સાથે તે બસો ગ્રામ પાણી પી જાય છે. તરસની તૃપ્તિની તે અનુભૂતિ કરે છે. આજે તો તે ઉતાવળમાં ભોજન લીધા સિવાય આવેલો. પેટ ખાલી જ હતું અને એકી સાથે ઠંડુ પાણી શરીરમાં જતાં પાણી પેટમાં વાગતુ હોય તેવું તે અનુભવે છે. અને બેચેનીનો અનુભવ કરે છે.

સાંજના ૪-૩૦ કલાકે તેમનું ડાયાલિસીસ પૂરું થાય છે. એકાદ બે કલાક હોસ્પિટલમાં અને બે એક કલાક સ્ટેશન પર પસાર કરી અંતે ટ્રેનમાં મુંબઇ જવા નીકળે છે. વહેલી સવારે મુંબઇ સેન્ટ્રલ પર તે પહોંચે છે. સ્ટેશનથી બહાર નીકળી ટેકસી પકડી સીધો જ મગનભાઇને ત્યાં પહોંચે છે. મગનભાઇના મકાનના બારણે તાળું લાગેલું જોઇ તે અચંબામાં પડી જાય છે. પડોશમાં પૂછતા ખબર પડે છે કે પાર્વતી ને મમતા ગઇ રાત્રે જ નવાપુરા જવા નીકળી ગયા છે. બીજી કોઇ માહિતી તેને મળતી નથી. તે મનોમન વિચારે છે. પાર્વતી અને મમતા ગયા તો પછી મગનભાઇ ક્યાં ? એના પ્રશ્નોનો જવાબ મગનભાઇના પડોશીઓ પાસે નહોતો.

રાતની ટ્રેનનું બુકીંગ છે. આખો દિવસ પસાર કરવો એના કરતા તો આનંદનગર પહોંચી ગયો હોય તો ? એમ વિચારી તે પાછો બોમ્બે સેન્ટ્રલ પર પહોંચે છે. આનંદનગર જતી ટ્રેનમાં તે બેસી જાય છે અને...

અને સાંજે આખા દિવસનો થાકેલો તે પોતાને ઘેર પહોંચે છે. સતત મગનભાઇના વિચારો તેણે કર્યા છે. પાર્વતીનો પત્ર આવ્યો માંડ પાંચ છ દિવસ થયા હશે, તે મોડો મોડો પહોંચ્યો તો ખરો પણ કોઇને મળી શક્યો નહીં. ઘેર પણ તે મગનભાઇના જ વિચારો કરે છે. અને મોડી રાત્રીએ લગભગ દશ વાગ્યે ટેલિફોનની ઘંટડી રણકે છે.

સામે છેડે પાર્વતીનું નામ સાંભળતા જ 'હું હમણાં જ મુંબઇથી પાછો આવું છું. તમારે ત્યાં જઇ આવ્યો બારણે તાળુ હતું. પડોશીને પુછતા ખબર પડી કે મમતાને તું બન્ને નવાપુરા પહોંચ્યા છો. એટલે હુ પણ પાછો આવી ગયો. જો પાર્વતી તમે ન મળ્યા એટલે મને બહુ ચિંતા થઇ મગનભાઇના સમાચાર આપ.'

'સુખદેવભાઇ, નવાપુરા આવીને જ તમને ફોન કરું છું. રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાંથી તમારો ફોન નંબર મેળવ્યો. હું ને મમતા કાલે સાંજે તમારે ત્યાં આવીશું. હવે તો અમને બન્ને ને તમારો જ સહારો જોઇએ. હવે એ અમારાથી રિસાઇને ઘણે દુર ચાલ્યા ગયા છે.' પાર્વતી આગળ બોલતી નથી પણ પાર્વતીના ડૂસકાં ફોન પર સંભળાતા રહે છે. પાર્વતી રડે છે. વાત પણ કરી શકતી નથી. છેવટે ફોન કટ થઇ જાય છે.

સુખદેવ સુનમુન બની જાય છે ને વિચારે છે 'તો શું મગનભાઇ.......... હવે તો કાલે પાર્વતી અને મમતા આવે ત્યારે જ સાચી વાતની જાણ થાય.'

# ચોપન

## તરસ અને તડપનો અંત પણ કેવો ?

મંગળવારની આખી રાત્રિ એ - ટ્રેનની માફક - મગનભાઇના વિચારોમાંજ તેણે રાત વિતાવી. બુધવારે તો બપોરે તેનું ડાયાલિસીસ છે. તેથી મગનભાઇના વિચારોને એકબાજુએ મૂકી - ઊઠી- પરવારીને સુખદેવ રાજગઢ જવા નીકળે છે. સાંજે તો તેને વહેલું આવવું છે. કેમકે મમતા અને પાર્વતી આવવાના હતાં. મકાનની ચાવી તો જતાં જતાં પડોશીને આપતો જાય છે. અને સૂચના પણ આપતો જાય છે.

આજે બુધવારે બે એક મશીન ખોટવાયા હોઇ તેનું ડાયાલિસીસ મોડું ચાલુ થાય છે. તેથી સાંજે મોડો ઘરે પહોંચે છે. તેનું ઘર ખુલ્લુ હતું. તેને ખ્યાલ આવી ગયો કે મહેમાનો આવી ગયા હશે. ઘરમાં પ્રવેશતા જ જુએ છે તો મમતા અને પાર્વતી બન્ને બેઠકરૂમમાં શાંતિથી બેઠા છે.

સુખદેવને આવેલો જોઇને પાર્વતી અને મમતા ઊભા થાય છે. સુખદેવના પગે પડે છે. અને બીજી જ ક્ષણે બન્નેનું આક્રંદ રૂમની શાંતિ હણી લે છે. સુખદેવ બન્નેને આશ્વાસન આપે છે. બન્નેની શાંતિથી બેસાડે છે. અને તે પણ સામે બેસે છે.

અડધાએક કલાક સુધી એમનેએમ ત્રણેય બેસી રહ્યા છે. મમતા ઊભી જાય છે. ટેબલ ઉપર પડેલા પર્સમાંથી એક કાગળ કાઢી સુખદેવને આપે છે. સુખદેવ કાગળ હાથમાં લે છે. મમતા અને પાર્વતી પર લખાયેલો એ પત્ર હતો. સુખદેવ પત્ર વાંચે છે.

પત્રનુ લખાણ આ પ્રમાણે હતું.

'પ્રિય પાર્વતી અને મમતા,'

સામા મ્હોં એ તમારી મારા પ્રત્યેની મમતાને કારણે તમને હું કશું જ કહી શકુ તેમ નથી. મારી કહેવાની હિંમત પણ નથી. આ પત્ર તમારી પાસે આવશે ત્યારે તો હું તમારાથી બહુ દૂર પહોચી ગયો હોઇશ. આ છેલ્લુ અઠવાડિયુ તો મેં બહુ જ મનોમંથનમાં વિચાર્યું છે. સુખદેવભાઇને બોલાવવા મેં તમારી પાસે પત્ર લખાવ્યો પણ ખરો. પણ હવે હું કોઇને મુશ્કેલીમાં મૂકવા માંગતો નથી. તમે બન્ને એ તો મારા માટે ઘણો બધો ત્યાગ કર્યો છે. તમારું ઋણ તો હું આ જન્મમાં ફેડી શકુ તેમ નથી. તમે બન્નેએ મને પત્નિના પ્રેમની સાથે સાથે માતૃવાત્સલ્ય પણ આપ્યું છે. ભગવાનને કરવુ તે જો મને બીજો જન્મ મળે તો હું મમતાના પેટે જ અવતરણ થઇશ. અને એ રીતે હું તમરો ઋણ ફેડવાનો. સુખદેવભાઇની રાહ જોઇ. પણ તે આવ્યા નહીં. સોમવાર સવાર સુધી તેમના આવવાનો અણસાર ન હોય તો મંગળવારે વહેલી સવારે તમે નવાપુરા પહોંચી મારો પત્ર આપજો. તે બધુ જ સમજી જશે. તમારી ભવિષ્યની વ્યવસ્થા પણ કરી દેશે.

હવે શાંતિથી મને સાંભળો. પંદરેક દિવસ પહેલાં પ્રત્યારોપણ કરીને જે કિડની મુકાવી હતી તે ભાગ પર મને સખત દુખાવો થતો રહેતો હતો. તમારી ગેરહાજરીમાં અહીંની સ્થાનિક કિડની હોસ્પિટલમાં મેં તપાસ કરાવી તો પ્રત્યારોપણ કરેલી - પાર્વતીએ આપેલી - કિડની નિષ્ફળ ગઇ છે. આ વાત તમને હું કહી શકયો નહીં. દવાખાનામાં તપાસ કરાવીને આવ્યો તે રાત્રિએ પાર્વતીએ મારા તરફથી સંતોષ થાય તે માટે બહુ પ્રયત્ન કરેલો. પણ હું પાર્વતીને સંતોષ નહીં આપી શકેલો. પાર્વતીએ પણ હું થાકી ગયો હોઇશ એમ માની છોડી દીધેલો. પણ સાચી પરિસ્થિતિ હું એકલો જ જાણતો હતો. હવે હું તમને બંન્નેને શારીરિક સુખ આપી શકીશ નહિ એ ચિંતા જ મને બહુ સતાવ્યા કરતી હતી. તમારી ઇચ્છાઓની તૃપ્તિ ના થાય તો મારો જીવવાનો શો અર્થ ? અને હવે... પાછુ મારે ડાયાલિસીસ કરાવું પડે અને પાછી મારી તરસ અને તડપની કથા શરૂ થાય અને પાછા તમે બન્ને મુશ્કેલીમાં મુકાવો. મોડે મોડે પણ થોડું ઘણું તમે સુખ મેળવ્યું એ સુખથી તમે વંચિત થાવ અને તમને ખબર પડે તે પહેલાં જ મારે દુર થઇ જવુ પડે તેમ માની હું દુર ચાલ્યો જાઉં છું. પ્રત્યારોપણ નિષ્ફળ નીવડવાથી અને ડાયાલિસીસ ન કરાવવાથી બહુ લાંબુ હું ખેંચી શકીશ નહિ. આ સાથે મારી પાસે જે કંઇ છે અને જ્યાં છે ત્યાં બધુ વ્યવસ્થિત છે એની માહિતી મેં આપેલી છે. સુખદેવભાઇને આપજો તે બધી વ્યવસ્થા કરી આપશે.

બની શકે તો મને માફ કરજો.

તમારો જ....

સુખદેવ કાગળ વાંચે છે. બધુ જ સમજી જાય છે. તે પોતે પણ કિડનીનો દર્દી જ છે ને તે પોતે પણ અસહ્ય માનસિક વ્યથા અને પીડામાંથી પસા ર થયો છે. તરસ અને તડપની કથા તો તેની પણ ખરી ને ? ઓછા એકલા મગનની છે ? ઘણા બધા દર્દીઓની છે. કેટલાક પીડાય અને અને બીજી રીતે એમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરે, પણ કેટલો સમય ? તો કેટલાંય દર્દીઓ પોતાની તરસ અને તડપની વાત કોઇની આગળ કરી શકતાં નથી. અંતે તો તે પણ મનોમન પીડાય છે ને ? અંતે તો બધા જ દર્દીઓ સરખા જ છે. તરસથી પીડાતા અને તડપ સહન ન થતાં બીજી દિશામાં દોટ મૂકતાં...

કિડની પ્રત્યારોપણ કર્યા પછી દર્દીની તરસ અને તડપની કથા જાણે કે પુરી થઇ જતી હોય તેમ માની શકાય અને દર્દી સાજો હતો ત્યારે જે જીવન જીવતો હતો તે પૂર્વ જીવન જીવી શકે પણ... પ્રત્યારોપણ કરેલી કિડની ફરીથી નિષ્ફળ નીવડે તો ? ફરી પાછું નવેસરથી એકડો ઘૂંટવો પડે. ડાયાલિસીસ.... ડાયાલિસીસ.... ડાયાલિસીસ... આનો પાર જ ન આવે. ફરીથી પાછી તરસ ઊભી થાય. તડપની દિશા ભણી દોટ મૂકવી પડે. પણ બધુ જ વ્યર્થ અને પાછું તરસથી માણસ પીડાતો જાય. પ્રત્યારોપણ કરાવ્યા પછી થોડું ઘણું સુખ જે પ્રાપ્ત કર્યું તે પણ એના હાથમાંથી કુદરત છીનવી લે છે. પ્રત્યારોપણ કરેલી કિડની નિષ્ફળ નીવડેતો.

ઘણાં વર્ષો સુધી ડાયાલિસીસ કરાવેલું. એમાંથી છૂટવા કિડની પ્રત્યારોપણ કરાવ્યું અને ફરી પાછું ડાયાલિસીસ કરાવવું પડે તો ? પાછું એક નવું ચક્કર ચાલુ થાય અને બાકી રહેલું શેષ આયુષ્ય ડાયાલિસીસમાં જ વીતી જાય.

આ પીડા,

માનસિક વ્યથા અને બીજુ ઘણું બધુ દર્દીનો પીછો ન છોડે અને ત્યારે તેને જીવન અકારું લાગે. જીવનથી છુટકારો મેળવવાનું મન થાય છે. પણ જીવન સંકેલવું ઓછું મનુષ્યના હાથમાં છે. એનો દોર તો કુદરતના હાથમાં છે.

સુખદેવ ઘણું બધુ વિચારે છે. મગનભાઇનો પત્ર વાંચી તે ડગી જાય છે. પાર્વતી અને મમતાનો પણ તે વિચાર કરે છે. એ આશ્વાસન આપે તો પણ કેટલું. મગન તો એક કિડની દર્દી હતો. એ પણ કિડનીનો દર્દી હતો. તેનો ને મગનનો સીધો સંબંધ કિડનીના દર્દના લીધે જ થયેલો ને ? મગનને તેણે બહુ જ મદદ કરેલી. શિખામણોનો ઢગલો આપીને અને હવે તેની જ પરીક્ષા છે, મગનની ગેરહાજરીમાં પાર્વતીને મમતાની મદદ કરવાની છે.

તે આશ્વાસન આપે છે. મગનની મિલ્કતની બધી નોંધ જોઇજાય છે. કેવી રીતે વ્યવસ્થા કરવી તે મનોમન વિચારી લે છે.

અને પછી થોડા દિવસ પાર્વતી અને મમતાં એમનાં નાના બે સંતાનો સાથે સુખદેવને ત્યાં જ રહે છે.

એકાંતરે દિવસે ડાયાલિસીસ કરાવવાનું હોવાથી સુખદેવ પાસે સમયનો અભાવ છે. તે છતાંય તે પાર્વતી અને મમતા સાથે ચર્ચાઓ કરી, તેમના વિચારો જાણી પોતાની સલાહ આપી મગનની મિલ્કતની વ્યવસ્થા કરી દે છે.

અને છેવટે આનંદનગરમાં જ સુખદેવની નજીક જ રહેવું તેવું નક્કી કરી આનંદનગરમાં જ સુખદેવ, મમતા ને પાર્વતી ને માટે મકાનની વ્યવસ્થા કરી દે છે. સુખદેવ જ્યાં સુધી હોય ત્યાં સુધી તેમને બીજી તો કોઇ ચિંતા નહીં ને ?

# પંચાવન

## કિડની પ્રત્યારોપણની દિશામાં પ્રો. સુખદેવની દોટ

બુધવાર તારીખ ૨૩મી માર્ચ સુખદેવનું ૬૮૮મું ડાયાલિસીસ હતું, આજ દિવસ ૨૩મી માર્ચનો જો કે સાલ ૧૯૩૧ની હતી. તે દિવસે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી અપાઇ હતી. એ ઘટનાને અગીયાર

વર્ષ પૂરા થયાં ત્યાર પછી એ જ દિવસ પ્રોફેસર નો જન્મદિવસ હતો. સાલ હતી ૧૯૪૨ની. અને આમ આપોઆપ તેનો જન્મદિવસ તે શહીદદિન તરીકે ઉજવાતો. ગયે વર્ષે ૨૩મી માર્ચે તેના જન્મદિવસના દિવસે તે એક નિર્ણય કરે છે. ડાયાલિસીસ વખતે ઘણાં બધા દર્દીઓને ડાયલાયઝર વધારે વખત ઉપયોગમાં લેવાથી 'ઇન્ફેકશન' થતું. સુખદેવને પણ થતું, પ્રશાંત ડાભી એ તેને એક વખત કહેલું કે એક વખત ડાયલાયઝરનો ઉપયોગ કરવાથી 'ઇન્ફેકશન' ન થાય તેથી તેણે સિંગલ ડાયલાયઝરનો ઉપયોગ કરવાનું નક્કી કરી અને અમલ પણ કરી દીધેલો. આજે ૨૩મી માર્ચ તો એક બીજો નિર્ણય કરે છે અને અમલમાં પણ મૂકે છે. આ ૨૫મી તારીખે 'ગુડ ફ્રાઇડે' અને 'હોળી' સાથે આવતાં હોવાથી અને શનિવારે ધૂળેટી હોવાથી રવિવારને દિવસે તેને ત્યાં એક નાની પાર્ટીનું આયોજન કરે છે. તે રાત્રે ઘણી બધી વ્યક્તિઓને તે ફોન કરે છે.

અને રવિવારે પ્રો.સુખદેવને ત્યાં ઘણાં બધાં માણસો ભેગાં થાય છે. કેટલાક પરિચિત ચહેરા છે તો કેટલાક અપરિચિત ચહેરા છે, લગભગ પચાસેક જેટલાં સ્ત્રી પુરૂષો નાના કે મોટાં, કિડનીના દર્દીઓ કે તેમના સગાવ્હાલાઓ કે બીજા કેટલાંક સુખદેવના પરિચિતો ભેગાં થાય છે. પાર્વતી, મમતા, સરોજ અને રીટા મગનની યાદ એકબીજાને આપે છે. અંતે તો તે બધાં એક જ દિશાના પ્રવાસીઓ હતાં ને ? મગનની તડપ અને તરસની કથાના પાત્રો. ભાવનાબેન અને પ્રથમેશભાઇ પણ છે. જાગૃતિ અને મનસુખ પણ ભૂજથી આવેલાં. વ્યોમેશ શાહ તો હોય ને ? કવિતાબેનનો એક નાનકડો નૃત્યનો કાર્યક્રમ રાખ્યો છે. તેથી તે પણ છે. પ્રતાપભાઇ પણ છે. અને ઘણાં બધાં છે. જો કે આમાંનાં કેટલાંક પાત્રો એકબીજાની સાથે રહેતા હોવા છતાં એકબીજાથી અપરિચિત છે.

આ એક મિલન સમારંભ જ છે. ફક્ત આનંદ માટે જ બધા ભેગા થાય છે. સતત ડાયાલિસીસમાં રહેતા અને કેટલાંક પ્રત્યારોપણ કરાવી ચુકેલા કિડનીના દર્દીઓ પણ છે. આ બધાંને ટેલિફોન પર પ્રોફેસર સુખદેવનો નીચે પ્રમાણેનો સંદેશો મળ્યો હતો.

'તમને બધાને ખબર છે કે છેલ્લા સાત કે તેથી વધુ વર્ષોથી કિડનીના દર્દી તરીકે હું ડાયાલિસીસમાંથી હું પસાર થાઉં છું. તમારામાંના ઘણાં બધાને મેં જીવન જીવવાની હુંફ પણ આપી છે. મારા માર્ગદર્શનને કારણે કેટલાંક તો બહુ જ સારી રીતે ડાયાલિસીસમાં આવતાં હોવાથી સ્વસ્થ છે. એ મેં જોયુ છે. અને તેથી જ મેં તમને બધાને સ્નેહમિલન માટે નિમંત્રણ આપ્યાં છે. આપણે બધા સાથે જમીશું. એકબીજાની માનસિક વ્યથાઓની વાત કરીશું. આ અસહ્ય પીડામાંથી બહાર નીકળવાનો કોઇ બીજો રસ્તો હશે તો તે પણ વિચારીશું. જો કે હવે હું થાક્યો છું. હું દૃઢ મનોબળવાળો છું. મારી અંગત બાબતોને કારણે પણ મારા અંગત સંબંધીઓને મારે લીધે જે કંઇ મુશ્કેલી પડે છે, તેમાંથી મારે તેમને મુક્ત કરવા છે. અને હું જે નિર્ણય લેવાનો વિચારું છુ એ તમારી સમક્ષ રજૂ કરી એક યોગ્ય નિર્ણયની દિશામાં પગલા માંડવા માંગુ છું. તમે બધા પધારી મારા સહભાગી થશો જ. તમારી રાહ જોઇશ એ જ.'

ઘણાં બધાને આવેલા જોઇ પ્રો.સુખદેવ આનંદ અનુભવે છે. પોતાની વાત તો તેને કરવી છે. સાથે સાથે મગનની વાત પણ કરવી છે અને બીજું મગનના જીવનમાં જે લોકો પ્રવેશ્યા છે તે જ રીતે એકાદ બે વ્યક્તિ સુખદેવના જીવનમાં પ્રવેશવા માંગે છે. એનાથી એમને છૂટકારો મેળવવો છે.

અને આમ રવિવારે ઘણી બધી વ્યક્તિઓ ભેગી થાય છે. એકબીજાને મળે છે. ભૂતકાળની વાતો પણ કરાય છે. ભવિષ્યની ચિંતાઓ પણ છે. કેટલાંકને દર્દમાંથી છૂટકારો પણ મેળવવો છે. એના રસ્તા પણ શોધે છે. પણ એ બધુ થોડું એમના હાથમાં છે ? આ બધાએ સોનેરી સપનાનું આકાશ બાંધવાનો પણ પ્રયાસ કર્યો છે. જોઇએ તેમાં કેટલાં સફળ થાય છે.

તે મોડી રાત્રીએ ધીરે ધીરે બધા વીખરતા જાય છે. એક પછી એક બધા વિદાય થયાં પણ છેલ્લી પાંચ વ્યક્તિઓ એકબીજાની સામે જોતી જોતી ત્યાં બેસી રહે છે. એ પાંચ હતાં પાર્વતી, મમતા, રીટા, સરોજ અને પ્રો. સુખદેવ.

પોતપોતાને ઘેર જતાં બધી વ્યક્તિઓના કાનમાં સુખદેવનું છેલ્લું એક વાક્ય અથડાયા કરે છે 'ડાયાલિસીસ કરાવી કરાવીને હું થાકી ગયો છું અને કિડની પ્રત્યારોપણ કરાવવાની દિશામાં દોટ મુકુ છું.'

સુખદેવને પણ પોતાનું બોલેલું આ વાક્ય યાદ આવે છે. તે કેમ આવું બોલ્યો હશે એનો તો એને પણ ખ્યાલ નથી.

અને એકદમ મમતા દ્વારા ટેપ રેકોર્ડર ચાલુ થાય છે. સુખદેવના થોડીવાર પહેલાં બોલાયેલા શબ્દો જાણે

કે પડઘાયેલા હોય તેમ લાગે છે. તો વાત એમ છે કે સુખદેવનું બોલેલું બધુ મમતાએ ટેપ કરી લીધું હોય છે. સુખદેવનો અવાજ આવતો રહે છે :

'મારા ફોન દ્વારા અપાયેલા નિમંત્રણને માન આપી આપ સહુ અત્રે પધાર્યા છો તે બદલ આપ સહુનો હું આભાર માનું છું. તમારામાંના મોટાભાગના મને ઓળખે છે. જે લોકો કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ કરાવતાં રહે છે, તેમાનો હું એક છું. આપણે બધા દર અઠવાડિયે ડાયાલિસીસ માટે જુદા જુદા દિવસે અને સમયે જઈએ છીએ એટલે મોટેભાગે એક જ દર્દના દર્દીઓ હોવા છતાં બહુ જ ઓછા દર્દીઓ સાથે આપણો પરિચય થાય છે. પહેલાં અઠવાડિયામાં બે વખત અને હવે અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે આવતો હોવાથી ઘણાં બધાના પરિચયમાં આવ્યો છુ, જો કે હું હજી કેટલાંક દર્દીઓથી પરિચિત નથી. અહીં આવેલામાંના કેટલાંક દર્દીઓથી હું પરિચિત છું. દર મંગળવાર અને શુક્રવાર આવતો અને હવે સોમવાર, બુધવાર અને શનિવારે ડાયાલિસીસ માટે આવતો રહું છું. તમને બધાને આજે છેલ્લીવાર મળવા માટે બોલાવ્યા છે. કદાચ આવતી કાલથી ડાયાલિસીસ માટે હું રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં આવવાનો નથી. એટલે જે અહીં બધા ભેગાં થયા છે એમાનાં મોટાભાગના સાથે આજનો દિવસ મારા માટે મુલાકાતનો છેલ્લો દિવસ હશે.

રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં, જ્યાં આપણે ડાયાલિસીસ માટે જઈએ છીએ, તે હોસ્પિટલ સાથે લગભગ સાતેક વર્ષ જેટલો મારો સંબંધ રહ્યો છે. આપણને બધાને ડાયાલિસીસ વિભાગના ડૉક્ટરોએ, ટેકનિશીયનોએ, નર્સો અને અન્ય કર્મચારીઓ એ બહુ જ સારી રીતે સાચવ્યા છે. એ બધાને પણ આજે હું યાદ કરું છું. જો કે ડાયાલિસીસ સ્ટાફના પાંચેક જણ અહીં હાજર છે. તેનો મને આનંદ છે. આજે તમને બધાને સ્નેહમિલન માટે જ મેં બોલાવ્યા છે. મારો બોલાવવાનો સ્પષ્ટ આશય હતો કે આપણે બધા ભેગાં થઈ આપણાં સુખદુઃખની ચર્ચા કરીએ. આપણને પડતી મુશ્કેલીઓના નિવારણની દિશામાં પણ જઈએ. આપણા શરીરનું મહત્વનું અંગ - કિડની - નિષ્ફળ જવાથી આપણે બધાં મુશ્કેલીમાં મુકાઈ ગયા. નાછૂટકે આપણે આ દર્દની સામે લડવુ પડ્યું. ભયંકર યાતનાનો અને માનસિક પીડાઓ આપણે બધાએ ભોગવી છે. તમારામાંના કેટલાક દર્દીઓ અને એમના સંબંધીઓએ કેટલીક મહત્વની બાબતોને પણ અહીં રજૂ કરી છે. આપણે બધાંએ આ બધુ સાંભળી દુઃખ અનુભવ્યું છે. એના કરતાં વધુ દુઃખ ચાલુ ડાયાલિસીસે દર્દીઓને જે મુશ્કેલીઓ પડતી હતી એ વખતે આપણે અનુભવેલુ પણ છે જ. જો કે આ દર્દમાંથી કેવી રીતે છુટવું એ વિશે આપણે બધા વિચારતા રહેલાં , પણ આપણને કોઈએ આમાંથી મુક્ત થવાનો રસ્તો બતાવેલો નહિ. કુદરત દ્વારા સર્જીત મનુષ્યમાત્રને એના નિષ્ફળ ગયેલાં શરીરના અંગથી બીજી પ્રક્રિયા દ્વારા ડૉક્ટરો થોડા સમય માટે દર્દીનું જીવન બચાવી શકે છે ખરા, પણ નિષ્ફળ નીવડેલાં અંગને કાર્યરત કરવા માટે હજુ કોઈ સંશોધન થયું હોય તેવુ મારા ધ્યાનમાં નથી. મનુષ્યનું મહત્વનું અંગ કિડની સંકોચાઈ જાય કે કામ કરતી બંધ થાય તેને ચાલુ કરવાની કોઈ વિદ્યા ભલભલા સંશોધનો થયાં છતાં કોઈ અજમાવી શક્યા નથી. જો કે ડૉક્ટરો નિષ્ફળ નીવડેલી કિડનીને એની અવેજીમાં મનુષ્ય કામ કરતો થાય અને થોડો સમય જીવી શકે એટલા માટે કિડનીનાં દર્દીને ડાયાલિસીસ કે કિડની પ્રત્યારોપણ કરીને પોતાની ફરજ તો અદા કરે છે, પણ એ કેટલો સમય ? દર્દીને અવારનવાર મુશ્કેલી તો પડતી રહેવાની અને એ મુશ્કેલીઓમાંથી પસાર થતો દર્દી અસહ્ય પીડા અને માનસિક યાતના ભોગવતો રહે છે. અને પછી તો જેમ તેમ કરીને પોતાના જીવનમાં છેલ્લા તબક્કામાં પહોંચી જાય છે.

જો કે ડાયાલિસીસ કરતાં કિડની પ્રત્યારોપણ કરાવવું એ ઉત્તમ માર્ગ છે. પણ પ્રત્યારોપણ કરાવેલી કિડની ક્યાં સુધી ચાલે એ પણ મહત્વનો પ્રશ્ન છે. જો કે ડાયાલિસીસ કરતાં પ્રત્યારોપણ માર્ગ વિશેષ દર્દીને ઉપયોગી થઈ પડે છે. પ્રત્યારોપણ કરેલી કિડની જેટલો સમય ચાલે એટલો સમય તે પોતાનું પૂર્વવત જીવન જીવી શકે ખરો. જો કે કિડની નિષ્ફળ ગયા પછી ઘણી બધી બાબતોમાં માણસ માત્રને પૂર્વ જીવન જીવવાના કોડ જાગે છે. જો કે પ્રત્યારોપણના લાભ પણ છે અને ગેરલાભ પણ છે. એ દરેક દર્દીએ પોતાએ વિચારવાનું રહ્યું.

હવે મારી વાત કહું તો અત્યાર સુધી મેં અસહ્ય યાતના ભોગવી છે. શારીરિક અને આર્થિક મુશ્કેલીમાંથી પસાર થયો છું. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસમાં આવવું પડતું હોવાથી સામાજીક સંબંધોમાં અવરોધો ઊભા થાય છે. રગશિયા ગાડાની માફક જીવન જીવાતું જાય છે. એક દિવસે ડાયાલિસીસ બીજે દિવસે આરામ

અને પાછું ત્રીજે દિવસે ડાયાલિસીસ માટે જવું પડતું. હું થાકી ગયો છું. જો કે જેમ જેમ ડાયાલિસીસ થતાં રહે છે તેમ તેમ મારું શરીર તૂટતું જાય છે. જો કે મૃત્યુથી હું ગભરાતો નથી. મૃત્યુની દિશા તરફ કિડનીનો દર્દી દોટ મૂકે છે. એ જ યર્થાથ સાબિત થશે.

માણસ પોતાની તરસ છૂપાવી શકતો નથી. પાણીની તરસ તો ખરી જ. સાથો સાથ બીજી તરસથી પણ વંચિત રહી જાય છે. અને આ તરસમાંથી ઊભી થયેલી તડપ એનો કોઇ રસ્તો નથી. ગમે તે ઉંમરનો માણસ હોય પણ પોતાની તરસ અને તડપ સંતોષવા પ્રયત્ન કરે અને એટલે જ આવતીકાલ સોમવારથી નવાપુરાની યુરોલોજીકલ હોસ્પિટલમાં હું દાખલ થવાનો છું. મને લાગે છે કે હું એક એવી દિશા તરફ દોટ મૂકી રહ્યો છું કે દોટના અંતે કદાચ હું કંઇક પ્રાપ્ત કરી શકીશ.

અને એ દોટ છે કિડની પ્રત્યારોપણની... અને પછી હું એ દોટમાં કેટલો સફળ થઇશ એની મને ચિંતા નથી, તો આવતી કાલને સોમવારથી હું રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે આવવાનો નથી.

તમે બધા પ્રેમથી મારા નિમંત્રણને સ્વીકારીને આવ્યા છો તે બદલ તમારા બધાનો આભાર માનું છું.

અને હવે... હું આપણે બધા સાથે ભોજન કરી વિદાય થઇશું.'

પોતાના બોલાયેલાં શબ્દો સાંભળી પ્રો.સુખદેવ ઊંડા વિચારમાં પડી જાય છે. અડધોએક કલાક બધા બેસે છે. મમતા, પાર્વતી અને રીટા ચાલ્યા જાય છે. સરોજ જવાનું નામ દેતી નથી અને છેવટે સરોજને એના ઘર સુધી ગાડીમાં સુખદેવ મૂકી આવે છે. ગાડીમાંથી ઊતરી સરોજ સુખદેવના કાનમાં કંઇક કહે છે અને ચાલી જાય છે.

પોતાના ઘર તરફ પાછા જતા સુખદેવના કાનમાં સરોજના શબ્દો પડઘાતા રહે છે : 'પ્રો. કાકા, પૈસાના બદલામાં મેં મગનભાઇની તરસ છીપાવી હતી. તમે પણ પૈસા આપ્યા છે, હું પાછા આપી શકી નથી. 'કિડની પ્રત્યારોપણ' કરાવ્યા પછી સાજા થાવ ત્યારે હું તમારી તડપ છીપાવવા માટે આવી પહોંચીશ. તમે બોલાવો કે ન બોલાવો તો પણ.'

**શક્ય હશે તો.....**
'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ
નવલકથાના અનુસંધાનમાં
એક સવાર 'કિડની-પ્રત્યારોપણ' પછીની...
પ્રગટ થશે.